# પ્રાર્થનાઓ
અને
ધ્યાન

# પ્રાર્થનાઓ
અને
# ધ્યાન

શતાબ્દી ગ્રંથ

૧

# શ્રી મા

જન્મ

ફેબ્રુઆરી ૨૧, ૧૮૭૮

—

ભારતમાં આગમન

માર્ચ ૨૯, ૧૯૧૪

—

મહાસમાધિ

નવેમ્બર ૧૭, ૧૯૭૩

—

જન્મશતાબ્દી

ફેબ્રુઆરી ૨૧, ૧૯૭૮



# શ્રી માતૃવાણી

પ્રાર્થનાઓ

અને

ધ્યાન

શ્રી માતાજી

•

અનુવાદક :

શ્રી સુંદરમ્

શ્રી અમીધર ભટ્ટ

•

શ્રી અરવિંદ સોસાયટી (શાખા)
અમદાવાદ ૩૮૦ ૦૦૫

પ્રકાશક : શ્રી અરવિંદ આશ્રમ ટ્રસ્ટ વતી
શ્રી હસમુખ શાહ, શ્રી અરવિંદ સોસાયટી,
'સેન્ટર' —પ્રીતમનગર પહેલો ઢાળ, અમદાવાદ ૩૮૦ ૦૦૬

○

શતાબ્દી ગ્રંથ ૧
પ્રથમ આવૃત્તિ (શતાબ્દી આવૃત્તિ) ફેબ્રુઆરી ૧૯૭૯
પ્રત : ૧૦૦૦
કિંમત : રૂ. ૨૧-૦૦

© શ્રી અરવિંદ આશ્રમ ટ્રસ્ટ : પોંડિચેરી

: પ્રાપ્તિસ્થાન :

૧ શ્રી અરવિંદ આશ્રમ સેલ્સ એમ્પોરિયમ, પ્રીતમનગર, પહેલો ઢાળ, એલિસબ્રિજ, અમદાવાદ ૩૮૦ ૦૦૬.

૨ શ્રી અરવિંદ આશ્રમ સેલ્સ એમ્પોરિયમ, શ્રી અરવિંદ નિવાસ, દાંડિયા બજાર, વડોદરા ૩૯૦ ૦૦૧

3 SABDA–SRI AUROBINDO ASHRAM
**PONDICHERRY 605 002**

---

મુદ્રણસ્થાન : રતિલાલ અંબાલાલ પટેલ
અક્ષર પ્રેસ, ૧૧, આશિષ ઈન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ,
નાગરવેલ હનુમાન રોડ, રખિયાલ, અમદાવાદ—૩૮૦ ૦૨૩.

# પ્રકાશકનું નિવેદન

શ્રી માતાજીની જન્મશતાબ્દી નિમિત્તે પ્રસિદ્ધ થઈ રહેલી "શ્રી માતૃવાણી"ની શ્રેણીનો ગ્રંથ ૧ "પ્રાર્થનાઓ અને ધ્યાન" એ શીર્ષક નીચે ગુજરાતીમાં પુસ્તક-આકારે પ્રથમવાર પ્રસિદ્ધ કરતાં અમે આનંદ અનુભવીએ છીએ. આ ગ્રંથમાં શ્રી માતાજીની બધી જ પ્રાર્થનાઓ ઉપરાંત પ્રાર્થનાઓના સંદર્ભમાં લખાયેલા શ્રી અરવિંદ અને શ્રી માતાજીના પત્રોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

આ પ્રાર્થનાઓ અંગેની થોડી નોંધ લેવી અમને જરૂરી લાગે છે.

શ્રી માતાજીનું પુસ્તક 'Prieres et Meditations de la Mere' ( Prayers and Meditations of the Mother—શ્રી માતાજીની પ્રાર્થનાઓ અને ધ્યાન ), મૂળ ફ્રેન્ચ ભાષામાં લખાયેલું. એ યોગની સાધના માટે ઘણા જ ઉપયોગનું રહેલું છે. શ્રી અરવિંદના યોગ વિષે શ્રી અરવિંદ તથા શ્રી માતાજીનાં પુસ્તકો છપાયાં તે પહેલાં આશ્રમમાં આ પ્રાર્થનાઓ અને ધ્યાન, ત્યારે તો છપાયા વિનાનાં, માત્ર ટાઈપ કરેલાં, એ સાધકોને મદદ તરીકે આપવામાં આવતાં હતાં. એ પુસ્તકાકારે મૂળ ફ્રેન્ચમાં ૧૯૪૪માં છપાયાં. તેનો અંગ્રેજી અનુવાદ આશ્રમ તરફથી ૧૯૪૧માં બહાર પડેલો. પણ તે પહેલાં શ્રી અરવિંદે તેમાંની કેટલીક પ્રાર્થનાઓનો અંગ્રેજીમાં અનુવાદ કર્યો હતો. એ અનુવાદ ૧૯૬૨ માં પ્રથમ પુસ્તકરૂપે છપાયો હતો. અને તેનો ગુજરાતી અનુવાદ એક નાની પુસ્તિકારૂપે "પ્રાર્થના અને ધ્યાન" એ શીર્ષક હેઠળ ૧૯૭૫માં પ્રસિદ્ધ થયો.

શ્રી માતાજીએ ફ્રેન્ચ તથા અંગ્રેજી બંને પુસ્તકો માટે જુદી જુદી પ્રસ્તાવનાઓ લખેલી. તે બંને અહીં આપી છે. ૧૯૪૭માં શ્રી સુંદરમૂના તંત્રીપદે "દક્ષિણા" ત્રૈમાસિક આશ્રમમાંથી શરૂ થયું. ત્યારથી અત્યાર સુધી 'દક્ષિણા'ના દરેક અંકમાં તેઓશ્રી આ પ્રાર્થનાઓ અને ધ્યાનમાંથી સામગ્રી આપતા રહ્યા છે.

આ શતાબ્દી ગ્રંથ—૧ની પ્રાર્થનાઓના ગુજરાતી અનુવાદ શ્રી સુંદરમ્ અને શ્રી અમીધર ભટ્ટે કરેલા છે. શ્રી સુંદરમૂના અનુવાદ—શ્રી અરવિંદે ફ્રેન્ચમાંથી કરેલા અંગ્રેજી અનુવાદ સિવાયના—મૂળ ફ્રેન્ચને અનુસરીને કરવામાં આવ્યા છે. શ્રી અરવિંદ અને માતાજીના પત્રોના અનુવાદ શ્રી અમીધરે કર્યા છે.

શ્રી માતાજીની તીવ્ર સાધનાના સમયમાં લખાયેલી આ, સાક્ષાત્કારની સીડી જેવી પરમ દ્યોતક સામગ્રી આપણી સાધનાને તીવ્ર કરો.

Some give their soul to the Divine, some their life, some offer their work, some their money. A few consecrate all of themselves and all they have — soul, life, work, wealth; these are the true children of God. Others give nothing. these whatever their position, power and riches are for the Divine purpose valueless cyphers.

This book is meant for those who aspire for an utter consecration to the Divine

1941 – 1948.

# પ્રસ્તાવના

[૧]

(મૂળ ફ્રેન્ચ પુસ્તકની)

આ પુસ્તક યોગની તીવ્ર સાધનાનાં વર્ષોમાં લખાયેલી એક નોંધપોથીમાંથી લીધેલા ભાગોનું બનાવેલું છે. એ મુખ્યત્વે ત્રણ પ્રકારના સાધકોને આધ્યાત્મિક માર્ગદર્શન આપી શકે તેમ છે: જેમણે પોતાના ઉપર વિજય મેળવવાનું કામ હાથ લીધેલું છે, જેઓ પ્રભુ તરફ જવા માટેનો માર્ગ શોધવા માગે છે, જેઓ પોતાની જાતને પ્રભુના કાર્ય માટે વધુ ને વધુ સમર્પણ કરવાની અભીપ્સા રાખે છે.

— **શ્રી માતાજી**

[૨]

(અંગ્રેજી અનુવાદના પુસ્તક માટે અંગ્રેજીમાં લખેલી)

કેટલાક મનુષ્યો પ્રભુને પોતાનો આત્મા અર્પે છે, કેટલાક પોતાનું જીવન અર્પે છે, કેટલાક પોતાનું કર્મ અર્પે છે, કેટલાક પોતાનું ધન અર્પે છે. માત્ર થોડાએક માણસો જ પ્રભુને પોતાની આખી જાત અર્પી દે છે, પોતાની પાસે જે કંઈ હોય — પોતાનો આત્મા, પોતાનું જીવન, કર્મ, ધન એ તમામ પ્રભુચરણે ધરી દે છે. પ્રભુનાં સાચાં સંતાન તો તેઓ જ છે. બાકીના બીજા બધાએ પ્રભુને કશું જ આપ્યું નથી. જગતમાં એ લોકોનો જે કંઈ મોભો હોય, તેમની જે કંઈ શક્તિ હોય કે સંપત્તિ હોય, પ્રભુના કામ માટે તો તે બધાં કશાય મૂલ્ય વિનાનાં મીંડાં જ છે.

આ પુસ્તક કેવળ એ લોકો માટે જ છે જેઓ પોતાના અંતસ્તમ સ્વરૂપ-માંથી પ્રભુને પોતાનું આત્માર્પણ કરવા માટેની અભીપ્સા સેવતા હોય.

૧૯૪૧-૪૮ — **શ્રી માતાજી**

# પ્રાર્થનાઓ
# અને
# ધ્યાન

# પ્રાર્થનાઓ અને ધ્યાન

૨ નવેમ્બર ૧૯૧૨

મારું આખુંયે સ્વરૂપ આમ તો જોકે સિદ્ધાંત રૂપે તને સમર્પિત થઈ ચૂકેલું છે, હે પરમોત્તમ પ્રભુ, પદાર્થમાત્રમાં રહેલા હે જીવન, હે પ્રકાશ અને પ્રેમ, છતાં આ સમર્પણને બધી વિગતોમાં પાર પાડવાનું મને હજી મુશ્કેલ લાગે છે. આ લખાયેલા ધ્યાન પાછળનું કારણ, તેની યથાર્થતા એ તો તને સંબોધીને તે લખાય છે તે હકીકતમાં જ રહેલાં છે એ સમજતાં મને કેટલાંયે અઠવાડિયાં લાગ્યાં છે. આ રીતે હું તારી સાથે મારે ઘણી વાર જે વાર્તાલાપ થાય છે તેમાંથી થોડું થોડું રોજ સ્થૂલ આકારમાં રજૂ કરીશ; તારી સમક્ષ હું મારાથી બનતી સારી રીતે મારું આત્મનિવેદન કરીશ; અને તે એટલા માટે નહિ કે હું તને કાંઈ પણ કહી શકું તેમ છું —કેમ કે તું પોતે જ પ્રત્યેક પ્રદાર્થ રૂપે રહેલો છે, પરંતુ અમારી જોવાની અને સમજવાની જે કૃત્રિમ અને બાહ્ય રીત છે તે, જો એમ કહી શકાય તો, તારા માટે એક વિજાતીય વસ્તુ છે. તારી પ્રકૃતિથી વિરુદ્ધની છે. છતાં હું તારા પ્રત્યે અભિમુખ બની રહીશ, આ વસ્તુઓનો હું વિચાર કરતી હોઈશ તે વેળા તારા પ્રકાશમાં હું લીન થઈ જઈશ, અને વસ્તુઓ તેમના સાચા સ્વરૂપમાં જે રીતે છે તે

રીતે તેમને થોડે થોડે કરીને વધારે જોતી થઈશ,—અને એક દિવસે, હું મને પોતાને તારી સાથે એકરૂપતામાં એક કરી દઈશ, અને મારે તને કાંઈ જ કહેવાનું રહેશે નહિ, કેમ કે ત્યારે તો હું તારા રૂપે જ બની ગઈ હોઈશ. હું આ લક્ષ્યમાં પહોંચવા માગું છું; મારા સર્વ પ્રયત્નો આ વિજય પ્રત્યે વધુ ને વધુ બનતા રહેશે. હું એ દિવસની અભીપ્સા કરું છું કે જ્યારે હું 'હું' એમ કહી શકીશ નહિ, કેમ કે હું તું બની ગઈ હોઈશ.

દિવસમાં, હજી પણ, કેટલીય વાર હું મારું કામકાજ તને સમર્પિત કર્યા વિના કરતી રહું છું. મને એક ન કહી શકાય તેવી બેચેની થઈ આવતાં હું આ વિષે એકદમ સભાન બની જાઉં છું. મારા શરીરની સંવેદનતામાં આ બેચેની મારા હૃદયમાં એક દર્દનું રૂપ લે છે. એ થતાં મારા કામને હું મારાથી અલગ કરીને જોઉં છું અને એ મને હસવા જેવું, બાલિશ કે દોષપાત્ર દેખાય છે; હું એનો અફસોસ કરું છું, એક ક્ષણ માટે હું દિલગીર બની જાઉં છું, અને પછી હું તારી અંદર ડૂબકી મારી જાઉં છું અને એક બાળકના જેવા વિશ્વાસથી ત્યાં મને પોતાને ભૂલી જાઉં છું અને મારી અંદર અને મારી આસપાસ, એ બે વસ્તુઓ એક જ છે, રહેલી ભૂલને સુધારી લેવા માટે જોઈતી પ્રેરણા અને શક્તિ મને મળે તેની રાહમાં બેસું છું; કેમ કે હવે તો મને સર્વ કર્મોને સંપૂર્ણ રીતે એકબીજા ઉપર આધાર રાખતાં કરી આપતી એક વિશ્વવ્યાપક એકતાનું સતત અને ચોક્કસ દર્શન મળી આવ્યું છે.

*
**

૩ નવેમ્બર ૧૯૧૨

તારો પ્રકાશ મારામાં સૌ કોઈને સજીવન કરતા અગ્નિ જેવો બની રહો; તારો દિવ્ય પ્રેમ મારામાં ઓતપ્રોત બની જાઓ. હું મારા સારાયે સ્વરૂપ વડે અભીપ્સા કરું છું કે તું મારા મન અને

હૃદય અને શરીરનો સમ્રાટ અને સ્વામી બનીને શાસન કર; એ તારાં વિનમ્ર કરણો અને તારાં વફાદાર સેવકો બની રહો.

*
**

૧૯ નવેમ્બર ૧૯૧૨

એ યુવાન અંગ્રેજ ખૂબ જ સાચા ભાવથી તને શોધી રહ્યો છે. મેં તેને ગઈ કાલે કહ્યું કે મને તારાં સાચેસાચાં દર્શન થઈ ગયાં છે, મિલન અખંડ બની રહ્યું છે. ખરેખર, હું આ રીતની અવસ્થા અનુભવી રહી છું. મારા સર્વ વિચારો તારા તરફ જ ગતિ કરે છે, મારાં સર્વ કાર્યો તને સમર્પિત બની રહે છે; તારું સાંનિધ્ય મારા માટે એક સંપૂર્ણ, અવિચલ, અવિકારી હકીકત બની રહ્યું છે અને તારી શાંતિ મારા હૃદયમાં સતત નિવાસ કરી રહી છે. છતાં હું જાણું છું કે મિલનની આ અવસ્થા આવતી કાલે હું તેને જે રીતે સાક્ષાત્ કરી શકીશ તેની તુલનામાં દરિદ્ર અને અસ્થિર છે, અને હું હજી મને જે એકરૂપતા મળવાની છે તેનાથી દૂર છું, બેશક ઘણી દૂર છું, એ એકરૂપતામાં મારો ‘ હું ’ નો ખ્યાલ સાવ પૂરેપૂરો ચાલ્યો ગયો હશે. મારી વાત કહેવાને હું હજી પણ એ ‘ હું ’ નો ઉપયોગ કરું છું, પણ હું જ્યારે જ્યારે તેને વાપરું છું ત્યારે મને દરેક વખતે તે એક બંધન જેવો લાગે છે, જે વિચાર વ્યક્ત થવા માગતો હોય છે તેને વ્યક્ત કરવાને તે અયોગ્ય શબ્દ જેવો લાગે છે. માણસની રીતનો વ્યવહાર કરવા માટે એ મને અનિવાર્ય તો લાગે છે, પરંતુ આ ‘ હું ’ કઈ વસ્તુને આવિર્ભાવ આપે છે તેના ઉપર બધો આધાર રહે છે; અને હું જ્યારે તેનો ઉચ્ચાર કરું છું ત્યારે કેટલીયે વાર મારી અંદર તું જ બોલતો હોય છે, કેમકે મારામાંથી ભેદની લાગણી ચાલી ગઈ છે.

પરંતુ આ બધું હજી બાલ્યાવસ્થામાં છે અને તે પૂર્ણતા પ્રત્યે આગળ વધતું રહેશે. તારી સર્વ-શક્તિમાં આ જે સ્વસ્થતાભરેલો

વિશ્વાસ છે એ કેટલી બધી તો શાંતિદાયક ખાતરી બની રહે છે.

તું સર્વ કાંઈ છે, સર્વત્ર છે, અને સર્વમાં છે; અને આ કાર્ય કરી રહેલું શરીર એ, જેવી રીતે આ દૃશ્યમાન જગત સંપૂર્ણપણે તારું પોતાનું જ શરીર છે, તે રીતે તારું પોતાનું જ શરીર છે; આ પદાર્થતત્ત્વમાં તું જ શ્વાસ લઈ રહ્યો છે, વિચાર કરી રહ્યો છે, પ્રેમ કરી રહ્યો છે, આ શરીર તે તું પોતે જ હોઈ, એ તારો સદાતત્પર સેવક બનવાની ઇચ્છા રાખે છે.

*
**

## ૨૬ નવેમ્બર ૧૯૧૨

પ્રત્યેક ક્ષણે મારે તારા પ્રત્યે આભારનું ગીત કેવું તો ગાતા રહેવું ના જોઈએ ! મારી આસપાસ સર્વત્ર અને સર્વની અંદર તું તારું સ્વરૂપ પ્રગટ કરી રહ્યો છે અને મારામાં તારો સંકલ્પ અને ચેતના પોતાને હંમેશાં વધુ ને વધુ વ્યક્ત કરી રહ્યાં છે અને તે એટલે સુધી કે ' હું ' અને ' મારું ' ની સ્થૂલ ભ્રાંતિ મારામાંથી લગભગ સંપૂર્ણ ચાલી ગઈ છે. તારો આવિર્ભાવ કરી રહેલા એ મહા પ્રકાશમાં જો થોડાક પડછાયાઓ, થોડીક ક્ષતિઓ દેખી શકાતી હશે તો તે તારા તેજોમય પ્રેમની અદ્ભુત તેજસ્વિતા આગળ ક્યાં સુધી ટકી રહેશે ? આજે સવારે, આ સ્વરૂપ કે જે ' હું ' હતું તેને તું જે રીતે ઘડી રહ્યો છે તેનું મને જે જ્ઞાન થયું તેનું વર્ણન કંઈક આ રીતે કરી શકાય કે એ જાણે એક મોટા હીરાને રીતસરની ભૂમિતિની આકૃતિઓવાળા પાસા પાડવામાં આવી રહ્યા છે, એમાં હીરાના જેવી સઘનતા, દઢતા, વિશુદ્ધ નિર્મળતા, પારદર્શકપણું આવી રહેલાં છે, પરંતુ તે એના તીવ્ર સતત પ્રગતિ કરતા જીવનમાં એક તેજસ્વી અને ઝળહળતી જ્વાલા જેવું છે. પરંતુ આ સ્વરૂપ આ બધા કરતાં કાંઈક વિશેષ હતું, કાંઈક વિશેષ સારું હતું, કારણ કે બાહ્ય તેમ જ આંતર રીતનું સર્વ સંવેદન લગભગ ચાલી ગયેલું હતું અને હું બાહ્ય જગત

સાથે સભાન સંપર્કમાં જ્યારે પાછી આવવા લાગી ત્યારે મારા મન સમક્ષ માત્ર તે જ આકૃતિ દેખાતી હતી.

એ અનુભૂતિને ફલદાયક બનાવનાર તે તું જ છે, જીવનને પ્રગતિમાન કરનાર તે તું જ છે, પ્રકાશની આગળ અંધકારને ક્ષણ માત્રમાં અદશ્ય થઈ જવાની ફરજ પાડનાર તે તું જ છે, પ્રેમને તેની સર્વશક્તિ આપનાર તે તું જ છે, આ તીવ્ર અને અદ્ભુત અભીપ્સામાં, શાશ્વતી માટેની આ પરમ તૃષામાં જડતત્ત્વને સર્વત્ર ઊંચે ઉઠાવનાર તે તું જ છે.

તું જ સર્વત્ર અને સદાય; તત્ત્વ રૂપે તેમ જ આવિર્ભાવની અંદર તું સિવાય કાંઈ જ નહિ.

ઓ પડછાયા અને ભ્રાંતિ, ઓગળી જાઓ! ઓ વેદના, ઝાંખી થઈ જા અને અદૃશ્ય થઈ જા! પરમ પ્રભુ, શું તું ત્યાં નથી!

*
**

૨૮ નવેમ્બર ૧૯૧૨

આપણું બાહ્ય જીવન, આપણા પ્રત્યેક દિવસની અને પ્રત્યેક પલની પ્રવૃત્તિ એ શું આપણા ધ્યાન અને ચિંતનના કલાકોની અનિવાર્ય એવી પૂર્તિ જેવાં જ નથી? અને ધ્યાન તથા કર્મો પાછળ આપણે જે પ્રમાણમાં વખત આપીએ છીએ તે જ પ્રમાણ સાધના અને સાક્ષાત્કાર માટે લેવા પડતા શ્રમની વચ્ચે પણ શું નથી હોતું? કારણ કે ધ્યાન, ચિંતન, મિલન એ તો આપણને આવી મળતું પરિણામ છે–ખીલી ઊઠતું પુષ્પ છે; રોજે રોજની પ્રવૃત્તિ એ તો એક એરણ જેવી છે, કે જેના ઉપર તમામ તત્ત્વોને એકેએક કરીને ધરી દેવાનાં રહે છે. અને એ રીતે ચિંતન એમના માટે જે પ્રકાશ મેળવી આપે છે તે માટે તેમને વિશુદ્ધ કરવાનાં છે, સંસ્કારવાનાં છે, સૂક્ષ્મ અને પકવ કરવાનાં છે. પૂર્ણ વિકાસને માટે બાહ્ય પ્રવૃત્તિની જરૂર ન રહેવા પામે તે પૂર્વે આ બધાં તત્ત્વોને આ રીતે એક પછી

એક કસોટીમાંથી પસાર કરવાનાં જ રહે છે. એ પછી આ પ્રવૃત્તિ તારો આવિર્ભાવ કરવા માટેનું સાધન બની રહે છે અને તે દ્વારા ચેતનાનાં બીજાં કેન્દ્રોને ઘડતરના અને પ્રકાશપ્રાપ્તિના એક જ બેવડા કાર્યને માટે જાગૃત કરવામાં આવશે. આટલા માટે અભિમાન અને આત્મ-સંતોષ એ સૌથી ખરાબમાં ખરાબ વિઘ્નો છે. આપણે બહુ જ વિનમ્રમણે આપણને મળતી એકેએક નાનામાં નાની તકનો લાભ ઉઠાવી લેવાનો છે અને એ દ્વારા આપણામાં રહેલાં અનેક તત્ત્વોમાંથી કેટલાંકને ગૂંદવાનાં અને વિશુદ્ધ કરવાનાં છે, એમને મુલાયમ કરવાનાં છે, બિનઅંગત કરવાનાં છે, એ પોતાની જાતને ભૂલી જતાં શીખે, ત્યાગ અને ભક્તિ અને માયાળુતા અને નમ્રતા શીખે એમ કરવાનું છે; અને જ્યારે સ્વરૂપના આ બધા ભાવો આ તત્ત્વોને માટે સ્વાભાવિક બની જાય ત્યારે પછી તેઓ ચિંતનમાં ભાગ લેવા માટે અને એ પરમ એકાગ્રતામાં તારી સાથે પોતાને એકરૂપ કરવા તૈયાર બને છે, એટલા માટે મને લાગે છે કે ઉત્તમોત્તમ વ્યક્તિઓ માટે પણ આ કામ લાંબુ અને ધીમું રહેવાનું અને એકદમ થઈ જતાં પરિવર્તનો સર્વાંગીન બની શકે તેમ નથી. એ પરિવર્તનો સ્વરૂપની અવસ્થા-રચનાને બદલી આપે છે, સ્વરૂપને નિશ્ચિત રીતે સીધા માર્ગ ઉપર મૂકી આપે છે; પરંતુ વ્યક્તિએ સાચી રીતે લક્ષ્યની સિદ્ધિ મેળવવી હશે તો તેણે હરેક પ્રકારના અને હરેક પળના અનુભવો મેળવવાની જરૂર રહે છે. તેમાંથી તે છટકી જઈ શકશે નહિ.

....હે પરમ પ્રભુ, તું મારા સ્વરૂપમાં તેમ જ પ્રત્યેક પદાર્થમાં પ્રકાશી રહ્યો છે, તારો પ્રકાશ આવિર્ભાવ પામો અને સર્વને માટે તારી શાંતિનું સામ્રાજ્ય બની આવો.

*
**

૨ ડિસેમ્બર ૧૯૧૨

જ્યાં સુધી સ્વરૂપનું એક પણ તત્ત્વ, વિચારની એક પણ ક્રિયા

બહારની અસરોને હજી પણ આધીન બનેલાં રહે છે, એ કેવળ તારી જ અસર હેઠળ આવી જતાં નથી, ત્યાં સુધી એમ ન કહી શકાય કે સાચું મિલન બની આવ્યું છે; હજી પણ એક ભયંકર મિશ્રણ કશી પણ વ્યવસ્થિતતા અને પ્રકાશ વિનાનું ચાલી રહેલું છે,—કેમ કે એ તત્ત્વ, એ ક્રિયા એ એક જગત છે, અવ્યવસ્થા અને અંધકારનું જગત છે, સ્થૂલ જગતમાં જેવી રીતે આખીયે પૃથ્વી આવી રીતની છે, અખિલ વિશ્વમાં જેવી રીતે સ્થૂલ જગત આવી રીતનું છે તે પ્રમાણે.

*
**

૩ ડિસેમ્બર ૧૯૧૨

ગઈ રાત્રે મને અનુભવ થયો કે તારા માર્ગદર્શન આગળ કરાતા શ્રદ્ધાપૂર્વકના સમર્પણની અસરકારકતા કેવી તો હોય છે; જ્યારે કોઈ વસ્તુ જાણવાની જરૂર ઊભી થાય છે ત્યારે આપણને તેનું જ્ઞાન મળી આવે છે, અને તારા પ્રકાશ પ્રત્યે મન જેટલું વધારે શાંત રહેતું હોય છે તેટલા પ્રમાણમાં એ જ્ઞાનની અભિવ્યક્તિ વધારે સ્પષ્ટ અને વધારે સમુચિત બનતી હોય છે.

તું મારા અંતરમાં બોલી રહ્યો હતો તે વેળા હું તને સાંભળી રહી હતી, અને તેં જે કહેલું તે મને લખી લેવાનું મન થયેલું,—કે જેથી એ વસ્તુ એની આખીયે ચોકસાઈપૂર્વક જળવાઈ રહે—કેમ કે હવે તો હું જે કહેવાયું હતું તેને ફરીથી કહી શકીશ નહિ. પછી મને વિચાર આવ્યો કે આ રીતે સાચવી રાખવાની ચિંતા રાખવી એ પણ તારા પ્રત્યેના વિશ્વાસમાં એક અપમાનકારક અભાવ બની રહે છે, કેમ કે મારે જે કાંઈ બનવાની જરૂર હોય છે તે તું મને બનાવી શકે છે, અને જેટલા પ્રમાણમાં મારી વૃત્તિ તને મારા ઉપર અને મારી અંદર કાર્ય કરવા દે છે તેટલા પ્રમાણમાં તારી સર્વશક્તિમત્તાને કોઈ સીમા હોતી નથી.

*
**

## ૫ ડિસેમ્બર ૧૯૧૨

શાશ્વત પ્રભુ શાંતિમાં અને નીરવતામાં પ્રગટ થાય છે; કોઈ પણ ચીજ તમને ક્ષોભ કરે એમ ન થવા દેશો અને શાશ્વત પ્રભુ પ્રગટ થશે; સર્વ વસ્તુ સામે સંપૂર્ણ સમતા ધારણ કરો અને શાશ્વત પ્રભુ ત્યાં હાજર થશે....હા, અમારે તને શોધવાની સાધનામાં વધુ પડતી તીવ્રતા, વધુ પડતો પ્રયત્ન ન લઈ આવવાં જોઈએ; એ પ્રયત્ન અને તીવ્રતા તારી સમક્ષ એક આવરણ બની રહે છે; અમારે તારું દર્શન કરવાની ઇચ્છા ન કરવી જોઈએ, કારણ કે એ હજી પણ એક માનસિક આંદોલન બની રહે છે; અને તારા શાશ્વત સાંનિધ્ય ઉપર અંધારું ઢાળી દે છે; અત્યંત પૂર્ણ એવી શાંતિમાં, સ્વસ્થતા અને સમતામાં જ સર્વ કાંઈ તું રૂપે બની રહે છે, જેવી રીતે તું સર્વ રૂપે છે તેવી રીતે, અને આ પૂર્ણ રૂપે શુદ્ધ અને સ્વસ્થ વાતાવરણમાં સહેજ પણ આંદોલન ઊભું થાય તો તે તારા આવિર્ભાવમાં વિઘ્ન રૂપ બને છે. નહિ ઉતાવળ, નહિ અસ્વસ્થતા, નહિ વ્યાકુળતા, તું, તારા સિવાય કાંઈ જ નહિ, કશું પૃથક્કરણ નહિ કે વસ્તુરૂપ આપવાની ક્રિયા નહિ, અને તું ત્યાં હાજર થાય છે, કશી પણ શંકા ન રહે તેમ, કેમ કે સર્વ કાંઈ એક પુનિત શાંતિ અને પવિત્ર નીરવતા બની રહે છે.

અને એ જગતમાંનાં સર્વ કાંઈ ધ્યાન કરતાંયે વધુ સારું હોય છે.

## ૭ ડિસેમ્બર ૧૯૧૨

નીરવતામાં જલી રહેલી જ્વાલાની માફક, કશા કંપ વિના સીધી ઉપર ચડતી સુગંધની માફક, મારો પ્રેમ તારા પ્રત્યે ગતિ કરે છે; અને કશી દલીલ નહિ કરતા, કશી ચિંતા ન કરતા બાળકની માફક, હું મને પોતાને તારા વિશ્વાસમાં મૂકી દઉં છું કે તારી ઇચ્છા સિદ્ધ થાઓ, તારો પ્રકાશ આવિર્ભાવ પામો, તારી શાંતિ ફેલાઈ રહો, તારો પ્રેમ જગતને આવરી રહો. તારી ઇચ્છા થશે ત્યારે હું તારામાં આવી જઈશ, તારા રૂપે બની રહીશ, અને પછી કશો ભેદ રહેશે નહિ; કોઈ પણ રીતની અધીરાઈ વિના, એ ધન્ય

ક્ષણની હું રાહ જોઉં છું, એક શાંત ઝરણું અસીમ સાગર તરફ વહેતું હોય તેમ હું એ ક્ષણ પ્રત્યે મારી જાતને અવિરોધ્યપણે વહેવા દઉં છું.

તારી શાંતિ મારામાં આવી છે, અને એ શાંતિમાં હું કેવળ તને જ સર્વમાં હાજર રહેલો જોઉં છું, શાશ્વતીની સ્વસ્થતાપૂર્વક.

*
**

૧૦ ડિસેમ્બર ૧૯૧૨

હે પરમ પ્રભુ, શાશ્વત ગુરુ, તારા સંચાલનમાં પૂર્ણ વિશ્વાસ રાખવાથી જે અનન્ય સફળતા મળી આવે છે એની સત્યતા નાણી જોવાનું સદ્ભાગ્ય ફરી એક વાર મને મળ્યું છે. ગઈ કાલે તારો પ્રકાશ મારા મુખ દ્વારા આવિર્ભાવ પામ્યો હતો અને તેને મારામાં કશો અવરોધ નડ્યો ન હતો; એ કરણ સંમતિપૂર્ણ હતું, તરલ, તીક્ષ્ણ હતું.

પ્રત્યેક વસ્તુમાં અને પ્રત્યેક વ્યક્તિમાં તું જ કર્તા રૂપે રહેલો છે, અને જે કોઈ સર્વ કર્મોમાં અપવાદ વિના તને જોઈ શકે તેટલું તારી નિકટમાં આવેલું છે તેને એ જ્ઞાન થશે કે પ્રત્યેક કર્મને કેવી રીતે એક આશીર્વાદ રૂપ બનાવી લેવાય તેમ છે.

હંમેશાં તારી અંદર આવીને બેસી જવું એ જ એક માત્ર મહત્ત્વની વસ્તુ છે, હંમેશાં અને સદાય વધુ ને વધુ તારામાં આવી રહેવું, ભ્રાંતિઓ અને ઇન્દ્રિયોની વંચનાઓથી પર, કર્મમાંથી પાછા હઠી જવાનું નહિ, તેનો ઇનકાર નહિ, તેને ફેંકી દેવાનું નહિ–એ સંઘર્ષ નિરર્થક છે અને દુષ્ટ છે–પરંતુ કર્મની અંદર, પછી તે ગમે તે કર્મ હો, કેવળ તારા રૂપે જ બની રહેવું સદાય અને હંમેશાં; તે પછી ભ્રાંતિ વેરાઈ જાય છે, ઇન્દ્રિયોનાં અસત્યો વેરાઈ જાય છે. કાર્ય-કારણનું બંધન તૂટી જાય છે. સર્વ કાંઈ તારા શાશ્વત સાંનિધ્યની

છલકાતી સભરતાના આવિર્ભાવમાં પલટાઈ જાય છે.

તો એ ભલે થાઓ. તથાસ્તુ.

*
**

११ डिसेम्बर १९१२

હું કશી ઉતાવળ વિના, કશી અશાંતિ વિના, એક બીજું આવરણ ચિરાઈ જાય, અદ્વૈત વધારે પૂર્ણ બને તેની રાહ જોઈ રહી છું. હું જાણું છું કે એ આવરણ નાની નાની અપૂર્ણતાઓ, અસંખ્ય આસક્તિઓના એક આખાય વૃંદનું બનેલું છે....આ બધી ક્યારે ચાલી જશે ? ધીરેધીરે, અગણિત નાના નાના પ્રયત્નો અને એક ક્ષણ માટે પણ સ્ખલિત ન બનતી જાગરૂકતાના પરિણામ રૂપે કે, એકાએક જ, તારા સર્વશકિતમાન પ્રેમના મહા પ્રદ્યોતન દ્વારા ? હું નથી જાણતી, હું મને પોતાને એ પ્રશ્ન પૂછતી પણ નથી; હું રાહ જોઉં છું, મારાથી બને તેટલી જાગૃત રહીને, એવા નિશ્ચિત ભાવપૂર્વક કે તારી ઇચ્છા સિવાય બીજું કાંઈ પણ અસ્તિત્વમાં છે નહિ, કેવળ તું જ કર્તા છે, અને હું કરણ છું; અને જ્યારે એ કરણ એક અધિક પૂર્ણ આવિર્ભાવ માટે તૈયાર થશે ત્યારે એ આવિર્ભાવ સાવ સ્વાભાવિક રીતે આવી બનશે.

આવરણની પાછળથી ક્યારનીયે તારા સુમહાન સાંનિધ્યને પ્રગટ કરતા હર્ષની એક અશબ્દ રાગિણી સંભળાઈ રહી છે.

*
**

૫ ફેબ્રુઆરી ૧૯૧૩

તારો અવાજ એક સુમધુર રાગિણી જેવો મારા હૃદયની શાંત નીરવતામાં સંભળાઈ રહ્યો છે, અને મારા મગજમાં તે શબ્દોનું રૂપ લઈ રહ્યો છે, એ શબ્દો અધૂરા છે અને તોય તારા વડે તે સભર

ભરેલા છે. અને આ શબ્દો પૃથ્વીને સંબોધાયેલા છે અને તેને કહી રહ્યા છે:—'દુખિયારી ધરતી, સ્મરણ રાખજે કે હું તારામાં હાજર છું અને નિરાશ ના થઈશ, તારા હૃદયનો પ્રત્યેક પ્રયત્ન, પ્રત્યેક શોક, પ્રત્યેક આનંદ અને પ્રત્યેક વેદના, પ્રત્યેક પુકાર, તારા આત્માની પ્રત્યેક અભીપ્સા, તારી ઋતુઓનું પ્રત્યેક પુનરાવર્તન, બધું જ, વિના અપવાદે બધું જ, તને જે શોકમય લાગે છે અને જે આનંદમય લાગે છે, તને જે કુરૂપ લાગે છે અને જે તને સુંદર લાગે છે, સર્વ કાંઈ અચૂક રીતે તને મારા પ્રત્યે લાવી રહ્યું છે, હું કે જે અનંત શાંતિ છું, છાયાહીન પ્રકાશ છું, પૂર્ણ સંવાદિતા છું, નિશ્ચિતતા છું, વિશ્વાસ અને પરમ મહાસુખ છું.'

શ્રવણ કર, હે પૃથ્વી, આ આવી રહેલા પરમોન્નત અવાજને. શ્રવણ કર અને નવી ધીરજ ધારણ કર!

*
**

૮ ફેબ્રુઆરી ૧૯૧૩

હે પ્રભુ, તું મારું આશ્રયસ્થાન છે અને આશીર્વાદ છે, તું મારી શક્તિ, મારું આરોગ્ય, મારી આશા, અને મારી હિંમત છે. તું છે પરમ શાંતિ, અમિશ્ર આનંદ, પૂર્ણ સ્વસ્થતા. મારું આખુંયે સ્વરૂપ એક અમેય કૃતજ્ઞ ભાવે અને એક અખંડ પૂજન રૂપે તારી સમક્ષ સાષ્ટાંગ પ્રણામ કરે છે; અને એ પૂજન મારા હૃદયમાંથી અને મનમાંથી તારા પ્રત્યે હિન્દની સુગંધીઓના વિશુદ્ધ ધૂપની પેઠે ઊંચે ચડી રહ્યું છે.

માનવોમાં મને તારો સંદેશવાહક બની રહેવા દે, કે જેથી જે કોઈ તૈયાર હોય તે સર્વે તું મને તારી અનંત દયાથી જે પરમ આનંદ બક્ષી રહ્યો છે તેનો આસ્વાદ કરે, અને પૃથ્વી ઉપર તારી શાંતિનું શાસન થાઓ.

*
**

૧૦ ફેબ્રુઆરી ૧૯૧૩

મારું સ્વરૂપ આભારની લાગણીમાં તારા પ્રત્યે ઊંચે ચડી રહ્યું છે, એટલા માટે નહિ કે તું આ દુર્બળ અને અપૂર્ણ શરીરને તારા આવિર્ભાવ માટે કામમાં લઈ રહ્યો છે, પણ એટલા માટે કે તું સાચે-સાચ તારો આવિર્ભાવ કરી રહ્યો છે, અને એ જ છે ભવ્ય વસ્તુ, આનંદોનો આનંદ, અદ્ભુતોનું અદ્ભુત. તને આતુર ભાવે શોધી રહેલા સૌ કોઈએ સમજી લેવું જોઈએ કે જ્યારે કાંઈ તારી જરૂર પડે છે ત્યારે તું ત્યાં હોય છે જ; અને એ લોકો જો એવી પરમ શ્રદ્ધા રાખી શકે કે તારી શોધ નથી કરવી, પણ તારી રાહ જોવી છે, અને પ્રત્યેક પળે પોતાની જાતને તારી સેવામાં પૂર્ણપણે મૂકતા રહે તો જ્યારે પણ તારી જરૂર પડશે ત્યારે તું ત્યાં હાજર હોઈશ; અને તારા આવિર્ભાવનાં રૂપો ભલે ગમે તેટલાં જુદાં જુદાં હોય, અને ઘણી વાર અણધાર્યાં બની આવતાં હોય, પણ અમારે શું હંમેશાં તારી જરૂર નથી?

તારા વૈભવનો ઉદ્ઘોષ થઈ જવા દો,
અને તે જીવનને પુનિત કરો;
માનવોનાં હૃદયોને તે નવું રૂપ આપો,
અને તારી શાંતિનું રાજ્ય પૃથ્વી ઉપર બનો.

*
**

૧૨ ફેબ્રુઆરી ૧૯૧૩

આવિર્ભાવની પાછળથી જ્યારે પ્રયત્ન માત્ર ચાલ્યો જાય છે ત્યારે તે એક ઘણી સરળ વસ્તુ બની જાય છે, એક ફૂલ ખીલી રહ્યું હોય, પોતાની સુંદરતા પ્રગટ કરી રહ્યું હોય, અને કશા કોલાહલ વિના કે ઉગ્ર ચેષ્ટા વિના પોતાની સૌરભ ફેલાવી રહ્યું હોય એના જેવી સરળતાપૂર્વક એ બને છે. અને આ સરળતામાં મહાનમાં મહાન

શક્તિ રહેલી છે, એ ઓછામાં ઓછા મિશ્રણવાળી હોય છે અને હાનિ કરે તેવા પ્રત્યાઘાતો ઓછામાં ઓછા ઉત્પન્ન થવા દે છે. પ્રાણની શકિત ઉપર વિશ્વાસ રાખવો ન જોઈએ, કાર્યના માર્ગ ઉપર એ લલચાવનારી મોહિની છે, અને તેના ફંદામાં સપડાઈ જવાનું જોખમ હંમેશાં રહેલું છે, કેમ કે એ તમને તાત્કાલિક બની આવતા પરિણામનો સ્વાદ ચખાડી આપે છે; અને, કામને સારું કરવાની આપણી પ્રથમ આતુરતામાં, આપણે પોતાને આ શકિતનો ઉપયોગ કરવામાં વહી જવા દઈએ છીએ. પરંતુ આ વસ્તુ થોડા જ સમયમાં કર્મને સાચા રસ્તેથી દૂર લઈ જાય છે અને આપણે જે કરતા હોઈએ છીએ તેમાં ભ્રાંતિ અને મૃત્યુનું બીજ દાખલ કરી દે છે.

સરળતા, સરળતા! તારા સાંનિધ્યની નિર્મળતા કેવી તો મધુર છે!....

*
**

૧૩ માર્ચ ૧૯૧૩

પાવિત્ર્યનો નિર્મળ ધૂપ સદાયે જલતો રહો, ઊંચે ને ઊંચે ચડતો રહો, વધુ ને વધુ સીધી રેખામાં, તને આવિર્ભાવ આપી શકાય તેટલા માટે તારી સાથે અદ્વૈતની ઇચ્છા કરતાં કરતાં પૂર્ણ સ્વરૂપમાંથી ઊઠતી અવિરત પ્રાર્થનાની માફક.

*
**

૧૧ મે ૧૯૧૩

મારે માથે કોઈ સ્થૂલ જવાબદારીઓ હોતી નથી ત્યારે આ બધી વસ્તુઓ વિષેના વિચારો મારામાંથી દૂર દૂર ભાગી જાય છે, અને હું કેવળ તારા ધ્યાનમાં અને તારી સેવામાં જ સર્વભાવે લાગી જાઉં છું. પછી, એ પૂર્ણ શાંતિમાં અને સ્વસ્થતામાં, હું મારી સંકલ્પ-શકિતને તારી સંકલ્પશકિત સાથે જોડી લઉં છું, અને એ પૂર્ણ

નીરવતામાં હું તારા સત્યને સાંભળવા પ્રયત્ન કરું છું અને તેની વાણીને સાંભળું છું. તારી સંકલ્પશક્તિ વિષે સભાન બનાય છે અને તેની સાથે અમારી સંકલ્પશક્તિને એકરૂપ કરાય છે ત્યારે સાચી મુક્તિનું અને સર્વશક્તિમત્તાનું રહસ્ય, શક્તિઓના નવસર્જનનું તથા સ્વરૂપના નવનિર્માણનું રહસ્ય મળી આવે છે.

પળે પળે અને પૂર્ણ રૂપે તારી સાથે એકત્વ પામવું એટલે કે એવો વિશ્વાસ પ્રાપ્ત કરવો કે અમે હરેક વિઘ્ન ઓળંગી જઈશું અને બધી મુશ્કેલીઓ ઉપર, આંતર તેમ જ બાહ્ય, વિજય પામીશું.

ઓ પ્રભુ, પ્રભુ, એક નિઃસીમ હર્ષ મારા હૃદયને ભરી રહ્યો છે, આનંદનાં ગીતો મારા મસ્તકમાં અદ્ભુત તરંગોમાં ઊછળી રહ્યાં છે, અને તારા નિશ્ચિત વિજયની પૂર્ણ પ્રતીતિ અનુભવતાં હું એક પરમ શાંતિ અને અજેય શક્તિ મેળવી રહી છું. તું મારા સ્વરૂપને ભરી રહ્યો છે, તું એને સજીવન રાખી રહ્યો છે, તું એની ગુપ્ત કમાનોને ગતિમાં મૂકી રહ્યો છે, તું એની સમજશક્તિને આલોકિત કરી રહ્યો છે, તું એના જીવનને તીવ્ર બનાવી રહ્યો છે, તું એના પ્રેમને દશગુણ વધારી રહ્યો છે; અને હવે તો હું જાણતી જ નથી કે આ વિશ્વ તે હું છું કે હું તે વિશ્વ છે, તું મારી અંદર છે કે હું તારી અંદર છું; કેવલ તું જ માત્ર છે અને સર્વ કાંઈ તે તું છે; અને તારી અનંત કૃપાના પ્રવાહો જગતને ભરી રહ્યા છે અને છલકાઈ રહ્યા છે.

ગાઓ ઓ દેશો, ગાઓ ઓ પ્રજાઓ, ગાઓ ઓ માનવો,
પ્રભુની સંવાદિતા આવી ગઈ છે.

*
**

૧૫ જૂન ૧૯૧૩

જેણે નીરવતા અને એકાંતમાં રહીને પૂર્ણ ધ્યાનાવસ્થા પ્રાપ્ત કરી હશે તેણે પણ એ વસ્તુ પોતાના શરીરમાંથી અલગ થઈ જઈને,

પોતાની જાતને એક સારરૂપ તત્ત્વ બનાવી લઈને જ માત્ર કરી હશે. અને આ રીતે કામ કરતાં શરીર પોતે જે પદાર્થનું બનેલું છે તે તો હતો એવો ને એવો જ અશુદ્ધ, એવો જ અપૂર્ણ રહી જાય છે, કેમ કે એ માણસે શરીરને તો તેની પોતાની અવસ્થામાં જ પડી રહેવા દીધેલું હશે, એણે એક ખોટી સમજવાળી સાધના કરીને, અતિભૌતિક સિદ્ધિઓથી આકર્ષાઈને, પોતાના અંગત સંતોષ માટે તારી સાથે મિલન સાધવાની અહંકારી ઇચ્છામાંથી પૃથ્વી પરના પોતાના અસ્તિત્વના મૂળ કારણ પ્રત્યે પૂંઠ ફેરવી દીધી હશે, જડતત્ત્વને મુક્ત કરવાનું, વિશુદ્ધ કરવાનું પોતાનું કાર્ય સિદ્ધ કરવાનો તેણે કાયર થઈને ઇનકાર કર્યો હશે. આપણા સ્વરૂપનો એક અંશ સંપૂર્ણ રીતે વિશુદ્ધ છે એ જ્ઞાન આપણને થાય, એ વિશુદ્ધિ સાથે આપણે સંપર્ક સાધીએ, એની સાથે એકરૂપ થઈએ, એ વસ્તુ, એ જ્ઞાનને જો પૃથ્વીનું રૂપાંતર જલદીથી સાધવાને માટે, તારા પરમ ઉન્નત કાર્યને સિદ્ધ કરવા માટે કામમાં લેવામાં આવે તો જ કામની રહી શકે છે.

*
**

૧૭ જૂન ૧૯૧૩

પ્રભુ, મારી પ્રાર્થના છે કે હું એક પ્રકાશ આપતા અને હૂંફ આપતા અગ્નિ જેવી બની રહું, હું એક તરસને છિપાવતા ઝરણ જેવી બની રહું, આશ્રય આપતા અને રક્ષણ આપતા એક વૃક્ષ જેવી બની રહું....મનુષ્યો એટલા બધા તો દુઃખી છે, અને એટલા તો અજ્ઞાન છે કે તેમને સહાય કરવાની ખૂબ જ જરૂર છે.

તારામાં મારો વિશ્વાસ, મારી આંતરિક નિશ્ચિતતા દિન પ્રતિદિન વધી રહ્યાં છે; અને દિન પ્રતિદિન તારા પ્રેમને પણ હું મારામાં વધુ જીવંત રૂપે અનુભવી રહી છું, તારા પ્રકાશને એકી સાથે વધુ ઉજ્જ્વળ રૂપે અને વધુ કોમળ રૂપે અનુભવી રહી છું; અને તારું કાર્ય અને મારું જીવન, મારું વ્યક્તિત્વ અને સારીયે સમગ્ર પૃથ્વી

એ બે વચ્ચે ભેદ કરવામાં હું વધુ ને વધુ નિષ્ફળ થઈ રહી છું.

પ્રભુ, પ્રભુ, તારો મહા વૈભવ અનંત છે; તારું સત્ય અદ્‌ભુત છે, અને તારો સર્વશક્તિમાન પ્રેમ જગતને બચાવી લેશે.

*
**

## ૧૮ જૂન ૧૯૧૩

તારા પ્રતિ અભિમુખ થવું, તારી સાથે સાયુજ્ય પામવું, તારામાં અને તારા અર્થે જીવન ધારણ કરવું, એ છે પરમ સુખ, અમિશ્ર આનંદ, અવિચલ શાંતિ; એ છે અનંતતાનો ઉચ્છ્વાસ લેવો, શાશ્વતીમાં ઊંચે ઊંચે ચડી જવું, પોતાની મર્યાદાઓનો વધુ અનુભવ ન કરવો, સ્થળ અને કાળમાંથી છૂટી જવું. આ વરદાનોથી જાણે કે લોકો ડરતા હોય તેમ તેમનાથી કેમ દૂર ભાગતા હશે ? દુઃખમાત્રનું મૂળ એવું આ પેલું અજ્ઞાન, એ તે કેવી વિચિત્ર વસ્તુ છે ! આ અંધકાર મનુષ્યોને; જે એકમાત્ર વસ્તુ તેમને સુખ આપી શકે છે તેની જ પાસે જતાં રોકી રાખે છે, આ અંધકાર મનુષ્યોને નર્યા સંઘર્ષ અને વેદનાથી ઘડાયેલા આ સામાન્ય જીવનની દુઃખપૂર્ણ નિશાળમાં જકડી રાખે છે એ કેવી તો કરુણ દશા છે !

*
**

## ૨૭ જૂન ૧૯૧૩

તારો અવાજ એવો તો વિનમ્ર છે, તટસ્થ છે, એવો તો પરમ ધીરજ અને કરુણાથી ભરપૂર છે કે એ પોતે સંભળાય એ માટે સત્તાધીશની રીતે કે સંકલ્પશક્તિના બળપૂર્વક કશું કરતો નથી, પણ એ એક શીતળ, મંદ અને નિર્મળ સમીર જેવો છે, એક વિસંવાદી વૃન્દસંગીતમાં સંવાદિતતાનો સૂર પૂરતા અતિ સ્વચ્છ મર્મર જેવો છે. એ સૂરને કેવી રીતે સાંભળવો, એ સમીરનો કેવી રીતે ઉચ્છ્વાસ લેવો એ જે જાણે છે તેને માટે જ તારો એ અવાજ સૌન્દર્યના એક

ભંડાર રૂપ બની રહે છે. નિર્મળ સ્વસ્થતા અને ઉદાત્ત ભવ્યતાની એક સૌરભરૂપ બની રહે છે અને એમાંથી તો પછી તમામ પ્રચંડ ભ્રાંતિઓ અદૃશ્ય થઈ જાય છે અથવા તો તે જે અદ્ભુત સત્યની ઝાંખી થઈ હોય છે તેના એક આનંદપૂર્ણ સ્વીકારમાં પલટાઈ જાય છે.

*
**

૨૧ જુલાઈ ૧૯૧૩

....પણ કેટલી બધી તો ધીરજની જરૂર છે ! પ્રગતિના તબક્કા કેવા તો અદૃશ્ય જેવા હોય છે !

ઓહ ! મારા હૃદયની અપાર ગહનતામાંથી હું તને કેવી તો પુકારી રહી છું, ઓ સત્ય જ્યોતિ, ઓ પરમ પ્રેમ, ઓ દિવ્ય ગુરુ ! તું જ અમને જીવન અને પ્રકાશ આપી રહ્યો છે, તું જ અમને દોરી રહ્યો છે અને રક્ષણ આપી રહ્યો છે, તું જ અમારા આત્માનો આત્મા છે અને અમારા જીવનનું જીવન છે, તું જ અમારા સ્વરૂપના સ્વરૂપનું કારણ છે, તું જ પરમ જ્ઞાન છે, અવિચલ શાંતિ છે.

*
**

૨૩ જુલાઈ ૧૯૧૩

હે પ્રભુ, હે અકલ્પ્ય મહાજ્યોતિ, તારું સૌન્દર્ય પૃથ્વી ઉપર છલકાઈ જાઓ; તારો પ્રેમ સર્વ હૃદયોમાં પ્રદીપ્ત બનો અને તારી શાંતિ સર્વ પર શાસન કરો.

એક ગંભીર ગહન રાગિણી, સ્વમંતભરી અને સૂક્ષ્મ, મારા હૃદયમાંથી ઉપર ઊઠે છે, અને મને ખબર નથી કે એ રાગિણી મારામાંથી તારા પ્રતિ વહે છે યા તો તારામાંથી મારા પ્રત્યે વહે છે કે પછી, તું, હું અને સારુંયે વિશ્વ હું આ જે અદ્ભુત રાગિણી વિષે સભાન બની છું તે રાગિણી રૂપે છે....એ તો ચોક્કસ છે કે હવે કોઈ તું નથી, કે કોઈ ભિન્ન એવું વિશ્વ નથી. વિશ્વમાં એક વિરાટ, પરમ, અનંત સંવાદિતા આવી રહેલી છે, એ જ વસ્તુઓ

રૂપે છે અને સર્વ વસ્તુઓ એને વિષે એક દિવસે સભાન બનશે. એ અસીમ એવા પ્રેમની સંવાદિતા છે, સર્વ વેદના અને સર્વ અંધકારના વિજેતા એવા પ્રેમની સંવાદિતા છે.

હું આ પ્રેમના નિયમ રૂપે, વધુ ને વધુ પૂર્ણ ભાવે જીવવા ઇચ્છું છું; મને પોતાને હું તેને નિરંકુશ ભાવે અર્પી રહી છું.

અને મારું સ્વરૂપ એક અવર્ણનીય શાંતિમાં પ્રફુલ્લીત રહ્યું છે.

*
**

૨ ઓગસ્ટ ૧૯૧૩

આજ સવારે આ શરૂ થતા માસ ઉપર હું નજર નાખતી હતી ત્યાં મને પ્રશ્ન થયો કે તારી સેવા કરવા માટેનું સર્વોત્તમ સાધન કયું છે અને મેં પેલો નાનકડો આંતર અવાજ સાંભળ્યો, નીરવતામાં પ્રગટતા એક મર્મર જેવો, અને તેણે મને કહ્યું : 'જો, બાહ્ય સંજોગોનું મહત્ત્વ કેટલું બધું ઓછું છે? સત્ય વિષેની તારી જે કલ્પના છે તેને સાકાર કરવાના તારા પ્રયત્નમાં તું મથી રહી છે અને તેમાં આગ્રહી બની રહી છે? વધુ મુલાયમ બન, વધુ વિશ્વાસમય બન. કશાથી પણ તારી જાતને ગભરાવા ન દેવી એ જ એકમાત્ર તારે કરવાનું છે. સારું કરવા માટે પોતાની જાતને રિબાવ્યા કરવી એમાંથી આવતાં પરિણામ તે અશુભ ઇચ્છામાંથી આવતાં પરિણામો જેટલાં જ ખરાબ હોય છે. ઊંડાં પાણીમાં જે સ્વસ્થતા રહેલી છે તેમાં જ સાચી સેવાની એકમાત્ર શક્યતા રહેલી છે.'

અને આ ઉત્તર એવો તેજોમય અને એવો તો નિર્મલ હતો, એનામાં એવી તો અસરકારક વાસ્તવિકતા રહેલી હતી કે આ લખેલી અવસ્થા કશી મુશ્કેલી વિના મારામાં આવી ગઈ. મને લાગ્યું કે હું જાણે એ ઊંડાં પાણીમાં તરી રહી છું. મને સમજણ પડી; મને સ્પષ્ટ રીતે દેખાયું કે સારામાં સારું વલણ શું હોય; અને મારે તો તારી પાસે માત્ર આટલું જ માગવાનું રહે છે કે, હે

પરમોત્તમ પ્રભુ, હે પરમ શિક્ષાદાતા, આ અવસ્થામાં હું સતત ટકી રહું તે માટે જરૂરી હોય તેટલી શક્તિ અને આંતરદૃષ્ટિ આપ.

'તું નિશ્ચિંત રહે, બેટા, ચૂપ રહે, શાંતિ, શાંતિ.'

*
**

૮ ઓગસ્ટ ૧૯૧૩

વસ્તુ માત્રમાં રહેલી એ મધુર સંવાદિતા, મારા હૃદયને ભરી રહેલી એ મધુર સંવાદિતા, જીવનનાં સ્થૂલમાં પણ સ્થૂલ રૂપોમાં, પ્રત્યેક લાગણીમાં, પ્રત્યેક વિચારમાં, પ્રત્યેક કર્મમાં તું તારું સ્વરૂપ પ્રગટ કર.

બહારની બાજુએ ભારે શોરબકોર થઈ રહ્યો છે છતાં મને બધું જ સુંદર, સંવાદમય, નીરવ લાગે છે, અને એ નીરવતામાં પ્રભુ, મને તારાં દર્શન થાય છે; અને તારાં એ દર્શનને વર્ણવવા માટે તો હું એટલું જ કહી શકું કે એ એક અખંડ સ્મિત જેવું છે. ખરી રીતે તો, આપણને એક અત્યંત મધુર, અત્યંત સ્વસ્થ, અત્યંત કરુણામય સ્મિતના સાંનિધ્યમાં જે ભાવ અનુભવાય છે તેની ઉપમા તારાં દર્શન થતાં મને જે અનુભવાય છે તેને માટે દુર્બળ જ લાગે છે.

સર્વને તારી શાંતિ મળી રહો.

*
**

૧૫ ઓગસ્ટ ૧૯૧૩

આ ઢળી રહેલી સંધ્યામાં, તારી શાંતિ વધુ ને વધુ ગહન અને મધુર થતી જાય છે અને મારા સ્વરૂપને ભરી રહેલી નીરવતામાં તારો અવાજ વધુ ને વધુ સ્પષ્ટપણે સમજાતો જાય છે.

હે દિવ્ય ગુરુ, અમારું જીવન, અમારા વિચારો, અમારો પ્રેમ અમારું સારુંયે સ્વરૂપ તારા અર્થે જ છે. જે તારું પોતાનું જ છે

તેનો કબજો તું પાછો લઈ લે, કેમ કે અમારા સાચા સ્વરૂપમાં તો તું જ અમારા રૂપે છે.

*
**

૧૬ ઓગસ્ટ ૧૯૧૩

હે પ્રેમ, દિવ્ય પ્રેમ, તું મારા સ્વરૂપને ભરી રહ્યો છે અને તું સર્વ અંગોમાંથી બહાર છલકાઈ રહ્યો છે. હું તે તું જ છું અને તું તે હું છે. અને હું તને પ્રત્યેક પ્રાણીમાં, પવનની વહી જતી નાનામાં નાની લહરીથી માંડી અમને અજવાળી રહેલા અને તારા પ્રતીક જેવા સૂર્ય સુધીના પ્રત્યેક પદાર્થમાં નિહાળું છું.

ઓ હું તને સમજી શકતી નથી, નિર્મલમાં નિર્મલ ભક્તિની નીરવતામાં હું તને આરાધું છું.

*
**

૧૭ ઓગસ્ટ ૧૯૧૩

હે પ્રભુ, અમારા હે જીવનસ્વામી, અમારા સ્થૂલ જીવનને સાચવવાની ચિંતામાંથી અમને ઊંચે ને ઊંચે ચાલી જવા દે. શરીરને સાચવવું, તબિયત વિષેના વિચારો કર્યા કરવા, જીવનના નિર્વાહ અંગેનાં, જીવનની ઘટમાળ અંગેના વિચારો હંમેશાં કર્યા કરવા એના કરતાં વિશેષ હીણપત કરનારી, વિશેષ ગ્લાનિ કરનારી વસ્તુ બીજી કોઈ જ નથી....આ બધું કેટલું તો ક્ષુદ્ર છે, એક પાતળા ધુમાડા જેવું છે કે જેને તારા પ્રત્યે વળેલો માત્ર એક જ વિચાર વ્યર્થ ઝાંઝવાની માફક વિખેરી નાંખે છે.

આ ગુલામીમાં જે પડી રહેલા છે તેમને મુક્ત કર, જેઓ વાસનાઓની ગુલામીમાં પડેલા છે તેમને પણ મુક્ત કરી આપજે. તારા પ્રતિ લઈ જતા માર્ગમાંનાં આ વિઘ્નો ભયંકર છે અને સાથે સાથે નિઃસત્ત્વ પણ છે; જે લોકો હજી તેમને વિવશ પડેલા છે તેમને

માટે એ ભયંકર છે, જે તેમનાથી પર થઈ ગયેલા છે તેમને માટે તે નિઃસત્ત્વ છે.

અમે જ્યારે અમારા પોતાના વિષેની ચિંતામાંથી, અમારા જીવન વિષેની, અમારા આરોગ્ય વિષેની, અમારી તૃપ્તિ વિષેની, તથા અમારી પ્રગતિ વિષેની પણ, ચિંતામાંથી મુક્ત થઈ જઈએ છીએ અને પછી જે અપાર રાહત અનુભવાય છે, જે મધુર હળવાશ અનુભવાય છે એને કેવી રીતે વર્ણવી શકાય.

આ રાહત, આ મુક્તિ તેં મને આપી છે, ઓ દિવ્ય ગુરુ, હે મારા જીવનના જીવન, મારા પ્રકાશના પ્રકાશ, તું મને સતત પ્રેમના પાઠ શીખવી રહ્યો છે અને મારા અસ્તિત્વનું કારણ મને તેં સમજાવ્યું છે.

મારામાં હવે તું વસી રહ્યો છે, કેવળ તું જ; અને મારે હવે શા માટે મારા વિષે, મારું શું થશે એ વિષે ચિંતા કર્યા કરવી જોઈએ? તારા વિના, તને આવિર્ભાવ આપવાનો પ્રયત્ન કરી રહેલા આ શરીરની માટી આકારહીણી અને અચેતન બનીને વિખેરાઈ જશે; તારા વિના, અમને આવિર્ભાવનાં આ બીજાં કેન્દ્રો સાથે સંબંધમાં મૂકી આપનારું આ સંવેદનતંત્ર એક અંધકારમય જડતામાં અદૃશ્ય થઈ જશે; તારા વિના, સમન્વયને જીવન આપનારું તથા પ્રકાશ આપનારું ચિત્તતંત્ર વિશીર્ણ થઈ જશે, રણકાર વિનાનું થઈ જશે, અસિદ્ધ રહી જશે; તારા વિના, સર્વ કાંઈને સજીવન કરનાર, સમન્વય આપનાર, પ્રાણવંત કરનાર અને હૂંફ આપનાર પરમ પ્રેમ એક અજાગૃત રહેલી એવી શકયતા બની રહેશે. તારા વિના સર્વ કાંઈ જડ છે, મૂઢ છે અથવા તો અચેતન છે. અમને પ્રકાશિત કરનાર અને આનંદિત કરનાર સર્વ કાંઈ તું છે, અમારા અસ્તિત્વનું એકમાત્ર કારણ અને અમારું સારુંયે લક્ષ્ય તે તું જ છે. આ વસ્તુ શું અમને સર્વ અંગત વિચારોના વ્યાધિમાંથી સાજા થઈ જવા માટે, અમારી પાંખો ફેલાવીને સ્થૂલ જીવનની ચિંતાઓમાંથી ઉપર ચડી

જવા માટે પૂરતી નથી ? એમ થતાં અમે તારા દિવ્ય વાતાવરણમાં ઊંચે ઊંચે ઊડી શકીશું અને સંદેશવાહકો તરીકે પૃથ્વી પ્રત્યે પાછા ફરવાની શક્તિ મેળવી શકીશું અને તારા હવે બનનારા આગમનના તેજોમય પરમ શુભ સમાચાર જાહેર કરી શકીશું.

હે દિવ્ય ગુરુ, સુપરમ મિત્ર, અદ્‌ભુત ગુરુ, હું તને, એક સુફલિત નીરવતામાં નમન કરું છું.

*
**

૭ ઓકટોબર ૧૯૧૩

ત્રણ માસની ગેરહાજરી પછી હું આ મકાનમાં, તને સમર્પિત થયેલા આ સ્થાનમાં, હે પ્રભુ, હું પાછી ફરી છું, અને અહીં આવતાં મને બે અનુભવો થયા છે. પહેલો અનુભવ એ છે કે મારા બાહ્ય સ્વરૂપમાં, મારી સપાટી પરની ચેતનામાં, મને હવે એવો ભાવ નથી રહ્યો કે હું મારા પોતાના ઘરમાં છું અથવા તો હું કોઈ પણ વસ્તુની માલિક છું : હું એક પરદેશી ભૂમિમાં પરદેશી જેવી છું, વૃક્ષો વચ્ચે આવેલા ખુલ્લા ખેતરમાં હોઉં તેના કરતાં એક વધુ અજાણી જેવી છું; અને મને સ્મિત થાય છે, હવે મને પહેલાં જે ન હતું તે જ્ઞાન થયું છે, હું ગઈ તે પહેલાં મને 'ઘરની માલિક' તરીકેની લાગણી હતી, એ લાગણીના વિચાર પ્રત્યે મને સ્મિત થાય છે. સારુંયે સ્વાભિમાન ભાંગી જાય, કચડાઈ જાય, પાકે પાયે તે છૂંદાઈ જાય એ જરૂરનું હતું, કે જેથી કરીને મને વસ્તુઓના યથાર્થ સ્વરૂપને સમજવાની, જોવાની અને અનુભવવાની શકિત મળે. આ મકાન મેં તને અર્પણ કર્યું હતું, પ્રભુ, જાણે કે હું કોઈવસ્તુની માલિક બની શકતી હોઉં, અને તે રીતે હું તને તેનું અર્પણ કરી શકતી હોઉં. જે કાંઈ છે તે તારું જ છે, પ્રભુ, અમને સર્વ કાંઈ આપનાર તે તું જ છે; પણ અમે જ્યારે એમ કલ્પના કરીએ છીએ કે અમે કોઈ પણ વસ્તુના માલિક બની શકીએ છીએ ત્યારે એ

અમારી અંધતા કેવી તો હોય છે! હું તો બીજે બધે ઠેકાણે છું તેવી જ અહીં પણ એક પ્રવાસે આવેલી છું, પૃથ્વી ઉપર તારો સંદેશવાહક અને તારી સેવક છું, માણસોમાં એક અજાણી વ્યક્તિ છું, અને છતાં તેમના જીવનનો આત્મા છું, એમના હૃદયનો પ્રેમ છું....

બીજો અનુભવ એ થયો કે મકાનનું આખુંયે વાતાવરણ એક ધાર્મિક ગંભીર ભાવથી સભર ભરાયેલું બન્યું છે; અહીં આપણે તત્ક્ષણ ઊંડાણોમાં ઊતરી જઈએ છીએ; ધ્યાન વધારે એકાગ્ર બને છે અને વધુ ગંભીર બને છે; વિક્ષેપની ક્રિયા અદૃશ્ય થઈ જાય છે અને તેને સ્થાને એકાગ્રતા આવી બને છે; અને હું અનુભવું છું કે આ એકાગ્રતા શબ્દશઃ મારા માથામાંથી ઊતરી મારા હૃદયમાં પ્રવેશ કરે છે; અને મને હૃદય મસ્તક કરતાં વધારે ઊંડાણમાં પહોંચતું લાગે છે. એ એવું છે કે, ત્રણ માસ સુધી હું મારા મસ્તક વડે પ્રેમ કરતી હતી અને હવે હું મારા હૃદય વડે પ્રેમ કરવા લાગી છું; અને આ વસ્તુ લાગણીની એક ન સરખાવી શકાય તેવી ગંભીરતા અને મધુરતા લઈ આવે છે.

મારા સ્વરૂપમાં એક નવું દ્વાર ખૂલ્યું છે અને મારી સમક્ષ એક વિરાટતા પ્રગટ થઈ છે.

હું ભક્તિ ભાવે ઉંબર ઓળંગું છું, અને મને લાગે છે કે આ દૃષ્ટિથી છુપાયેલા, અને જાણે કે અંદરમાં અદૃશ્ય રીતે તેજોમય એવા, ગુપ્ત માર્ગ પર પગ ધરવાને ભાગ્યે જ લાયક છું.

સર્વ કાંઈ બદલાઈ ગયું છે, સર્વ કાંઈ નવું બની ગયું છે; જૂના વાઘા સરી પડ્યા છે અને નવું જન્મેલું બાળક ઉષાના પ્રકાશ તરફ પોતાની આંખો અર્ધીપર્ધી ખોલી રહ્યું છે.

*
**

૨૨ નવેમ્બર ૧૯૧૩

તારી સમક્ષ નીરવતામાં ગાળેલી થોડી ક્ષણો સુખનાં સેંકડો વર્ષો જેવી મૂલ્યવાન છે....

પ્રભુ, મારી પ્રાર્થના છે કે સર્વ પડછાયાઓ વિખરાઈ જાઓ અને હું, સ્થિર અને સ્વસ્થ ભાવે તારી, વધુ ને વધુ, વફાદાર સેવક બની રહું; મારું હૃદય તારી સમક્ષ એક સ્વચ્છ સ્ફટિક જેવું બની રહો, કે જેથી તે પૂરેપૂરું તારું પ્રતિબિંબ ઝીલી રહે.

ઓહ! તારી પાસે નીરવતામાં આવીને બેસવું એ કેવું તો મીઠું મીઠું છે.

*
**

૨૫ નવેમ્બર ૧૯૧૩

તારા પ્રત્યે વળેલા નીરવ ચિંતનનો ખરેખર મોટામાં મોટો શત્રુ તે અવચેતના, અમે જે અનેકાનેક ઘટનાઓના સંપર્કમાં મુકાઈએ છીએ તેની જે સતત નોંધ લેતી રહે છે તે છે. જ્યાં લગી અમે મગજની ક્રિયામાં ડૂબેલા હોઈએ છીએ ત્યાં સુધી અમારું સચેતન ચિત્ત અમારી અચેતન રીતે સંસ્કારો ઝીલવાની આ અતિ-પ્રવૃત્તિને અમારી આગળથી ઢાંકી રાખે છે; અમારા સંવેદનતંત્રનો મોટો ભાગ, અને તે કદાચ કાંઈ નાનામાં નાનો તો નથી જ, એક સિનેમા યંત્રની જેમ, અમારી જાણ બહાર તથા અમને વિઘ્ન રૂપ પણ બને તેવી રીતે ભાગ ભજવતો રહે છે. એ તો જ્યારે અમે અમારા સક્રિય ચિત્તને શાંત કરી દઈએ છીએ, અને એ કામ પ્રમાણમાં સહેલું છે, ત્યારે જ અમે જોઈએ છીએ કે અવચેતન રીતે પડેલા નાના નાના સંસ્કારોનો કેવો તો સમૂહ ચારેય બાજુથી ઉપર ધસી આવતો હોય છે અને તે ઘણીવાર અમને તેમના ઊછળતા પ્રવાહમાં ડુબાવી દે છે. એટલા માટે જ એવું બને છે કે અમે ગહન ચિંતનને નીરવતામાં પ્રવેશ કરવાનો પ્રયત્ન કરીએ છીએ કે

તરત જ અમારા ઉપર આ અગણિત વિચારોનું—જો એમને વિચારોનું નામ આપી શકાય તો—આક્રમણ થઈ આવે છે. એ વિચારોમાં અમને કાંઈ રસ તો હોતો જ નથી, એમાં અમારે માટે કોઈ સક્રિય ઇચ્છા ઝિલાયેલી હોતી નથી, કોઈ સજ્ઞાન આસક્તિ હોતી નથી, પણ તે માત્ર એટલું જ સાબિત કરી આપે છે કે અમે અમારી આ અવચેતનાની સંસ્કારો ઝીલવાની ક્રિયાને, કહો કે યાંત્રિક જેવી ક્રિયાને કાબૂમાં રાખવાની કશી શક્તિ ધરાવતા નથી. આ બધા નિરુપયોગી અવાજોને શાંત કરી દેવા, યા ચિત્રોની થકવી નાખતી પરંપરાને અટકાવી દેવી, આ બધી હજારો નાની નાની ભાર રૂપ અને મૂલ્ય વિનાની ક્ષુદ્ર વસ્તુઓમાંથી અમારા મનને વિશુદ્ધ કરી લેવું એ બધા માટે ઠીક ઠીક કામ કરવાનું રહે છે અને એનો અર્થ છે કેટલાયે સમયની બરબાદી; કેવોયે ભયંકર બગાડ.

આનો ઇલાજ ? કેટલીક ત્યાગપ્રધાન સાધનાઓ ભોળા ભાવે, એકાંતસેવન કરવું અને કર્મમાંથી હઠી જવું એનો જાહેરમાં આદેશ આપતી રહે છે : અવચેતનાને એવું રક્ષણ આપો કે તેના પર કોઈ પણ સંસ્કાર ન પડે; આ તો મને બાલિશ ઇલાજ લાગે છે, કેમ કે આવી રીતનો સંન્યાસી પહેલી જ ઝપટે સંસ્કારનો ભોગ થઈ પડે છે; અને એ જ્યારે માનતો હોય છે કે પોતે પોતાના ઉપર પૂર્ણ કાબૂ મેળવી લીધો છે ત્યારે, એક દિવસ, જો તે પોતાના બંધુઓને મદદ કરવા માટે તેમની અંદર પાછો આવવા માગે છે તો, એની અવચેતના, અત્યાર સુધી સંસ્કારો ઝીલવાની ક્રિયામાંથી વંચિત રહી હતી તે, તેને નાનામાં નાની તક મળતાં પહેલાં કરતાં પણ વધુ વેગથી સંસ્કારો ઝીલવા લાગી જાય છે.

એક બીજો ઇલાજ પણ છે તો ખરો જ ? કયો ? અમે અમારા સચેતન મનને કાબૂમાં રાખીએ છીએ તેવી રીતે, બેશક, અમારે અમારી અવચેતનાને કાબૂમાં લેવાનું શીખી લેવું તો જોઈએ જ. એ કરવા માટેની પદ્ધતિઓ ઘણી છે. બૌદ્ધોની પેઠે અમે અમારું નિયમિત રીતે આંતર નિરીક્ષણ કરતા રહીએ તથા પદ્ધતિપૂર્વક

અમારાં સ્વપ્નોનું પૃથક્કરણ કરતા રહીએ—અને એ સ્વપ્નો લગભગ હંમેશાં આ અવચેતન રીતના સંસ્કારોમાંથી જ રચાતાં હોય છે—એ આપણે જે પદ્ધતિ મેળવવાની છે તેના એક ભાગ રૂપે રહે છે. પરંતુ આના કરતાં પણ કોઈ વધારે ઝડપથી અસરકારક બને તેવી પદ્ધતિ પણ ખરેખર છે જ....

હે પ્રભુ, હે શાશ્વત ગુરુ, તારે જ શિક્ષક થવાનું છે, પ્રેરણા પાનાર થવાનું છે; શું કરવું જોઈએ એ તું મને શીખવીશ; એમાંથી પછી હું, મારી પોતાની બાબતમાં અનિવાર્યપણે એ વસ્તુને અજમાવી લીધા પછી, તેં મને જે શીખવ્યું હશે તેનો લાભ બીજાઓને આપીશ.

એક પ્રેમપૂર્ણ અને વિશ્વાસપૂર્ણ ભક્તિભાવે હું તને નમસ્કાર કરું છું.

*
**

૨૮ નવેમ્બર ૧૯૧૩

ઉષાના ઉદય પૂર્વે, બીજી કોઈ ક્ષણ કરતાં વિશેષ રૂપે, એકાગ્ર ચિંતનની જે સ્વસ્થ શાંતિ છવાઈ રહેતી હોય છે તેમાં મારું ચિત્ત, હે અમારા જીવનસ્વામી, તારા પ્રત્યે આતુર પ્રાર્થનાપૂર્વક ચડે છે.

આ આવી રહેલો દિવસ પૃથ્વીને માટે તથા માનવોને માટે શુદ્ધ પ્રકાશની અને સાચી શાંતિની કાંઈક વધુ પ્રાપ્તિ કરાવી આપો; તારો આવિર્ભાવ વધુ પૂર્ણ બનો અને તારો નિયમ વધુ સમજાઓ; માનવજાતિને એક અધિક ઉચ્ચ, અધિક અભિજાત, અધિક સાચી વસ્તુનાં દર્શન મળો, એક અધિક વિશાળ અને એક અધિક ગહન પ્રેમ જગતમાં છલકાઈ ઊઠો કે જેથી જગતના વેદનાભર્યા ઘા રૂઝાઈ જાય; અને સૂર્યનું આવી રહેલું આ પ્રથમ કિરણ આનંદ અને સંવાદિતાઓનો છડીદાર બની રહો, જીવનના ગર્ભમાં છુપાયેલા ભવ્ય વૈભવનું પ્રતીક બની રહો.

હે દિવ્ય ગુરુ, અમારી પ્રાર્થના છે કે આજનો દિવસ, અમે

તારા સંકલ્પને વધુ સંપૂર્ણ સમર્પણ કરીએ, તારા કાર્યને અમારો વધુ સંપૂર્ણ ઉપહાર કરીએ, અમારી જાતનું અમે વધુ વિસ્મરણ કરીએ, એક વધુ મહાન પ્રકાશ પ્રગટ થાય, એક વધુ વિશુદ્ધ પ્રેમ પ્રાપ્ત થાય તે માટેનો એ પ્રસંગ બની રહો; અમારી પ્રાર્થના છે કે તારી સાથે હંમેશાં વધુ ને વધુ ઊંડા અને વધુ ને વધુ સતત અને સંપૂર્ણ બનતા જતા સંપર્કમાં રહીને અમે તારી સાથે હંમેશાં વધુ ને વધુ નિકટ ભાવે અદ્વૈત પામીએ અને તારા સુપાત્ર સેવક બની રહીએ. અમારામાંથી અહંકાર માત્ર દૂર કરી દો, બધું જ મિથ્યા અભિમાન, બધો જ લોભ અને અજ્ઞાન નિર્મૂળ કરી દો, કે જેથી અમે તારા દિવ્ય પ્રેમ વડે પૂરેપૂરા પ્રજ્વલી ઊઠીએ, જગતમાં તારી મશાલો બની રહીએ. પૂર્વના દેશોના ધૂપના સફેદ ધૂમ જેવી એક નીરવ સ્તુતિ મારા હૃદયમાંથી ઉપર ઊઠી રહી છે.

અને આ ઉદય પામતા દિવસે, પૂર્ણ સમર્પણની સ્વસ્થતાપૂર્વક હું તને નમન કરું છું.

*
**

## ૨૯ નવેમ્બર ૧૯૧૩

આ બધો અવાજ, આ બધી હિલચાલ, આ મિથ્યા અને પોલું એવું આંદોલન શા માટે; તોફાનમાં સપડાયેલી માખોના એક ટોળા માફક માણસોને ઘસડી જતી આ આંધી શા માટે? આ બધી શક્તિ વેડફાઈ રહી છે, આ બધા પ્રયત્નો બરબાદ થઈ જાય છે એ તે કેવો ગ્લાનિપ્રેરક દેખાવ છે. લોકો દોરીઓના છેડે બાંધેલાં અને પોતે કોના વતી અથવા તો શાના વતી નચાવાય છે તેના જ્ઞાન વિનાનાં પૂતળાંની માફક નાચવાનું ક્યારે બંધ કરશે? લોકો પોતે નીચે બેસવાનો અને અંદરમાં વળવાનો, પોતાની જાતને એકત્ર કરવાનો અને પેલું આંતર દ્વાર ખોલવાનો, એ આંતર દ્વાર કે જે તારા અમૂલ્ય ભંડારોને, તારાં અનંત વરદાનોને તેમની આગળથી સંતાડી રાખે છે, તે માટેનો સમય ક્યારે કાઢશે?....

આમ તો તારા પરમ પ્રકાશનો માત્ર એક જ તણખો, તારા દિવ્ય પ્રેમનું માત્ર એક બિંદુ આ વેદનાને આનંદના એક સાગરમાં પલટી દઈ શકે તેમ છે તે જોતાં એમનું અજ્ઞાન અને અંધકારથી ભરેલું જીવન, એમનું મૂર્ખ આંદોલન અને કશા પણ લાભ વિનાના દુર્વ્યયથી ભરેલું જીવન મને કેવું તો દુઃખજનક અને દયાજનક લાગે છે.

હે પ્રભુ, મારી પ્રાર્થના તારા તરફ ઊંચે જઈ રહી છે: આ લોકો આખરે જતાં, એક અવિચલ સ્વસ્થતામાંથી આવતી તારી શાંતિને, પ્રશમતાને અને અવિરોધ્ય શક્તિને જાણતા થાઓ—જેમની આંખો ખૂલી ગઈ છે અને જે પોતાના સ્વરૂપના પ્રદીપ્ત બનેલા મર્મ ભાગમાં તારું ચિંતન કરી શકે છે તેમને માટેની તો આ મહા જાગીર છે.

પરંતુ તારા આવિર્ભાવનો પ્રહર આવી ગયો છે.

અને આનંદની સ્તુતિઓ થોડા જ સમયમાં હરેક દિશામાંથી ફૂટી નીકળશે.

એ પ્રહરની ગંભીરતા સમક્ષ, હું તને ધર્મભાવે નમસ્કાર કરું છું.

*
**

૧૩ ડિસેમ્બર ૧૯૧૩

મને પ્રકાશ આપ, પ્રભુ, મારી પ્રાર્થના છે કે હું લેશ પણ ભૂલ ન કરું. મારી પ્રાર્થના છે કે હું તારી સમક્ષ જે અનંત સન્માન ભાવ, અત્યંત ભકિત, આટલો બધો તીવ્ર અને ગહન પ્રેમ લઈને આવું છું તે ઉદ્યોતક બનો, પ્રતીતિકારક બનો, સર્વને સ્પર્શી જનાર બનો, અને સર્વના હૃદયમાં તે જાગૃત બનો.

હે પ્રભુ, હે શાશ્વત ગુરુ, તું છે મારો પ્રકાશ અને મારી શાંતિ; તું મારાં પગલાંને દોરી જા, મારાં ચક્ષુને ખોલી જા, મારા

હૃદયને અજવાળી જા, અને મને તારા પ્રતિ વિના વંકગતિએ લઈ જતા માર્ગ ઉપર મૂકી આપ.

હે પ્રભુ, પ્રભુ, મારી પ્રાર્થના છે કે તારા સંકલ્પ સિવાય મારામાં બીજો કોઈ સંકલ્પ રહેવા ન પામો અને મારાં સર્વ કાર્યો તારા દિવ્ય નિયમને પ્રગટ કરનાર બની રહો.

મારા ઉપર સર્વત્ર એક મહાન પ્રકાશ વરસી રહ્યો છે, અને મને હવે તારા સિવાય બીજા કશાનું ભાન નથી....

શાંતિ, શાંતિ, અખિલ ભૂમંડલ પર શાંતિ.

*
**

૧૬ ડિસેમ્બર ૧૯૧૩

નિર્મળ અને તટસ્થ એવો પ્રેમ, અમે જેને જેટલો જોઈ શકીએ અને આવિર્ભાવ આપી શકીએ એટલો તારો પ્રેમ, તને શોધી રહેલાં હૃદયોને ખોલી શકે એવી એકમાત્ર ચાવી તો એ જ છે. જે લોકો બુદ્ધિના માર્ગે જાય છે તેઓ એક ઘણી ઊંચી અને ઘણી સાચી કલ્પના ઉપજાવી શકે છે, સાચું જીવન એટલે શું, તારી સાથે અદ્વૈત પામેલું જીવન એટલે શું તે તેઓ સમજી શકે છે, પરંતુ તેનું તેમને જ્ઞાન હોતું નથી. એ જીવન વિષે તેમને કશો આંતરિક અનુભવ હોતો નથી અને તેમને તારી સાથેના કોઈ પણ સંપર્કનો ખ્યાલ હોતો નથી. આ લોકો, બુદ્ધિની રીતે જાણનારા આ લોકો, જેમણે કર્મને માટે પોતાની જાતને પોતાને ઉત્તમ લાગે તેવી એક રચનામાં બંધ કરી લીધી છે એવાઓનું પરિવર્તન સાધવું એ સૌથી વધુ મુશ્કેલ કામ છે; એમનામાં પ્રભુ વિષેની સભાનતા જાગૃત કરવી એ બીજા કોઈ સદ્વૃત્તિવાળા માણસમાં તે જાગૃત કરવા કરતાં વધુ કઠણ કામ હોય છે. માત્ર પ્રેમ જ આ ચમત્કાર સાધી શકે તેમ હોય છે, કેમ કે પ્રેમ સર્વ દ્વારોને ખોલી શકે છે, સર્વ દીવાલોને ભેદી શકે છે, સર્વ વિઘ્નોને પાર કરી શકે છે. અને સાચા પ્રેમનો એક અલ્પ અંશ ઉત્તમોત્તમ

વ્યાખ્યાનો કરતાં વધુ કામ કરી જાય છે.

પ્રભુ, પ્રેમનું આ વિશુદ્ધ પુષ્પ તુ મારામાં ખીલવી આપ, કે જેથી અમારી પાસે આવનાર સૌ કોઈને તે સુગંધિત કરી દેશે અને એ સુગંધ તેમને પુનિત કરશે.

શાંતિ અને આનંદ આ પ્રેમમાં મળી આવે છે, સર્વ શક્તિ અને સર્વ સાક્ષાત્કારનું મૂળ આ પ્રેમમાં રહેલું છે. એ જ છે પરમ સિદ્ધ વૈદ્ય, એ જ છે પરમ આશ્વાસનદાતા; એ જ છે વિજેતા, એ જ છે પરમ શિક્ષણદાતા.

હે પ્રભુ, મારા મધુર ગુરુ, નીરવતામાં હું તારી આરાધના કરી રહી છું અને તને જ મેં મારું સર્વ સમર્પિત કરેલું છે, તું મારા જીવનનું ચાલન કરી રહ્યો છે, તો તારા વિશુદ્ધ પ્રેમ વડે મારા હૃદયને પ્રજ્વલિત કરી દે, અને એ પછી તે એક અગ્નિભરેલી અંગીઠીની માફક સળગતું રહો, સર્વ અપૂર્ણતાઓને ભસ્મ કરી નાખો અને અહંકારના નિષ્પ્રાણ કાષ્ઠને તથા અજ્ઞાનના કાળા કોલસાને નવું રૂપ આપી તેને એક આશ્વાસક હૂંફ બનાવી દો અને ઝળહળતો પ્રકાશ બનાવી દો.

પ્રભુ, હું તારા પ્રત્યે આનંદભરી અને સાથે સાથે ગંભીર ભકિતપૂર્વક વળું છું અને તને આર્દ્ર ભાવે પ્રાર્થું છું :

તારો પ્રેમ આવિર્ભાવ પામો,
તારા શાસનનું આગમન થાઓ,
તારી શાંતિ જગતનું શાસન કરો.

*
**

૨૯ ડિસેમ્બર ૧૯૧૩

પ્રભુ, મારી પ્રાર્થના છે કે આ અંત પામતા વર્ષનું આ સામુદાયિક સંમેલન એ અમારે માટે, અમારા જીવનમાં હવે જેને

કશું જ સ્થાન રહ્યું નથી એવાં બંધનો અને આસક્તિઓ, ભ્રાંતિઓ અને નિર્બળતા, એ સર્વનો એકી સાથે અંત આવી જાય એ માટેનો પ્રસંગ બની રહો. અમારે પ્રત્યેક પળે ભૂતકાળને ખરી જતી ધૂળની પેઠે ખંખેરી નાખતા રહેવું જોઈએ કે જેથી, અમારી સમક્ષ જે નૂતન માર્ગ પણ પ્રત્યેક પળે ખૂલી રહ્યો છે તે મલિન ન બનવા પામે.

અમારી ભૂલો અમે અમારી અંદર જોઈ લીધી છે અને સુધારી લીધી છે, એ હવે કોઈ અપરિણામી વ્યર્થ મૃગજળ કરતાં કોઈ વિશેષ રૂપે ન રહેવા પામો, અને અમે હવે જેની કાંઈ જરૂર રહી નથી એવાં સર્વ અજ્ઞાનો, સર્વ અંધકારો, સર્વ અહંકારોને દૃઢતાપૂર્વક પગ હેઠળ દબાવી દઈને, એક અધિક વિશાળી ક્ષિતિજો પ્રત્યે, અધિક તીવ્ર પ્રકાશ પ્રત્યે, અધિક પૂર્ણ કરુણા પ્રત્યે, અધિક અનાસકત પ્રેમ પ્રત્યે....તારા પ્રત્યે અમારું ઉડ્ડયન હિંમતપૂર્વક શરૂ કરીએ.

પ્રભુ, અમારા જીવનસ્વામી, હું તને પ્રણામ કરું છું, અને પૃથ્વી ઉપર તારા શાસનની ઘોષણા કરવા ઇચ્છું છું.

*
**

૧ લી જાન્યુઆરી ૧૯૧૪

તને, સર્વ વરદાનોના પરમ વરદાતાને, જીવનને વિશુદ્ધ બનાવી, સુંદર અને શુભ બનાવી તેના અસ્તિત્વની સત્યતાને સિદ્ધ કરનારને, તને, અમારા ભાગ્યોના વિધાયકને અને અમારી અભીપ્સાઓના લક્ષ્યને, આ નૂતન વર્ષની પ્રથમ ઘડી સમર્પિત કરવામાં આવી છે.

એ ઘડી આ સમર્પણને લીધે પૂરી ગૌરવવંતી બની રહો; તને મેળવવાની જેઓ આશા રાખી રહ્યા છે તેઓ તારી સાચા રસ્તે શોધ કરો; જેઓ તને શોધી રહ્યા છે તેમને તારાં દર્શન થાઓ, અને જેઓ પોતાના દર્દનો ઇલાજ ક્યાં રહેલો છે તે જાણ્યા વિના વેદના વેઠી રહ્યા છે તેઓ પોતાની ચેતનાના કઠણ પડને થોડે થોડે વીંધતી જતી તારી જીવન-શક્તિનો અનુભવ પામો.

તારા કલ્યાણમય પરમ પ્રકાશ સમક્ષ હું ગહન ભક્તિપૂર્વક અને અસીમ કૃતજ્ઞતાપૂર્વક ઝૂકીને પ્રણામ કરું છું; તેં તારો આવિર્ભાવ કર્યો છે તે માટે, પૃથ્વીના વતી, હું તને ધન્યવાદ ઉચ્ચારું છું; અને પૃથ્વીના વતી હું તને પ્રાર્થું છું કે તારો આવિર્ભાવ, પ્રકાશ અને પ્રેમની અસ્ખલિત વૃદ્ધિ કરતાં કરતાં, સદાયે વધુ ને વધુ થતો રહો.

અમારા વિચારોનો, અમારી લાગણીઓનો, અમારાં કર્મોનો તું પરમ સ્વામી બની રહો.

તું છે અમારી વાસ્તવિકતા, એકમાત્ર વાસ્તવિકતા.

તારા સિવાયનું અન્ય સર્વ કાંઈ અસત્ય છે અને ભ્રાંતિ છે, બધું જ શોકભર્યો અંધકાર છે.

તારામાં છે જીવન, પ્રકાશ અને આનંદ.

તારામાં છે પરમ શાંતિ.

*
**

૨ જાન્યુઆરી ૧૯૧૪

આ અદ્ભુત નીરવતા, માનવજાતિ આટલું બધું મૂર્ખાઈભર્યું ધાંધલ કરી રહી છે છતાં, તારો આવિર્ભાવ કરી રહી છે; આ નીરવતા અવિકારી અને અખંડિત, આ જે વ્યર્થ ઘોંઘાટ ચાલી રહ્યો છે, આ જે મિથ્યા આંદોલન થઈ રહ્યું છે, શક્તિઓ જે નિષ્ફળ રીતે વેરાઈ રહી છે, એ બધું હોવા છતાં, સર્વ વસ્તુઓમાં એવા તો જીવંત રૂપે વસી રહી છે કે તેને સાંભળવાને માત્ર કાન જ માંડવાના રહે છે. એ નીરવતા અમારા સ્વરૂપમાં પ્રકાશ અને શાંતિની જનેતા રૂપે ખીલી રહો, અને એ નીરવતાની શકિત સર્વના ઉપર કલ્યાણનાં મોજાં બનીને ઝળહળી રહો.

તું છે સારાયે જીવનનો આસ્વાદ અને સારીયે પ્રવૃત્તિનું કારણ, તું છે અમારા વિચારોનું લક્ષ્ય.

*
**

### ૩ જાન્યુઆરી ૧૯૧૪

અવારનવાર પોતાની અંદર નજર નાખતા રહેવું અને જોવું કે આપણે પોતે કશું જ નથી, અને કાંઈ જ કરી શકીએ તેમ નથી એ હંમેશાં સારું તો છે જ, પરંતુ તે પછી અમારે તું જ સર્વ કાંઈ છે અને તું જ સર્વ કાંઈ કરી શકે છે એ જ્ઞાનપૂર્વક તારા પ્રત્યે અમારી દૃષ્ટિ વાળવી જોઈએ.

તું છે અમારા જીવનનું જીવન અને
અમારા સ્વરૂપનો પ્રકાશ,
તું છે અમારા ભાગ્યનો વિધાયક.

*
**

### ૪ જાન્યુઆરી ૧૯૧૪

સ્થૂલ પદાર્થો વિષેના વિચારોની ભરતી હંમેશાં ઓછામાં ઓછી નિર્બળતાની વાટ જોઈને બેઠેલી જ હોય છે અને જો અમે અમારી જાગૃતિને એક ક્ષણ માટે પણ શિથિલ થવા દઈએ, અમે જો બેદરકાર રહીએ, પછી ભલે તે અલ્પાલ્પ પ્રમાણમાં હોય, તો એ ભરતી ધસી આવે છે અને અમારા ઉપર ચારે દિશાએથી હુમલો કરે છે, કોઈ વાર તો તેના ભારે પૂર હેઠળ અસંખ્ય પ્રયત્નોના પરિણામને ડુબાડી દે છે. તે પછી અમારા સ્વરૂપ ઉપર એક જાતની તંદ્રા ચઢી આવે છે, એ સ્વરૂપની ખોરાક અને ઊંઘની સ્થૂલ જરૂરિયાતો વધી પડે છે, એની બુદ્ધિ અંધારી થઈ જાય છે અને આ આટલી બધી ઉપર છલ્લી પ્રવૃત્તિઓમાં ખરેખર કશો જ રસ અનુભવાતો નથી હોતો છતાં એ ભરતી સ્વરૂપને પૂરેપૂરું ઘેરીને બેસી જાય છે. આ સ્થિતિ બહુ જ બહુ જ ગ્લાનિજનક અને થકવી નાખનારી હોય છે, કેમકે સ્થૂલ વસ્તુઓ વિષેના વિચારો જેટલી થકવી નાખનારી વસ્તુ બીજી કોઈ પણ નથી, અને થાકી ગયેલું મન, પાંજરામાંનું પંખી પોતાની પાંખો ફફડાવી શકતું નથી છતાં પોતે મુક્ત રીતે

ઊડી શકે તે માટે ઝંખતું રહે છે તેની માફક રિબાતું રહે છે.

પરંતુ કદાચ આ સ્થિતિમાં પણ કોઈ ઉપયોગિતા રહેલી હશે કે જે મને દેખાતી નથી...ગમે તેમ હો, હું જરા પણ ખેંચતાણ કરતી નથી; અને પોતાની માના હાથમાં ઢળેલા બાળકની માફક, ગુરુના ચરણમાં બેઠેલા કોઈ ઉત્સાહી શિષ્યની માફક, હું તારામાં મારો વિશ્વાસ ઢાળી દઉં છું અને તારા માર્ગદર્શનને મારું સમર્પણ કરી દઉં છું, તારા વિજયની ખાતરીપૂર્વક.

*
**

૫ જાન્યુઆરી ૧૯૧૪

ક્યારનીયે હું આ ખાલી પાના આગળ બેઠેલી છું, લખવું કે ન લખવું તેનો કશો નિર્ણય કરી શકતી નથી, કેમ કે મારામાં જે કાંઈ છે તે તો સામાન્ય જેવું છે, કશા મૂલ્ય વિનાનું, કશા સ્વાદ વિનાનું, સાવ પ્રાકૃત રીતનું છે. મારા મગજમાં એકેય વિચાર નથી, મારા હૃદયમાં એકેય લાગણી નથી, એકેએક વસ્તુ તરફ નરી ઉદાસીનતા છે, એક ઓળંગાય નહિ એવી મંદતા છે.

આવી સ્થિતિ તે કયા કામમાં આવી શકે?

**જગતમાં હું ખરેખર એક શૂન્ય બની ગઈ છું.**

બાકી તો, એ બધાનું કશું મૂલ્ય નથી. અને તારું કામ જો સિદ્ધ થઈ જાય, તારો આવિર્ભાવ બની આવે અને પૃથ્વી તે તારું સંવાદમય અને સુફલિત રાજ્ય વધુ ને વધુ બની રહે, તો પછી એ કાર્ય હું સિદ્ધ કરું છું કે નહિ તેને કશું મહત્ત્વ નથી.

અને એ કાર્ય સિદ્ધ થવાનું છે એ વાત નક્કી છે એટલે પછી તે અંગે હું ચિંતામાં ડૂબી રહેવા માગું તોપણ તે કરવાનું મારી પાસે કોઈ કારણ ન રહેવું જોઈએ. ઊંડામાં ઊંડા ભાગથી માંડી તે ખૂબ ખૂબ બહારની સપાટી સુધીનું, આ બધું, મારું સ્વરૂપ, એ માત્ર

ધૂળની ચપટી જેવું જ છે; એને પવનમાં વેરી નાખવામાં આવે અને તેની કશીયે નિશાની ન રહેવા પામે તો તે કુદરતી જ કહેવાય.

*
**

૬ જાન્યુઆરી ૧૯૧૪

તું છે મારા જીવનનું એકમાત્ર લક્ષ્ય અને તું જ છે મારી અભીપ્સાનું કેન્દ્ર, મારા વિચારોનું ચણિયારું, મારા સમન્વયની ચાવી; અને તું સર્વ સંવેદનથી પર છે, સર્વ લાગણી અને સર્વ વિચારથી પર છે, એટલે તો તું જીવંત પણ એક અવર્ણનીય એવી અનુભૂતિ બની રહે છે, અમારાં ઊંડાણોમાં જિવાતી વાસ્તવિકતા બની રહે છે પરંતુ તેને અમારા દરિદ્ર શબ્દોમાં ઉતારી શકાય તેમ હોતું નથી; અને માનવની બુદ્ધિ તને એક સૂત્રમાં બાંધી શકે તેમ નથી એટલે કેટલાક લોકો તારા વિષેનું જે જ્ઞાન મળી શકે તેમ છે તેને—થોડાક તિરસ્કારપૂર્વક—'લાગણીવેડા' ગણી કાઢે છે, પરંતુ એ જ્ઞાન તો જેટલું વિચારથી દૂર છે તેટલું જ ખરેખર લાગણીવેડાથી દૂર છે. જ્યાં સુધી અમે આ પરમ જ્ઞાન પ્રાપ્ત કર્યું નથી ત્યાં સુધી અમને એક મનોમય તેમ જ ભાવમય સમન્વય માટે કોઈ સઘન પાયો તેમ જ સ્થાયી કેન્દ્ર મળવાનું નથી, અને બીજી બધી બૌદ્ધિક રચનાઓ માત્ર સ્વૈચ્છિક, કૃત્રિમ અને વ્યર્થ જ બની રહે છે.

તારા સ્વરૂપને અમે સમજી શકીએ છીએ ત્યાં સુધી તું શાશ્વત મૌન છે અને પૂર્ણ શાંતિ છે.

અમારે જે કંઈ પૂર્ણતા મેળવવાની છે, અમારે જે કાંઈ અદ્દભુત તત્ત્વોનો સાક્ષાત્કાર કરવાનો છે, અમારે જે કાંઈ વૈભવને આવિર્ભાવ આપવાનો છે તે સર્વ તું છે.

અને અમે જ્યારે તારે વિષે બોલવાનું સાહસ કરીએ છીએ ત્યારે અમારા સર્વ શબ્દો બાળકોના બબડાટ જેવા બની રહે છે.

સૌથી મોટું સન્માન તો મૌનમાં રહ્યું છે.

*
**

૭ જાન્યુઆરી ૧૯૧૪

જગતમાં સૌ કોઇને તું શાંતિ અને પ્રકાશ આપ, પ્રભુ, તેમની અંધ બનેલી આંખોને અને અંધારવાળી સમજશકિતને ખોલી આપ; તેમની વ્યર્થયાતનાઓ અને નિષ્ફળ ચિંતાઓને શાંત કર. માણસોની દૃષ્ટિને તેમની પોતાની તરફ વાળી લે અને તેઓ કશીયે ગણતરી વિના કે મનના સંકોચ વિના તારા કાર્યને સમર્પણ કરે તેનો આનંદ તેમને આપ. પ્રત્યેક પદાર્થમાં તારા સૌન્દર્યનો ખીલવી આપ, સર્વ હૃદયોમાં તારા પ્રેમને જાગૃત કરી આપ, કે જેથી શાશ્વત રીતે પ્રગતિમાં રહેતું તંત્ર પૃથ્વી ઉપર સાકાર બને અને એક દિવસ એવો આવે કે જ્યારે તારી સંવાદિતા વ્યાપક થઇને સર્વ કાંઈ પૂર્ણ વિશુદ્ધિ અને શાંતિની અંદર તારા રૂપે જ બની રહે.

ઓ ! સર્વ આંસુઓ સુકાઈ જાઓ, સર્વ દુઃખો દૂર થઈ જાઓ, સર્વ વેદનાઓ વેરાઈ જાઓ, અને માનવોનાં હૃદયોમાં સ્વસ્થ શાંતિનો નિવાસ થાઓ, તેમનાં ચિત્તને એક સમર્થ શ્રદ્ધા બળવાન બનાવો. તારું જીવન સર્વની અંદર એક પ્રવાહની જેમ વહેતું થઈ જાઓ અને આ ચિંતનમાં સર્વ વિજયો મેળવવા માટેની શક્તિને લઈ આવવા માટે સૌ કોઈ તારા પ્રત્યે વળો.

*
**

૮ જાન્યુઆરી ૧૯૧૪

આપણે વધુ પડતા સહેલા અને કશા પુરુષાર્થ વિનાના માર્ગોથી દૂર જ રહીએ, આપણે અંતિમ લક્ષ્યમાં પહોંચી ગયા છીએ એવી ભ્રાંતિ ઉપજાવનારા માર્ગોથી દૂર જ રહીએ; સર્વ પતનો પ્રત્યે ખુલ્લા બનતા બારણા જેવી બેદરકારીથી આપણે દૂર રહીએ;

સર્વ ખીણો પ્રત્યે લઈ જતી આત્મ-સંતુષ્ટ એવી સ્વપ્રશંસાથી દૂર રહીએ. આપણે જાણી લઈએ કે ભલે આપણે ગમે તેટલા પ્રયત્ન કર્યા હોય, ભલે ગમે તેટલા સંગ્રામો ખેડયા હોય, આપણે ભલે ગમે તેટલા વિજયો મેળવ્યા હોય, પરંતુ આપણે જે માર્ગ કાપવાનો છે તેની સરખામણીમાં આપણો કાપેલો માર્ગ કાંઈ જ નથી; અને પ્રભુની શાશ્વતીની સમક્ષ તો સર્વ કાંઈ–ધૂળના અલ્પમાં અલ્પ રજકણો અથવા તો એના જેવા જ તારકો–એકસરખું જ છે.

પરંતુ તું તો સર્વ વિઘ્નોનો વિજેતા છે, સર્વ અજ્ઞાનને પ્રકાશિત કરતો પ્રકાશ છે, સર્વ અભિમાનને જીતી લેનારો પ્રેમ છે. અને તારી સમક્ષ કોઈ પણ ભૂલ ટકી શકે તેમ નથી.

*
**

૯ જાન્યુઆરી ૧૯૧૪

પ્રભુ, ઓ અગ્રાહ્ય વાસ્તવિકતા, અમારી વિજયકૂચ ભલે ગમે તેટલી આગળ વધતી હોય પણ તું તો સદાય અમારાથી આગળ ને આગળ જ રહેતો હોય છે, અને અમે તારા વિષે ભલે ગમે તેટલું જ્ઞાન મેળવીએ, તારી શાશ્વત ગુહ્યતામાંથી અમે ભલે ગમે તેટલું લૂંટી લાવીએ તોપણ તું હંમેશાં અજ્ઞાત જ રહેવાનો છે. તો અમારી તને એવી પ્રાર્થના છે કે અમે એક સંપૂર્ણ અને અસ્ખલિત પુરુષાર્થ કરતા રહીએ, તારા પ્રત્યે લઈ જતા વિવિધ માર્ગોને એકત્રિત કરતા રહીએ, એક ચડતા જતા અને અદમ્ય એવા પૂરની જેમ, સર્વ વિઘ્નોને ચૂરા કરતા રહીએ, સર્વ અંતરાયોને ઓળંગી જતા રહીએ, સર્વ આવરણોને ઊંચકી લેતા રહીએ, સર્વ વાદળોને વિખેરી નાખતા રહીએ, સર્વ અંધકારને ભેદી નાખતા રહીએ, અને એવી રીતે તારા પ્રત્યે, હંમેશાં તારા પ્રત્યે એવી તો બળવાન ગતિથી, અવિરોધ્ય ગતિથી આગળ વધતા રહીએ કે સારોયે માનવસમૂહ અમારી પાછળ પાછળ ખેંચાઈ આવે, અને પૃથ્વી તારા નવીન અને શાશ્વત સાંનિધ્યથી સભાન બનીને છેવટે સમજતી થશે કે એનાં

સાચાં લક્ષ્યો શાં છે, અને તારા પરમ સાક્ષાત્કારની સંવાદિતા અને શાંતિમાં તે જીવવા લાગશે.

અમને વધુ ને વધુ જ્ઞાન આપ,
અમને વધુ ને વધુ પ્રકાશ આપ,
અમારા અજ્ઞાનને વિખેરી નાખ,
અમારાં મનને પ્રકાશિત કર,
અમારાં હૃદયોને બદલી નાખ,

અને અમને એવો પ્રેમ આપ કે જે કદી ઝાંખો થાય નહિ અને તારા મધુર નિયમને જે પ્રત્યેક સ્વરૂપની અંદર ખીલવી આપે.

સારીયે શાશ્વતી માટે અમે તારાં છીએ.

*
**

૧૦ જાન્યુઆરી ૧૯૧૪

મારી અભીપ્સા તારા પ્રત્યે ચડી રહી છે, એના એ જ રૂપમાં, લગભગ બાળક જેવી, અતિ અતિ સરલતાવાળી, પરંતુ મારો પુકાર હંમેશાં વધુ તીવ્ર બનતો જાય છે, અને આ અણઘડ શબ્દોની પાછળ મારી એકાગ્ર બનેલી સંકલ્પશક્તિનો સારોયે ઉત્સાહ ધબકી રહ્યો છે. અને તને હું વિનંતી કરું છું, પ્રભુ, કશીયે બુદ્ધિમત્તા વિનાની મારી આ અભિવ્યક્તિ સાવ સાધારણ છે છતાં, હું તને વધુ પ્રકાશ માટે, વધુ વિશુદ્ધિ માટે, વધુ સચ્ચાઈ અને વધુ સાચા પ્રેમ માટે વિનંતી કરું છું, અને તે સર્વ કોઈને ખાતર, હું જેને મારું પોતાનું સ્વરૂપ ગણું છું, એવા આ માનવસમૂહને ખાતર તથા જેમાંથી આ વિશ્વરૂપ બનેલું છે એવા માનવસમૂહને ખાતર; હું જાણું છું કે તને વિનંતી કરવી એ સાવ નિરર્થક વસ્તુ છે, કારણ કે તારો ભવ્ય અને સંપૂર્ણ આવિર્ભાવ બનવામાં અમે પોતે જ, અમારા અજ્ઞાનથી અને દુરિચ્છાથી ભરેલા એવા અમે વિઘ્ન રૂપ થઈ શકીએ છીએ, છતાં મારામાં રહેલું કાંઈક બાલિશ તત્ત્વ આ મનોમય વૃત્તિમાં પણ પોતાનો

ટેકો જોઈ રહ્યું છે, અને હું તને વિનંતી કરું છું કે તારા શાસનની શાંતિ પૃથ્વી ઉપર છવાઈ જાઓ.

હે અગમ્ય શિખર, તારા ઉપર અમે અસ્ખલિત રીતે ચડતા રહીએ છીએ પણ તને કદી પહોંચી શકતા નથી, અમારા સ્વરૂપની હે અનન્ય વાસ્તવિકતા, તને અમે શોધી લીધી છે એમ અમે માની લઈએ છીએ પણ અમને જણાઈ આવે છે કે તું તો અમારાથી દૂર સરી ગયેલો છે; હે અદ્ભુત અવસ્થા, તને અમે ગ્રહણ કરી લીધી છે એમ અમે ધારી લઈએ છીએ પરંતુ એ તો અમને દૂર, હંમેશાં વધુ ને વધુ દૂર લઈ જતી હોય છે, સદાયે અણશોધાયેલાં રહેલાં ઊંડાણોમાં અને વિસ્તારોમાં; કોઈ એમ કહી શકતું નથી : મેં તને જાણ્યો છે, અને છતાં સૌ કોઈ તને પોતાની અંદર ધારણ કરી રહેલું છે, અને તેઓ પોતાના આત્માની નીરવતામાં તારા અવાજનો પડઘો સાંભળી શકે છે; પરંતુ આ નીરવતા પોતે જ ક્રમે ક્રમે આગળ વધી રહેલી છે, અને અમે જે મિલન સિદ્ધ કર્યું હોય છે તેની પૂર્ણતા ભલે ગમે તેટલી હોય તોપણ, જ્યાં સુધી અમે અમારા શરીર દ્વારા આ સાપેક્ષતાના બનેલા જગતનાં માણસો છીએ ત્યાં સુધી એ મિલન હંમેશાં વધુ સંપૂર્ણ કરી શકાય તેવું રહેવાનું છે.

પરંતુ તારે વિષેની વાત કરવા માટેના અમારા શબ્દો તો માત્ર વ્યર્થ બબડાટ જેવા છે. મારી તો આ પ્રાર્થના છે કે હું બની રહું

તારી વફાદાર સેવક.

*
**

૧૧ જાન્યુઆરી ૧૯૧૪

પ્રત્યેક પળે જગતમાંની સર્વ અદૃષ્ટ વસ્તુઓ, ન ધારેલી, ન જાણેલી વસ્તુઓ અમારા સમક્ષ આવી રહેલી છે. પ્રત્યેક પળે વિશ્વ એના સમગ્ર રૂપમાં તથા તેના એકેએક અંશમાં નવું સર્જન પામી

રહેલું છે. અને જો અમારામાં સાચી જીવંત શ્રદ્ધા હશે, જો અમારામાં તારી સર્વશકિતમત્તાને વિષે તથા તારી અનન્ય વાસ્તવિકતાને વિષે સંપૂર્ણ નિશ્ચિતતા હશે, તો તારો આવિર્ભાવ પ્રત્યેક પળે એટલો તો દેખાઈ આવે તેવો બનશે કે સારુંયે વિશ્વ એક નવું રૂપ લેશે. પરંતુ અમે અમારી આસપાસ જે કાંઈ આવી રહેલું છે અને અમારા પહેલાં બની ગયેલું છે તેના એટલા તો દાસ બની ગયેલા છીએ, અમે આવિર્ભાવ પામેલી વસ્તુઓના સારાયે સમૂહ દ્વારા એટલા બધા તો ઘડાઈ ચૂકેલા છીએ, અને અમારી શ્રદ્ધા એટલી તો દુર્બળ છે કે અમે રૂપાંતરના મહાન ચમત્કારમાં માધ્યમો બનવા માટે હજી અસમર્થ છીએ....પરંતુ, પ્રભુ, હું જાણું છું કે આ વસ્તુ એક દિવસે બનવાની છે. હું જાણું છું કે એક દિવસ એવો આવશે કે જ્યારે અમારી પાસે જેઓ આવશે તે સર્વનું તું રૂપાંતર કરી દેશે; તું એમનું એવું તો સંપૂર્ણ રૂપાંતર કરી દેશે કે, ભૂતકાળનાં બંધનોમાંથી સંપૂર્ણ મુકત બનીને, તેઓ તારી અંદર એક પૂરેપૂરું નવીન જીવન જીવતા થઈ જશે, કેવળ તારામાંથી જ બનેલું એવું જીવન, તું જેનો પરમ સ્વામી હશે તેવું જીવન જીવતા થઈ જશે. અને એ રીતે મુશ્કેલીઓ પ્રશાંતિમાં પલટાઈ જશે, સર્વ શંકાઓ નિશ્ચિતતા રૂપ થઈ જશે, સર્વ કુત્સિતતાઓ સંવાદિતાઓ બની જશે, સર્વ અહંકારો આત્મ-સમર્પણ બની જશે, સર્વ અંધકારો પ્રકાશ બની જશે અને સર્વ યાતનાઓ એક અવિચલ સુખ બની જશે.

પરંતુ આ ભવ્ય ચમત્કાર તું શું ક્યારનોયે સિદ્ધ નથી કરી રહ્યો? એ ચમત્કારને હું અમારી આસપાસ સર્વત્ર ખીલી રહેલો જોઉં છું!

ઓહ! પ્રેમ અને સૌન્દર્યના હે દિવ્ય નિયમ, હે પરમ મુકિતદાત્રી, તારી શકિતના માર્ગમાં એકે વિઘ્ન રહેલું નથી. તારા સતત થઈ રહેલા વિજયનું અમને બળવાન કરી આપે તેવું દર્શન કરવામાં અમને કેવળ અમારી અંધતા જ રોકી રહી છે.

મારું હૃદય પ્રસન્નતાનું એક ગીત ગાઈ રહ્યું છે, અને મારું

ચિત્ત આનંદથી પ્રકાશિત બની ગયું છે. તારો પરાત્પર, અદ્ભુત પ્રેમ જગતનો પરમ સ્વામી રહેલો છે.

*
**

૧૨ જાન્યુઆરી ૧૯૧૪

ઉપદેશ જો પૂરેપૂરો સત્ય રીતે અપાતો હોય, એટલે કે, એ જે વખતે અપાતો હોય તે વખતે જીવનમાં સાકાર બની રહેતો હોય તો જ લાભદાયક બની શકે છે, અને શબ્દોને જો વારંવાર બોલ્યા કરવામાં આવે, વિચારોને જો વારંવાર કહ્યા કરવામાં આવે તો તે સત્ય રીતના હોતા નથી....

*
**

૧૩ જાન્યુઆરી ૧૯૧૪

મારા જીવન ઉપર, પ્રભુ, તું પ્રેમના એક મહા તરંગની જેમ પસાર થઈ ગયો, અને હું જ્યારે એ તરંગમાં ડૂબેલી હતી, ત્યારે મને તીવ્ર અને પૂર્ણ ભાવે જ્ઞાન થયું કે–ક્યારે ? એ તો હું જાણતી નથી, એ કોઈ ચોક્કસ ક્ષણ ન હતી અને એ બેશક હંમેશની સ્થિતિ તો છે જ–મેં મારા ચિત્તને, મારા હૃદયને અને મારા દેહને એક જીવંત યજ્ઞ રૂપે તને અર્પણ કરી દીધાં છે.

અને મને વીંટાઈ રહેલા એ મહાન પ્રેમની અંદર, અને એ સિદ્ધ બનેલા ત્યાગની બનેલી ચેતનામાં એક વિશ્વ કરતાંયે વધુ વિશાળ એવી પ્રશાંતિ આવી રહી હતી, અને ત્યાં એવી તો તીવ્ર અને અનંત કરુણાથી ભરેલી મધુરતા હતી કે ધીરે ધીરે મારી આંખમાંથી આંસુ વહેવા લાગ્યાં. એ એકી સાથે દુઃખથી અને સુખથી દૂરદૂરની અવસ્થા હતી, એ અવર્ણનીય શાંતિ હતી.

અમારા જીવનના કેન્દ્ર રૂપ એવા હે પરમ પ્રેમ, અદ્ભુતોના અદ્ભુત, આખરે મને પાછી તારી ભાળ મળી છે અને હું તારી

અંદર નવેસરથી નિવાસ કરવા લાગી છું, પરંતુ એ બધું પહેલા કરતાં કેટલું બધું વધુ સમર્થ રીતે વધુ સભાન રીતે બની રહ્યું છે. હું તને કેવી તો વધુ જાણવા લાગી છું, વધુ સમજવા લાગી છું. જ્યારે જ્યારે મને ફરીથી તારું જ્ઞાન થાય છે ત્યારે તારી સાથે મારો વ્યવહાર વધારે સમગ્ર રૂપનો, સંપૂર્ણ રીતનો, વધારે નિશ્ચિત રૂપનો બનતો રહે છે.

હે અવર્ણ્ય સૌન્દર્યના બનેલા સાંનિધ્ય, હે પરમ મુક્તિના વિચાર, મોક્ષની હે પરમ શક્તિ, કેવા તો ઊછળતા આનંદપૂર્વક મારું આખુંયે સ્વરૂપ તને પોતાની અંદર અનુભવી રહ્યું છે. તું એ સ્વરૂપના જીવનનું તથા જીવન માત્રનું અનન્ય તત્ત્વ છે, તું વિચાર માત્રનો, સર્વ સંકલ્પોનો, સર્વ ચેતનાનો અદ્ભુત ઘડવૈયો છે. ભ્રાંતિના બનેલા આ જગત ઉપર, આ અંધારમય ઓથાર ઉપર, તેં તારી દિવ્ય વાસ્તવિકતા મૂકી આપી છે, અને સ્થૂલ તત્ત્વનું પ્રત્યેક અણુ તારા પરમ તત્ત્વનું કાંઈ ને કાંઈ ધારણ કરી રહ્યું છે.

તું છે, તું જીવંત રૂપે છે, તું ઝળહળી રહ્યો છે અને તું શાસન કરી રહ્યો છે.

*
**

૧૯ જાન્યુઆરી ૧૯૧૪

પ્રભુ, હે દિવ્ય પ્રેમ-ગુરુ, તું છે શાશ્વત વિજેતા, અને જેઓ પોતાને તારી સાથે પૂર્ણ સુમેળમાં મૂકી દે છે, જેઓ કેવળ તારા અર્થે અને તારી દ્વારા જ જીવન જીવે છે તેઓ તમામ વિજયોને વર્યા વિના રહી શકતા નથી; કારણ કે તારી અંદર જ પરમ શક્તિ રહેલી છે, પૂર્ણ અનાસક્તિની શક્તિ, પરિપૂર્ણ પારદર્શી જ્ઞાનની શક્તિ પરમ સમર્થ કારુણ્યની શક્તિ.

સર્વ કાંઈ તારી અંદર, તારી દ્વારા નવું રૂપ પામી રહ્યું છે અને દેદીપ્યમાન થઈ રહ્યું છે; તારી અંદર સર્વ રહસ્યોની અને

સર્વ શક્તિઓની ચાવી રહેલી છે. પરંતુ અમે જો કેવળ તારામાં જ જીવન ધારણ કરવાની ઇચ્છા રાખતા થઈએ, કેવળ તારી જ સેવા કરવાની, વધુ ને વધુ મોટી સંખ્યાના માનવોની મુક્તિને માટે, તારા દિવ્ય કાર્યને વધુ વેગથી વિજયી બનાવવા ઇચ્છા સેવીએ તો જ અમે તને પ્રાપ્ત કરી શકીએ તેમ છીએ.

પ્રભુ, તું જ એકમાત્ર વાસ્તવિક વસ્તુ છે અને બાકીનું સર્વ કાંઈ ભ્રાંતિ રૂપ છે; કારણ કે અમે જ્યારે તારી અંદર જીવન ધારણ કરતા થઈએ છીએ ત્યારે અમે સર્વ વસ્તુઓને જોતા અને સમજતા થઈએ છીએ, તારા પૂર્ણ જ્ઞાનમાંથી કશું દૂર રહી શકતું નથી, પરંતુ બધું જ એક નવું રૂપ ધારણ કરે છે; કારણ કે તત્ત્વ રૂપે તો તું જ સર્વ કાંઈ છે, સર્વ કાંઈ તારા જ કાર્યનું ફળ છે, તારા ભવ્ય અંતઃપ્રવેશનું ફળ છે; અને દુષ્ટમાં દુષ્ટ અંધકારની વચ્ચે તેં એક તારો પેટાવી દીધો છે!

અમારી ભક્તિ સદાયે વૃદ્ધિ પામતી રહો.

અમારું સમર્પણ પોતાને સદાયે સંપૂર્ણ કરતું રહો.

અને તું પ્રથમથી જ સર્વનો સાચો અધિષ્ઠાતા છે તો, તું જીવનનો પરમ સમર્થ અધિષ્ઠાતા બની રહો.

*
**

૨૪ જાન્યુઆરી ૧૯૧૪

અમારા સ્વરૂપની હે અનન્ય વાસ્તવિકતા, હે પરમ પ્રેમ-સ્વામી, હે જીવન-ઉદ્ધારક, મને હવે પ્રત્યેક પળે અને પ્રત્યેક વસ્તુમાં કેવળ તારા સિવાય બીજા કશાનો અનુભવ ન થાઓ. હું જ્યારે કેવળ તારા જીવન સાથે જ અનન્ય ભાવે રહેતી નથી, ત્યારે હું વેદનાથી ભરાઈ જાઉં છું, ધીરે ધીરે, વિલયમાં ગરકી જાઉં છું કેમ કે મારે અસ્તિત્વમાં રહેવા માટેનું એકમાત્ર કારણ તે કેવળ તું જ છે, તું જ મારું એકમાત્ર લક્ષ્ય છે, તું જ મારો એકમાત્ર આધાર છે. હું

એક ભીરુ પંખીના જેવી છું, કે જેને હજી પોતાની પાંખોનો વિશ્વાસ બેઠો નથી અને પોતે ઊડવા જતાં અચકાય છે; મને ઊંચે ઊડવા દે, એટલે ઊંચે કે આખરે હું તારી સાથે એક સુનિશ્ચિત એકરૂપતામાં પહોંચી જાઉં.

*
**

૨૯ જાન્યુઆરી ૧૯૧૪

સૌ કોઈમાં તારી દિવ્ય હાજરી આવી રહેલી છે, હે દિવ્ય પ્રેમ-ગુરુ, એટલે તો સૌ કોઈ, ક્રૂરમાં ક્રૂર માણસ પણ દયા ભાવમાં પહોંચી શકે છે, દુષ્ટમાં દુષ્ટ માણસ પણ, જાણે કે પોતાના સ્વભાવથી વિરુદ્ધ જઈને, આભિજાત્ય અને ન્યાય પ્રત્યે માનની દૃષ્ટિથી જુએ છે. તું સર્વ પરંપરાઓ અને પૂર્વગ્રહોથી પર રહીને, અમે જે કાંઈ છીએ અને જે કાંઈ કરીએ છીએ તે સર્વ ઉપર દિવ્ય અને વિશુદ્ધ એવો એક ખાસ પ્રકાશ નાખી આપે છે અને અમે જે કાંઈ સિદ્ધ કરીએ છીએ અને જે કાંઈ સિદ્ધ કરી શકીએ તેમ છીએ તે વચ્ચેનો ભેદ અમને બતાવી આપે છે.

જગતમાં અશુભ, અંધકાર અને દુરિચ્છાની જે અતિશયતા છે તેની સામે તું એક અભેદ્ય એવી સીમા રૂપે ખડો છે, તું શક્ય હોય તેવી અને ભાવિમાં આવનારી પૂર્ણતાઓની જીવંત આશા રૂપે પ્રત્યેક હૃદયમાં વસેલો છે.

મારી આરાધનાનો સારોયે ઉત્સાહ તારા પ્રત્યે વહે છે.

અમારી કલ્પનાને અણધાર્યા અને અકલ્પ્ય એવા તેજ ભંડારો પ્રત્યે લઈ જનારું દ્વાર તે તું છે, અને એ તેજભંડારો અમારી સમક્ષ ક્રમે ક્રમે ખુલ્લા થવાના છે.

*
**

## ૩૦ જાન્યુઆરી ૧૯૧૪

મારામાં જે જે કાંઈ સભાન બનેલું છે તે સર્વ નિઃસંકોચ ભાવે તારું જ છે, અને મારામાં જે અવચેતન રહેલું છે, હજીયે પણ અંધકારરૂપ રહેલા પાયાના ખડક રૂપે છે તેને થોડે થોડે કરીને વધુ ને વધુ જીતવાનો પ્રયત્ન હું સદાયે કરીશ.

હે દિવ્ય પ્રેમ-ગુરુ, શાશ્વત મહાશિક્ષક, તું અમારાં જીવનોને દોરી રહ્યો છે. અમે કેવળ તારી અંદર અને કેવળ તારે ખાતર જ જીવન જીવવા ઇચ્છીએ છીએ; અમારી ચેતનાને પ્રકાશિત કર, અમારાં કદમોને ગતિ આપ, અને અમારી પ્રાર્થના છે કે અમે જે કાંઈ કરી શકીએ તેમ છીએ તે, તારી સેવા માટે અમારી સર્વ શકિતઓનો અનન્ય ભાવે ઉપયોગ કરતા રહીને, વધુમાં વધુ પ્રમાણમાં કરતા રહીએ.

*
**

## ૩૧ જાન્યુઆરી ૧૯૧૪

પ્રત્યેક પ્રભાતે અમારું ચિત્ત, તારો આવિર્ભાવ સાધવા માટે તથા તારી સેવા કરવા માટે અમે સારામાં સારું શું કરી શકીએ છીએ તે તને પૂછતું પૂછતું, તારા પ્રતિ ઉમંગભેર આરોહણ સાધો. પ્રત્યેક પળે અમે જે અનેક પ્રકારની પસંદગીઓ લઈ શકીએ છીએ અને જે, દેખીતી રીતે તો કશા મહત્ત્વની હોતી નથી, છતાં તેમનું મહત્ત્વ હંમેશાં ખૂબ જ હોય છે—કારણ કે અમારા નિર્ણયને અનુસરતી વેળા અમે કાર્યકારણની કોઈ ને કોઈ કક્ષાને આધીન રહેતા હોઈએ છીએ—તે પસંદગીઓમાં પ્રત્યેક પળે અમારું વલણ એવું રહે કે તારી દિવ્ય સંકલ્પશકિત અમારી એ પસંદગી વિષેનો નિર્ણય કરતી રહે અને એ રીતે તું જ અમારા સારાયે જીવનની પ્રેરકતા બની રહે. અમે કોઈ નિર્ણય લેતા હોઈએ તે ક્ષણે અમે જે રીતની ચેતનામાં હોઈએ તે પ્રમાણે, અમે જેમાં સભાન હોઈએ

તે પ્રકારની વાસ્તવિકતાઓની નિર્ણાયકતાને આધીન બનતા હોઈએ છીએ; એમાંથી પછી એવાં તો પરિણામો આવે છે કે જે ઘણી વાર અણુધાર્યાં અને કમનસીબ હોય છે, જીવનના સામાન્ય પ્રવાહથી ઊલટાં હોય છે અને કોઈક વાર તો પછીથી જીતવાને ભયંકર થઈ પડે તેવાં વિઘ્નો ઊભાં કરનારાં હોય છે તો અમારી ઇચ્છા છે, પ્રભુ, હે દિવ્ય પ્રેમ-ગુરુ, કે અમે જ્યારે જ્યારે નિર્ણય લઈએ, જ્યારે જ્યારે અમે પસંદગી કરીએ ત્યારે ત્યારે અમે તારા વિષે અને કેવળ તારા વિષે જ સભાન બની રહીએ, તારા પરમ નિયમ સાથે એકરૂપ બની રહીએ, અને એમ થતાં તારી ઇચ્છા જ અમારી પાસે પોતાનું ધારેલું કરાવો; અને અમારું જીવન એ પ્રમાણે સફળ રીતે અને પૂર્ણ રીતે તને સમર્પિત બની રહો.

અમે તારા પ્રકાશમાં રહીને જોતા થઈશું, તારા જ્ઞાનમાં રહીને અમે જ્ઞાન પામીશું, તારી ઇચ્છામાં રહીને અમે સિદ્ધિ પામીશું.

*
**

૧ ફેબ્રુઆરી ૧૯૧૪

હું તારા પ્રત્યે વળી રહી છું, તું સર્વત્ર આવી રહેલો છે તથા સર્વની અંદર અને સર્વથી બહાર છે, તું સર્વનું સારતત્ત્વ છે અને સર્વથી દૂરાતિદૂર છે, સર્વ શક્તિઓને ઘનીભૂત કરનારું કેન્દ્ર તું છે, સભાન વ્યકિતતાઓનું સર્જન કરનાર તું છે; તારા પ્રત્યે હું વળું છું અને જગતોના મુકિતદાતા એવા તને પ્રણામ કરું છું, અને તારા દિવ્ય પ્રેમ સાથે એકરૂપ થઈને, હું પૃથ્વી અને તે પર વસનારાંઓનું ચિંતન કરું છું, પદાર્થતત્ત્વનો આ સમૂહ સતત નાશ પામતાં રહેતાં અને નવું સર્જન પામતાં રહેતાં રૂપોમાં મુકાતો રહે છે, આ સંઘટિત તત્ત્વોનો ઊભરાતો સમૂહ જે ક્ષણે રચાય છે તે જ ક્ષણે વેરાઈ જાય છે, આ પ્રાણીઓનો ઊભરાતો સમૂહ પોતાને સચેતન અને સ્થાયી સ્વરૂપની વ્યકિતતાઓ કલ્પે છે અને તેઓ માત્ર એક શ્વાસોચ્છ્વાસ જેટલાં જ ક્ષણજીવી છે, તેમની વિવિધતામાં

તેઓ એકસરખાં જ હોય છે અથવા તો લગભગ એકસરખાં હોય છે, તેઓ એની એ જ વૃત્તિઓ, એની એ જ ક્ષુધાઓ, એની એ જ અજ્ઞાનજન્ય ભૂલો અનિશ્ચિત કાળ સુધી ફરી ફરીને પુનરાવર્તિત કરતાં રહે છે.

પરંતુ વખતે વખતે તારો ભવ્ય પ્રકાશ કોઈ એક સ્વરૂપમાં પ્રકાશી ઊઠે છે અને તેની દ્વારા જગત ઉપર ઝળહળી રહે છે, અને પછી એક નાનું સરખું જ્ઞાન, નાની સરખી સમજ, નાની સરખી આસક્તિરહિત શ્રદ્ધા, વીરતા અને કરુણા મનુષ્યોનાં હૃદયોમાં ઊંડે ઊતરે છે, તેમનાં મગજોનું રૂપાંતર કરે છે, અને તેમનું અંધ અજ્ઞાન તેમને અસ્તિત્વના જે વેદનામય અને અદમ્ય એવા ચક્રને આધીન રાખે છે તે ચક્રનાં થોડાંક તત્ત્વોને મુકત કરી આપે છે.

પરંતુ આ શહેરોના અને તેમની કહેવાતી સંસ્કારિતાઓના બનેલા જીવનમાં ડૂબેલાં માનવો જે ભીષણ વિકૃતિઓમાં પડેલાં છે તેમાંથી તેમને બહાર લઈ આવવા માટે, અત્યાર સુધીમાં આવી ગયેલા પ્રકાશ કરતાં કેટલો બધો મોટો પ્રકાશ જોઈશે, કેટલી તો અદ્ભુત જ્યોતિ અને તેજની જરૂર પડશે ! આ બધી ઇચ્છાશક્તિઓ પોતાની અહંકારમય, હલકટ અને મૂર્ખ તૃપ્તિઓને માટે જે ઘોર સંઘર્ષમાં પડેલી છે તેમાંથી તેમને બીજી દિશામાં વાળી લેવા માટે, પોતાના છેતરામણા ઝગઝગાટની અંદર મૃત્યુને છુપાવી રાખતા વમળમાંથી તેમને બહાર ખેંચી લાવવા માટે, અને તારા સંવાદમય વિજય પ્રત્યે તેમને વાળવા માટે કેવી તો મહા પ્રચંડ અને સાથે સાથે દિવ્ય રીતે મધુર એવી શક્તિની જરૂર પડશે !

પ્રભુ, શાશ્વત ગુરુ, અમને પ્રકાશ આપ, અમારાં કદમને દોરી જા, અમને તારા નિયમના સાક્ષાત્કાર પ્રત્યેનો માર્ગ, તારા કાર્યની સિદ્ધિ પ્રત્યેનો માર્ગ બતાવ.

નીરવતામાં બેઠી બેઠી હું તને મૂંગી મૂંગી આરાધી રહી છું અને એક પુનિત એકાગ્રતામાં હું તને સાંભળી રહી છું.

*
**

## ૨ ફેબ્રુઆરી ૧૯૧૪

પ્રભુ, હું એક એવો તો જીવંત પ્રેમ બની રહેવા માગું છું કે જે સર્વ એકલતાઓને છલકાવી દે અને સર્વ ગ્લાનિને શાંત કરી આપે.

હે પ્રભુ, તારા પ્રત્યે મારો પુકાર છે : મને એવી તો સળગતી અંગીઠી બનાવી દે કે જે સર્વ વેદનાઓને બાળીને ભસ્મ કરી નાખે અને એ વેદનાઓને સર્વનાં હૃદયોને પ્રકાશિત કરતા એક આનંદમય પ્રકાશમાં ફેરવી નાખે!....

મારી પ્રાર્થનાને સાંભળ : મને વિશુદ્ધ પ્રેમની અને અસીમ કરુણાની એક અંગીઠી રૂપે બનાવી દે.

*
**

## ૫ ફેબ્રુઆરી ૧૯૧૪

કેવળ એની એ જ અભીપ્સા ઉચ્ચારવાની છે : દિવ્ય પ્રેમનો નિયમ, તારે વિષે અમે જે કાંઈ કલ્પી શકીએ તેની શુદ્ધમાં શુદ્ધ અભિવ્યક્તિ પૃથ્વી ઉપર વધુ ને વધુ સિદ્ધ થવી જોઈએ, અને સર્વ અજ્ઞાનમય અહંકાર ઉપર વિજયી થવી જોઈએ; અમારે પ્રેમ અને પ્રકાશની એ શક્તિના વધુ ને વધુ પૂર્ણ રીતે વફાદાર સેવક બની રહેવું જોઈએ, અમારે એ શક્તિમાં, એ શક્તિ દ્વારા જીવન ગાળતા થઈ જવું જોઈએ, અમારી અંદર કેવળ એ જ શક્તિ આવીને વસવી જોઈએ અને કામ કરતી થવી જોઈએ.

પ્રભુ, અમારાં જીવનોનો તું ચક્રવર્તી સ્વામી બની રહે અને જે અંધકારો અમને તારા દર્શનમાંથી તથા તારી સાથેના સતત સંપર્કમાંથી હજી પણ રોકી રાખે છે તેને તું વિખેરી નાખ.

અમને સર્વ અજ્ઞાનમાંથી મુક્ત કરી આપ, અમને અમારી

પોતાની જાતમાંથી મુક્ત કરી આપ, કે જેથી પછી અમે તારા દેદીપ્યમાન આવિર્ભાવનાં સર્વ મહાદ્વારોને ખોલી આપીએ.

*
**

૭ ફેબ્રુઆરી ૧૯૧૪

જે લોકો તારી સાથે પૂર્ણપણે એકરૂપ થયેલા છે, અને એ રીતે તેઓ અમુક આપેલા સંયોગો હેઠળ જે વસ્તુ તને કાર્યની અંદર અત્યંત પૂર્ણ રીતે વ્યક્ત કરી શકે તેમ છે તેનાથી સતત સભાન રહેતા હોય છે, તેમને માટે કોઈ પણ બાહ્ય નિયમ જરૂરનો નથી. જીવનના સિદ્ધાંતો તો એકંદરે, જે લોકો તને હજી જાણતા નથી તેમના અજ્ઞાનને શક્ય તેટલા પ્રમાણમાં ઓછું કરવા માટેની, તથા જે લોકો તારી સાથે હજી માત્ર ત્રૂટક સંપર્કમાં રહે છે તેમની અંધતા અને અજ્ઞાનની ક્ષણોને બની શકે તેટલી સુધારી લેવા માટેની કામચલાઉ યુક્તિઓ જ હોય છે.

પોતાને માટે નિયમો બનાવવા, અને તેમને સર્વસામાન્ય રૂપના રાખવા, એટલે કે શક્ય તેટલા મુલાયમ રાખવા, એ સારું તો છે જ, પરંતુ તે એ શરતે કે અમે તેમને એક કૃત્રિમ પ્રકાશ જેવા જ ગણીએ અને તારી સાથેના વ્યવહારનો પૂર્ણ અને સ્વાભાવિક પ્રકાશ જ્યાં સુધી ન મળ્યો હોય ત્યાં સુધી જ વાપરતા રહીએ. વળી એ નિયમોને ફરી ફરીને સતત તપાસતા રહેવું જોઈએ; કારણ કે એ માત્ર વર્તમાનમાં જે કાંઈ જ્ઞાન મળ્યું હોય તેની જ અભિવ્યક્તિરૂપે બની શકે છે અને જ્ઞાનની જે જે કાંઈ વૃદ્ધિ થતી રહે તથા તેમાં સુધારો થતો રહે તેમાંથી તેમને અવશ્ય લાભ અપાતો રહેવો જોઈએ.

એટલે જ અમારી પાસે આવતા લોકો તરફ અત્યારે કયું વલણ રાખવું જોઈએ, કે જેથી અમે એમનું કશું અહિત ન કરી દઈએ એટલું જ માત્ર નહિ, પરંતુ તેમનું શક્ય તેટલું વધુમાં વધુ હિત સાધી શકાય એટલે કે એમને પેલી પરમ શોધ પ્રાપ્ત કરવામાં, પોતાની

અંદર તેને શોધી લેવામાં વધુમાં વધુ કામ થઈ શકે તે માટેની તેમને મદદ કરી શકાય—એનું ચિંતન કરતાં કરતાં મને જણાયું કે કોઈ પણ નિયમ તારા પરમ નિયમ સાથે સંપૂર્ણપણે અનુકૂળ બની શકે તેટલો વિશાળ તેમજ મુલાયમ હોતો નથી, અને એકમાત્ર સાચો ઉકેલ તો તારી સાથે હમેશાં સંપર્કમાં રહેવું એમાં જ રહેલો છે, અને એ રીતે ઉકેલ સર્વ પરિસ્થિતિની અનંત વિવિધતા સાથે સંપૂર્ણ રીતે અનુકૂળ બની રહી શકે છે.

*
**

૮ ફેબ્રુઆરી ૧૯૧૪

પ્રભુ, મધુર પ્રેમ-ગુરુ, અમે સચેતનતા પ્રત્યે જાગૃત થઈએ એટલા માટે તું અમને અંધકારમાંથી બહાર લઈ આવે છે, તારી શાશ્વત શાંતિમાં અમે વ્યવહેવાર કરતા થઈએ એટલા માટે તું અમને વેદનામાંથી મુક્ત કરી આપે છે, તો પ્રત્યેક પ્રભાતે મારી અભીપ્સા તારા પ્રત્યે આતુર ભાવે ઉપર ઊઠે છે, અને હું વિનંતી કરું છું કે મારું સ્વરૂપ તારા જ્ઞાન પ્રત્યે પૂર્ણપણે જાગૃત બની જઈ ને, કેવળ તારી દ્વારા, તારી અંદર, તારા અર્થે જ કેવળ જીવન ધારણ કરતું બને; હું વિનંતી કરું છું કે હું તારી સાથે વધુ ને વધુ પૂર્ણપણે એક-રૂપતા પામીને. શબ્દની અંદર, કાર્યની અંદર કેવળ તારો જ આવિર્ભાવ બની રહું; હું વિનંતી કરું છું કે જેઓ જેઓ અમારી પાસે આવે છે, જેઓ જેઓ અમારી સાથે સંબંધમાં આવે છે, તેઓ તારા દિવ્ય સાંનિધ્યની પૂર્ણ સભાનતા પ્રત્યે જાગૃત બનો, તારા પરમ નિયમ પ્રત્યે જાગૃત બનો, અને તે દ્વારા પોતાનું નિશ્ચિતરૂપે રૂપાંતર કરી લો; હું વિનંતી કરું છું કે પૃથ્વી ઉપર સર્વ માનવો, તેમની ઘોર વેદના છતાં, એ વેદનાની અંદર, તારા પ્રકાશના તારા પ્રેમના ભવ્ય આશ્વાસનને તારી શાંતિમાંથી મળતી અદ્ભુત રાહતને અનુભવતા થાઓ; હું વિનંતી કરું છું કે સર્વ પદાર્થતત્ત્વ તારી મહાસમર્થ શક્તિઓ વડે વધુ ને વધુ ઓતપ્રોત થઈ જઈ ને, તારા પ્રત્યે અંધ અજ્ઞાનમાંથી ઓછામાં

ઓછો વિરોધ કરતું થાઓ, અને તું સર્વ અજ્ઞાન ઉપર વિજય પામીને, સંઘર્ષ અને વેદનાના બનેલા આ વિશ્વને સંવાદ અને શાંતિના બનેલા એક વિશ્વરૂપે નિશ્ચિત રીતે, સમગ્ર રીતે પલટી આપ....એ રીતે તારો મહાનિયમ સિદ્ધ થાઓ.

*
**

૯ ફેબ્રુઆરી ૧૯૧૪

પ્રભુ, માનવજાતિના ઉત્તમ જનો તને ભલે ગમે તે નામ આપતા હોય, પરંતુ એક પરમ તત્ત્વના પિપાસુ બનેલા તેઓ તને આતુર ભાવે શોધી રહેલા છે. જે લોકો તારાથી વધુ ને વધુ દૂર જતા દેખાય છે, જેઓ કેવળ પોતાની અંદર જ રચ્યાપચ્યા રહેતા હોય છે, તેઓ પણ શું એ સંવેદનમાં કોઈ પરમ તત્ત્વને, કોઈ પરમ તૃપ્તિને શોધી રહેલા નથી હોતા, અને એમની એ શોધ, મિથ્યાભિમાનથી ભરેલી હોય છે છતાં, એક દિવસે તે તારા પ્રત્યે વળી શકે છે; તું સર્વ પદાર્થના હાર્દમાં એટલો બધો તો આવી રહેલો છે કે તારી દ્વારા ખરાબમાં ખરાબ અહંકારો પણ અભીપ્સાઓના રૂપમાં ફેરવાયા વિના રહેવાના નથી....માત્ર એક જ વસ્તુથી અમારે ડરવાનું છે, અને તે છે અચિત્‌ની જડતા, અંધ અને ભારમય અજ્ઞાનની જડતા. આ અવસ્થા અજ્ઞાનની આ જે અનંત સીડી તારા પ્રત્યે ચડી રહી છે તેના છેક નીચેના છેડે આવેલી છે. અને પદાર્થતત્ત્વને સચેતનતામાં જન્મ આપવા માટે તેના આ આદિમ અંધકારમાંથી બહાર ખેંચી લાવવી એ માટે જ તું સર્વ પ્રયત્નો કરી રહ્યો છે. અચિત્ કરતાં તીવ્ર ભાવ એ તો વધુ પસંદ કરવા જેવી જ વસ્તુ છે. એટલે અમારે તો આ વિશ્વરૂપ અચિત્‌ના મૂળ આધાર ઉપર વિજય મેળવવા માટે સતત કૂચ કરતા રહેવું, અને અમારા સ્વરૂપ દ્વારા થોડે થોડે કરીને અચિત્‌ને તેજોમય સચેતનતામાં પલટી નાખવું એ જ કરવાનું રહે છે.

ઓહ! પ્રભુ, મધુર પ્રેમ-ગુરુ, સર્વ કોઈની અંદર મને તારાં

કંઈ એવાં તો જીવંત, એવાં તો સચેતન દર્શન થઈ રહ્યાં છે કે હું તેને એક અસીમ ભક્તિભાવે આરાધી રહું છું.

*
**

૧૦ ફેબ્રુઆરી ૧૯૧૪

હૃદયમાં શાંતિ, મનમાં પ્રકાશ, અમે તને, પ્રભુ, અમારી અંદર એવા તો જીવંતરૂપે અનુભવીએ છીએ કે બનનારી ઘટનાઓ માટે અમે શાંતિપૂર્વક રાહ જોઈએ છીએ, અને એ વખતે અમે જાણુતા હોઈએ છીએ કે તારો રસ્તો સર્વત્ર આવી રહેલો છે કેમ કે તેને અમે અમારા સ્વરૂપની અંદર ધારણ કરી રાખેલો છે, અને અમે સર્વ સંયોગોમાં તારા શબ્દના ઉદ્ઘોષક બની શકીએ છીએ, તારા કાર્યના સેવકો બની શકીએ છીએ.

એક શાંત અને શુદ્ધ ભક્તિપૂર્વક અમે તને પ્રણામ કરીએ છીએ અને તું જ અમારા સ્વરૂપની એકમાત્ર વાસ્તવિકતા છે એમ જાણીએ છીએ.

*
**

૧૧ ફેબ્રુઆરી ૧૯૧૪

જે ક્ષણે અમે અમારી જાતને તત્કાલીન વસ્તુઓના દર્શનથી ઉપર લઈ લઈએ છીએ, જે ક્ષણે અમે અમારી ચેતનાને તારી પરમ ચેતના સાથે એકરૂપ કરી લઈએ છીએ, જે ક્ષણે અમે એ રીતે પેલી સર્વજ્ઞતામાં પ્રવેશ કરીએ છીએ કે જેની વ્યાખ્યા હું પરમ જ્ઞાન સિવાય બીજી કોઈ રીતે આપી શકતી નથી, તે જ ક્ષણે અમે શું કરવું જોઈએ કે ન કરવું જોઈએ તેના, અથવા તો જે જે નિર્ણયો લેવાના હોય તે અંગેના સર્વ પ્રશ્નો સરળ બની જાય છે, થોડાક બાલિશ જેવા બની જાય છે.

શાશ્વત કાર્યની દૃષ્ટિથી જોઈએ તો માત્ર એક જ મહત્ત્વની વસ્તુ કરવાની રહે છે અને તે છે તારા વિષે સભાન બની જવું,

તારી સાથે એકરૂપતા પ્રાપ્ત કરી લેવી અને એ સભાન એકરૂપતાને સતત ટકાવી રાખવી. પરંતુ અમારા સ્થૂલ સ્વરૂપનો સારામાં સારો ઉપયોગ કરવા વિષે, પૃથ્વી ઉપર તારા આવિર્ભાવની પદ્ધતિ તે વિષે તો, અમારી અંદર તું જ સચેતન હોય છે ત્યારે, આ શરીર કઈ વસ્તુ સારામાં સારી કરી શકે છે, કઈ પ્રવૃત્તિમાં તેની સર્વ શક્તિઓને વધુમાં વધુ સંપૂર્ણ રીતે વાપરી શકાય તેમ છે, એ નિર્વિવાદપણે જાણવા માટે એ શરીર પ્રત્યે નજર વાળીએ તો તે પૂરતું થઈ પડે છે.

અને આ પ્રવૃત્તિને, આ સાવ સાપેક્ષ ઉપયોગને કોઈ મોટું મહત્ત્વ આપ્યા વિના, અમે કશીયે મુશ્કેલી વિના, કશીયે આંતરિક ચર્ચા કર્યા વિના એવા તો નિર્ણયો લઈ શકીએ છીએ કે જે બાહ્ય ચેતનાને માટે અત્યંત સાહસભરેલા, અત્યંત જોખમભરેલા દેખાતા હોય.

જે માણસ વસ્તુઓને તારી શાશ્વતીની ઊંચાઈ પરથી જોઈ શકે છે તેને માટે બધું જ કેવું તો સરળ થઈ જાય છે!

તને હું પ્રણામ કરું છું, પ્રભુ, એક આનંદ અને વિશ્વાસથી ભરી ભક્તિપૂર્વક મારી પ્રાર્થના છે કે તારા દિવ્ય પ્રેમની શાંતિ સર્વ કાંઈ ઉપર આવી ઊતરો!

*
**

૧૨ ફેબ્રુઆરી ૧૯૧૪

જ્યારે, અમે તારી પરમ ચેતનાથી સભાન બની રહીએ છીએ ત્યારે અમે પૃથ્વી પરની સર્વ પરિસ્થિતિઓનો વિચાર કરીએ છીએ, તેમની સારીયે સાપેક્ષતા જોઈ લઈએ છીએ અને કહીએ છીએ: 'આ કરવું કે તે, એમાં ખાસ કોઈ મોટું મહત્ત્વ છે નહિ, છતાં અમુક પ્રકારની શક્તિને, અમુક પ્રકારની પ્રકૃતિને અમુક રીતે કામે લગાડવામાં આવે તો તે તેનો સારામાં સારો ઉપયોગ બની રહેશે.

બધા જ પ્રકારનાં કાર્યો, પછી તે ગમે તે રીતનાં હોય, દેખાવમાં અત્યંત વિરોધી રીતનાં હોય તો પણ, તે જે પ્રમાણમાં તારા નિયમની ચેતના વડે ઓતપ્રોત બનેલાં હશે તેટલાં પ્રમાણમાં તે એ નિયમની અભિવ્યક્તિરૂપ બની શકે છે. અને એ નિયમ તે અમુક સિદ્ધાંતો કે નિયમો દ્વારા સામાન્ય માનવ ચેતનામાં વ્યવહારુ રીતે લાગુ પડી શકાય તેવો નહિ હશે, પરંતુ એ નિયમ એક વલણનો નિયમ હશે, એક સ્થિર અને વ્યાપક ચેતનાનો નિયમ હશે, એ કોઈક એવી વસ્તુ હશે કે જેને સૂત્રો દ્વારા જરા પણ વ્યક્ત કરી શકાય તેમ નથી. પરંતુ જેને જીવનમાં જીવવાની રહે છે.

પરંતુ જે ક્ષણે અમે સામાન્ય ચેતનામાં પાછા સરી પડીએ ત્યારે, કોઈ પણ વસ્તુને અમારે હળવાશથી, બેદરકારીપૂર્વક લેવાની રહેતી નથી; નાનામાં નાની પરિસ્થિતિ, નાનામાં નાની ક્રિયાઓ મોટું મહત્ત્વ ધરાવતી હોય છે અને તેમનો ગંભીરતાપૂર્વક વિચાર કરવાનો રહે છે; કેમ કે અમારે અમારી ચેતનાને શાશ્વત ચેતના સાથે એકરૂપતા મેળવવામાં સરળતા થાય તેવી વસ્તુ કરવાનો પ્રત્યેક ક્ષણે પ્રયત્ન કરતા રહેવાનું છે, અને એ એકરૂપતામાં જે જે વસ્તુ વિઘ્નરૂપ બને તેવી હોય તે સર્વને કાળજીપૂર્વક દૂર રાખવાની છે. એમ થયા પછી જ, આચરણના નિયમોના પાયામાં સંપૂર્ણ એવી અંગત અનાસક્તિ મુકાઈ જાય ત્યારે, એ નિયમોને તેમનું પોતાનું મૂલ્ય મળવું જોઈએ.

હૃદયમાં શાંતિ, ચિત્તમાં પ્રકાશ, મારા સારાયે સ્વરૂપમાં નિશ્ચિતતામાંથી જન્મેલી આશા, હું તને પ્રણામ કરું છું, પ્રભુ, શાશ્વત પ્રેમનો હે દિવ્ય ગુરુ.

તું છે અમારા અસ્તિત્વનું કારણ અને અમારું લક્ષ્ય.

*
**

## ૧૩ ફેબ્રુઆરી ૧૯૧૪

એક તીવ્ર એકાગ્રતાની બનેલી નીરવતામાં બેઠેલી હું ઇચ્છી રહી છું કે હું મારી ચેતનાને તારી પરમ ચેતના સાથે જોડી દઉં, મને પોતાને તારી સાથે એકરૂપ કરી લઉં, હે અમારા સ્વરૂપના પરમ પ્રભુ, હે દિવ્ય પ્રેમ-ગુરુ, અને એ રીતે તારો નિયમ અમારા સમક્ષ દેખી શકાય તેવો અને સુસ્પષ્ટ બની રહો અને અમે કેવળ એ નિયમ દ્વારા, એ નિયમને અર્થે જ જીવન ગાળીએ.

જે ક્ષણે મારું ચિત્ત તારા પ્રતિ ઉડ્ડયન આદરે છે અને પોતાને તારી સાથે જોડી દે છે ત્યારે સર્વ કાંઈ કેવું તો સુંદર, મહાન, સરલ અને શાંત બની જાય છે! અને જે દિવસે અમે આ પરમ પારદર્શક સ્થિતિને સતત ટકાવી રાખતા થઈ શકીશું ત્યારથી પછી અમે કેવા તો એકી સાથે હવામાં ઊડતાં અને જીવનમાં પાછાં પાકા પાયાવાળાં કદમો ભરતાં ભરતાં, સર્વ વિઘ્નોથી પર થઈને અને સર્વ સંકોચથી મુક્ત રહીને, કૂચકદમ કરતાં થઈ જઈશું. કારણ કે, મેં અનુભવથી જોયું છે કે, જે ક્ષણે અમે તારા નિયમથી સભાન બની જઈએ છીએ તે ક્ષણેથી સર્વ શંકા, સર્વ સંકોચ અટકી જાય છે; અને અમે જો માનવનાં સર્વ કર્મોની જે પારાવાર સાપેક્ષતા છે તેને સ્પષ્ટ રીતે જોઈ શકીશું તો અમને, તે જ સમયે, ચોક્કસ અને પાકી રીતે, જણાઈ આવશે કે અમારા શરીર માટે, કર્મ માટેના અમારા સાધન માટે કઈ ક્રિયા ઓછામાં ઓછી સાપેક્ષ રીતની છે.... અને પછી વિઘ્નો સાચેસાચ જાણે ચમત્કાર થતો હોય તેમ અદૃશ્ય થઈ જાય છે. અમારા સર્વ પ્રયત્નો ત્યાર પછી, હે પ્રભુ, આ અદ્ભુત અવસ્થાનો વધુ ને વધુ સતત રીતે સાક્ષાત્કાર કરવા તરફ વળતા થશે.

તારી નિશ્ચિતતાની શાંતિ સર્વ હૃદયોમાં જાગૃત થાઓ!

*
**

૧૪ ફેબ્રુઆરી ૧૯૧૪

શાંતિ, સારીયે પૃથ્વી ઉપર શાંતિ....

સર્વ કાંઈ પોતાની પ્રાકૃત ચેતનામાંથી બહાર નીકળી જાઓ, સ્થૂલ વસ્તુઓ પ્રત્યેની આસક્તિમાંથી મુક્ત બની જાઓ, તારા દિવ્ય સાંનિધ્યના જ્ઞાન પ્રત્યે જાગૃત બનો, તારી પરમ ચેતના સાથે પોતાની ચેતનાને જોડી લો, અને તેમાંથી જન્મતી શાંતિની સભરતાનો આસ્વાદ કરો.

પ્રભુ, તું જ અમારા સ્વરૂપનો ચક્રવર્તી સ્વામી છે, તારો નિયમ એ જ અમારો નિયમ છે; અને અમે અમારી ચેતનાને તારી શાશ્વત ચેતના સાથે એકરૂપ કરી દેવા માટે અમારી સારીયે શક્તિ વડે અભીપ્સા કરીએ છીએ, અને એમાંથી પછી સર્વ વસ્તુઓમાં અને પ્રત્યેક ક્ષણે તારું કાર્ય સિદ્ધ બનો.

પ્રભુ, અમને તત્કાલીન વસ્તુઓની ચિંતામાંથી મુક્ત કરી દે, અમને વસ્તુઓના સ્થૂલ દર્શનમાંથી મુક્ત કરી દે, અમારી પ્રાર્થના છે કે અમે કેવળ તારી દૃષ્ટિ વડે જ જોતા થઈએ અને તારી દિવ્ય સંકલ્પશક્તિ સિવાય બીજી કોઈ રીતે કાર્ય ન કરીએ; અમને તારા દિવ્ય પ્રેમની જીવંત મશાલોરૂપે બનાવી લે.

આદરભાવથી, ભક્તિભાવથી, મારા સર્વ સ્વરૂપના આનંદમય સમર્પણપૂર્વક, હું તારા નિયમની સિદ્ધિ માટે, પ્રભુ, મારી જાતનું અર્પણ કરું છું.

શાંતિ, સારીયે પૃથ્વી ઉપર શાંતિ....

*
**

૧૫ ફેબ્રુઆરી ૧૯૧૪

પ્રભુ, અનન્ય વાસ્તવિકતા, પ્રકાશોના પ્રકાશ અને જીવનના જીવન, જગતના પરમ ઉદ્ધારક પ્રેમ, અમારી પ્રાર્થના છે કે તારા

અખંડ સાંનિધ્યની સભાનતા પ્રત્યે અમે વધુ ને વધુ સંપૂર્ણ રીતે જાગૃત બનીએ, અને એમાંથી પછી અમારાં સર્વ કર્મો તારા નિયમ પ્રમાણે થતાં રહો અને અમારી સંકલ્પશક્તિ અને તારી સંકલ્પશક્તિ વચ્ચે લેશ પણ તફાવત ન રહો. અમે ઇચ્છીએ છીએ કે તું જે પરમ ચેતનારૂપે છે તેની સાથે અમારી ચેતનાને એકરૂપ કરવા માટે અમે ભ્રામક ચેતનામાંથી, તરંગોની દુનિયામાંથી બહાર નીકળી આવીએ.

આ ધ્યેય સિદ્ધ કરવા માટે અમને સંકલ્પશક્તિમાં સ્થિરતા આપ, સર્વ મૂર્છા અને પ્રમાદને ખંખેરી નાખે એવી દૃઢતા, શક્તિ અને હિંમત અમને આપ.

પ્રભુ, હું તને વિનંતી કરું છું, મારા સ્વરૂપમાંનું સર્વ કાંઈ તારી સાથે એકરૂપ થઈ જાઓ અને હું તારી પરમ પ્રવૃત્તિ પૂર્ણ રીતે જાગૃત બનેલા પ્રેમની કેવળ મશાલ જ બની રહું.

*
**

૧૬ ફેબ્રુઆરી ૧૯૧૪

હે પરમ, અનન્ય વાસ્તવિકતા, સત્ય ચેતના, સુસ્થિર એકતા, પૂર્ણ પ્રકાશની હે પરમ વિશ્રાંત, હું કેવા તો તીવ્ર ભાવે અભીપ્સા સેવી રહી છું કે તારા સિવાય બીજી કોઈ પણ વસ્તુ વિષે હું સભાન ન રહું, તારા સિવાય હું કાંઈ જ બીજું ન બનું. મિથ્યા વ્યક્તિત્વોની આ ચાલી રહેલી અથંભ ઘૂમરી, અથડાતા વિચારોની, ઝગડતી વૃત્તિ-ઓની, લડતી ઇચ્છાઓની આ બહુવિધતા, આ સંકુલતા, તેમનું આ ન ઊકલે તેવું અતિશય ગૂંચવાયેલું કોકડું એ મને વધુ ને વધુ ભયંકર દેખાઈ રહ્યું છે. આ તોફાની સમુદ્રમાંથી બહાર નીકળી આવવું જોઈએ, તારા શાંતિમય કિનારાની પ્રશાંતિમાં અમારે ઊતરવું જોઈએ. મને એક અણથક તરવૈયાનું બળ આપ. હું તને જીતી લેવા માગું છું, એ માટે પછી ભલે ગમે તેટલા પ્રયત્નો કરવા પડે.... હે પ્રભુ, તારી અનન્ય વાસ્તવિકતાની સભાનતા પ્રત્યે આખરે જાગૃત

થવા માટે અજ્ઞાનના ઉપર વિજય મેળવવો જ પડશે, ભ્રાંતિઓ વિખેરાઈ જવી જોઈશે, આ વેદનામય વિશ્વ એના ભયંકર ઓથારમાંથી બહાર નીકળી જવું જોઈશે, એનું ભીષણ સ્વપ્ન બંધ થઈ જવું જોઈશે.

હે અવિચલ શાંતિ, મનુષ્યોને અજ્ઞાનમાંથી મુક્ત કરી દે; તારો સભર અને પવિત્ર પ્રકાશ સર્વત્ર શાસન કરો.

*
**

૧૭ ફેબ્રુઆરી ૧૯૧૪

હે પ્રભુ, મારી અભીપ્સા કેવા તો આતુર ભાવે તારા પ્રત્યે ચડી રહી છે. અમને તારા નિયમની પૂર્ણ સભાનતા આપ, તારી સંકલ્પશક્તિનું અમને અખંડ દર્શન આપ, કે જેથી અમારો નિર્ણય તે તારો જ નિર્ણય બની રહે અને અમારું જીવન તે તારી સેવામાં અનન્ય ભાવે સમર્પિત બની જાય, તેમજ તારી પ્રેરણાની તે શક્ય તેટલી પૂર્ણ અભિવ્યક્તિ બની રહે.

હે પ્રભુ, અંધકાર માત્રને વિખેરી નાખ, સર્વ અંધતાને વિખેરી નાખ, અને પ્રત્યેક વ્યક્તિ તારા દિવ્ય પ્રકાશને લઈ આવતી શાંત નિશ્ચિતતા પ્રાપ્ત કરો.

*
**

૧૯ ફેબ્રુઆરી ૧૯૧૪

હે પ્રભુ, તું મારા ચિત્તમાં સદાયે હાજર રહે! હું તારી પાસે આ માગું છું એમ તો નથી, કેમ કે હું જાણું છું કે તારું સાંનિધ્ય તો અખંડ અને સમર્થરૂપે આવી રહેલું જ છે, હું જાણું છું કે અમે જે કાંઈ જોઈએ છીએ અને જે કાંઈ અમારી દૃષ્ટિથી બહાર રહી જાય છે તે માત્ર તારા અદ્ભુત અંતઃપ્રવેશને લીધે, પ્રેમના તારા દિવ્ય નિયમને લીધે બનતું હોય છે; પરંતુ આ હું કહું છું અને

ફરી ફરીથી કહું છું, આ હું વિનંતી કરું છું, તે એટલા માટે કે મને તેનું વિસ્મરણ ન થઈ જાય તથા તેના પ્રત્યે હું બેદરકાર ન બની જાઉં:

ઓ ! તારા જીવંત પ્રેમરૂપે બની રહેવું કે જેથી સર્વ વસ્તુઓનું રૂપાંતર કરી અપાય, તેમને પ્રકાશિત કરી દેવાય; સર્વની અંદર શાંતિ અને કલ્યાણભરી તૃપ્તિ જન્માવી દેવાય.

ઓ ! તારો પારદર્શી અને વિશુદ્ધ પ્રેમ બની રહેવું, સર્વત્ર અને સર્વથા....

*
**

૨૦ ફેબ્રુઆરી ૧૯૧૪

માત્ર એક જ વસ્તુ મહત્ત્વની છે, એક જ વસ્તુ મૂલ્યવાળી છે, એ છે તારી સાથે વધુ ને વધુ એકરૂપ થવા માટે ઇચ્છા કરતા રહેવું, તારી પરમ ચેતના સાથે અમારી ચેતનાને જોડી દેવી, ચક્રવર્તી નિયમના, તારી પ્રેમની ઇચ્છાના શાંતિમય, સ્વસ્થ, અનાસક્ત, બળવાન સેવક બની રહેવું.

ઓ પ્રભુ, મને એ પૂર્ણ અનાસક્તિની શાંતિ આપ, તારા સાંનિધ્યને અસરકારક કરનારી, તારા અંતઃપ્રવેશને સફળ કરનારી શાંતિ આપ, સર્વ દુરિચ્છાઓ ઉપર, સર્વ અંધકારો ઉપર સદાયે વિજયી બનનારી શાંતિ આપ.

પ્રભુ, અતિ નમ્ર ભાવે, હું પ્રાર્થના કરું છું કે હું મને મળેલા કાર્યની ઊંચામાં ઊંચી ટોચ ઉપર રહું, મારી અંદરનું કાંઈ પણ તત્ત્વ, સભાન કે અભાન, તારા પુનિત કાર્યની સેવા કરવામાં બેદરકાર રહીને તને છેહ ન દે.

એક નીરવ ભક્તિમાં હું તને પ્રણામ કરું છું....

*
**

## ૨૧ ફેબ્રુઆરી ૧૯૧૪

પ્રત્યેક દિવસ, પ્રત્યેક પળ એક નવા અને વધુ સંપૂર્ણ સમર્પણ માટેની તક બની રહેવાં જોઈએ, અને એ સમર્પણ તે ઉત્સાહના અતિરેકવાળાં અને ધાંધલભરેલાં સમર્પણો જેવું ન હોવું જોઈએ, એમાં કાર્યનો આભાસ ભરેલો ન હોય, પણ તે એક ગહન અને નીરવ સમર્પણ હોય, કે જેણે સમર્પણનો દેખાવ કરવાની જરૂર ન હોય, પણ તે સર્વ કાર્યની અંદર આરપાર ચાલ્યું જતું હોય, અને તેનું રૂપાંતર કરનારું હોય. અમારા મને શાંતિમય અને એકલ બનીને હમેશાં તારી અંદર જ નિવાસ કરવો જોઈએ, અને એ વિશુદ્ધ શિખર પરથી તેણે વાસ્તવિકતાઓનું, અસ્થિર અને ચંચળ આભાસોની પાછળ રહેલી અનન્ય અને શાશ્વત વાસ્તવિક્તાનું ચોક્કસ દર્શન મેળવવું જોઈએ.

હે પ્રભુ, મારું હૃદય કષ્ટ અને વેદનામાંથી વિશુદ્ધ બન્યું છે; એ સુદૃઢ અને સ્વસ્થ છે, અને તને સર્વ ચીજોની અંદર નિહાળે છે; અને અમારાં બાહ્ય કાર્યો ભલે ગમે તે રીતનાં હોય, અમારે માટે ભવિષ્યના ભંડારમાં ભલે ગમે તે સંજોગો રહેલા હોય, પણ હું જાણું છું કે તું જ માત્ર એક જીવંત વસ્તુ છે, તારી અવિનાશી શાશ્વત અવસ્થામાં રહેલી તું જ માત્ર વાસ્તવિક વસ્તુ છે, અને અમારો નિવાસ તે તારામાં છે....

સારીયે પૃથ્વી ઉપર શાંતિ હજો.

*
**

## ૨૨ ફેબ્રુઆરી ૧૯૧૪

હું જ્યારે નાની હતી, તેરેક વર્ષની ઉંમરની, ત્યારે લગભગ એક વર્ષ સુધી રોજ રાત્રે મને આ પ્રમાણેનો અનુભવ થતો. હું પથારીમાં સૂઈ જાઉં કે તરત જ મને એમ લાગતું કે જાણે હું મારા શરીરમાંથી બહાર નીકળું છું અને સીધી ઘરની ઉપર અને ત્યાંથી પાછી આખા

શહેરની ઉપર, ખૂબ ઊંચે ઊંચે પહોંચી જાઉં છું. હું જોતી કે મેં શરીર પર એક ખૂબ ભવ્ય સોનેરી ઝભ્ભો પહેર્યો છે. એ ઝભ્ભો મારા કરતાં પણ લાંબો છે. હું જેમ જેમ ઊંચે ચડું છું તેમ તેમ એ ઝભ્ભો લાંબો થતો જાય છે, મારી આસપાસ વર્તુળાકારે ફેલાતો જાય છે, અને જાણે કે આખા શહેર ઉપર એક મોટા છાપરા જેવો બની રહે છે. પછી હું જોતી કે બધી દિશાઓમાંથી પુરુષો, સ્ત્રીઓ, બાળકો, ઘરડાંઓ, માંદાં માણસો, દુઃખી માણસો નીકળી આવે છે, પેલા ફેલાયેલા ઝભ્ભા હેઠળ ભેગાં થાય છે, મદદની યાચના કરે છે, પોતાનાં દુઃખ, પોતાની યાતનાઓ, સંકટો વર્ણવે છે. એ બધાના જવાબમાં પેલો ઝભ્ભો, એક સજીવન અને હાલતોચાલતો પદાર્થ હોય તેમ, એ સમૂહમાંની દરેક વ્યક્તિ તરફ લંબાય છે. અને એ ઝભ્ભાનો સ્પર્શ થતાં વેંત જ લોકોને આશ્વાસન મળી જાય છે, તેમનો રોગ મટી જાય છે અને એ બધાં પાછાં પોતપોતાનાં શરીરમાં પ્રવેશ કરી લે છે. એ લોકો હવે શરીરમાંથી નીકળવા પહેલાં હતાં તે કરતાં ઘણાં વધુ સુખી અને બળવાન લાગે છે. આ દૃશ્ય મને ખૂબ સુંદર લાગતું, મને એથી ખૂબ આનંદ થતો. મારાં દિવસ દરમિયાનનાં કામકાજ આ રાતની મારી પ્રવૃત્તિની સરખામણીમાં ખૂબ નીરસ અને નિષ્પ્રાણ લાગતાં, એમાં કશું સાચું જીવન દેખાતું નહિ. મારું સાચું જીવન તો પેલી રાતની પ્રવૃત્તિનું જ બની ગયું હતું. આવી રીતે હું ઊંચે ચડતી ત્યારે ઘણી વાર મારી ડાબી બાજુએ એક વૃદ્ધ માણસ મને દેખા દેતો. એ તદ્દન શાંત અને સ્થિર રહેતો, અને મારા તરફ એક ઉદાર પ્રેમદૃષ્ટિથી જોતો અને પોતાની હાજરીથી મને પ્રોત્સાહન આપતો. એના શરીર પર એક આછા જાંબલી લાલ રંગનો ઝભ્ભો રહેતો. પછીથી મને ખબર પડી કે આ વૃદ્ધ જેને 'દુઃખ-પુરુષ' કહેવામાં આવે છે તે હતો.

હવે આ ગહન અનુભૂતિ, લગભગ અવર્ણનીય એવી આ વાસ્તવિકતા મારા મગજમાં બીજા વિચારોરૂપે રૂપાંતર પામી છે. તે વિચારોને હું આ રીતે વર્ણવી શકું :

દિવસ દરમિયાન તેમજ રાત્રે મને ઘણી વાર એમ લાગે છે કે હું–એટલે કે મારી ચેતના સમગ્ર રીતે મારા હૃદયની અંદર કેન્દ્રિત બની રહી છે. એ હૃદય હવે કોઈ અંગરૂપ નથી, એ પ્રકારની લાગણી પણ નથી, પરંતુ તે દિવ્ય પ્રેમરૂપ છે, વ્યક્તિથી પર અને શાશ્વત; હું પોતે આ પ્રેમરૂપ હોવાને લીધે સારીયે પૃથ્વી ઉપરના હરેક પદાર્થના હૃદયમાં રહેતી હોઉં તેવો અનુભવ મને થાય છે, અને સાથે સાથે એમ પણ લાગે છે કે હું મારામાંથી અનેકાનેક, વિરાટ બાહુઓ ફેલાવી રહી છું અને મારા વિશ્વથીયે વિશાળ હૃદય ઉપર એકત્ર થયેલાં, ટોળે વળેલાં, લપાઈ રહેલાં સર્વ પ્રાણીઓ ફરતે એ બાહુઓને અપાર કોમળતાપૂર્વક વીંટાળી રહી છું........શબ્દો તો રંક અને કઢંગા છે, હે દિવ્ય ગુરુ, મનની ભાષામાં કરેલી વાત હંમેશ બાલિશ લાગે છે....પરંતુ તારા પ્રત્યેની મારી અભીપ્સા અખંડ પ્રજળે છે, અને સાચું કહું તો, તું પોતે જ, કેવલ તું જ, આ શરીરમાં તારા આવિર્ભાવને માટે અધૂરા એવા આ સાધનમાં આવીને નિવાસ કરી રહ્યો છે.

તારી જ્ઞાનજ્યોતિની શાંતિમાં સર્વ પ્રાણીઓ સુખી થાઓ !

*
**

૨૩ ફેબ્રુઆરી ૧૯૧૪

ઓ પ્રભુ, અમારી પ્રાર્થના છે કે અમે તારા નિયમ વિષે વધુ ને વધુ સભાન બનીએ, એ નિયમ સાથે 'એક' બની રહીએ અને એ રીતે પ્રત્યેક પદાર્થમાં એ નિયમના આવિર્ભાવની ક્રિયાને વધુ સરળ બનાવી આપીએ.

ઓ પ્રભુ, મારી પ્રાર્થના છે કે હું મારા રખડતા વિચારોની સ્વામી બની રહું, તારી અંદર નિવાસ કરતી કરતી હું કેવળ તારી દ્વારા જ જીવનને જોવા લાગું, જડતત્ત્વની વાસ્તવિકતાની જે ભ્રાંતિ છે તેનો અંત થઈ જાઓ, અને તારી શાશ્વત વાસ્તવિકતાને વધારે અનુકૂળ હોય એવી દૃષ્ટિ અમને આવી મળો.

મને સતત તારા દિવ્ય પ્રેમની અંદર જ રહેવા દે, અને એ રીતે પછી પ્રેમ મારી અંદર રહેતો થઈ જાય અને મારી દ્વારા જીવિત રહે એમ થાય.

મારી પ્રાર્થના છે કે હું તારા કાર્ય માટે એક ઉપયોગી અને સ્પષ્ટદર્શી એવી સહાયિકા બની રહું અને મારી અંદરની બધી વસ્તુઓ તારા આવિર્ભાવની સમૃદ્ધિને જ વધારતી રહે.

હું મારી બધી અપૂર્ણતાઓ, મારી મુશ્કેલીઓ મારી નબળાઈ-ઓ જાણું છું, હું ક્યાં અજ્ઞાન છું તે હું અનુભવું છું, પરંતુ હું મારો વિશ્વાસ તારી અંદર મૂકું છું અને એક શાંત ભક્તિપૂર્વક, હું તારે ચરણે નમન કરું છું.

*
**

૨૫-૨૬ ફેબ્રુઆરી ૧૯૧૪

જે તારી સેવાને સુયોગ્ય રીતે કરવા માગે છે તેણે તો કોઈની પણ સાથે આસક્ત થવાનું નથી, તારી સાથે વધારે સભાન રીતે વ્યવ-હાર કરવામાં મદદરૂપ થતી હોય તેવી પ્રવૃત્તિઓ સાથે પણ નહિ.... પરંતુ જો, અનેક સંજોગોને કારણે, સ્થૂલ વસ્તુઓ જીવનમાં તેમનું સામાન્ય રીતે જે સ્થાન હોવું જોઈએ તે કરતાં વધુ પડતું સ્થાન લેવા લાગે તો તેમાં અમે પોતાને ડૂબી ન જવા દઈએ તે અમારે જાણી લેવાનું રહે છે, હૃદયના ઊંડાણમાં અમારે તારા સાંનિધ્યનું સ્પષ્ટ દર્શન જાળવી રાખવાનું રહે છે, અને કશાથી પણ ક્ષુબ્ધ ન થાય તેવી પેલી ગહન શાંતિમાં રહેતા થઈ જવાનું રહે છે........

ઓ, કેવળ તું જ સર્વત્ર આવી રહેલાં છે એવા દર્શનમાં રહીને સર્વ કાંઈ કરતા રહેવું, અને એ રીતે, અમને પૃથ્વી સાથે કેદ કરી રાખનારી, અમારા ઉડ્ડયનમાં ભારરૂપ થાય તેવી કોઈ પણ સાંકળ વિનાના બની રહી, થઈ ગયેલી ક્રિયાથી ઉપર ને ઉપર ચાલ્યા જવું.....

ઓ પ્રભુ, મારા સ્વરૂપનું હું તને અર્પણ કરી રહી છું તે પૂર્ણ

બનો અને સફળ બનો.

એક સંમાનથી ભરેલી પ્રેમળ ભક્તિપૂર્વક, તારી સમક્ષ હું પ્રણામ કરું છું, ઓ અવર્ણ્ય મહાતત્ત્વ, અકલ્પ્ય વાસ્તવિકતા, અનામી.

*
**

૨૭ ફેબ્રુઆરી ૧૯૧૪

હે પ્રભુ, જેમનું જીવન તને પૂર્ણ રીતે સમર્પિત થઈ ગયું છે તે કેવા તો અનંત સુખના ભાગીદાર થાય છે તેનો અનુભવ મને અત્યારથી થઈ રહ્યો છે. અને તેનો આધાર બાહ્ય સંયોગો ઉપર નહિ, પણ માણસ કેવી અવસ્થામાં રહે છે અને તેનામાં થોડો કે વધુ કેટલો પ્રકાશ રહેલો છે. તેના ઉપર રહે છે. તારા નિયમને કરેલું સમર્પણ સર્વ સંયોગોમાં હળવાશ લાવ્યા વિના રહે તેમ બનતું જ નથી. પરંતુ એ સંયોગો જ સંપૂર્ણ સમર્પણને રચાવા દે છે યા તો સંપૂર્ણ રીતે વ્યક્ત થવા દે છે એમ નથી. હું એમ કહેવ માગું છું કે તારો નિયમ અમુક આપેલા સંયોગોની અંદર અને સર્વને માટે એકસરખા એવા સંયોગોની અંદર આવિર્ભાવ પામે છે એવું તો નથી જ; પ્રત્યેક વ્યક્તિને માટે આ આવિર્ભાવ તેની પ્રકૃતિ પ્રમાણે જુદો જુદો બનતો હોય છે, એટલે કે સ્થૂલ જીવનમાં માણસને એ સમય પૂરતું જે કાર્ય સોંપાયેલું હોય છે તે પ્રમાણે તે બનતો હોય છે.

પરંતુ જેઓ તને સંપૂર્ણ રીતે સમર્પિત બનેલા હોય છે, જેઓ હવે કોઈ અંધકારમાં, કોઈ અજ્ઞાનમાં, કોઈ અહંકારભરી આસક્તિમાં, કોઈ દુરિચ્છામાં રહેલા નથી તે સર્વને એક સુખદાયક શાંતિ, તેજોમય અને અવિકારી એવી પ્રશાંતિ મળી રહેતી હોય છે એ વાત તો અવશ્ય અને સર્વસામાન્ય રીતે બનતી જ હોય છે.

ઓ, આ દિવ્ય શાંતિ પ્રત્યે સૌ કોઈ જાગૃત બનો.

*
**

૧ માર્ચ ૧૯૧૪

જે કાંઈ વિઘ્નો છે તે અમારી અંદર જ રહેલાં છે, જે કાંઈ મુશ્કેલીઓ છે તે બધી અમારી અંદર જ રહેલી છે, જે કાંઈ અંધકાર અને અજ્ઞાન છે તે પણ બધું અમારી જ અંદર આવી રહેલું છે. અમે ધારો કે આખીયે પૃથ્વી ઓળંગીને ક્યાંક પાર ચાલ્યા જઈએ, કોઈ એકાંત સ્થળમાં અમારી જાતને દાટી દઈએ, અમારી તમામ ટેવોમાંથી છૂટી જઈએ; એક કઠોરમાં કઠોર સંયમનું જીવન ગાળીએ, છતાં પણ જો ભ્રાંતિનો કોઈ તંતુ અમારી ચેતનાને તારી પરમ ચેતનાથી દૂર દૂર રાખી રહ્યો હશે, અહંકારની કોઈ આસક્તિ તારા દિવ્ય પ્રેમ સાથેના પૂર્ણ સમાગમમાં આવતાં એમને રોકી રાખતી હશે, તો પછી અમારી બાહ્ય પરિસ્થિતિ ગમે તે પ્રકારની હશે તો પણ તેથી અમે કંઈ તારી વધુ નજીક આવી શકવાની નથી. પરિસ્થિતિ વળી ક્યારેય પણ વધુ અનુકૂળ કે ઓછી અનુકૂળ હોઈ શકે છે ખરી ? મને શંકા છે; પરિસ્થિતિ વિષે અમે જે કાંઈ વિચાર બાંધીએ છીએ તેને આધારે, એ પરિસ્થિતિમાંથી મળતા પાઠનો અમે વત્તો ઓછો લાભ લઈ શકીએ છીએ.

હે પ્રભુ, મારી તને પ્રાર્થના છે ! આ વ્યક્તિત્વ જે તત્ત્વોનું બનેલું છે તે વિષે હું સંપૂર્ણપણે સભાન બની રહું, તેમની સ્વામિની બની રહું એમ કરી આપો. તથા મને મારી પોતાની જાતમાંથી મોક્ષ મળશે અને મારા સ્વરૂપનાં આ બહુવિધ તત્ત્વો દ્વારા, કેવલ તું જ શ્વસી રહ્યો હશે, તું જ કાર્ય કરી રહ્યો હશે.

પ્રેમની અંદર, પ્રેમની દ્વારા, પ્રેમને ખાતર જીવન ગાળવું, તારા ઉચ્ચમાં ઉચ્ચ આવિર્ભાવ સાથે અવિચ્છેદ્ય રીતે જોડાઈ જવું....

સદાયે વધુ ને વધુ પ્રકાશ, વધુ ને વધુ સૌંદર્ય, અને વધુ ને વધુ સત્ય !

*
**

૩ માર્ચ ૧૯૧૪

મારા નીકળવાનો દિવસ પાસે આવતો જાય છે તેમ તેમ હું એક પ્રકારની શાંત સ્વસ્થતામાં પ્રવેશતી જાઉં છું. અમારી આસપાસ રહેલી આ હજારો નાની નાની ચીજો તરફ, આ અનેક વરસો સુધી ચુપચાપ રીતે અમારા વફાદાર મિત્રો તરીકેનો ભાગ ભજવનાર આ સર્વ વસ્તુઓ તરફ હું એક સ્નેહભર્યા ગંભીર ભાવે જોઈ રહું છું; આ વસ્તુઓએ બહારના જગતમાંથી અમારા જીવનમાં કેટલીયે મધુરતા પૂરેલી છે, અને તે બદલ તેમનો હું કૃતજ્ઞ ભાવે આભાર માનું છું. હવે એ વસ્તુઓના ભાગ્યમાં થોડા કે લાંબા સમય માટે બીજાઓના હાથમાં જવાનું હોય તો હું ઇચ્છીશ કે એ લોકો તેમના તરફ કોમળ ભાવે વર્તે, અને આ વસ્તુઓ હે પ્રભુ, તમસના અંધારમય અચેતનમાંથી તારા દિવ્ય પ્રેમ દ્વારા સર્જાયેલી હોઈ તેમના પ્રત્યે જે માનભાવ હોવો ઘટે તેવો પૂર્ણ માનભાવ તેમને આ લોકો તરફથી મળતો રહે.

અને પછી હું ભવિષ્ય તરફ ફરું છું અને મારા ભાવ હજીયે વધુ ગંભીર રૂપ લે છે. ભાવિના ગર્ભમાં અમારે માટે શું છે એ હું જાણતી નથી, જાણવા ઇંતેજાર પણ નથી. બાહ્ય પરિસ્થિતિને તેનું પોતાનું કશું જ મહત્ત્વ નથી, હું તો માત્ર એટલું જ ઇચ્છું કે આ ભાવિ સમય અમારે માટે એક નવા આંતર જીવનનો આરંભકાળ બની રહે, અને એ દરમિયાન, સ્થૂલ પદાર્થોમાંથી વધુ અનાસક્ત બનીને તારા વિશ્વ-નિયમ વિષે અમે વધુ સજ્ઞાન બનીએ, અને એ વિશ્વનિયમના આવિર્ભાવને અમે વિશેષ પૂર્ણભાવે સમર્પિત બનીએ; આ સમય હવે એક અધિક પ્રેમનો કાળ બની રહો, તારા કાર્યને માટે એક વધુ પૂર્ણ ભક્તિનો એ કાળ બનો.

શાંત આરાધનામાં બેઠી બેઠી હું તારું ચિંતન કરું છું.

*
**

૪ માર્ચ ૧૯૧૪

આ શાંત ઓરડામાં તારા સાંનિધ્યથી છલોછલ ભરાઈને, હું આ છેલ્લી વખત લખી રહી છું. સંભવ છે કે અમારે બહુ લાંબો વખત બહાર રહેવું પડે. હવેના ત્રણ દિવસ કદાચ હું ન પણ લખી શકું.... અંતરમાં એકાગ્ર થઈને હું આ પૃષ્ઠનો વિચાર કરી રહી છું. આ પાનું હવે ફરે છે, અને ફરતાં વેંત જ તે ભૂતકાળના એક સ્વપ્નની અંદર વિલીન થઈ જાય છે, અને આ બીજું પૃષ્ઠ હવે હું જોઉં છું. એ પૃષ્ઠ આમ તો કોરું છે તો પણ ભાવિનું સ્વપ્ન તેની અંદર ગૂઢ રીતે સભર ભરેલું છે.... અને છતાં તારી શાશ્વતતાના પ્રકાશની અંદર મૂકીને જોતાં આ બધું કેવું તો નાનકડું લાગે છે. અમારે માત્ર એય જ વસ્તુ કરવાની છે, તારા વિશ્વ-નિયમને અમે પ્રેમ અને આનંદપૂર્વક આધીન બની રહીએ.

પ્રભુ, અમારી અંદરની હરેક વસ્તુ તારી આરાધના કરો, તારી સેવા કરો.

સૌ કોઈને શાંતિ મળો !

*
**

જીનિવા, ૬ માર્ચ ૧૯૧૪

એ લોકોની વેદના જોતાં મને પણ બહું તીવ્ર વેદના થઈ આવી. અને તે પછી તારા દિવ્ય પ્રેમનો જગતની સર્વ શાંતિ અને આનંદના મૂલરૂપ એ એ મહાતત્ત્વનો કિંચિત્ અંશ એ વેદનામાં મૂકીને તેને રૂઝાવવા માટેનો પ્રયત્ન આદરતાં હું તારા પ્રત્યે વળી. અમારે જો દુઃખમાંથી નાસી છૂટવાનું નથી, તો પછી એના ઉપર અમારે પ્રેમ પણ કરવાનો નથી, તેમ એને વધારવાનું પણ નથી, અમારે શીખવાનું એ છે કે એ દુઃખની અંદર અમે વધુ ને વધુ ઊંડા જઈએ અને તેને એક એવું તો ઉચ્ચાલન બનાવીએ કે જેના વડે

અનંત ચૈતન્યનાં બારણાં ભડાભડ ખૂલી જાય, અને તારા અવિકલ અદ્વૈતની ગહનતામાં અમને પ્રવેશ મળે.

આ પ્રાણ અને શરીરની આસક્તિ એ તો, શરીરનો વિયોગ થતાં એક કપરી વેદના અનુભવાવે છે. પરંતુ અમે જ્યારે જગતનાં બાહ્ય રૂપોની ક્ષણભંગુરતાનો, અને તે સર્વના મૂળમાં રહેલા તારા અદ્વૈતનો વિચાર કરીએ છીએ ત્યારે, અમુક દૃષ્ટિથી જોતાં તો આ આસક્તિ ખરેખર બાલિશ જ લાગે છે. પરંતુ એક બીજી રીતે વિચારતાં, એ વાત પણ શું સાચી નથી કે આ આસક્તિ, આ અંગત સ્નેહ એ આ જગતના મૂળમાં રહેલી એકતાનો, બાહ્ય રીતે શક્ય તેટલો સાક્ષાત્કાર કરવા માટે માણસોનો એક અભાન એવો પ્રયત્ન જ છે? આ આસક્તિ અને લાગણી પોતાને કશા ખ્યાલ વિના પણ એ મૂલની તરફ જ ગતિ કરતી હોય છે ને? અને એટલા કારણે જ, આ વિયોગની વેદના તે આ બાહ્ય ચેતનામાંથી ઉપર ચાલ્યા જવા માટેનું એક સૌથી વધુ અસરકારક સાધન તો નહિ હોય? એ વેદના દ્વારા જ આ ઉપરછલ્લી આસક્તિને સ્થાને તારા શાશ્વત અદ્વૈતનો પૂર્ણ સાક્ષાત્કાર તો થવાનો નહિ હોય?

આ સર્વ લોકોને આ વસ્તુ પ્રાપ્ત થાય એટલા માટે જે મારા હૃદયમાં એક ઇચ્છા જાગી હતી; એટલા માટે મારા ચિત્તમાં એક તીવ્ર સંકલ્પ જાગ્યો હતો, અને તારા વિજયનું મને અભયદાન મળતાં, તારા વિજયની પાકી ખાતરી થઈ જતાં, મેં એ લોકોનું દુઃખ તારી આગળ નિવેદિત કર્યું હતું કે જેથી એ વ્યથા ઉપર તારો પ્રકાશ રેલાવીને તું તેને મિટાવી શકે.

હે પ્રભુ, આ સ્નેહમાં અને આ કોમળ ભાવોમાં રહેલું આ સર્વ સૌન્દર્ય એક પરમ તેજોમય જ્ઞાનરૂપ બની રહો.

હરેક વસ્તુમાંથી તેનું ઉત્તમ તત્ત્વ પ્રગટ થાઓ અને પૃથ્વી ઉપર તારી સુખભરી શાંતિનું સામ્રાજ્ય સ્થપાઓ.

*
**

કાગામારુ સ્ટીમર ઉપર, ૭ માર્ચ ૧૯૧૪

પ્રભુ, ગઈ કાલે તમે અમારી સાથે એક મહા અદ્ભુત સંરક્ષણ-રૂપે હાજર હતા. જગતના ઠેઠ બ્રાહ્મમાં બાહ્ય આવિર્ભાવ સુધી તમે તમારા વિશ્વ-નિયમનો વિજય થવા દીધો છે. હિંસાનો જવાબ સ્વસ્થ શાંતિ દ્વારા આપવામાં આવ્યો, પશુતાની સામે નમ્રતાની શક્તિ યોજવામાં આવી', અને જે બાબત કોઈ પરમ દુર્ભાગ્યની ઘટના બની ગઈ હોત ત્યાં તારી શક્તિ વિજયી બનીને ઊભી રહી. ઓ પ્રભુ, મારા હૃદયમાં કેવી તો અપાર કૃતજ્ઞતા છલકાઈ રહી અને મેં તારા એ સાંનિધ્યને પ્રણામ કર્યા. આ ઘટનામાંથી મને એક પાકી ખાતરી થઈ ગઈ છે કે તારા નામે અને તારે અર્થે કાર્ય કરવાની, વિચાર કરવાની, જીવન ધારણ કરવાની શક્તિ અમને મળી રહેશે, અને તે અમારામાં માત્ર એક ઇચ્છા કે સંકલ્પરૂપે નહિ રહેતાં, એક રીતે અસરકારક પૂર્ણ સાક્ષાત્કાર બની રહેશે.

આજના પ્રભાતે મારી પ્રાર્થના તારા તરફ વહે છે. એની એ જ અભીપ્સા સદાયે તારા તરફ વહે છે : હું તારા પ્રેમને મારામાં ધારણ કરું, તારા પ્રેમને જગતમાં વિસ્તારું, એવી તો સમર્થ રીતે, એવી તો અસરકારક રીતે કે અમારા સંપર્ક દ્વારા હરેકને એક બલ મળી રહે, તેમનામાં એક નવો જન્મ જાગે, તેમનામાં એક પ્રકાશ પ્રગટે. અમને એક એવી શક્તિ મળો કે જેથી જીવનનાં દર્દોને અમે રૂઝવી શકીએ, દુઃખને નિવારી શકીએ, શાંતિ અને સ્વસ્થ શ્રદ્ધાને ઉત્પન્ન કરી શકીએ, વ્યથાને નિર્મૂળ કરી શકીએ અને તેને સ્થાને એક સાચા સુખની, તારી અંદર સ્થપાયેલા અને કદીયે ન ઓસરતા એવા સુખની સ્થાપના કરી શકીએ.... હે પ્રભુ, અદ્ભુત સુહૃદ, સર્વસમર્થ સ્વામી, અમારા સારાયે સ્વરૂપમાં તું આરપાર પ્રવેશી રહો, તેને એક નૂતન રૂપ આપી દો કે પછી અમારામાં અને અમારી દ્વારા કેવલ તારો જ શ્વાસોચ્છ્વાસ ગતિ કરો.

*
**

૮ માર્ચ ૧૯૧૪

આજના આ શાંત સૂર્યોદયે તો મારામાંની એકેએક વસ્તુને શાંતિમય અને મૌનમય બનાવી દીધી છે. સૂર્યોદયની સમક્ષ હું ખડી હતી અને મને તારું સ્મરણ થયું, અને તે જ ક્ષણે કેવળ તું જ મારી અંદર રમી રહ્યો, પ્રભુ, અને મને જાણે થયું કે મેં આ વહાણનાં સર્વ પ્રવાસીને મારાં સંતાન કરી લીધાં છે, એ સર્વને મારા એક સમાન પ્રેમની અંદર વીંટી લીધાં છે, અને એ રીતે જાણે કે વસ્તુની અંદર તારી ચેતનાનો કોઈક અંશ જાગૃત બનશે. તારી દિવ્ય શક્તિનો, તારા અવિજેય પ્રકાશનો આવો પ્રખર અનુભવ મને બહુ ઓછી વાર થયો છે; અને ફરીથી વળી મારી શ્રદ્ધા પરિપૂર્ણ બની રહી અને મારું આનંદમય સમર્પણ નિર્મળ બની રહ્યું.

જગતના હે દુઃખમાત્રના નિવારક, અજ્ઞાન માત્રના સંહારક, હે પરમ ધન્વંતરિ અહીં આ નૌકા ઉપર, આ નૌકાના હૃદયમાં આશ્રય લેતાં આ માનવોનાં હૃદયોની અંદર તારું સાંનિધ્ય સતત વસી રહો, અને એ રીતે વૈભવ એક વાર ફરીને પ્રગટ બનો.

*
**

૯ માર્ચ ૧૯૧૪

જેઓ તારી અંદર અને તારે ખાતર જ જીવન ધારણ કરી રહેલા છે તેવા લોકો ભલે પોતાનું રહેઠાણ બદલે, પોતાની રીતભાત બદલે, પોતાનાં હવાપાણી, પરિસ્થિતિ બદલે, પરંતુ હરેક સ્થળે તેમને એકનું એક જ વાતાવરણ મળી રહે છે. એ વાતાવરણ તેઓ પોતાની અંદર જ લઈને ફરતા હોય છે, તારી અંદર સતત ચોંટી રહેતા તેમના ચિત્તની અંદર જ તે વાતાવરણ રહેલું હોય છે; અને તેઓ જ્યાં જ્યાં જાય છે ત્યાં હરેક સ્થળે તેમને પોતાના ઘર જેવું જ લાગે છે, કારણ એ હરેક સ્થળે તેઓ તારા જ ગૃહમાં રહેતા હોય છે. તેઓ દેશોની, વસ્તુઓની નવીનતા જોઈને, ત્યાંની અણધારી

ચીજો જોઈને, ત્યાંનું સૌન્દર્ય જોઈને આશ્ચર્યચકિત નથી થતા. એ લોકોને તો આ બધી વસ્તુઓમાં કેવળ તારી જ હાજરી પ્રગટ થતી દેખાય છે. તારો પરમ વૈભવ સદાયે તેમની અંદર રહેતો હોય છે, અને રેતીના નાનામાં નાના કણમાં પણ એ વૈભવ તેમને પ્રત્યક્ષ થઈ રહે છે. સારીયે પૃથ્વી તારાં ગુણગાન કરી રહી છે. આ જગતમાં અંધકાર છે, દુઃખ છે, અજ્ઞાન છે, છતાં એ બધાની ભીતરથી પણ અમને તો તારા ગૌરવનું જ દર્શન થાય છે અને એ પ્રેમ સાથે અમે હર સ્થળે સદાયે વ્યવહાર કરી શકીએ છીએ.

હે પ્રભુ, મારા મધુર ગુરુ, આ જહાજ ઉપર આ વસ્તુનો અનુભવ મને સતત થઈ રહ્યો છે. આ જહાજ મને તો શાંતિના કોઈ અદ્ભુત ધામ જેવું લાગે છે. એ જાણે કે એક તરતું મંદિર છે, અને અવચેતનની સ્થિરતાનાં મોજાં ઉપર તારા માનમાં તે સફર કરી રહેલું છે. અમારે આ અવચેતનાને જીતવાની છે અને તારા દિવ્ય સાંનિધ્યની ચેતના પ્રત્યે તેને જગાડવાની છે.

હે અવર્ણ્ય શાશ્વતી, તારું મને જ્ઞાન થયું એ દિવસ કેવો તો ધન્ય હતો!

અને જ્યારે આ પૃથ્વી પણ આખરે જાગૃત બનીને તને જાણશે અને કેવલ તારે અર્થે જ જીવન ધારણ કરતી થશે તે દિવસ પણ સૌ દિવસોમાં કેવો તો ધન્ય દિવસ બની રહેશે.

*
**

૧૦ માર્ચ ૧૯૧૪

રાત્રિની નીરવતામાં સારાયે જગત ઉપર તારી શાંતિનું સામ્રાજ્ય પથરાઈ રહ્યું હતું, મારા હૃદયની નીરવતામાં તારી શાંતિ સદાયે વસેલી છે; અને આ બંને નીરવતાઓ જ્યારે ભેગી બનેલી દેખાઈ ત્યારે તો શાંતિ એવી તો પ્રબળ બની રહી કે તેની સામે કોઈ પણ મુશ્કેલી ટકી શકે તેમ ન હતું. તે પછી મારું ચિત્ત અમારા જહાજના

ખલાસીઓ તરફ વળ્યું. અમારી સફરના માર્ગને સલામત રાખવાને તેમજ તેનું રક્ષણ કરવા તેઓ કેવી તો ચોકી ભરી રહ્યા હતા! અને તેમના તરફ કૃતજ્ઞતા અનુભવતાં, મેં સંકલ્પ કર્યો કે તેમનાં હૃદયોમાં તારી શાંતિનો જન્મ થાય, ને એ શાંતિ ત્યાં સદાયે રહે. તે પછી મને વહાણના ઉતારુઓનો વિચાર આવ્યો. કેવો તો વિશ્વાસ-પૂર્વક, કશી પણ ચિંતા વગર એ બધા એક અચેતનતાની નિદ્રામાં પોઢી રહેલા હતા. અને તેમનાં દુઃખ પ્રત્યે મારામાં એક કરુણા પ્રગટી, તેમની અત્યારે તો શાંત થઈ ગયેલી, પણ તેઓ જાગશે ત્યારે પાછી જાગૃત થનારી વેદનાઓ પ્રત્યે મારામાં દયા પ્રગટી, અને મેં સંકલ્પ કર્યો કે તારી શાંતિનું કિંચિત્, તત્ત્વ પણ તેમનાં હૃદયોમાં નિવાસ કરે અને તેમનામાં આત્માનું જીવન—અજ્ઞાનને વિદારનાર જ્યોતિનું જીવન જન્મ પામે. તે પછી મને આ વિશાળ સાગરનાં, નજરમાં આવતાં તેમજ નજર બહારનાં તમામ વસનારાંઓનો વિચાર આવ્યો અને મેં સંકલ્પ કર્યો કે તેમના ઉપર તારી શાંતિનો વિસ્તાર થાય. તે પછી જેમને અમે પાછળ દૂર દૂર મૂકી આવ્યાં હતાં અને જેમનો સ્નેહ અમારી સાથે સાથે જ વિચરતો હતો તેમનો મને વિચાર આવ્યો, અને તેમના તરફ મારામાં પરમ કોમળતા જન્મી અને મેં સંકલ્પ કર્યો કે તેમનામાં ઝીલવાની શક્તિ હોય તે પ્રમાણમાં તેમને તારી સચેતન અને સ્થાયી શાંતિ પ્રાપ્ત થાય, એ શાંતિનો પૂર્ણ વૈભવ તેમને મળે. તે પછી અમે જે લોકો પાસે જઈ રહ્યાં છીએ તે સૌ લોકોનો મને વિચાર આવ્યો. એ બધાં પોતાની બાલિશ પ્રવૃત્તિઓમાં પડયાં પડયાં કેવાં તો બેચેન બની રહેલાં હતાં, અને અજ્ઞાન અને અહંકારમાં ડૂબી પોતાનો સ્વાર્થ સાધવાને તેઓ કેવી તો હલકી હરીફાઈઓમાં લડી રહ્યાં હતાં. અને મારામાં એક મહાન અભીપ્સાપૂર્વક તેમને માટે મેં એક તીવ્ર યાચના કરી કે તેમને તારી શાંતિનો પૂર્ણ પ્રકાશ મળી રહો. તે પછી જેને અમે જાણીએ છીએ, અને જેમને અમે નથી જાણતાં તે સર્વનો વિચાર આવ્યો. અને આ જગતમાં વિકસી રહેલા સારાયે જીવન માટે, પોતાનું રૂપ

બદલી લીધેલી તેમજ હજી રૂપમાં ન આવેલી સૌ વસ્તુઓ માટે, અને આ સર્વ વસ્તુઓ માટે. તેમજ જેમનો હું વિચાર નથી કરી શકતી તે સર્વને માટે, મારી સ્મૃતિમાં જે કાંઈ હાજર છે, અને જે કાંઈ ગેરહાજર થઈ ગયેલું છે, તે સર્વ માટે હૃદયમાં ખૂબ ખૂબ ઊંડાં ઊતરીને અને ભક્તિના મૂક ભાવે, મેં તારી શાંતિની યાચના કરી.

*
**

૧૨ માર્ચ ૧૯૧૪

હે પ્રભુ, મારી સારીયે અભીપ્સા માત્ર આટલી છે, પ્રત્યેક દિવસે હું તને વધુ ને વધુ જાણી શકું, અને તારી સેવા વધુ ને વધુ સારી રીતે કરી શકું. બહારની પરિસ્થિતિ ભલે ગમે તે પ્રકારની હો, એ મને દિન બ દિન વધુ ને વધુ નિઃસાર અને ભ્રાંતિરૂપ દેખાતી જાય છે, અને બાહ્ય રીતે અમે કેવી સ્થિતિમાં મુકાઈશું તે બાબતમાં મને હવે ઓછો ને ઓછો રસ થતો જાય છે; મને હવે માત્ર એક જ ચીજ મહત્ત્વની લાગે છે અને તેમાં જ મારો રસ તીવ્ર બનતો જાય છે; તારી સેવા વધુ સારી રીતે થઈ શકે તે માટે તારું સ્વરૂપ વધુ ને વધુ જાણી લેવું. બહારની તમામ ઘટનાઓ આ લક્ષ્ય તરફ, કેવલ આ જ લક્ષ્ય તરફ ગતિ કરવા લાગવી જોઈએ. અને એ બાબતમાં આ ઘટનાઓ પ્રત્યે અમારું જે પ્રકારનું વલણ હોય છે તેના ઉપર જ બધો આધાર રહે છે. પ્રત્યેક વસ્તુની અંદર તારી શોધ માટે સતત મચ્યે રહેવું, પ્રત્યેક પરિસ્થિતિની અંદર તારો આવિર્ભાવ વધુ સારી રીતે કરવા માટેનો સંકલ્પ સેવવો, આ રીતના વલણની અંદર જ પરમ શાંતિ, પૂર્ણ સ્વસ્થતા, અને સાચી સંતૃપ્તિ મળી આવવાની છે. એ રીતના મનોભાવમાં સારુંયે જીવન એવું તો ખીલે છે અને વિસ્તરે છે, એવું તો ભવ્ય રીતે ફેલાય છે અને એવાં તો ભવ્ય મોજાં રેલાવે છે કે તેને કોઈ પણ આંધી લેશ પણ અસર કરી શકતી નથી.

પ્રભુ, તું જ અમારું રક્ષણ છે, તું જ અમારું એકમાત્ર સુખ છે.

તું છે અમારો ઝળહળતો પ્રકાશ, અમારો શુદ્ધ પ્રેમ, અમારી આશા અને અમારી શક્તિ, તું જ અમારું જીવન છે, તું જ અમારા સ્વરૂપની વાસ્તવિકતા છે!

એક આદરભરી અને આનંદભરી ભક્તિમાં હું તને પ્રણામ કરું છું.

*
**

૧૩ માર્ચ ૧૯૧૪

ચેતનાની કક્ષાઓ કેટલી બધી છે અને કેટલી વિધવિધ છે! ચેતના શબ્દનો પ્રયોગ તો વ્યક્તિની માત્ર અમુક અવસ્થા પૂરતો જ કરવો જોઈએ. જે અવસ્થામાં વ્યક્તિ તારા સાંનિધ્યથી આલોકિત બનેલી હોય, તારી સાથે તાદાત્મ્ય પામેલી હોય, તારી પરમ ચેતનામાં ભાગીદાર બનતી હોય એવી અવસ્થાને, જે અવસ્થા જ્ઞાનથી ભરેલી હોય, બુદ્ધ જેને 'પૂર્ણપ્રબુદ્ધ' કહે છે એવી જે સ્થિતિ હોય માત્ર તેને જ ચેતના કહેવી જોઈએ.

આ અવસ્થાથી ભિન્ન એવી ચેતનાની બીજી અનેકાનેક કક્ષાઓ આવેલી છે. એ કક્ષાઓમાં ચેતના નીચે ઊતરતાં ઊતરતાં એક સંપૂર્ણ અંધકારરૂપ બની જાય છે, એક સાચે જ અચેતન એવી અવસ્થા બની જાય છે અને એ એક એવો પ્રદેશ હોઈ શકે છે કે જ્યાં હજી તારા દિવ્ય પ્રેમનો પ્રકાશ પહોંચ્યો નથી (જો કે આ વસ્તુ સ્થૂલ તત્ત્વની અંદર બનવી અસંભવિત લાગે છે), અથવા તો, કોઈ અજ્ઞાનને કારણે, એ પ્રદેશ અમારી વ્યક્તિગત દૃષ્ટિના ક્ષેત્રની બહાર રહી ગયેલો છે.

પરંતુ આ તો એક કહેવાની રીત છે, અને તેય એક ઘણી અધૂરી રીત છે. કારણ જે ક્ષણે વ્યક્તિ તારા સાંનિધ્ય વિષે સજ્ઞાન બની જાય છે અને તારી ચેતના સાથે એકરૂપ થઈ જાય છે, તે જ ક્ષણે તે હરેક વસ્તુની અંદર અને હરેક સ્થળે સચેતન બની રહે છે. પરંતુ પરમ ચેતનાની આ અનુભૂતિ બહુ થોડો વખત જ ટકે છે

અને એમ થવાનું કારણ એ લાગે છે કે માણસના સ્વરૂપની અંદર અનેક પ્રકારનાં સંકુલ તત્ત્વો આવેલાં છે, તત્ત્વો બહુ અસમાન રીતે પ્રકાશિત બનેલાં હોય છે અને તે તત્ત્વો ક્રિયાની અંદર એક પછી એક પ્રવૃત્ત બને છે. વળી, તેમની આ રીતની ક્રમશઃ થતી ક્રિયાને પરિણામે તે દરેક તત્ત્વને પોતાને વિષે તેમજ અન્યને વિષે આત્મ-ગત તેમજ પરગત અનુભૂતિઓ થવા લાગે છે (અને એ બંને અનુભૂતિઓનો અર્થ તો એક જ છે) અને તેને લીધે તે તત્ત્વો પોતાને વિષે સજ્ઞાન બનવા લાગે છે, એટલે કે તેઓને એ જણાય છે કે તેમના અગાધ સત્ત્વની અંદર તું જ આવી રહેલો છે.

અવચેતન એ નિશ્ચિત જ્ઞાન અને અજ્ઞાન, પૂર્ણ અંધકારની વચ્ચેનો પ્રદેશ છે; સૃષ્ટિમાંનાં મોટા ભાગનાં પ્રાણીઓ, માણસો સુદ્ધાં, આ અવ-ચેતનની અંદર જ કાયમનાં રહેતાં હોય એ સંભવિત છે; એમાંથી ભાગ્યે જ કોઈ બહાર નીકળતું હોય છે. આ અવચેતન તત્ત્વ ઉપર વિજય મેળવવાનો છે; કારણ કે એ શબ્દના સાચા અર્થમાં સચેતન થવું, એટલે કે પૂર્ણ રીતે તારામય જ બની રહેવું; અને પૃથ્વી ઉપર જે કાર્ય સિદ્ધ કરવાનું છે, જે લક્ષ્ય પાર પાડવાનું છે તેની વ્યાખ્યા તે શું આ જ નથી ?

હે પ્રભુ, મુક્ત કરો અમને તમસમાંથી, અમને પૂર્ણપણે જાગૃત કરો.

પ્રેમના હે મધુર અધિરાજ, મારી ચેતના તારી અંદર એકાગ્ર બનો કે જેથી હું કેવલ પ્રેમ અને પ્રકાશ દ્વારા જ જીવન ગાળું, અને એ પ્રેમ અને પ્રકાશ મારામાં થઈને જગતમાં વ્યાપક બને અને અમને અમારી યાત્રામાં મળનાર સૌ કોઈની અંદર તે જાગૃત થાય; આ અમારી સ્થૂલ સફર એ અમારા કાર્યના જ એક પ્રતીક-રૂપ બની રહો, અને અમે જ્યાં જ્યાં જઈએ ત્યાં ત્યાં પ્રેમ અને પ્રકાશની એક પગલી જેવાં બનીને તારાં નિશાન અમે મૂકતાં જઈએ.

હે દિવ્ય ગુરુ, હે શાશ્વત ઉદ્બોધક, તું હરેક પદાર્થમાં, હરેક વ્યક્તિમાં વસી રહેલો છે; અને જે અત્યંત અજ્ઞાન છે તેમની આંખોને

પણ તારો પ્રેમ દેખાઈ આવે છે. હરેક વ્યક્તિ, પોતાના સ્વરૂપના ગંભીર ઊંડાણુની અંદર આ વસ્તુથી સજ્ઞાન બની રહો અને તેમનાં હૃદયમાંથી સદાને માટે તિરસ્કાર અદૃશ્ય બની રહો.

કોઈ અણુથક સ્તુતિની પેઠે મારી તીવ્ર કૃતજ્ઞતા તારા પ્રતિ ચડી રહે છે.

*
**

૧૪ માર્ચ ૧૯૧૪

રણુના આ અવિકારી એકાંતની અંદર પણ તારા ભવ્ય સાંનિધ્યનો કંઈક અંશ આવેલો છે, અને તને શોધવાને માટે જગતમાંથી નિવૃત્ત થઈ રેતીનાં આ વિશાળ મેદાનોમાં આવી જવું એ તને શોધવા માટેનો એક ઉત્તમ માર્ગ શા માટે હમેશાં ગણાય છે તે હવે હું સમજું છું.

પણ જેને તારું જ્ઞાન છે તે તો જાણે છે કે તું તો સર્વત્ર છે, સર્વમાં છે, અને તારો આવિર્ભાવ થવા માટે કોઈ એક ચીજ બીજી ચીજો કરતાં વધારે યોગ્યતા ધરાવતી હોય એવું લાગતું નથી; કારણ જગતમાં જે જે કાંઈ આવેલું છે – અને હજી જે ઘણું ઘણુંયે આવેલું નથી – તે સર્વ તારી અભિવ્યક્તિ કરવા માટે જરૂરનાં છે. જગતના વ્યવહારમાં તું પ્રેમસ્વરૂપે પ્રવેશેલો છે, એ હકીકતને કારણે જગતમાંની હરેક ચીજ એ તારા પ્રતિ જવા માટેનો જીવનનો એક પ્રયત્ન બની રહે છે; અને અમારાં ચક્ષુ જ્યારે ખૂલે છે ત્યારે આ થઈ રહેલો પ્રયત્ન અમને સતત દેખાતો રહે છે.

પ્રભુ, મારું હૃદય તારે માટે તૃષિત બની રહ્યું છે અને મારું ચિત્ત સતત તને જ શોધે છે. એક મૂક મૂક આરાધનામાં હું તને પ્રણામ કરું છું.

*
**

## ૧૫ માર્ચ ૧૯૧૪

મારું ચિત્ત તારાથી ભરપૂર ભરેલું છે, મારું હૃદય સભર છે, મારું સારુંયે સ્વરૂપ તારા સાંનિધ્યથી ભરાઈ ગયેલું છે, અને શાંતિ વધુ ને વધુ વૃદ્ધિ પામી રહી છે, અને તે એક શાંત સ્વસ્થતામાંથી જન્મતું, એક વિલક્ષણ અને અમિશ્ર એવું સુખ જન્માવી રહી છે. એ સ્વસ્થતા તો જાણે કે સારાયે વિશ્વ જેટલી વિશાળ દેખાય છે, તારા પ્રત્યે લઈ જનારાં અગાધ ઊંડાણો જેટલી ગહન દેખાય છે.

ઓ. આ શાંત અને નિર્મળ રાત્રિઓમાં, મારું હૃદય સર્વ પદાર્થોની અંદર આસાર પ્રવેશી જવા માટે, સારાયે જીવનને આશ્લેષમાં લેવા માટે, સર્વ વિચારોને પ્રકાશિત, નવોદિત કરવા માટે, સર્વ લાગણીઓને વિશુદ્ધ કરવા માટે, સર્વ કોઈની અંદર તારા અદ્ભુત સાંનિધ્યની અને તેમાંથી પ્રગટતી અવર્ણનીય શાંતિની સભાનતા જગાડવા માટે છલકાતા ભાવે તારી સાથે એક બની રહ્યું છે.

હે પ્રભુ, આ ચેતના અને આ શાંતિ અમારી અંદર સદાયે વૃદ્ધિ પામતાં રહો અને એ રીતે અમે તારા દિવ્ય અને પરમ શાસનનાં વધુ ને વધુ વફાદાર એવાં માધ્યમ બની રહીએ.

*
**

## ૧૭ માર્ચ ૧૯૧૪

જ્યારે પણ કદી બાહ્ય પરિસ્થિતિમાં સહેજ સરખી પણ મુશ્કેલી ઊભી થાય, અને તેમાંથી કાંઈ બેચેની પ્રગટે તે જ વખતે જો તારા સંકલ્પ સમક્ષ સંપૂર્ણ રીતનું સમર્પણ કરી દેતાં આવડે, અને જીવન કે મૃત્યુ, તંદુરસ્તી કે બીમારી એને લેશ પણ મહત્ત્વનું ન ગણીએ, તો તે જ ક્ષણે અમારું સારુંયે સ્વરૂપ પ્રેમ અને જીવનના તારા શાસન સાથે સંવાદમાં પહોંચી જાય છે, અને શરીરની હરેક બેચેની ચાલી જઈ ને તેને સ્થાને એક સ્વસ્થ, ગહન અને શાંતિમય એવી એક સુખદ અવસ્થા પ્રગટી રહે છે.

મેં જોયું છે કે અમે જ્યારે કોઈ ખૂબ શારીરિક સહનશક્તિ માગી લેતી પ્રવૃત્તિ હાથ લઈએ છીએ ત્યારે એ વિષેની મુશ્કેલીઓનો અગાઉથી જ જે વિચાર કરવા માંડીએ છીએ તે વસ્તુ જ અમને સૌથી વધુ થકવી નાખે છે. એના કરતાં, પ્રત્યેક ક્ષણે જે જે મુશ્કેલી ઊભી થાય તેનો જ માત્ર જો વિચાર કરીએ તો તે વધુ લાભકારક બને છે. એ રીતે કરતાં અમારે બહુ મોટો પ્રયત્ન કરવાનો રહેતો નથી. કારણ, અમારી પાસે જે શક્તિ હશે, એ મુશ્કેલીનો સામનો કરવાની જે તાકાત હશે તેટલા પ્રમાણમાં જ અમે પ્રયત્ન કરીશું. શરીર એ તો એક અદ્ભુત હથિયાર છે, પણ તેનો ઉપયોગ કેમ કરવો એની અમારા મનને કશી ખબર નથી, અને તેથી, મન શરીરને વધુ તરલ, વધુ મુલાયમ નથી કરતું, પણ આગળ આગળથી વિચારો કરીને અને ઊલટાં સૂચનો આપીને શરીરને તે એક પ્રકારની જડતામાં મૂકી આપે છે.

પરંતુ હે પ્રભુ, જગતની ઉત્તમમાં ઉત્તમ વિદ્યા તો એક જ છે, અને તે એ કે અમે તારી સાથે મિલન પામીએ, અમારી બધી વાત તને કહીએ, તારી અંદર જ જીવીએ, તું સ્વરૂપે જ બની રહીએ; અને આમ થયા પછી તારા સર્વસામર્થ્યનો આવિર્ભાવ કરી રહેલા માનવને માટે જગતમાં કોઈ ચીજ અશક્ય નહિ રહેશે.

પ્રભુ, એક નીરવ સ્તોત્રરૂપે, એક મૂક આરાધનારૂપે મારી અભીપ્સા તારા પ્રતિ ચડે છે, અને તારો દિવ્ય પ્રેમ મારા હૃદયને પ્રકાશિત કરે છે.

હે દિવ્ય ગુરુ, મારા તને નમસ્કાર છે!

*
**

## ૧૮ માર્ચ ૧૯૧૪

તું પૂર્ણ જ્ઞાન છે, પરમ ચેતના છે. તારી સાથે જે કોઈ પોતાનું મિલન સાધે છે તે, એ મિલનના સમય પૂરતું, સર્વજ્ઞ બની

રહે છે. પરંતુ આ મિલન વ્યક્તિને સિદ્ધ થાય તે પૂર્વે પણ, જે વ્યક્તિએ પોતાની જાતને પૂર્ણ સહૃદયતાથી, અને પોતાના સર્વ સજ્ઞાન સંકલ્પપૂર્વક તારા હાથમાં સોંપી દીધી હશે, તેમજ જેણે પોતાની અંદર તેમજ પોતાના પ્રભાવ હેઠળના તમામ પ્રદેશની અંદર તારા દિવ્ય પ્રેમના નિયમનો આવિર્ભાવ કરવા માટે અને તેને વિજયી નીવડવામાં મદદ કરવા માટે હરેક પ્રયત્ન કરવાનો નિશ્ચય કર્યો હશે, તે જુએ છે કે તેના જીવનની અંદર હરેક વસ્તુ બદલાઈ રહી છે અને હરેક પરિસ્થિતિ તારા મહાનિયમને વ્યક્ત કરવા લાગી હોય છે અને તેના સમર્પણને સરળ બનાવી રહી હોય છે; આવી વ્યક્તિના જીવનમાં હવે જે ઉત્તમોત્તમ વસ્તુ હોય છે તે જ બને છે, અને તેની બુદ્ધિમાં હજી પણ જો કાંઈ અજ્ઞાન રહી ગયું હોય છે; જો કોઈ એવી અજ્ઞાનભરી ઇચ્છા રહી ગઈ હોય છે કે જેને લીધે આ અજ્ઞાન તેને તરત જ દેખાતું નથી હોતું, તોપણ તેને વહેલે મોડે એ વાત સમજાય છે કે કોઈ એક પરમ ઉદાર શક્તિ તેની પોતાની જાત સામે પણ તેનું રક્ષણ કરી રહી હતી અને એ રીતે તેના વિકાસ અને રૂપાંતર માટે, તેના પૂર્ણ પરિવર્તન માટે અને તેનો પૂરેપૂરો ઉપયોગ કરવા માટે જરૂરની વધુમાં વધુ અનુકૂળ એવી પરિસ્થિતિ મેળવાઈ રહી હતી.

આ વસ્તુ વિષે અમે જ્યારે સભાન બનીએ છીએ; અને તેની અમને ખાતરી થઈ જાય છે, ત્યાર પછી ભાવિમાં આવનાર સંયોગો માટે તેમજ ભૂતકાળમાં બનેલી ઘટનાઓ માટે કશી ફિકર રહી શકતી નથી; એ લીધેલા વળાંક, અમને જે વસ્તુ ઉત્તમ લાગતી હોય છે તે અમે પ્રત્યેક પળે પૂર્ણ સ્વસ્થતાથી કરતા રહીએ છીએ, અને અમને એ વાતની પણ ખાતરી થઈ ચૂકેલી હોય છે કે, અમારા કર્મનું જે પરિણામ આવશે તે પણ ઉત્તમ જ હશે, પછી ભલે તે અમારી મર્યાદિત બુદ્ધિ મુજબ અમે આશા રાખી હોય તેના કરતાં જુદી જાતનું જ આવે.

અને માટે જ, હે પ્રભુ, અમારું હૃદય હળવું છે અને અમારું ચિત્ત આરામમાં છે. અને અમે, એને જ લીધે, પૂર્ણ વિશ્વાસપૂર્વક તારા તરફ વળીએ છીએ અને શાંતિપૂર્વક કહીએ છીએ :

તારી ઇચ્છા સિદ્ધ થાઓ, એ ઇચ્છાની સિદ્ધિમાં જ સાચી સંવાદિતાનો સાક્ષાત્કાર થાય છે.[૧]

*
**

૧૯ માર્ચ ૧૯૧૪

હે પ્રભુ, શાશ્વત ગુરુ, તને અમે આમ તો કોઈ નામ આપી શકતા નથી. તેમજ સમજી શકતા નથી, પણ પ્રત્યેક પળે તારો વધુ ને વધુ સાક્ષાત્કાર કરવાની ઇચ્છા તો રાખીએ જ છીએ તો હવે અમારી બુદ્ધિને બુદ્ધિઓને જ્ઞાનનો પ્રકાશ આપો, અમારાં હૃદયોમાં તેજ પૂરો, ચેતનાઓને પલટી આપો; હરેક વ્યક્તિ સાચા જીવન પ્રત્યે જાગૃત બને, અને સકલ શાંતિ અને સકલ સુખના મૂલરૂપ એવા તારા દિવ્ય અને વિશુદ્ધ પ્રેમમાં આશ્રય પામવા માટે તેઓ અહંકારમાંથી અને તેની સંતતિ જેવાં શોક અને વ્યથામાંથી મુક્ત બનો. મારું હૃદય તારાથી સભર ભરાઈ ગયું છે અને તે હવે જાણે કે સારીયે અનંતતામાં વિસ્તરી રહ્યું છે, : મારી બુદ્ધિ તારા સાંનિધ્યને લીધે સારીયે પ્રકાશિત બની રહેલી છે અને એક અત્યંત શુદ્ધ હીરાની માફક તે ચમકી રહેલી છે. તું મહા અદ્ભુત જાદુગર છે, તું હરેક ચીજને પલટી દે છે, કુરૂપતામાંથી તું સૌન્દર્ય સર્જે છે, અંધકારમાંથી તું પ્રકાશ પ્રગટાવે છે, કાદવમાંથી તું નિર્મળ પાણી વહાવે છે. અવિદ્યામાંથી તું જ્ઞાન ઉત્પન્ન કરે છે અને અહંકારમાંથી તું પ્રેમાળતા સર્જે છે.

તારી અંદર, તારી દ્વારા, તારે અર્થે અમે જીવી રહ્યાં છીએ અને તારો વિશ્વ-નિયમ એ જ અમારા જીવનનો પરમ અધિષ્ઠાતા છે.

હર સ્થળે તારો સંકલ્પ સિદ્ધ થાઓ, સારીયે પૃથ્વી ઉપર શાંતિનું શાસન સ્થાપિત બનો !

*
**

૨૦ માર્ચ ૧૯૧૪

તું ચેતના છે અને પ્રકાશ છે, તું સર્વની ભીતરની શાંતિ છે, રૂપાંતર કરનાર દિવ્ય પ્રેમ, અંધકાર પર વિજય કરનાર જ્ઞાન તું છે. તારી અનુભૂતિ મેળવવા માટે તારે માટે અભીપ્સા સેવવા માટે અમારે અવચેતનના વિશાળ સાગરમાંથી બહાર નીકળી આવવાનું રહે છે, અમારે એક નિર્મળ સ્વરૂપ ધારણ કરવાનો, એક ચોક્કસ આકાર લેવાનો આરંભ કરવો રહે છે અને એ રીતે પોતાની જાતનું જ્ઞાન અમે પામીએ અને એ જ્ઞાન પામ્યા પછી, જે વસ્તુ આપણી પોતાની હોય તેનું જ આપણે અર્પણ કરી શકીએ તે મુજબ પોતાનું સમર્પણ કરવાનું રહે છે. અને આ રીતની નિર્મળ સુરેખતા પામવા માટે, આકાર વિનાની વચલી અવસ્થામાંથી બહાર નીકળી આવવા માટે કેટલા બધા પ્રયત્નો, કેટલાં બધાં મંથનો ખેડવાનાં રહે છે. અને આખું વ્યક્તિત્વ એક વાર બંધાય તે પછી એ વ્યક્તિત્વને સોંપી દેવા માટે, સમર્પણ કરવા માટે વળી પાછા કેટકેટલા પ્રયત્નો અને મંથનો ખેડવાનાં રહે છે.

આવી કપરી મહેનત રાજીખુશીથી ખેડવા નીકળનાર તો બહુ થોડા જ હશે; પણ તો પછી, માણસોની આવું તપસ કરવાની ઇચ્છા ન હોય તોપણ, જિંદગી તેમને પોતાની કઠોર અણધારી ઘટનાઓ દ્વારા આ તપસ ખેડવાની ફરજ પાડે છે, કારણ એ સિવાય માણસો બીજી કોઈ રીતે પ્રગતિ કરી શકતા નથી. અને આમ જગતનાં સર્વ વિઘ્નોની સામે થઈને પણ તારું કાર્ય થોડે થોડે કરતું સિદ્ધ થાય છે.

*
**

૨૧ માર્ચ ૧૯૧૪

હર પ્રભાતે મારી અભીપ્સા તારા પ્રતિ ચડે છે ત્યારે, અને મારા તૃપ્ત હૃદયની નીરવ શાંતિમાં હું યાચું છું કે તારા પ્રેમનો

મહા-નિયમ વ્યક્ત બને, તારા સંકલ્પનો આવિર્ભાવ થાય. અને આ મહા-નિયમ અને આ સંકલ્પને સાકાર કરવા માટે જે કોઈ પરિસ્થિતિ ઊભી થશે તેને હું અત્યારે અગાઉથી જ આનંદપૂર્વક અને સ્વસ્થતા-પૂર્વક મારો સહકાર આપું છું.

ખરેખર, આમ બેચેન થવાની શી જરૂર છે અને આપણને પોતાને લગતી કોઈ વાત હોય ત્યારે બધું અમુક રીતે જ બને અને અમુક રીતે ન જ બને તેવી માગણી શા માટે હોવી જોઈએ? અમે શા માટે એમ નક્કી કરી લઈએ કે અમુક પ્રકારની પરિસ્થિતિ હોય એ જ સૌથી ઉત્તમ ગણાય, અને પછી એ પરિસ્થિતિને સિદ્ધ કરવા માટે પાછી એક ઘોર મહેનત કરવા લાગી જઈએ? અમે શા માટે અમારી સર્વ શક્તિ; એક આંતરિક શ્રદ્ધાની શાંતિપૂર્વક, માત્ર આ જ એક સંકલ્પ કરવા માટે ન વાપરીએ કે તારો વિશ્વનિયમ જ હમેશાં અને હર સ્થળે તમામ મુશ્કેલીઓ, તમામ અંધકાર અને તમામ અહંકાર ઉપર વિજયી બનો! અને આ રીતનું વલણ લેતાં આવડી જાય કે તરત જ ક્ષિતિજ કેવી તો વિશાળ બનવા લાગે છે; સર્વ ચિંતાઓ કેવી તો અટકી જાય છે અને તેને બદલે એક અવિકારી ધ્રુવ પ્રકાશ આવીને ઊભો રહે છે, અનાસક્તિનું એક સર્વ-સામર્થ્ય આવી ઊભું રહે છે, હે પ્રભુ, જે સંકલ્પ તારો હોય તે જ સંકલ્પ સેવવો, એ છે તારી સાથે એક સતત અનુસંધાનમાં રહેવું, એ છે હરેક પ્રકારની અસ્થિરતામાંથી મુક્ત થઈ જવું, હરેક પ્રકારની સંકુચિતતામાંથી છૂટી નીકળવું, અમારાં ફેફસાંને એક શુદ્ધ અને તંદુરસ્ત હવાથી ભરી લેવાં, હરેક પ્રકારના અર્થહીન શ્રમમાંથી બચી જવું, હરેક પ્રકારના કઢંગા બોજમાંથી હલકા થઈ જવું, અને એમ હળવા થઈને જગતનું એકમાત્ર ધ્યેય પ્રાપ્ત કરવાની દિશામાં તરલ પગલે આગળ દોડયે જવું. અને આ એકમાત્ર ધ્યેય તે આ : તારા દિવ્ય વિશ્વ-નિયમનો વિજય!

હે પ્રભુ, એક કેવા તો આનંદમય વિશ્વાસપૂર્વક હું તને આ

પ્રભાતે નમન કરું છું....

*
**

૨૨ માર્ચ ૧૯૧૪

પ્રભુ, પ્રેમના હે દિવ્ય ગુરુ, તેમની ચેતનાને અને તેમનાં હૃદયોને આલોકિત કર. તારા પ્રતિ વળવા માટે એ લોકોએ પ્રયત્ન તો કર્યો છે, પરંતુ તેમના અજ્ઞાનને લીધે એવું બન્યું છે કે તેમની પ્રાર્થનાઓ કદાચ તારા તરફ વળી નથી, અને તેમનામાં રહેલા ખોટા ખ્યાલો તેમની અભીપ્સાના માર્ગમાં આવીને ઊભા રહ્યા છે. તોપણ, તારી કરુણાએ કરીને તું હરેક શુભેચ્છાનો બદલો આપે છે, માણુસના હૃદયમાં સચ્ચાઈનો જો એકાદ ઝબકારો હોય છે તો તેટલાથી પણ તારો દિવ્ય પ્રકાશ, તે સચ્ચાઈનો લાભ લઈને તેમની બુદ્ધિને પ્રકાશિત કરી શકે છે, તારો ભવ્ય પ્રેમ માણસોનાં હૃદયમાં પ્રવેશી શકે છે અને તારા વિશ્વ-નિયમની એક ઉત્તમ અભિવ્યક્તિ એવા એક વિશુદ્ધ અને ઉચ્ચ ઔદાર્યથી તેમને ભરી દઈ શકે છે. હું તારી સાથે સાચા અનુસંધાનમાં હોઈ શકું છું તેવે સમયે તારા સંકલ્પ સાથે એકરૂપ થઈ તેમને માટે મેં જે સંકલ્પ સેવ્યો હતો તે વસ્તુ, જે દિવસે પોતાની બાહ્ય અસ્થિર પરિસ્થિતિને ભૂલી જવાનો પ્રયત્ન કરતાં તે લોકો પોતાના ઉત્તમોત્તમ વિચારો પ્રત્યે, પોતાની ઉત્તમોત્તમ લાગણીઓ પ્રત્યે વળેલા હોય તે દિવસે તેમને પ્રાપ્ત થાઓ એવી મારી પ્રાર્થના છે.

તારા મહાભવ્ય સાંનિધ્યની પરમ સ્વસ્થતા તેમની અંદર જાગૃત બનો.

*
**

૨૩ માર્ચ ૧૯૧૪

મારી દૃષ્ટિએ, એ સ્થિતિને આદર્શ ગણી શકાય કે જ્યારે, તારી ચેતના સાથે સતત સચેતન રહીને, અમે હરેક પળે, આપોઆપ,

કશો પણ વિચાર કરવાની જરૂર ઊભી થયા વિના, ચોક્કસ રીતે જાણી શકીએ કે તારા વિશ્વ-નિયમને ઉત્તમરૂપે વ્યક્ત કરવા માટે અમારે શું કરવું જોઈએ. આ અવસ્થા કેવી હોય છે તે હું જાણું છું, કેમ કે અમુક ક્ષણોએ હું એ અવસ્થામાં પહોંચેલી છું, પરંતુ વસ્તુઓ 'કેવી રીતે' બને છે તેનું જ્ઞાન ઘણી વખત અજ્ઞાનના ધુમ્મસ હેઠળ ઢંકાઈ જાય છે અને તેવે સમયે અમારે બુદ્ધિના ચિંતનનો આશ્રય લેવો પડે છે. પરંતુ બુદ્ધિ એ હમેશાં કાંઈ સારો સલાહકાર નથી હોતી. અમારી ઘણીખરી અવસ્થા તો એવી જ હોય છે કે અમને ચિંતન કરવાનો વખત પણ ભાગ્યે જ મળે છે અને જે ક્ષણે જે કાંઈ પ્રેરણા આવે તેનાથી દોરાઈને જ હમેશાં વર્તતા હોઈએ છીએ, અને એ સ્થિતિની તો વાત જ કરવા જેવી નથી, આવી રીતનું વર્તન તારા મહા-નિયમ સાથે કેટલું સુસંગત હશે કે વિરોધી હશે ? એ બધાનો આધાર અમારામાં રહેલા અવચેતનની અવસ્થા ઉપર, એ અવચેતનની અંદર તે તે ક્ષણે કયું તત્ત્વ સક્રિય હોય છે તેના ઉપર જ રહે છે. હરકોઈ વસ્તુ એક વાર થઈ ગયા પછી, તે જો કોઈ મહત્ત્વની વસ્તુ હોય, તેનું જો અમે અવલોકન કરી શકીએ, તેનું પૃથક્કરણ કરી શકીએ, તેને સમજી શકીએ, તો તે એક પાઠરૂપ બની શકે છે, એ કાર્ય કરવા પાછળ જે રીતનું પ્રેરક બળ હોય છે તેને જાણી શકીએ છીએ, અને એ રીતે, જે અવચેતન તત્ત્વ હજી પણ અમારું ચાલન કરી રહેલું છે અને જેને અમારે જીતવાનું છે તેને વિષેનું કાંઈક જ્ઞાન મળી શકે છે.

પૃથ્વીની ભૂમિકા ઉપર થતા પ્રત્યેક કાર્યની અંદર સારી તેમ જ નરસી એવી બેય બાજુ ન હોય એ અસંભવિત છે. જે કર્મો પ્રેમના વિશેષમાં વિશેષ દિવ્ય નિયમની સારામાં સારી રીતે અભિવ્યક્તિ કરતાં હોય છે તેની અંદર પણ, અત્યારના જગતની અંદર આવી રહેલાં અંધકાર અને અતંત્રતાનાં તત્ત્વનો કાંઈક અંશ તો આવી જાય છે જ. કેટલાક માણસો; કે જેમને નિરાશાવાદીઓ કહેવામાં આવે છે, તેઓ હરેક વસ્તુની માત્ર કાળી બાજુ જ જુએ છે. આથી ઊલટું

જે આશાવાદીઓ હોય છે તે માત્ર વસ્તુમાં રહેલા સૌન્દર્ય અને સંવાદિતાની બાજુ જ જુએ છે. અને આમ જો કંઈ પણ વિચાર્યા વિના આશાવાદી થવું એ એક હાસ્યાસ્પદ અને અજ્ઞાનની ક્રિયા છે, તો વિચારપૂર્વક આશાવાદી બની રહેવું એ સુખદાયક વિજય પણ શું મેળવવા જેવો નથી? નિરાશાવાદીની દૃષ્ટિએ તો તમે જે કાંઈ કરશો તે હમેશાં ખરાબ જ રહેવાનું, અજ્ઞાન અને અહંકાર ભરેલું હોવાનું. એવા લોકોને કેવી રીતે સંતોષી શકાય? એ એક અસાધ્ય કાર્ય છે.

પૃથ્વી ઉપર પરમ ચેતનાના આવિર્ભાવની ક્રિયાને વધુમાં વધુ સરળ કરી આપવા માટેનો માત્ર એક જ ઇલાજ છે. અને તે એ કે અમારી કલ્પના જે ઉચ્ચમાં ઉચ્ચ અને શુદ્ધમાં શુદ્ધ પ્રકાશની કલ્પના કરી શકે તેની સાથે અમારાથી બને તેટલા સંપૂર્ણ ભાવે અમે એકતા કરી લઈએ, એ પરમ ચેતના સાથે અમારી ચેતનાનું શક્ય તેટલું સંપૂર્ણ તાદાત્મ્ય અમે કરી લઈએ, અમારી સઘળી પ્રેરણા માત્ર તેમાંથી જ મેળવવાનો પ્રયત્ન કરીએ અને એ ચેતનાની શક્તિમાં વિશ્વાસ રાખીને જગતની સર્વ ઘટનાઓને સ્વસ્થતાથી નિહાળીએ. અત્યારના આવિર્ભાવની અંદર તો બધી જ વસ્તુઓ ભેળસેળ થઈ ગયેલી છે, એટલે સારામાં સારી વસ્તુ તો એ છે કે, વધુ ને વધુ ઉચ્ચ પ્રકાશ માટે પ્રયત્નશીલ રહીને, અમારાથી જે કંઈ થઈ શકે તે તમામ કરી છૂટીએ, અને અત્યારની ક્ષણે પરમ પૂર્ણતાનો સાક્ષાત્કાર થવો અશક્ય છે એ હકીકતનો સ્વીકાર કરી લઈએ.

અને છતાંયે, આ અપ્રાપ્ય પૂર્ણતા માટે પણ અમારે કેવા તો ઉત્સાહથી સદાયે અભીપ્સા સેવવાની છે!....

*
**

૨૪ માર્ચ ૧૯૧૪

ગઈ કાલના મારા ચિંતનમાંથી મને એક વસ્તુ બરાબર સમજાઈ. હું જોઈ શકી છું કે મારી જે હવે એક જ મુશ્કેલી રહેલી છે તે આ

રીતના ભયમાંથી આવે છે કે તારા વિશ્વ-નિયમ સાથે હું પૂરતી સંપૂર્ણ-પણે એકરૂપ થઈ શકી નથી અથવા તો એકરૂપ છું નહિ. અને આ મુશ્કેલીની પાછળની એ હકીકત સાચી જ છે કે તારી સાથેનું મારું તાદાત્મ્ય હજી સંપૂર્ણ નથી. કારણ, એ જો સંપૂર્ણ હોત તો પછી એ તાદાત્મ્ય હતું કે નહિ એ રીતનો પ્રશ્ન જ મારે કરવાનો ન રહેત, અને અનુભવથી હું જાણી શકી છું તે મુજબ, ઊલટું એમ બન્યું હોત કે મારે માટે કોઈ પણ પ્રકારની મુશ્કેલી ઊભી થવી જ અશક્ય બની ગઈ હોત.

પરંતુ જ્યારે કદી કોઈ અણઆવડતને અમારાથી ભૂલ થઈ જાય, ત્યારે ખરી રીતે અમારે આ રીતે વિચાર ન કરવો જોઈએ કે, 'મારે એ કામ વધુ સારી રીતે કરવું જોઈતું હતું, તેમ કરવાને બદલે આ કરવું જોઈતું હતું.' પણ અમારે આમ વિચારવું જોઈએ કે, 'પ્રભુની શાશ્વત ચેતના સાથે પૂરતા પ્રમાણમાં મારું તાદાત્મ્ય નહોતું રહ્યું. આ અંતિમ અને પૂર્ણ મિલનને સિદ્ધ કરવા મારે હજી પણ વધુ પ્રયત્ન કરવો જોઈએ.'

ગઈ કાલે બપોરે, હું ઘણો વખત એક મૂક ચિંતનમાં બેઠી હતી, તેમાં મને આખરે આ વસ્તુ સમજાઈ કે જે વસ્તુનો અમે વિચાર કરતા હોઈએ તેની સાથેનું તાદાત્મ્ય તે કેવું હોઈ શકે. આ તાદાત્મ્યનો સ્પર્શ, કોઈ નૈતિક સ્થિતિ પ્રાપ્ત કરવાથી મને નથી થયો, પણ જાણે કે, મારા ચિત્તને એકાગ્ર કરી દઈને અને તેના ઉપર પ્રભુત્વ સ્થાપીને જ હું મેળવી શકી છું. અને મને સમજાયું કે આ સાક્ષાત્કારને સંપૂર્ણ કરી શકવાને માટે મારે ચિંતન માટે લાંબો, ખૂબ લાંબો વખત મેળવવાની જરૂર છે. મારા હિંદના પ્રવાસમાં મને આ વસ્તુ મળી રહેશે એવી આશા છે. પણ બેશક, એ વસ્તુને તારી સેવાના કાર્ય માટે તું ઉપયોગી ગણતો હોઈશ તો જ તે બનશે, પ્રભુ.

મારી પ્રગતિ ધીરી છે, ઘણી ધીરી છે. પણ મને આશા છે કે, એનો બદલો એ રીતે મને મળી રહ્યો છે કે એ પ્રગતિ વધારે સ્થાયી

બનેલી છે અને તેમાં કોઈ ચડઊતરને હવે અવકાશ રહ્યો નથી.

મને મળેલું કાર્ય હું સિદ્ધ કરી શકું અને તારા પૂર્ણ આવિર્ભાવમાં હું મદદ કરી શકું, એ મારી પ્રાર્થના છે.

*
**

૨૫ માર્ચ ૧૯૧૪

હંમેશની પેઠે, શાંત અને અદૃશ્ય, છતાં સર્વસમર્થ એવા તારા કાર્યે પોતાનો પરચો કરાવી આપ્યો છે, અને આ જે આત્માઓ તારા પ્રત્યે વિમુખ દેખાતા હતા તેમનામાં તારા દિવ્ય પ્રકાશનું ભાન જાગૃત થયું છે. એ વાત તો હું સારી રીતે જાણતી હતી કે તારા સાંનિધ્યને ઉદ્બોધિત કરવાનો કોઈ પ્રયત્ન વ્યર્થ જતો નથી, અને અમારા હૃદયમાં જો સાચા ભાવપૂર્વક અમે તારી સાથે સંપર્ક સાધી શકીએ, પછી તે ભલે ગમે તે વસ્તુ દ્વારા, શરીર દ્વારા કે માનવ-સમૂહ દ્વારા બની આવો, તો એ હરેક વસ્તુને જણાઈ આવે છે કે, તેની અચેતનતા, તેનામાં રહેલા અજ્ઞાન છતાં પૂરેપૂરી બદલાઈ ગઈ છે. પરંતુ જ્યારે એક યા તો વધુ તત્ત્વોની અંદર એક સજ્ઞાન રીતનું રૂપાંતર બની આવે છે, રાખ હેઠળ કજળી રહેલી આગ જ્યારે એકાએક ભભૂકી ઊઠે છે અને આખાયે સ્વરૂપને પ્રકાશિત કરી મૂકે છે, ત્યારે આનંદપૂર્વક તારી સર્વસમર્થ શક્તિના કાર્યને અમે અભિ-વાદન કરીએ છીએ, તારી અવિજેય મહાશક્તિનો એક વાર ફરીથી ઉદ્ઘોષ કરીએ છીએ અને આશા રાખીએ છીએ કે માનવજાતિની અંદર રહેલી અનેક શક્યતાઓમાં સાચા સુખની એક નવી શક્યતા ઉમેરાઈ રહી છે.

હે પ્રભુ, મારી અંદરથી તારા પ્રતિ આભારની એક તીવ્ર લાગણી વહી રહી છે, અને આ દુઃખી માનવજાતિની કૃતજ્ઞતાનો ભાવ તારે ચરણે ધરી રહી છે. એ માનવતાને તું પ્રકાશ આપી રહ્યો છે, એક નવું રૂપાંતર આપી રહ્યો છે, તેને ગૌરવ આપી રહ્યો

છે, એને તું જ્ઞાનની શાંતિ આપી રહ્યો છે.

*
**

૨૮ માર્ચ ૧૯૧૪

ઘેરથી નીકળ્યા પછી, અમે વધુ ને વધુ જોઈ શકીએ છીએ કે સર્વ વસ્તુઓમાં તારો દિવ્ય પ્રવેશ થઈ રહ્યો છે, હરેક સ્થળે તારો વિશ્વ-નિયમ વ્યક્ત થઈ રહ્યાં છે, અને એક એકથી અધિક આશ્ચર્યમાં ડૂબી ન જવાય તે માટે મારે મારા અંતઃકરણની બધીયે દૃઢ પ્રતીતિને સક્રિય કરવી પડે છે કે આ બધું તો સાવ નૈસર્ગિક જ છે.

હવે એવી કોઈ પણ ક્ષણ નથી કે જ્યારે મને એમ લાગતું હોય કે હું તારામાંથી બહાર નીકળી ગયેલી છું અને ક્ષિતિજો વિશાળ ને વિશાળ બની રહી છે અને ઊંડાણો વધુ ને વધુ પ્રકાશમાન અને સાથે સાથે અતાગ બની રહેલાં છે. આવો અનુભવ તો મને ક્યારે પણ થયેલો નથી. હે દિવ્ય ગુરુ, અમારી પ્રાર્થના છે કે, પૃથ્વી ઉપર તારું જે કાર્ય છે તે અમે વધુ ને વધુ પ્રમાણમાં ને વધુ ને વધુ સારી રીતે જાણીએ અને તેને સિદ્ધ કરીએ, અમારી અંદર રહેલી સર્વ શક્તિઓનો અમે સંપૂર્ણ ઉપયોગ કરીએ, અને તારું પરમ સાંનિધ્ય અમારા આત્માનાં નીરવ ઊંડાણોની અંદર, અમારા સર્વ વિચારોમાં, અમારી સર્વ લાગણીઓમાં, અમારાં સર્વ કર્મોમાં વધુ ને વધુ સંપૂર્ણ રીતે આવિર્ભાવ પામી રહે.

હું તને આ સંબોધન કરું છું એ મને કંઈક વિચિત્ર જેવું લાગે છે, કારણ, મારી અંદર હવે તો તું જ વસી રહ્યો છે, તું જ વિચારી રહ્યો છે અને પ્રેમ કરી રહ્યો છે.

*
**

પોંડિચેરી, ૨૯ માર્ચ ૧૯૧૩

ઓ પરમ ચેતના, વિશ્વના હે મહાશાશ્વત નિયમ, તું અમને

દોરી રહ્યો છે, તે અમને પ્રકાશ આપી રહ્યો છે, અમારા જીવનને તું ઘડી રહ્યો છે અને તેને પ્રેરી રહ્યો છે. તારું અમારે જ્ઞાન મેળવવાનું છે, તારી અમારે સમજણ મેળવવાની છે, તારો સાક્ષાત્કાર કરવાનો છે. અમારી પ્રાર્થના છે કે આ દુર્બળ આત્માઓને તું બળ આપ, અને આ ભયભીત બનેલાંને અભયવચન આપ. આ સૌને હું તારા હાથમાં સોંપું છું અને એ જ રીતે અમારું સારુંયે ભાવિ તારા હાથમાં સોંપું છું.

*
**

30 માર્ચ ૧૯૧૪

જેઓ તારા પૂર્ણ સેવક બની ચૂકેલા છે, જેઓ તારા સાંનિધ્યની પૂર્ણ ચેતનાને પામેલા છે તેમના સાંનિધ્યમાં મને એવું તો લાગી રહ્યું છે કે જે વસ્તુનો હું સાક્ષાત્કાર કરવા માગું છું તેનાથી તો હું હજી દૂર છું, ઘણી ઘણી દૂર છું, અને હું એ પણ જાણું છું કે હું જેને ઉત્તમોત્તમ તત્ત્વ ગણું છું, ઉમદામાં ઉમદા અને વિશુદ્ધમાં વિશુદ્ધ તત્ત્વ ગણું છું તે જેનું મારે જ્ઞાન મેળવવાનું છે તેની સરખામણીમાં તો હજીયે અંધકારમય અને અજ્ઞાનભરી વસ્તુ જ રહેલી છે. પરંતુ આ જ્ઞાન મને લેશ પણ નિરાશ ન કરતાં, મારી અભીપ્સાને, મારી શક્તિને, મારા સંકલ્પને તારા વિશ્વ-નિયમ સાથે અને તારા કાર્ય સાથે આખરે જતાં એકરૂપ થવાને માટે સર્વ વિઘ્નો ઉપર વિજય મેળવવાને ઉત્તેજિત કરે છે અને બળવાન બનાવે છે.

થોડે થોડે કરતી ક્ષિતિજ ચોક્કસ થતી જાય છે, માર્ગ સ્પષ્ટ થતો જાય છે, અને અમે એક વધુ ને વધુ મોટી નિશ્ચિતતા તરફ આગેકદમ ભરી રહ્યાં છીએ.

ભલે હજારો લોકો ગહનમાં ગહન અજ્ઞાનમાં ડૂબેલા હોય, ગઈ કાલે અમને જેનું દર્શન થયું તે પૃથ્વી ઉપર વિદ્યમાન છે; તેની હાજરી એ વસ્તુ સિદ્ધ કરવાને માટે પૂરતી છે કે એક દિવસ એવો

આવશે કે જ્યારે અંધકાર પ્રકાશમાં પલટાઈ જશે, અને જ્યારે સાચે-સાચ, તારું શાસન પૃથ્વી ઉપર સ્થાપિત થશે.

હે પ્રભુ, અદ્દભુત ઘટનાના હે દિવ્ય ઘડવૈયા, હું આ વસ્તુનો વિચાર કરું છું ત્યારે મારું હૃદય કૃતજ્ઞતાથી અને આનંદથી છલકાઈ જાય છે અને મારી આશા અસીમ બને છે.

મારી આરાધના શબ્દ માત્રથી પર ચાલી જાય છે, મારો અહોભાવ મૂક બની જાય છે.

*
**

## ૧ એપ્રિલ ૧૯૧૪

મને એમ લાગે છે કે અમે તારા આશ્રય-સ્થાનમાં પ્રવેશ કર્યો છે અને તારા પોતાના સંકલ્પ વિષે સભાન બન્યાં છીએ. એક ભારે આનંદ, એક ઊંડી શાંતિ મારી અંદર વિરાજી રહી છે અને છતાં મારી બધી આંતરિક રચનાઓ એક મિથ્યા સ્વપ્નની માફક અદશ્ય થઈ ગઈ છે, અને હવે જાણે હું તારી અમર્યાદ અને નિર્બંધ અસીમતાની સમક્ષ, જાણે કોઈ સ્વરૂપ હજી વ્યક્તિભૂત ન બન્યું હોય તેમ ખડી છું. એ સર્વ ભૂતકાળ, એનાં બાહ્ય સ્વરૂપોમાં, મને વિચિત્ર અને અર્થહીન લાગે છે, છતાં હું જાણું છું કે એ સમયે એની પણ ઉપયોગિતા હતી.

પરંતુ હાલમાં સર્વ કાંઈ બદલાઈ ગયું છે : એક નવો તબક્કો શરૂ થયો છે.

*
**

## ૨ એપ્રિલ ૧૯૧૪

દરરોજ, જે ક્ષણે હું લખવા માગું છું, ત્યારે મને વિક્ષેપ નડે છે, જાણે કે જે નવીન સમયનો ગાળો અમારી સમક્ષ ખૂલી રહ્યો છે તે વિશેષપણે એક એકાગ્રતા કરતાં વિસ્તારના સમયનો ગાળો છે.

અમારે દરેક ક્ષણની પ્રવૃત્તિમાં તારી સેવા કરીને તારી સાથે તાદાત્મ્ય કરવાનું છે, હવે એ વસ્તુ ગહન અને મૂક ચિંતન કે પછી લેખિત અથવા વણલખ્યા ધ્યાન દ્વારા કરવાની નથી.

પરંતુ મારું હૃદય તારું સ્તુતિગાન કરતાં થાકતું નથી અને મારા વિચારો સતતપણે તારા વડે સભર ભરેલા રહે છે.

*
**

3 એપ્રિલ ૧૯૧૪

મને લાગે છે કે હું એક નૂતન જીવનમાં જન્મ લઈ રહી છું અને ભૂતકાળની એ બધી રીતરસમો અને આદતો હવે કોઈ ઉપયોગની રહી નથી. મને એમ લાગે છે કે જે વસ્તુ એક સમયે પરિણામરૂપ હતી તે હવે કેવળ એક પૂર્વતૈયારીરૂપ બની ગઈ છે. મને લાગે છે કે મેં હજી કાંઈ કર્યું નથી, જાણે હું આધ્યાત્મિક જીવન જીવી જ નથી, જાણે કે હજી હવે હું એ જીવન પ્રત્યે દોરી જતા માર્ગમાં પ્રવેશ કરી રહું છું; મને લાગે છે કે હું કાંઈ જાણતી નથી, હું કોઈ વસ્તુને સાકાર કરી શકતી નથી, સૌ અનુભૂતિની શરૂઆત હજી હવે થનાર છે. એવું બન્યું છે કે મારો સર્વ ભૂતકાળ મારી ઉપરથી ઉતરડી લેવામાં આવ્યો છે, એમાં મારી ક્ષતિઓ તેમજ વિજયો પણ ઉતારી લેવામાં આવ્યો છે. એવું બન્યું છે કે જાણે એ સર્વ વસ્તુઓ એક એવા નવજાત (બાળક)ને સ્થાન આપવા માટે અદૃશ્ય થઈ ગઈ છે કે જેને હજી આકાર ધારણ કરવાનો છે, જેને કોઈ કર્મ નથી, કોઈ અનુભવનો લાભ મળવાનો નથી તો એવી કોઈ ક્ષતિ પણ સિલકમાં નથી કે જેને તેણે સુધારી લેવાની હોય. મારું મસ્તક સર્વ જ્ઞાન અને નિશ્ચયાત્મકતા અને મિથ્યા વિચારો વિનાનું ખાલીખમ બની ગયું છે. મને લાગે છે કે જો હું કોઈ જાતનો વિરોધ કર્યા વિના આ અવસ્થાને શરણે જાઉં, જો કોઈ વસ્તુ જાણવા કે સમજવાની મથામણ ન કરું, જો હું પૂર્ણપણે એક બાળક સરખી બની જવાની સંમતિ આપું, તો કોઈ નવીન શક્યતા મારી સમક્ષ ખુલ્લી થશે. હું જાણું

છું કે હવે મારે નિર્ણયાત્મક રીતે મારી જાતને સોંપી દેવી જોઈએ અને એક એવા કોરા કાગળ સરખા બની રહેવું જોઈએ જેની ઉપર હે પ્રભુ, તારા વિચારો, તારો સંકલ્પ, સડસડાટ લખાયે જશે, અને એ ક્રિયા થવામાં કોઈ વિકૃતિ દાખલ નહિ થવાની ખાતરી હશે.

એક વિશાળ કૃતજ્ઞતાનો ભાવ મારા હૃદયમાંથી જાગ્રત થાય છે, મને લાગે છે કે જેથી હું કેટલાયે લાંબા સમયથી શોધ કરી રહી હતી તેના ઉંબરે આવી લાગી છું.

હે પ્રભુ, એવું વરદાન આપ કે એ ઉંબરને ઓળંગવા માટે પૂરતા પ્રમાણમાં હું શુદ્ધ, નિર્વ્યક્તિક, તારા દિવ્ય પ્રેમભાવથી જીવન-સભર બની રહું.

ઓ, કોઈ જાતની અવિદ્યા કે નિમંત્રણ વિના તારા જ બની રહેવું....

*
**

૪ એપ્રિલ ૧૯૧૪

હે પ્રભુ મારો ભક્તિભાવ તારા પ્રત્યે આર્તભાવે જાગ્રત થઈ રહ્યો છે, મારું સમગ્ર સ્વરૂપ એક અભીપ્સાની તને અર્પિત થઈ ચૂકેલી જ્યોતિ સરખું બની ગયું છે.

હે પ્રભુ, પ્રભુ, મારા મધુર સ્વામી, તું જ મારી ભીતરમાં જીવી અને સંકલ્પ સેવી રહ્યો છે.

આ દેહ તારું કરણ છે; આ સંકલ્પશક્તિ તારી સેવક છે; આ બુદ્ધિ તારું હથિયાર છે; અને આખું સ્વરૂપ તારામય છે.

*
**

૭ એપ્રિલ ૧૯૧૪

જો હું હમેશાં લડવાનું ટાળું તો પછી મારામાં હિંમત છે એમ કેમ કહેવાય? મારામાં શક્તિ છે એમ પણ કેમ કહેવાય, જો હું નવીન

સાધના કરવાનો પ્રયત્ન કરવામાં આદતને વશ થઈને ડરું, અને એ વસ્તુ વિષે સભાન બન્યા વિના, અકર્મણ્ય ભાવે, ભૂતકાળની સાધનાનાં પરિણામો ઉપર મદાર બાંધીને સૂવા જતી હોઉં ? કર્મ કરવા માટે મારી ઉપર ફરજ પાડવી પડે છે અને મારું મૂક ચિંતન, અમુક અંશે તંદ્રાગ્રસ્ત હોય છે.... એ બધું મને વધુ ને વધુ સ્પષ્ટપણે જણાઈ આવી રહ્યું છે. અત્યાર સુધી મેં જે કાંઈ કર્યું છે તે કોઈ વિસાતનું હોય એમ લાગતું નથી. હે પ્રભુ, જે કરણને હું તારી સેવામાં મૂકું છું તેની દરિદ્રતા અને મર્યાદા મને ચોખ્ખાં દેખાય છે. અને મને જરા દિલગીરી સાથે હસવું આવે છે કે મારો એક સમયે એવો ખ્યાલ હતો કે હું મારી જાત માટે તેના પ્રયત્નો માટે અને તેનાં, પરિણામો વિષે હું સારો અભિપ્રાય ધારણ કરવાને લાયક છું, સત્ય જીવનનો આ ઉંબર જેને મેં પ્રાપ્ત કર્યો છે એમ હું હમેશાં માનતી આવી છું, એ મને આપવામાં આવેલ એક આશાસ્પદ વસ્તુ છે, પણ એનો મને કોઈ જાતમાહિતીવાળો કહેવાય એવો સાક્ષાત્કાર થયો નથી; એ એક બાળકને જેનું વચન આપવામાં આવ્યું હોય એવા રમકડા સરખી, કોઈ દુર્બળ વ્યક્તિ સામે મૂકવામાં આવેલ બદલાની ચીજ હોય એવી વસ્તુ છે.

તો પછી એવું ક્યારે થઈ શકશે કે હું એક સાચા અર્થમાં હિંમતવાન, શક્તિસભર, વીરત્વ અને નિશ્ચલ ખંતપૂર્ણ બનીશ; એવું ક્યારે બનશે કે હું મારી વ્યક્તિતાને એટલા બધા પૂર્ણ અંશે ભૂલી ગઈ હોઈશ કે જ્યારે હું એક એવું સાધન બની ગઈ હોઈશ કે જે કેવળ તેણે અભિવ્યક્ત કરવાની શક્તિઓ વડે ઘડાયેલું હશે ? એવું ક્યારે બનશે કે મારી અદ્વૈતની સભાનતા સાથે જડતાનું મિશ્રણ નહિ થઈ ગયું હોય; ક્યારે એવું બનશે કે મારા દિવ્ય પ્રેમની લાગણી સાથે પછી કોઈ નિર્બળતાનું મિશ્રણ નહિ થયેલું હોય ?

હે પ્રભુ, મેં આ પ્રશ્નો રજૂ કર્યા એટલે હવે મારામાંથી સર્વ વિચારો મરી પરવાર્યા હોય એવું લાગે છે. હું મારા સચેતન મનને

ખોળું છું પણ એ હવે જડતું નથી; હું મારી વ્યક્તિતાને શોધું છું પણ એ કોઈ ઠેકાણે દેખાતી નથી; હું મારા અંગત સંકલ્પની શોધ કરું છું અને એ ગેરહાજર છે. હું તારી શોધ કરું છું પણ તારી તરફથી કોઈ શબ્દ સંભળાતો નથી.... નીરવતા, કેવળ નીરવતા.

હવે મને તારો અવાજ સંભળાતો હોય એમ લાગે છે: " તું કદી સર્વાંશે મરી શકી નથી. હમેશાં તારામાંની કોઈ વસ્તુએ જાણવા, જોવા, અને સમજવાની કામના રાખી છે. પૂર્ણપણે સમર્પણ કરી દે, કેવી રીતે અલોપ થઈ જવું તે શીખ, મને અને તને વિભક્ત રાખનાર છેલ્લો બંધ તોડી નાખ; કોઈ પણ જાતની દિલચોરી વિના આત્મ-સમર્પણ સિદ્ધ કર ". અરે, ઓ પ્રભુ, મેં તો ઘણા લાંબા સમયથી એમ કરવાની ઇચ્છા રાખી છે, પરંતુ મારાથી એ બની શક્યું નથી. હવે એ કરવાની શક્તિ તું મને આપીશ?

હે પ્રભુ, મારા મધુર શાશ્વત સ્વામી, આ મને દુઃખથી ભરી મૂકતા અવરોધને ભાંગી નાખ.... મને મારી જાતથી મુક્તિ અપાવ!

*
**

૮ એપ્રિલ ૧૯૧૪

પ્રભુ, મારું મન શાંત બન્યું છે અને મારું હૃદય વિશ્રાંતિમાં છે. એક ઊંડા ભક્તિભાવથી અને અસીમ વિશ્વાસપૂર્વક હું તારા પ્રતિ વળું છું. હું જાણું છું. કે તારો પ્રેમ સર્વ શક્તિમાન છે અને તારા ન્યાયનું આસન પૃથ્વી ઉપર સ્થપાશે; હું જાણું છું કે એ ઘડી હવે નજીક આવી રહી છે કે જ્યારે છેલ્લામાં છેલ્લો પડદો હઠાવી લેવામાં આવશે અને સારીયે દુષ્ટતા અદૃશ્ય થઈ જશે અને તેને સ્થાને એક શાંતિનો અને સંવાદમય પ્રવૃત્તિનો યુગ આવશે.

ઓ પ્રભુ, મારું મન અંતર્મુખ બન્યું છે. એવી સ્થિતિમાં હું તારા પ્રતિ વળું છું અને મારું આખુંયે સ્વરૂપ તારા દિવ્ય સાંનિધ્ય-થી સભર બની રહે છે. મારી હવે પ્રાર્થના છે કે મને પ્રત્યેક પદાર્થમાં

કેવળ તારું જ દર્શન થાઓ, બધી જ વસ્તુઓ તારા દિવ્ય પ્રકાશ વડે ઝળહળી રહો. ઓ, જગતમાંના તિરસ્કારો હવે શાંત થઈ જાઓ, દ્વેષમાત્ર નિર્મૂળ થઈ જાઓ, સર્વભય અદૃશ્ય થઈ જાઓ, શંકાઓ ઉચ્છેદ પામી જાઓ, દુરિચ્છાઓ જિતાઈ જાઓ, અને આ નગરમાં, આ દેશમાં, આ પૃથ્વી ઉપર સર્વ હૃદયો રૂપાન્તર માત્રના મૂળરૂપ એવા આ ભવ્ય પ્રેમનાં આંદોલનોને પોતાની અંદર અનુભવો.

ઓ પ્રભુ, હું કેવા તો આર્દ્રભાવે તારો પ્રેમ પામી રહી છું. મારી પ્રાર્થના છે કે મારી અભીપ્સા એવી તો તીવ્ર બની રહે કે જગતમાં સર્વત્ર એના જેવી જ અભીપ્સા જાગે; ઓ, જગતમાં દયાળુતા, ન્યાય અને શાંતિનું જ સર્વોચ્ચ શાસન બની રહો, અજ્ઞાન-ભર્યો અહંકાર પરાસ્ત થઈ જાઓ, તારા પુનિત પ્રકાશ વડે અંધારાં એકાએક જ પ્રકાશિત થઈ જાઓ; જેને આંખ નથી તે દેખતાં બનો, જે બહેરાં છે તે સાંભળતાં બનો, હર સ્થાનમાં તારા શાસનની ઘોષણા બનો, અને સર્વ મનુષ્યો એક સતત પ્રગતિમાન એવી એકતામાં પહોંચો, વધુ ને વધુ પૂર્ણ બનતા સંવાદમાં પહોંચો; સર્વ કોઈ જાણે એક જ વ્યક્તિ હોય તેમ, તારા પ્રતિ પોતાના હાથ પ્રસારો, તારી સાથે એકરૂપ બની રહો, અને પૃથ્વી ઉપર તારું પ્રાકટ્ય રચો.

ઓ પ્રભુ, મારું મન અંતર્મુખ બન્યું છે, મારું હૃદય સૂર્ય-પ્રકાશથી ઝળહળી રહ્યું છે. હું તને સર્વ ભાવે મારું સમર્પણ કરું છું અને આ 'હું' તારામાં અદૃશ્ય થઈ જાય છે!

*
**

૧૦ એપ્રિલ ૧૯૧૪

એકાએક પરદો હઠી ગયો, ક્ષિતિજ પ્રગટ થઈ અને એ સ્પષ્ટ પ્રકાશમાં મારી આખી ચેતના, કૃતજ્ઞતાથી છલકાઈને તારાં ચરણોમાં ઢળી પડી. આવો ગહન અને સભર આનંદ ઊભરાઈ રહ્યો હતો છતાં ક્યાંય ક્ષોભ ન હતો. સર્વત્ર શાશ્વતીની શાંતિ વ્યાપેલી હતી.

હવે જાણે મારામાં કોઈ મર્યાદાઓ રહી નથી. દેહભાવ ચાલ્યો

ગયો છે. ઈન્દ્રિયોનાં સંવેદનો, લાગણીઓ, વિચારો એમાંનું કશું રહ્યું નથી. એક નિર્મળ, વિશુદ્ધ, પ્રશાંત વિરાટ વિશાળતા જ માત્ર વ્યાપી રહી છે. પ્રેમ અને પ્રકાશથી એ તરબોળ બનેલી છે. એક શબ્દાતીત આનંદ એમાં છલકાઈ રહ્યો છે. હવે તો જાણે કે આ જ મારું સ્વરૂપ છે. અને આ 'હું' તે મારા પૂર્વ કાળના સંકુચિત, સ્વમગ્ન 'હું'થી એટલું તો જુદું છે કે એ તે 'હું' છું કે 'તું' તે કહેવું મુશ્કેલ છે, મારા પ્રભુ! અમારા ભાગ્યવિધાતા!

જાણે કે સર્વ પદાર્થો શક્તિ, ધૈર્ય, બલ, તપસ, અનંત માધુર્ય, અતુલિત કરુણાસ્વરૂપ બની ગયા છે............

છેલ્લા કેટલાયે દિવસો કરતાં વધુ જોરદાર રીતે મારો ભૂતકાળ મરી પરવાર્યો છે અને જાણે કે એક નૂતન જીવનનાં કિરણો હેઠળ દટાઈ ગયો છે. જ્યારે આ નોંધપોથીનાં થોડાંક પાન મેં હમણાં વાંચ્યાં ત્યારે મેં ભૂતકાળમાં છેલ્લું ડોકિયું કરી જોયું અને ત્યારે મને નિશ્ચિતપણે ખાતરી થઈ ગઈ કે એ મરી ગયો છે. એને લઈને મારી ઉપરથી એક મોટો બોજો ઊંચકાઈ ગયો છે અને હવે, હે મારા દિવ્યગુરુ, હું તારી સમક્ષ એક બાળક સરખી સરળતાપૂર્વક, આવરણો વિનાની આવીને ઊભી રહું છું.... અને છતાં જે એક વસ્તુ મારા લક્ષમાં આવે છે તે છે સ્થિરતા અને નિર્મળ વિશાળતા........

પ્રભુ, મારી પ્રાર્થનાનો જવાબ તેં આપ્યો છે. મેં તારી પાસેથી માગ્યું તે તેં મને આપ્યું છે. 'હું' અદૃશ્ય થઈ ગયું છે. હવે તો તારી સેવામાં સમર્પિત થયેલું એક નમ્ર કરણ જ માત્ર હસ્તીમાં છે. તારી અનંત અને શાશ્વત જ્યોતિને એકાગ્ર બનવા માટેનું, પ્રગટ થવા માટેનું એ એક કેન્દ્ર જ બની રહ્યું છે. મારું જીવન તેં અપનાવી લીધું છે, તેને તારું બનાવી દીધું છે. મારી ઇચ્છાશક્તિને તેં લઈ લીધી છે અને તારી ઇચ્છાશક્તિ સાથે તેને જોડી દીધી છે. તેં મારો પ્રેમ લીધો છે અને તારા પ્રેમ સાથે તેને એકરૂપ કરી દીધો છે. તેં મારા ચિત્તને લઈ લીધું છે. અને તેને સ્થાને તારી પરમ ચેતનાને સ્થાપી આપી છે.

અદ્ભુત રસથી ઊભરાતું મારું શરીર તારી ચરણધૂલિમાં પોતાનું મસ્તક મૂકી અને નમ્રભાવે ઢાળી રહ્યું છે.

તારા સિવાય હવે બીજું કશું હસ્તીમાં નથી રહ્યું. તારી અક્ષય શાંતિની જ્યોતિ ઝળહળી રહી છે.

*
**

કારિકલ, ૧૩ એપ્રિલ ૧૯૧૪

સર્વ વસ્તુઓએ જાણે સંતલસ કરીને મને એક આદતોનું ભરેલું પ્રાણી બનતી અટકાવી છે, અને આ નવીન અવસ્થામાં આ સંકુલ અને અસ્થાયી પરિસ્થિતિમાં, હું કદી પણ આટલી બધી પૂર્ણપણે તારી અવિકારી શાંતિમાં જીવી નથી, અથવા એમ કહેવાય કે, 'હું 'પણ આટલા બધા પૂર્ણ અંશે કદી પણ અદૃશ્ય થઈ ગયું નથી કે જ્યારે કેવળ જીવવા માટે તારી દિવ્ય શાંતિને જ બાકી રાખી હોય. સર્વ કાંઈ સુંદર, સંવાદપૂર્ણ અને નિશ્ચલ છે, સર્વ કાંઈ તારા વડે સભર ભરેલું છે. તું જ ઝળહળાં થતા સૂર્યમાં પ્રકાશે છે, જે મધુર હવાની લહર આવે છે તેમાં તારો સ્પર્શ લાધે છે, તું અમારાં હૃદયોમાં તારી જાતનો આવિર્ભાવ કરે છે અને સર્વે સ્વરૂપોમાં જીવન ધારણ કરે છે. એવું કોઈ પ્રાણી કે વૃક્ષ નથી કે જે મને તારી વાત ન કરતું હોય અને જ્યાં જ્યાં મારી નજર પડે છે ત્યાં તારું નામ લખેલું દેખાય છે.

હે મારા મધુર પ્રભુ; શું આખરે તેં મારી એ વિનંતી માન્ય રાખી છે કે હું પૂર્ણપણે તારી બની રહું અને મારી ચેતના નિશ્ચયાત્મક રીતે તારી ચેતના સાથે જોડાઈ જાય ? આવા ભવ્ય સુખની પ્રાપ્તિ લાયક બનવા માટે મેં શું કર્યું છે ? મેં તો કેવળ એની કામના એવી છે અને સતતપણે એનો સંકલ્પ સેવ્યો છે, અને એ તો બહુ થોડું છે.

પરંતુ, હે પ્રભુ, હવે જ્યારે તારી એવી મરજી છે અને મારો

કોઈ સંકલ્પ મારામાં જીવતો નથી, ત્યારે તું આ સુખને સૌને માટે લક્ષ્ય બનાવી શકે છે અને એના અસ્તિત્વના કારણુ તરીકે વધુમાં વધુ સંખ્યાવાળાં સ્વરૂપોને તારું દર્શન થાય એવું કરી શકે છે.

ઓ, સૌ કોઈને તારું જ્ઞાન થાઓ, તેઓ તને પ્રેમ કરે, તારી સેવા કરે; સૌ કોઈને આ પરમ આત્માર્પણુનો લાભ મળો.

હે પ્રેમ, દિવ્ય પ્રેમ, વિશ્વમાં ફેલાઈ જાય, જીવનને પુનર્જિવિત કર, બુદ્ધિને આલોકિત કર, અહંકારના બંધ તોડી નાખ, અજ્ઞાનનો અવરોધ દૂર કર અને પૃથ્વીનો પ્રભાપૂર્ણ સ્વામી બની રહે.

*
**

પોંડિચેરી, ૧૭ એપ્રિલ ૧૯૧૪

હે પ્રભુ, હે સર્વશક્તિમાન ગુરુ, એકમાત્ર સત્ય, મારા હૃદયમાં અને વિચારોમાં કોઈ ક્ષતિ, કોઈ તમોમયતા, કોઈ પણ ઘાતક અજ્ઞાનને પ્રવેશવા દઈશ નહિ.

તારા સંકલ્પો અને શક્તિઓને ક્રિયમાણ કરવા માટે વ્યક્તિભાવ એ એક અનિવાર્ય અને જરૂરી સાધન છે.

વ્યક્તિત્વ જેટલું વધુ બળવાન, વધુ સંકુલ, શક્તિશાળી, આત્મગત અને સચેતન હશે તેટલા પ્રમાણુમાં એ વધુ બળપૂર્વક અને ઉપયોગી સાધન તરીકે સેવા આપી શકશે. પરંતુ, વ્યક્તિત્વનો પોતાનો સ્વભાવ જ એવો છે કે એ સહેલાઈથી પોતાના અલગ અસ્તિત્વના ઘાતક ભ્રમમાં પડી જવા જાય છે અને એમ કરીને ધીરે ધીરે, તારી અને તું જે કાર્ય કરવાનો સંકલ્પ કરતો હોય છે તેની વચ્ચે એક આવરણુરૂપ બની રહે છે. આવિર્ભાવની શરૂઆતમાં આમ બનતું નથી, પણ જ્યારે શક્તિઓ પોતાનું કાર્ય પાર પાડીને પ્રત્યાગમન કરતી હોય છે, અર્થાત્ તારું કાર્ય પાર પાડવા માટે જે શક્તિઓને કાર્યરત કરવામાં આવી હોય છે, જે શક્તિઓ તારી છે અને તેમને તારી પાસે પાછી લાવી આપવાની છે તે લાવી આપનાર વફાદાર સેવક—માધ્યમ—

બનવાને બદલે વ્યક્તિમાં આ બળોમાંથી થોડોક ભાગ પોતાને માટે રાખી મૂકવાનું વલણ હોય છે, એ એમ વિચારે છે કે "આ કે તે વસ્તુ કરનાર હું છું, મારો આભાર મનાય છે...." વિઘાતક ભ્રમ, તમોગ્રસ્ત અસત્ય, હવે તમે ખુલ્લાં પડી જણાઈ ગયાં છો. કાર્યના ફળને કોરી ખાનારો દુષ્ટતાપૂર્ણ કીડો આ છે, કાર્યનાં સર્વ પરિણામોને એ જ ખોટાં પાડે છે.

હે પ્રભુ, હે મારા મધુર ગુરુ, એકમાત્ર સત્ય, આ 'હું'પણાની લાગણીને દૂર કર. હવે મને સમજણ પડી છે કે જ્યાં સુધી આ આવિર્ભૂત વિશ્વ હશે ત્યાં સુધી, તારી અભિવ્યક્તિને માટે 'હું'ની જરૂર રહેશે; આ 'હું'ને ઉતારી પાડવા કે નિર્બળ કરવાથી તો તારી અભિવ્યકિતનાં સાધનોને તારી પાસેથી લઈ લેવા જેવું થાય. પરંતુ પોતાનો 'હું' સર્વથી અલગ છે એવો ભ્રમમૂલક વિચાર, લાગણી અને ભાવનાને ધરમૂળથી અને નિશ્ચયાત્મક રીતે દબાવી દેવાં જોઈએ. અમારે કોઈ પણ ક્ષણે, કોઈ પણ પરિસ્થિતિમાં એ ભૂલવું ન જોઈએ કે અમારા 'હું'ને તારાથી અલગ અસ્તિત્વ છે જ નહિ.

હે મારા મધુર ગુરુ, મારા દિવ્ય પ્રભુ, મારા હૃદયમાંથી આ ભ્રમનું ઉન્મૂલન કરી નાખ કે જેથી આ તારી સેવક શુદ્ધ અને વફાદાર બની રહે અને પૂર્ણ વફાદારી સાથે તારું જે કાંઈ છે તે તારી પાસે લાવી મૂકે. આ અજ્ઞાનની પરાકાષ્ટાને સમજવા માટે મને નીરવતામાં ધ્યાન કરાવ કે જેથી તે હંમેશને માટે દૂર થઈ જાય. મારા હૃદયમાંથી પડછાયાને ભગાડી મૂક અને એના એકમાત્ર સમ્રાટ્રૂપ તારા પ્રકાશના સામ્રાજ્યનું તેમાં સ્થાપન કર.

*
**

૧૮ એપ્રિલ ૧૯૧૪

ગઈ કાલે સાંજે છેલ્લું આવરણ છેદાવાની તૈયારીમાં હતું, અંધ અને અજ્ઞાન વ્યક્તિભાવનાનો છેલ્લો ખીલો નમતું જોખવાની તૈયારી-

માં છે એમ લાગતું હતું. પહેલી જ વાર મેં જાણ્યું કે વ્યક્તિત્વ-ના ભાન વિનાની સેવા કેવી હોઈ શકે, અને પૂર્ણ સિદ્ધિથી મને અલગ રાખનાર અવરોધ મને બહુ નાજુક, લગભગ અદૃશ્ય થઈ જવાની અણી ઉપર હોય એમ લાગ્યું હતું. પરંતુ મારી બાહ્ય ફરજોની જરૂરિયાતોએ મને આ કલ્યાણકારી અને સુખદાયી ચિંતનમાંથી બહાર ખેંચી આણી, અને જે ક્ષણે મને બાહ્ય ચેતના પ્રત્યે પાછી વળવાની ફરજ પડી, તે ક્ષણે જ પેલું આવરણ પાછું ઢંકાઈ ગયું છે અને પ્રથમના કરતાં પણ મને અંધકારઘેરું લાગે છે. આટલા બધા મહાન પ્રકાશની અનુભૂતિ પછી આવી અંધારરાત્રીની અચેતનામાં પતન થવાનું શું કારણ હશે ?

હે પ્રભુ, પ્રભુ, શું તું મને આખરે અજ્ઞાનમાંથી મુક્ત બનીને તારી સાથે એકરૂપ નહિ બનવા દે ? હવે જ્યારે મેં આટલી સારી રીતે જાણ્યું અને જોયું છે કે પૃથ્વી ઉપરનું કાર્ય કયું છે, ત્યારે શું હું એને સિદ્ધ કરવાને સમર્થ નહિ બનું ? તો પછી શું મારે અજ્ઞાન અને ભ્રમની સાથે જ જડાઈ રહેવાનું છે ?

આટલા બધા મહાન અને શુદ્ધ પ્રકાશ પછી આવી આ રાત્રીનું કેમ આગમન થયું, કેમ ? મારું સારુંયે સ્વરૂપ એ વેદનાગ્રસ્ત આજીજી-પૂર્વક ખેંચાઈ રહ્યું છે.

હે પ્રભુ, મારી ઉપર દયા કર !

*
**

૧૯ એપ્રિલ ૧૯૧૪

બાહ્ય કર્મમાં સક્રિયપણે જોડાયેલા રહેવું અને છતાં આપણો વિચાર અવિરતપણે તારી ઉપર સ્થાપી રાખવો, અને તારી સાથે એક એવા પૂર્ણ એકત્વમાં પ્રવેશ કરવો જે હું જેને "પરાત્પર ચેતના, સત્ય સર્વજ્ઞતા, જ્ઞાન-સ્વરૂપ" કહું છું, તેમાં એક આખો ફેર પડી જાય છે. જ્યારે અમે તારી ઉપર અમારો વિચાર સ્થાપી રાખ્યો હોય છે અને કાર્ય કરતાં જતાં હોઈએ છીએ ત્યારે પણ, અમે એક એવા

આંધળા મનુષ્ય જેવાં હોઈએ છીએ જે પોતાને કયી દિશાએ જવું છે તે જાણુતો હોય છે, પરંતુ પોતે જે માર્ગે જઈ રહ્યો હોય છે તેના વિષે તે કાંઈ જાણુતો નથી હોતો અને પોતે એવી કયી રીતે ચાલવું કે જેથી કોઈ પણુ વસ્તુ પોતાના ધ્યાન બહાર ન જાય તેની એને ખબર નથી હોતી. આથી ઊલટું, બીજી એક અવસ્થા એવી હોય છે, જેમાં પૂર્ણ પ્રકાશ સાથે ચોખ્ખી દૃષ્ટિ હોય છે, નાનામાં નાની તકનો સદુપયોગ કરવામાં આવતો હોય છે, ક્રિયામાં ભવ્યતા હોય છે, પરિણામ પણુ મહાન હોય. અને જો બીજા પ્રકારની અવસ્થા પ્રાપ્ત કરવા માટે પ્રથમ પ્રકારનું વલણુ ધરાવવું જો અનિવાર્ય હોય તો અમારે કોઈ પણુ ક્ષણે કામ કરતા અટકવું ન જોઈએ, સંપૂર્ણ અદ્વૈત પ્રાપ્ત કરવા માટે જે પ્રયત્ન કરવાનો હોય છે તેમાંથી પાછા ન હઠવું જોઈએ.

પરંતુ મારું હૃદય શાંતિમાં છે, મારા વિચારો અધીરતાથી મુક્ત છે, અને હું મારી જાતને, એક બાળક સરખા સ્મિતપૂર્ણ વિશ્વાસ સાથે સમર્પી દઉં છું.

તારી શાંતિનું સામ્રાજ્ય સર્વ સ્થળે ફેલાઓ.

*
**

૨૦ એપ્રિલ ૧૯૧૪

જ્યારે મેં આટલી બધી આશાઓ બાંધી હતી, જ્યારે હું એમ માનતી થઈ ગઈ હતી કે હવે મારું બાહ્ય સ્વરૂપ પણુ તારા લક્ષ્યને સિદ્ધ કરવા માટેનું અનુકૂળ સાધન બની રહેવાનું છે, જ્યારે મેં આ ભારે ભરકમ અને તમોગ્રસ્ત અહંકારમાંથી મુક્તિ પામવાની આશા રાખી હતી ત્યારે, હજી હું જોઉં છું કે આવી મહેચ્છા ધારણુ કરતા પહેલાં હું લક્ષ્યથી જેટલી દૂર હતી, જેટલી અજ્ઞાન, જેટલી અહંકારી હતી તેટલી જ હું હજી છું. અને ફરી એક વાર અચેતનાનાં ક્ષેત્રો ઉપર થઈને મારો માર્ગ અનંતપણે લંબાઈને પથરાઈ રહે

છે. પેલું ભવ્ય બારણું ફરીથી બંધ થઈ ગયું છે અને ફરી એક વાર હું મને એ આશ્રયસ્થાનના ઉમરાની બહાર બેઠેલી અને એમાં પ્રવેશ કરવાની કોઈ પણ જાતની શક્તિ વિનાની હોવાનું અનુભવું છું. પરંતુ હું દરેક વસ્તુને સ્મિતભરી દૃષ્ટિ વડે, હૃદયમાંથી જરા પણ ચલિત થયા વિના, જોતાં શીખી છું. હું તો, હે મારા દિવ્ય ગુરુ, તારી પાસે એટલું જ માગું છું કે મારાથી કોઈ ભૂલો ન થાય; ભલે આ કરણને અમુક સમય માટે અચેતનામાં દેશવટો આપવામાં આવ્યો હોય, તો પણ, એવું કર કે જેથી એ વફાદારીપૂર્વક અને નમ્રભાવે તારા દિવ્ય નિયમથી પોતાને દોરવાવા દે.

હે પ્રભુ, હું તને એક ઊંડા અંતરના અને શુદ્ધ ભક્તિભાવથી નમન કરું છું. ઓહ! સૌ હૃદયોના પરમ સ્વામી....

*
**

૨૩ એપ્રિલ ૧૯૧૪

બધા નિયમો અદૃશ્ય થઈ ગયા છે, સાધનાની નિયમિતતા ચાલી ગઈ છે, બધો પ્રયત્ન અટકી પડ્યો છે; અને આ બધું મારી પોતાની ઇચ્છાથી નથી થયું, અને હું ધારું છું; કે બેદરકારીમાંથી પણ નથી થયું. સંજોગો એવા ઊભા થયા છે કે આવી સ્થિતિ બનવા પામી છે. મને લાગે છે કે આ આંતરિક સંકલ્પશકિત, કે જે આમ તો હમેશાં જાગૃત રહે છે, જે સુકાનીની જેમ સુકાન ઉપર બેઠેલી છે, તે કાં તો વરાળ થઈને ઊડી ગઈ છે અથવા તો ઊંઘમાં ઢળી ગઈ છે, અને મારું સ્વરૂપ, કોઈક વસ્તુ શાંતિપૂર્વક સમર્પિત થઈ ગઈ હોય અને પ્રવાહ તેને જેમ લઈ જાય તેમ વહી જતી હોય તેના જેવું બની રહ્યું છે. અને હું એ આશાને સાચવી રાખવા માગું છું કે આ પ્રવાહને દોરનાર તે, ઓ પ્રભુ, તું જ છે. પરંતુ ખરેખર કોઈ વાર જો મેં અતિશય જડ બની જઈને તથા મુલાયમતા અને સાહજિકતાના અભાવને લીધે ભૂલો કરી છે, તો એમ પણ બની શકે છે કે હું એથી ઊલટી રીતની અતિશયતા આચરીને ભૂલ કરી શકું

છું. હું જે સ્થિતિમાં છું, તેને મેં શાંતિપૂર્વક સ્વીકારી લીધી છે અને મારી જાતને કહી રહી છું કે તને જ્યારે યોગ્ય લાગશે ત્યારે તું મને સાચી ચેતનાનું, પરમ ચેતનાનું દાન આપશે જ.

આ આખુંયે ગતિમાન જગત તે જાણે એક ભજવાઈ રહેલું નાટક હોય એમ હું જોઈ રહી છું, અને એ નાટક સાચું અને મહત્ત્વનું છે એમ જાણે હું માનતી હોઉં એવી જ ખાતરીપૂર્વક અને શક્તિપૂર્વક હું એમાં ભાગ લઈ રહી છું. આ બધું એક ઘણી જ નવીન વસ્તુ છે. પરંતુ આમાં એક વાત તો ચોક્કસ છે કે મારું મન તથા હૃદય, એમણે પહેલાં કદી ન અનુભવેલો હોય તેવો, પૂર્ણ આરામ ભોગવી રહ્યાં છે. આમાંથી શું પરિણામ આવશે એ તો હું જાણતી નથી, પણ ઓ પ્રભુ, મેં તારામાં વિશ્વાસ મૂકી દીધો છે; તારા કરણને કેવી રીતે વાપરવું અને વિકસાવવું એ તું સારામાં સારી રીતે જાણે છે.

*
**

૨૮ એપ્રિલ ૧૯૧૪

તું જગતનો સ્વામી છે; તારો નિયમ અમારી સમક્ષ ચોકસાઈ-પૂર્વક ખુલ્લો થઈ રહ્યો છે, અને પૅરિસથી નીકળતાં પહેલાં જેમ મેં ધાર્યું હતું, અથવા એમ કહીએ કે, જેમ તેં મને સમજાવ્યું હતું, તેમ એ માર્ગ ઉત્તમમાં ઉત્તમ છે, એ જ તારા કાર્યને વિશ્વમાં ઉત્તમમાં ઉત્તમ રીતે બજાવી શકે તેમ છે, અને એમ જ બન્યું છે.

એક આનંદાવધિ સાથે મેં તારા અંધકાર અને ભૂલો ઉપર અંકુશ ધરાવતી અને આત્મવંચનાની શકિત અને તેના દેખીતા વિજય ઉપર, એક અદ્ભુત અને શાશ્વત પ્રભાતની માફક ઝળહળી રહેલી તારી શક્તિ સાથે અનુસંધાન કર્યું છે. સર્વ વસ્તુઓ પ્રકાશમાં ખુલ્લી થઈ ગઈ છે, સત્યનિષ્ઠાના પૂર્ણ પ્રકાશ પ્રત્યે, અમે એક ડગલું આગળ વધ્યાં છીએ, અને આ પૂર્ણ પ્રકાશ જ તારા પૃથ્વી ઉપરના સામ્રાજ્ય-નું પ્રથમ સોપાન હશે.

હે; અલક્ષ્ય ભવ્યપ્રભા; હે અવિદ્યા ઉપર વિજય પ્રાપ્ત કરનાર સર્વ અહંકારો ઉપર જીત મેળવનાર; હે અમારાં હૃદયોને પ્રકાશિત કરનાર અને અમારાં મનને આલોકિત કરનાર; હે જ્ઞાન અને પ્રેમ-સ્વરૂપ, મને તારી એકતાની ચેતનામાં અવિરતપણે જીવવા દે, હું હમેશાં તારા સંકલ્પની અનુસાર વર્તું એમ કર.

એક માનભાવપૂર્ણ અને મૂક ભક્તિભાવમાં હું તને આ વિશ્વના સમ્રાટ તરીકે નમન કરું છું!

*
**

૨ મે ૧૯૧૪

માનવની સર્વ કલ્પનાઓ, અદ્‌ભુતમાં અદ્‌ભુત કલ્પનાઓથી પણ ઉપર જઈને, માનવની સર્વ લાગણીઓ, વધુમાં વધુ ઉન્નત લાગણીઓથી પણ ઉપર જઈને, ભવ્યમાં ભવ્ય અભીપ્સાઓ અને પ્રાણના શુદ્ધમાં શુદ્ધ ઉત્સાહોથી ઉપર જઈને, પરમ પ્રેમ, પરમ જ્ઞાન સ્વરૂપનું અદ્વૈત એ બધાથી ઉપર જઈને, હું તારી સાથે સતત સંપર્કમાં રહેવા માગું છું, પ્રભુ. સર્વ પ્રકારના અંતરાયોથી મુક્ત થઈને હું તારા જ સ્વરૂપે બની રહીશ; આ શરીર દ્વારા તું જ જગતને જોતો રહેશે; આ કરણ દ્વારા તું જ જગતની અંદર કાર્ય કરતો રહેશે.

મારામાં પૂર્ણ નિશ્ચિતતાની સ્વસ્થ ગંભીરતા આવી રહી છે.

*
**

૩ મે ૧૯૧૪

હે દિવ્ય પ્રેમ, પરમ જ્ઞાન, પૂર્ણ અદ્વૈત, તને દિવસની પ્રત્યેક ક્ષણે હું પુકાર કરતી રહું છું; કે જેથી એમ કરતાં કરતાં હું તારા સિવાય અન્ય કાંઈ જ બની રહું નહિ.

કરણ, પોતે કરણ છે એવી સભાનતાવાળું બનીને, તારી સેવા કરો, અને સારીયે ચેતના, તારી ચેતનામાં નિમજ્જિત થઈ જઈને,

તારી દિવ્ય દૃષ્ટિ વડે સર્વ વસ્તુઓનું ચિંતન કરો.

હે પ્રભુ, પ્રભુ, મારી પ્રાર્થના છે કે તારી ચક્રવર્તી શક્તિ પોતાનો આવિર્ભાવ કરો; મારી પ્રાર્થના છે કે તારું કાર્ય સિદ્ધ થાઓ અને તારો સેવક અનન્ય ભાવે તારી સેવામાં સમર્પિત થઈ જાઓ.

'હું' સદાયને માટે અદૃશ્ય થઈ જાઓ, કેવળ કરણ જ એકલું જીવંત રહો.

*
**

૪ મે ૧૯૧૪

તારી અંદર અને તારા કાર્યની અંદર એકી સાથે નિમજ્જિત થઈ જવું.... એક મર્યાદિત વ્યક્તિતા તરીકે હવે ન રહ્યું.... એક બિંદુ દ્વારા પોતાનો આવિર્ભાવ કરતી તારી શક્તિઓની અનંતતા બની રહેવું.... સર્વ પ્રકારના અંતરાયો અને સર્વ પ્રકારની મર્યાદિતતાઓ-માંથી મુક્ત થઈ જવું.... મર્યાદિત કરી મૂકતા વિચારમાત્રથી ઉપર ચાલ્યા જવું.... કર્મથી પર થઈ જઈને કર્મ કરતા રહેવું.... વ્યક્તિ-તાઓમાં અદ્વૈતનાં, તારા પ્રેમના અદ્વૈતનાં, તારા જ્ઞાનનાં, તારા સ્વરૂપનાં જ દર્શન કરતા રહી તેમની દ્વારા અને તેમના માટે કાર્ય કરવું.... હે મારા દિવ્ય ગુરુ, શાશ્વત શિક્ષક, અનન્ય વાસ્તવિકતા, તારી સેવા માટે, જગતમાં તારા આવિર્ભાવ માટે તેં આ જે પુદ્ગલ રચ્યો છે તેમાં રહેલા સર્વ અંધકારને વિખેરી નાખ. એની અંદર એ પરમ ચેતનાને સિદ્ધ કરી આપ કે જે સર્વત્ર એના જેવી જ ચેતનાનું સર્જન કરે.

એ, સતત બદલાયા કરતા આભાસો હવે જોઈતા નથી, સર્વ કોઈની અંદર અને સર્વત્ર કેવળ તારી જ અધિકારી એકતાનું ચિંતન કરતા રહીએ.

હે પ્રભુ, મારું સારુંયે સ્વરૂપ એક અદમ્ય આરજૂથી તારા પ્રતિ પુકાર કરે છે; શું તું એ મંજૂર નહિ કરે કે મારી સમગ્ર ચેતનામાં

હું તારા સ્વરૂપે જ બની રહું, કેમ કે હકીકતમાં તો હું તે તું છું અને તું તે હું છે.

*
**

૯ મે ૧૯૧૪

જે ક્ષણે મને એમ થયું કે મારા પર ચડી આવતા આ માનસિક તમસમાંથી બહાર નીકળી આવવા માટે મારે આ નોંધપોથી ફરી પાછી નિયમિત રીતે લખવી એ ખૂબ જ જરૂરનું છે તે જ ક્ષણે મારા શરીર તંત્રને એક એવા તો પરાજયનો અનુભવ થયો કે કેટલાંયે વરસો સુધી મેં એવું અનુભવ્યું નહોતું અને થોડાક દિવસો સુધી તો મારી સર્વ શારીરિક શક્તિઓ ચાલી ગઈ. એમાંથી મને એ અણસાર મળી આવ્યો છે કે મેં એક ભૂલ કરી દીધી છે, મારી આધ્યાત્મિક શક્તિ દુર્બળ થઈ ગઈ છે, મારું સર્વશક્તિમાન અદ્વૈતનું જે દર્શન હતું તે ઝાંખું થઈ ગયું છે, કોઈક દુષ્ટ સૂચન મને ક્ષુબ્ધ કરી મૂકવામાં કોઈક રીતે સફળ બની ગયું છે, અને મેં લળી લળીને તને પ્રણામ કર્યા, પ્રભુ, મારા મધુર ગુરુ, વિનમ્ર બની જઈને, અને મને એ સભાનતા આવી કે તારી સાથે પૂર્ણ તાદાત્મ્યતા પ્રાપ્ત કરવા માટે હું હજી પક્વ બનેલી નથી. આ પુદ્દગલ કે જેને હું તારી સેવામાં મૂકી શકું તેવું એક કરણ છે તેનામાં હજી કાંઈક અંધકારમય અને બેસમજભરેલું તત્ત્વ રહેલું છે, કોઈક વસ્તુ હજી એવી છે કે જે તારી શક્તિઓ પ્રત્યે તેણે જેવો જવાબ વાળવો જોઈએ તેવો વાળતી નથી, એ શક્તિઓના આવિર્ભાવને તે વિકૃત કરી નાખે છે અને ઢાંકી દે છે....

મારી સમક્ષ એક મહાન પ્રશ્ન આવીને ખડો થઈ ગયો હતો અને માંદગીએ આવીને તેના ઉપર પોતાનો ઓછાડ ઓઢાડી દીધો હતો અને મને તેનું નિરાકરણ કરતાં રોકી રાખી હતી. હવે હું તારી સાથેના અદ્વૈતના ભાવમાં ફરીથી જીવી રહી છું ત્યારે એ એ પ્રશ્નનો

કાંઈ અર્થ દેખાતો નથી અને હું તેને બહુ સારી રીતે સમજવા પામતી નથી.

મને લાગે છે કે મેં કોઈક વસ્તુને ખૂબ દૂર દૂર પાછળ મૂકી દીધી છે, મને લાગે છે કે હું ધીરે ધીરે એક નવા જીવન પ્રત્યે જાગૃત થઈ રહી છું. હું ઇચ્છું છું કે એ વસ્તુ એક ભ્રાંતિ જેવી ન બની રહે, અને પેલી ગહન અને સ્મિતભરેલી શાંતિ પાછી હંમેશને માટે આવી જાય.

હે મારા મધુર ગુરુ, મારો પ્રેમ તારા પ્રત્યે પહેલાં કદી પણ હતો તે કરતાં વધારે તીવ્રતાથી અભીપ્સા સેવી રહ્યો છે; મને જગતની અંદર તારો જીવંત પ્રેમ બની રહેવા દે, એ સિવાય બીજું કાંઈ જ નહિ! સારોયે અહંકાર, બધી જ મર્યાદિતતા, બધી જ અંધારમયતા અદૃશ્ય થઈ જાઓ; મારી ચેતના તારી ચેતના સાથે એકરૂપ બની જાઓ અને એ રીતે આ ભંગુર અને ક્ષણજીવી કરણ દ્વારા જે ઇચ્છા કામ કરે તે કેવળ તું જ હો એમ બનો.

હે મારા મધુર ગુરુ, કેવી તો આતુરતાપૂર્વક મારો પ્રેમ તારા પ્રત્યે અભીપ્સા કરી રહ્યો છે....

મારી પ્રાર્થના છે કે હું કેવળ તારો જ દિવ્ય પ્રેમ બની રહું અને સૌ કોઈનામાં આ પ્રેમ પ્રબળ અને વિજયી બનીને જાગૃત થાઓ.

મને સારીયે પૃથ્વીને છાઈ વળતા પ્રેમના એક વિરાટ ઝબ્બા જેવી થઈ જવા દો, એ પ્રેમ સર્વ હૃદયોની અંદર પૂરેપૂરો પ્રવેશ કરો, સર્વ કર્ણોની અંદર તે આશા અને શાંતિના તારા દિવ્ય સંદેશનું ગુંજન કરતો બનો.

હે મારા દિવ્ય ગુરુ, કેવા તો આતુર ભાવે હું તારા પ્રત્યે અભીપ્સા કરી રહી છું! અંધકાર અને ક્ષતિની બનેલી આ સાંકળોને તોડી નાખ, આ અજ્ઞાનને વિખેરી નાખ, મને મુક્ત કરી દે, મુક્ત કરી દે, તારા પ્રકાશનાં મને દર્શન કરાવ....

આ સાંકળોને તોડી નાખ, તોડી નાખ... હું સમજવા ઇચ્છું

છું, બની રહેવા ઇચ્છું છું. એટલે કે આ 'હું' તે તારો 'હું' બની રહેવો જોઈએ, જગતની અંદર કેવળ એક જ 'હું' રહેવો જોઈએ.

હે પ્રભુ, મારી પ્રાર્થના મંજૂર કર, મારી વિનંતી તારા પ્રત્યે તીવ્ર ભાવે ચડી રહી છે.

*
**

૧૦ મે ૧૯૧૪

તારો મધુર આનંદ, પ્રભુ, મારા હૃદયને ભરી રહ્યો છે; તારી નીરવ શાંતિ મારા મન ઉપર રાજ્ય કરી રહી છે. સર્વ કાંઈ વિશ્રાંતિ-રૂપ બની રહ્યું છે, શક્તિ, એકાગ્રતા, પ્રકાશ અને ગાંભીર્યરૂપ બની રહ્યું છે; અને એ સર્વને કશી મર્યાદા રહી ન ી, એમાં કશો વિચ્છેદ નથી. આ તે શું આ પૃથ્વી કે સારુંયે વિશ્વ મારી અંદર આવીને રહેતું થયું છે કે કેમ, એ તો હું જાણુતી નથી, પણ આ ચેતનામાં કેવળ તું જ પ્રભુ, આવીને વાસ કરી રહ્યો છે અને એને સજીવન રાખી રહ્યો છે; એમાં જોનાર તે તું જ છે, તું જ જ્ઞાનને પામનારો છે, તું જ કાર્યને કરનારો છે. કેવળ તને જ હું સર્વત્ર જોઈ રહી છું, અથવા કહો કે હવે કોઈ 'હું' જ રહ્યો નથી, સર્વ કાંઈ એક જ રૂપે છે અને એ એકતા તે તું પોતે છે.

વિજય હો તારો, હે પ્રભુ, હે જગતના સ્વામી, સર્વ વસ્તુ-ઓમાં તું પ્રકાશી રહ્યો છે.

*
**

૧૨ મે ૧૯૧૪

મને વધુ ને વધુ એમ થઈ રહ્યું છે કે અમે પ્રવૃત્તિના એક એવા તો ગાળામાં આવી ગયાં છીએ કે જેમાં અમારા ભૂતકાળના પ્રયત્નોનું ફળ પ્રગટ થવા લાગ્યું છે. આ એક એવો તો ગાળો છે કે જેમાં અમે તારા નિયમ પ્રમાણે કામ કરતાં હોઈએ છીએ અને તે એ નિયમ

## સુધારો

પૃષ્ઠ ૯૫ ઉપર બીજા ફકરામાં 'અને આ તે શું' થી શરૂ થઈ 'કશી જરૂર પણ નથી; સુધીનો ભાગ નીચે પ્રમાણે સુધારીને વાંચવા વિનંતી છે:

અને આ તે શું ત્યાગની અંતિમ સ્થિતિ નથી, તારી સાથેની એકરૂપતાનો ત્યાગ, તારી અને મારી વચ્ચે હવે કશો પણ ભેદ ન કરવામાં રહેલો મધુર અને શુદ્ધ આનંદ, પ્રત્યેક પળે એ જ્ઞાન થવું, કેવળ બુદ્ધિ દ્વારા નહિ, પરંતુ એક પૂર્ણ અનુભૂતિ દ્વારા, કે તું જ એકમાત્ર અનન્ય એવી વાસ્તવિકતા છે અને અન્ય સર્વ કાંઈ તે માત્ર એક આભાસ છે અને ભ્રમ છે એ આનંદનો ત્યાગ. બાહ્ય સ્વરૂપે એક વિનમ્ર કરણ બની રહેવાનું છે, એણે તેને ચલાવી રહેલી સંકલ્પશક્તિ વિષે સભાન બનવાની કશી જરૂર પણ નથી.

જેટલા પ્રમાણમાં અમારા સ્વરૂપનું સર્વભાવે નિયમન કરતો હોય છે તેટલા પ્રમાણમાં બનતું હોય છે, અને એ વખતે એ નિયમ વિષે સભાન બનવા માટેની અમને નવરાશ પણ હોતી નથી.

આજે સવારે, મને એક ઝડપી અનુભૂતિ થઈ, હું એક પછી એક એક ઊંડાણમાંથી બીજા ઊંડાણમાં પસાર થવા લાગી, અને એમ કરતાં કરતાં હંમેશની માફક હું મારી ચેતનાને તારી ચેતના સાથે એકરૂપ બનાવી શકી, હું કેવળ તારી અંદર જ આવી રહેલી હતી; એટલે કે કેવળ તું જ માત્ર આવી રહેલો હતો. પરંતુ તારી સંકલ્પ-શક્તિએ મારી ચેતનાને તરત જ બહારની બાજુએ, જે કાંઈ સિદ્ધ કરવાનું હતું તે તરફ ખેંચી આણી, અને તેં મને કહ્યું : 'મારે એક કરણની જરૂર છે તે તું બની રહે.'

અને આ તે શું ત્યાગની અંતિમ સ્થિતિ નથી, તારી સાથેની એકરૂપતા દ્વારા સધાતો ત્યાગ, તારી અને મારી વચ્ચે હવે કશો પણ ભેદ ન કરવામાં રહેલા મધુર અને શુદ્ધ આનંદનો બનેલો ત્યાગ, પ્રત્યેક પળે એ જ્ઞાન થવું, કેવળ બુદ્ધિ દ્વારા નહિ, પરંતુ એક પૂર્ણ અનુભૂતિ દ્વારા, કે તું જ એકમાત્ર અનન્ય એવી વાસ્તવિકતા છે અને અન્ય સર્વ કાંઈ તે માત્ર એક આભાસ છે અને ભ્રમ છે. બાહ્ય સ્વરૂપે એક વિનમ્ર કરણ બની રહેવાનું છે, એણે તેને ચલાવી રહેલી સંકલ્પશક્તિ વિષે સભાન બનવાની કશી જરૂર પણ નથી, આમાં કશી જ શંકા નથી; પરંતુ હું કેવળ તારી સાથે એકરૂપ થઈ રહું, તારી સંપૂર્ણ અને અનન્ય ચેતનારૂપે જ બની રહું એમ થવા દેવાને બદલે મારે આ કરણ સાથે લગભગ સંપૂર્ણ રીતે એકરૂપ બની રહેવું જોઈએ એમ શા માટે થવું જોઈએ ?

હું આ જાણવા તો માગું છું, પરંતુ તે માટે હું સચિંત નથી. હું જાણું છું કે સર્વ કાંઈ તારી સંકલ્પશક્તિ પ્રમાણે થઈ રહ્યું છે, અને એક વિશુદ્ધ આરાધનાપૂર્વક, હું મારી જાતને તારી સંકલ્પ-શક્તિના હાથમાં આનંદપૂર્વક સોંપી દઉં છું. તું મારું જે કાંઈ કરવા ઇચ્છશે, પ્રભુ, તે હું થઈ રહીશ, સભાન અથવા તો અભાન, એક

સાદું કરણુ, આ શરીર છે તેવું, અથવા તો પરમ જ્ઞાન, તું પોતે છે તેવું જ.

ઓ, એમ કરી શકીએ કે ' બધું જ બરાબર છે અને એમ અનુભવી શકીએ કે તારા કાર્યને ઝીલવાને માટે તૈયાર થયેલાં હોય તેવાં સર્વ તત્ત્વોમાં થઈને જગતમાં તું કાર્ય કરી રહ્યો છે એમાં કેવો તો મધુર અને શાંત આનંદ આવી રહેલો છે.

વસ્તુ માત્રનો તું જ પરમ સ્વામી છે, તું જ તે અપ્રાપ્ય છે, તે અગમ્ય છે, તે શાશ્વત અને ભવ્ય વાસ્તવિકતા છે.

હે અદ્ભુત અદ્વૈતતા, તારામાં હું અદૃશ્ય થઈ જાઉં છું !....

*
**

૧૩ મે ૧૯૧૪

મારા ચિત્તની આ જે નિશ્ચિતતા છે, પ્રભુ, તેને તું ખંખેરી નાખજે કે જેથી મને જ્ઞાન મળે અને મારા સ્વરૂપને તેં જે અનુભૂતિ મેળવી આપી છે તેને હું સમજી શકું. મારી અંદરથી કોઈ ચીજ જ્યારે તને પ્રશ્ન કરે છે ત્યારે તું હમેશાં જવાબ આપે છે, અને જ્યારે પણ મારે કશુંક જાણવું જોઈએ એવી જરૂરિયાત ભી થાય છે ત્યારે તું તે મને શીખવે છે, પછી તે સીધી રીતે થાય કે આડકતરી રીતે.

મને વધુ ને વધુ દેખાવા લાગ્યું છે કે અધીરાઈમાંથી કરેલું સર્વ પ્રકારનું બંડ, સર્વ પ્રકારની ઉતાવળ નકામાં નીવડવાનાં છે; સર્વ વસ્તુઓ ધીરે ધીરે એવી તો ગોઠવાતી જાય છે કે મારે તારી સેવા જે રીતે કરવી જોઈએ તે રીતે હું કરી શકું એમ બને. આ સેવામાં મારું સ્થાન શું હશે ? ઘણા વખતથી મેં તારી પાસે કાંઈ જ માગણી કરી નથી. એનું કાંઈ નહિ ! શું એ જાણવાની જરૂર છે કે આપણે પોતે કેન્દ્રમાં છીએ કે પછી પરિઘ-રેખા ઉપર છીએ ? જો એટલું બની જાય કે હું તને સંપૂર્ણપણે સમર્પિત બની જાઉં, કેવળ તારે અર્થે અને તારી દ્વારા જ જીવન વ્યતીત કરું, તું મને જે કામ સોંપે તે

હું વધુ ને વધુ સારી રીતે કરતી રહું, તો પછી બીજી બધી વસ્તુઓ કશા જ મહત્ત્વની રહેતી નથી. હું તો આથી પણ વધુ કહું : જગતમાં તારું કાર્ય જેટલું સરસ રીતે અને સંપૂર્ણપણે થઈ શકે તેમ હોય તેટલું સિદ્ધ થઈ જાય તો પછી એ કાર્ય એક વ્યક્તિએ સિદ્ધ કર્યું છે કે એક સમૂહે એ વસ્તુ પણ કશા મહત્ત્વની નથી.

હે મારા મધુર ગુરુ, આત્માની શાંતિમાં, ગંભીરતામાં, સમતામાં સ્થિર બનીને હું તને મારું અર્પણ કરું છું અને તારી અંદર ઓગળી જાઉં છું, ચિત્ત સ્વસ્થ અને શાંત હોય છે, હૃદય હસી રહ્યું હોય છે. તારું કાર્ય સિદ્ધ થવાનું છે, હું એ જાણું છું. અને તારો વિજય નિશ્ચિત જ છે.

હે મારા મધુર ગુરુ, તારા પ્રકાશનું પરમ વરદાન સર્વને આપ!

*
**

૧૫ મે ૧૯૧૪

એક શિખર ઉપર પહોંચી ગયા પછી આપણને એક વિશાળ ક્ષિતિજ જોવા મળે છે તે રીતે, પ્રભુ, ચેતના જ્યારે તારી સાથેનું અદ્વૈત અને આવિર્ભાવ પામેલું જગત એ બે વચ્ચેના મધ્યવર્તી પ્રદેશ સાથે પોતાને એકરૂપ કરી લે છે ત્યારે માણસ તારી અનંતતા અને જગતને વિષેનો બનતો સાક્ષાત્કાર એ બંનેમાં એકી સાથે ભાગ લેતો થાય છે. એ વખતે જાણે કે આપણે પોતાને એક કેન્દ્રની અંદર બેઠેલાં જોઈએ છીએ અને ત્યાં આગળ ચેતના તારી કાર્યસાધક શક્તિ દ્વારા પૂરેપૂરી સભર બની જાય છે અને પોતાનાં સાથી કરણોની વચ્ચે કેન્દ્રમાં રહીને હરતી ફરતી, નીચેમાં નીચેના કરણ ઉપર તારી શક્તિઓના કિરણને કામ કરતું કરી શકે છે. આ પરાત્પર પ્રદેશોની ઊંચાઈ પરથી સ્થૂલ પદાર્થતત્ત્વની એકતા બહુ જ સ્પષ્ટ રીતે દેખાઈ આવતી હોય છે, અને છતાં આ શરીર કે જે સ્થૂલ પ્રદેશની અંદર એક ખાસ કરણ તરીકે કામ કરતું હોય છે, તે આ સર્વની વચ્ચે

એક વધુ શક્તિશાળી બિંદુના જેવું હોય તેમ એક વિશેષ ચોક્કસતા અને સ્પષ્ટતાવાળું દેખાઈ આવે છે, એ એકી સાથે બહુપ્રકારનું તેમજ અનન્ય એવું પણ હોય છે, અને તેની અંદર શક્તિઓ સમાનપણે ગતિ કરતી હોય છે.

આ દર્શન ગઈ કાલ પછી મને છોડીને લેશ પણ ચાલ્યું ગયું નથી. એ કોઈ સુનિશ્ચિત વસ્તુની માફક સારીયે બાહ્ય પ્રવૃતિમાં ગોઠવાઈ ગયું છે. આ પ્રવૃત્તિ દેખાવમાં તો સામાન્ય પ્રકારની હોય તેમ જ ચાલ્યા કરે છે, પણ તેણે એક અદ્‌ભુત રીતે બોલતા ચાલતા અને જીવતા રમકડાનું યાંત્રિક રૂપ લઈ લીધું છે, અને તેને મારી ચેતના એક ઉચ્ચ અવસ્થામાંથી હલાવી ચલાવી રહી છે. આ ચેતના વ્યક્તિરૂપની તો નથી પણ તે હજી વિશ્વરૂપની જ રહેલી છે, એટલે કે તે હજી તારી અદ્વૈતની અંદર પૂરેપૂરી ડૂબી ગયેલી બની નથી. વ્યક્તિગત આવિર્ભાવના સર્વ નિયમો મને સ્પષ્ટ રીતે દેખાઈ રહ્યા છે. પણ તે એવા તો સમન્વયની રીતે, વિશ્વમય રીતે, એવા તો એકી સાથે આવી રહેલા રૂપે આવેલા છે કે તેને આપણી સામાન્ય ભાષા દ્વારા વ્યક્ત કરવા અશક્ય છે.

*
**

૧૬ મે ૧૯૧૪

મને થયેલી અનુભૂતિને હું આકાર આપવાનો પ્રયત્ન કરતી હતી ત્યાં ગઈ કાલે એમાં અંતરાય આવી ગયો. અને હવે બધું જ બદલાઈ ગયું છે. એ વસ્તુ જે એક ચોક્કસ જ્ઞાનરૂપે હતી, એક પારદર્શિતારૂપે હતી તેને બદલે તારા પ્રત્યે એક મહાન પ્રેમ આવીને ઊભો છે, પ્રભુ. અને એ પ્રેમે મારા આખાયે સ્વરૂપનો કબજો લઈ લીધો છે, એ સ્વરૂપના બાહ્ય આકારથી માંડી ઊંડામાં ઊંડી ચેતના સુધી, અને સર્વ કાંઈ તારી સાથે એક સુનિશ્ચિત એકરૂપતા પામવાની, તારી અંદર લીન થઈ જવાની અભીપ્સા સેવતું સેવતું તારાં ચરણોમાં સાષ્ટાંગ ઢળી પડયું છે. મારી પાસે હતી તે બધી જ શક્તિપૂર્વક મેં વિનંતી કરેલી છે. અને વળી પાછું, જે ક્ષણે મને લાગ્યું કે મારી

ચેતના તારી ચેતનાની અંદર અદૃશ્ય થઈ જવાની તૈયારીમાં છે, જે ક્ષણે મારું આખુંયે સ્વરૂપ તારી હાજરીનું પ્રતિબિંબ પાડી રહેલા નર્યા શુદ્ધ સ્ફટિક જેવું બની રહ્યું છે, તે જ ક્ષણે કોઈક આવ્યું અને એ એકાગ્રતામાં ભંગ થયો.

ખરેખર, મને મારા ભાગરૂપે તું જે અસ્તિત્વ આપી રહ્યો છે તેનું પ્રતીક તે આ પ્રમાણેનું જ છે. અને એમાં બાહ્ય રીતની ઉપયોગિતા, સર્વ લોકોને માટેનું કાર્ય, એ વસ્તુઓને પેલા પરમોચ્ચ સાક્ષાત્કારના કરતાં વધુ ઉચ્ચ સ્થાન મળે છે. મારા જીવનના સર્વ સંયોગો મને તારા તરફથી કહેતા લાગે છે: 'અદ્વૈતનો સાક્ષાત્કાર તું પેલી પરમ એકાગ્રતા દ્વારા કરશે નહિ, એ સાક્ષાત્કાર તો સર્વની અંદર વહેંચાઈ જઈને તને મળી આવશે.' તારી ઇચ્છા પાર પડો, પ્રભુ.

હવે મને સ્પષ્ટ રીતે સમજાય છે કે, જ્યાં સુધી આ અત્યારની વ્યક્તિતાને સંબંધ છે ત્યાં સુધી મારે તારી સાથેના અદ્વૈતને માટે સાધના કરવાની નથી રહેતી; એ હકીકત તો ક્યારનીયે સિદ્ધ થઈ ચૂકેલી છે. અને એટલે જ તો તું મને હમેશાં એમ કહેતો દેખાય છે: 'આ અદ્વૈતના આનંદમય ચિંતનમાં તું રમમાણ રહીશ નહિ. મેં તને પૃથ્વી ઉપર જે કાર્ય સોંપેલું છે તે સિદ્ધ કરી લે.'

અને સામૂહિક કાર્યની સાથે સાથે જ જે વ્યક્તિગત રીતનું કાર્ય કરતા રહેવાનું છે તે આ છે. એમાં હવે સ્વરૂપની સર્વ પ્રવૃત્તિ-ઓને વિષે તથા તેના સર્વ પ્રદેશોને વિષે સભાન બનવાનું છે અને તેમને હાથ કરી લેવાનાં છે, ચેતનાને પેલા ઊંચામાં ઊંચા બિંદુ ઉપર નિશ્ચિતપણે સ્થાપિત કરી દેવાની છે અને ત્યાંથી પછી, સોંપાયેલું કાર્ય અને તારી સાથેનો સતત વ્યવહાર એકી સાથે થતાં રહે એમ કરવાનું છે. સંપૂર્ણ અદ્વૈતનો આનંદ તો જે વસ્તુ કરવાની છે તે બની રહેશે ત્યારે જ મળી આવી મળશે.

આપણે સૌ કોઈને ઉપદેશ તો એ આપવાનો છે કે પ્રથમ અદ્વૈતની પ્રાપ્તિ અને પછી કાર્ય; પરંતુ જે લોકોને અદ્વૈત મળી ચૂક્યું

છે: તેમણે તો પોતાના જીવનની પ્રત્યેક ક્ષણ પોતાના દ્વારા તારી ઇચ્છાની પૂર્ણ અભિવ્યક્તિરૂપ બની રહે એમ કરવાનું છે.

*
**

૧૭ મે ૧૯૧૪

હે પ્રભુ, મારા ઉપર આ જે માનસિક પ્રભાવો ચડી આવે છે એમાંથી મને મુકત કર, એમ થતાં, હું પૂર્ણપણે મુકત બનીને, તારા પ્રત્યે વેગપૂર્વક ધસી શકીશ.

ઓ રે, વિશ્વરૂપ સ્વરૂપ, દશ્ય બની શકે તેવા રૂપમાં આવેલી હે પરમ અદ્વૈતતા, એક અદમ્ય અભીપ્સાપૂર્વક આવીને હું તારા હૃદયમાં લપાઈ ગઈ, તે પછી હું તારું હૃદય જ બની ગઈ, અને હવે હું જાણું છું કે તારું હૃદય તે એક રમતમાં લીન બનેલા અને વિશ્વોનું સર્જન કરી રહેલા બાળકરૂપે જ છે. તેં મને કહ્યું : 'એક દિવસ તું મારું મસ્તક બની રહીશ, પરંતુ હમણાં તો તારી નજરને પૃથ્વી તરફ વાળ.' અને હવે હું પૃથ્વી ઉપર રમી રહેલા એક આનંદમય બાળકરૂપે રહેલી છું.

ગઈ કાલે મેં એક રીતની અનન્ય આવશ્યકતામાંથી બે વાકયો લખેલાં તે આ પ્રમાણે હતાં. પહેલું તે, જાણે કે પ્રાર્થનાની શક્તિ, પ્રાર્થનાને જો કાગળ ઉપર લખી લેવામાં આવે તો જ સંપૂર્ણ બને તેમ છે. બીજું છે, જાણે કે અનુભૂતિની સ્થિરતા, હું તેને લેખનમાં મૂકીને મારા મનને તેમાંથી મુક્ત કરી દઉં ત્યારે જ માત્ર બની શકે તેમ છે.

*
**

૧૮ મે ૧૯૧૪

તું જ છે એકમાત્ર અનન્ય વાસ્તવિકતા, પ્રભુ, તું જ છે સર્વશક્તિમત્તા અને શાશ્વતી. અને જે પોતાના સ્વરૂપની ગહનતાઓમાં

તારી સાથે અદ્વૈત પ્રાપ્ત કરે છે તે તારી પરમ વાસ્તવિકતારૂપે બની રહે છે, એ વાસ્તવિકતાની શાશ્વત અને અવિકારી એવી સર્વશક્તિમત્તાની અંદર. પરંતુ બીજા લોકો માટે, આદેશ એવો છે કે, તેમણે તારી સાથે સંપર્કમાં રહેવાનું ચાલુ રાખીને, પોતાની દૃષ્ટિને અને પોતાની પ્રવૃત્તિને તારા પ્રતિ વાળેલી રાખવી; એ લોકોને તેં આ પ્રમાણેનું જીવનકાર્ય સોંપેલું છે. મુશ્કેલી હવે શરૂ થાય છે, કેમ કે આમાં બધો જ આધાર એ લોકોના સ્વરૂપની વિવિધ અવસ્થાઓની જે પૂર્ણતા હશે તેના ઉપર રહે છે. અને એ લોકોએ પેલું ભવ્ય તાદાત્મ્ય સાધી લીધા પછી પણ, તારી દિવ્ય ઇચ્છાનો આવિર્ભાવ કરી આપે તેવા કરણને સંપૂર્ણ બનાવવા માટે કામ કરવાનું રહે છે. અને આ વખતે કામ ભારે કઠણ બનવા લાગે છે. આ અત્યારનું કરણ, કે તું જેને મારી પાસે 'હું' કહેવડાવે છે, તેની અંદરનું સર્વ કાંઈ મને સામાન્ય કોટિનું, અપૂર્ણ, કશા રંગ વિનાનું, લગભગ અચેતન જેવું લાગે છે, અને હું તારી સાથે જેમ જેમ વધુ ને વધુ એકરૂપ થતી જાઉં છું તેમ તેમ આ કરણની શક્તિઓની તથા તેના આવિર્ભાવની સામાન્યતા મને વધુ ને વધુ દેખાતી થાય છે. એ કરણમાંનું બધું જ મને એક કશી જ બાંધછોડ ન કરાય એવું 'થોડું-એક તૈયાર' લાગે છે. અને એ વસ્તુ જો મને કોઈ રીતે વ્યથિત કરતી નથી તો તેનું કારણ માત્ર એ જ છે કે સાચો 'હું' તારાં ચરણોમાં આવીને ઢળી પડેલો છે, અથવા તો તારા હૃદયમાં લપાઈને બેઠેલો છે, અથવા તો તારી શાશ્વત અને અવિકારી ચેતનાને વિષે સભાન બની ગયેલો છે, અને તે આ સારાયે આવિર્ભાવને એક ધીરજભરેલી અને સમજદાર એવી દયાભાવનાના સ્મિતપૂર્વક જોઈ રહેલો છે.

*
**

૧૯ મે ૧૯૧૪

આ મનોમય સ્વરૂપ, એના આખાયે વ્યક્તિરૂપ અસ્તિત્વ દરમિયાન, સર્વ શક્તિઓને ક્રિયામાં મૂકી આપે તેવી શક્તિ ધરાવતું

હતું : તેનામાં તારા પ્રત્યે ગહન ભક્તિ હતી, મનુષ્યોને માટે તેનામાં અપાર કરુણા હતી, જ્ઞાનને માટે તીવ્ર અભીપ્સા હતી, સંપૂર્ણતા માટે તે સાધના કરતું હતું,— એ હવે ગાઢ ઊંઘમાં ઊતરી ગયું લાગે છે અને કોઈ પણ વસ્તુને તે કશી પણ ગતિમાં મૂકતું નથી. બધી જ વ્યક્તિગત શક્તિઓ ઊંઘમાં પડી ગઈ છે, અને ચેતના હજી પરાત્પર અવસ્થાઓની અંદર જાગૃત બનેલી નથી; એટલે કે એ અવસ્થાઓમાં એની જાગૃતિ અવારનવાર જ થતી રહે છે અને વચ્ચે વચ્ચે નિદ્રાની સ્થિતિ આવી જતી હોય છે. આ સ્વરૂપમાંની કોઈક ચીજ, અમુક સમયે, એકાંતને માટે તથા પરમ નીરવતા માટે, અભીપ્સા કરતી રહે છે, કે જેને લીધે તે આ અસંતોષકારક સંક્રાતિ-માંથી પોતે બહાર આવી જાય; અને બીજી કોઈક વસ્તુ એમ જાણતી હોય છે કે તારી ઇચ્છા એવી છે કે આ કરણ સર્વ કોઈની સેવા માટે સમર્પિત બની રહે, એ વસ્તુઓની પોતાની સંપૂર્ણતા રચવામાં દેખીતી રીતે હાનિકારક દેખાતી હોય તોપણ.

કોઈક વસ્તુ આ સ્વરૂપમાંની તને કહે છે, પ્રભુ :

'હું કાંઈ જ જાણતું નથી,
હું કાંઈ જ છું નહિ,
હું કાંઈ જ કરી શકું તેમ નથી,
હું અચેતનતાના અંધકારમાં આવી રહેલી છું.'

અને કોઈક બીજી વસ્તુ જાણે છે કે એ પોતે તેનું છે અને એટલે એ પરમ પરિપૂર્ણતા છે.

આમાંથી શું પરિણામ આવશે ભલા? આ રીતની અવસ્થાનો અંત કેવી રીતે આવવાનો છે? આ તે શું અચેતના છે, આ તે શું સાચી ધીરજ છે, હું જાણતી નથી, પરંતુ કશીયે ઉતાવળ થવા કે ઇચ્છા વિના, હું તારાં ચરણોમાં ઢળી પડું છું અને રાહ જોતી રહું છું....

*
**

૨૦ મે ૧૯૧૪

આ શિખર પરની ઊંચાઈ એ તારા દિવ્ય, અનંત પ્રેમ સાથેની તદ્રૂપતા છે. એ પરથી તેં મારી દૃષ્ટિને આ સંકુલ એવા શરીર પ્રત્યે વાળી આપી છે, એ શરીરે એક કરણ તરીકે તારી સેવા કરવાની છે. અને તેં મને કહ્યું છેઃ 'એ હું પોતે જ છું; એનામાં મારો પ્રકાશ ઝળહળી રહ્યો છે. એ તું શું જોતી નથી?' અને મેં ખરેખર જોયું કે તારો દિવ્ય પ્રેમ, બુદ્ધિનાં વસ્ત્રમાં સજ્જ થઈને, અને પછી શક્તિના વસ્ત્રમાં, આ શરીરરૂપે બની રહ્યો છે, તેના નાનામાં નાના કોષો સુધી, અને તે એનામાં એટલે સુધી તો ઝળહળી રહ્યો છે કે એ શરીર તો જાણે કરોડો કરોડો તેજસ્વી તણખાઓનો એક સમૂહ જ બની ગયેલું છે, અને એ સર્વ એમ પ્રગટ કરી રહ્યા છે કે તેઓ પોતે તું જ છે.

અને હવે સર્વ અંધકાર અદૃશ્ય થઈ ગયો છે, અને કેવળ તું જ, જુદાં જુદાં જગતોમાં, જુદાં જુદાં રૂપો હેઠળ પરંતુ એક જ રીતના, અવિકારી, શાશ્વત જીવન દ્વારા જીવી રહ્યો છે.

વિશુદ્ધ પ્રેમ અને અવિભાજ્ય અદ્વૈતનો તારો જે અવિકારી પ્રદેશ છે તેના બનેલા આ દિવ્ય જગતને બીજા બધા પ્રદેશોના બનેલા દિવ્ય જગત સાથે નિકટના સંબંધમાં મૂકી આપવાનું રહે છે, સ્થૂલમાં સ્થૂલ પ્રદેશો સુધી કે જ્યાં તું જ કેન્દ્રરૂપે રહેલો છે અને પ્રત્યેક અણુનું બંધારણ તું જ છે. આ ક્રમબદ્ધ ગોઠવાયેલાં દિવ્ય જગતો સાથે સંપૂર્ણ ચેતનાની એક કડી સ્થાપિત કરી લેવાય એ જ તારી અંદર સતત રીતે, અવિકારી રીતે જીવન ગાળવા માટેનું અનન્ય સાધન છે. આ સારાયે સ્વરૂપને તેં ચેતનાની તેની સર્વ અવસ્થાઓમાં અને પ્રવૃત્તિનાં તેનાં સર્વ રૂપોમાં જે કાર્ય સિદ્ધ કરવા માટે સોંપેલું છે તેને આ રીતે કરતા રહેવાનું છે. હે મારા મધુર ગુરુ, તેં મારા અજ્ઞાનનું એક નવું આવરણ ચીરી નાખ્યું છે, અને હું, તારા શાશ્વત હૃદયમાં મળેલા મારા સુભાગી સ્થાનનો ત્યાગ કર્યા વિના, આ શરીરને રચી

રહેલા એકેએક અણુઓના અદૃશ્ય પરંતુ અનંત એવા હૃદયની અંદર પણ સાથે સાથે આવી રહેલી છું.

આ સમગ્ર અને સંપૂર્ણ ચેતનાને તું દૃઢ કરી આપ. એ ચેતનાને સંપૂર્ણ કરવા માટેની સર્વ વિગતોમાં મને ઊંડે ઊંડે જવા દે, અને હું, કોઈ પણ ક્ષણે તારો ત્યાગ કર્યા વિના, આ અનંત સીડી ઉપર, મને તેં સોંપેલા કામની જરૂર પ્રમાણે, સતત ઉપર ચડતી રહું અને નીચે ઊતરતી રહું એમ થાઓ.

હું તારી છું, તારી અંદર છું, હું તું છું, શાશ્વત પરમાનંદની પરમ વિપુલતામાં.

*
**

૨૧ મે ૧૯૧૪

સારાયે આવિર્ભાવથી ઉપર, શાશ્વતીની અવિકારી નીરવતાની અંદર, હું તારામાં, પ્રભુ, સુસ્થિર સંપદારૂપે રહેલી છું. તારી શક્તિમાંથી, તારા અદ્ભુત પ્રકાશમાંથી આ જે સ્થૂલ અણુઓનું કેન્દ્ર અને વાસ્તવિકતા રચાયેલાં છે તેની અંદર મને તારાં દર્શન થાય છે; અને એ રીતે, તારા દિવ્ય સાંનિધ્યનો ત્યાગ કર્યા વિના, તારી પરમ ચેતનાની અંદર હું અદૃશ્ય થઈ શકું છું, અથવા તો તને મારા સ્વરૂપના દેદીપ્યમાન અણુઓની અંદર હું નિહાળું છું. અને અત્યારની ક્ષણે તો એ જ તારા જીવનની અને તારી પ્રકાશમયતાની વિપુલતા.

હું તને નિહાળુ છું, હું તારારૂપે છું, અને આ બે અંતિમ સ્થિતિઓની વચ્ચે મારો તીવ્ર પ્રેમ તારા પ્રત્યે અભીપ્સા કરી રહે છે.

*
**

૨૨ મે ૧૯૧૪

સ્વરૂપની સર્વ અવસ્થાઓમાં અને જીવનનાં સર્વ જગતોમાં જે સત્ય છે તેનો જે અસત્ય છે તેનાથી ક્રમે ક્રમે ભેદ કરી લેવો, તારી

અનન્ય પરમ વાસ્તવિકતાની સંપૂર્ણ અને સમગ્ર નિશ્ચિતતામાં પહોંચી જવું એ કરી લીધા પછી, એ પરમ ચેતનાના શિખર પરથી, પૃથ્વી ઉપર તારા આવિર્ભાવ માટેનું વાસ્તવિક કરણ બનેલો જે વ્યક્તિરૂપ પુદ્ગલ છે તેના પ્રત્યે દૃષ્ટિ વાળવાની રહે છે, અને તે પુદ્ગલમાં કેવળ તારું જ, એ પુદ્ગલનું જે અનન્ય વાસ્તવિક અસ્તિત્વ એવો તું છે તેનું જ દર્શન કરતા રહેવું જોઈએ. એમ થતાં આ પુદ્ગલનો પ્રત્યેક અણુ તારા પરમ પ્રભાવને ઝીલવા માટે જાગૃત બનશે અને અજ્ઞાન, અંધકારો સ્વરૂપની કેન્દ્રસ્થ ચેતનામાંથી જ અદૃશ્ય થઈ જશે એટલું જ નહિ, પરંતુ એ ચેતનાની વધુમાં વધુ બાહ્ય અભિવ્યક્તિ-ઓમાંથી પણ અદૃશ્ય થઈ જશે. રૂપાંતરની આ જે સાધના છે તેને સિદ્ધ અને સંપૂર્ણ કરીને જ તારી શક્તિની, તારા પ્રકાશની અને તારા પ્રેમની વિપુલતા આવિર્ભાવ પામી શકશે.

પ્રભુ, આ વસ્તુ તું મને વધુ ને વધુ સ્પષ્ટતાપૂર્વક સમજાવી રહ્યો છે; આ માર્ગ ઉપર મને તું પગલે ને પગલે દોરતો રહે. મારું સારુંયે સ્વરૂપ એના નાનામાં નાના અણુ સુધી તારા સાંનિધ્યના સંપૂર્ણ જ્ઞાન માટે, એ સાંનિધ્યની સાથે સંપૂર્ણ એકતા માટે અભીપ્સા કરી રહ્યું છે. મારી પ્રાર્થના છે કે વિઘ્ન માત્ર અદૃશ્ય થઈ જાઓ, અને તારું દિવ્ય જ્ઞાન અજ્ઞાનના અંધકારોના સ્થાને સર્વત્ર આવી જાઓ. જેવી રીતે તેં કેન્દ્રમાં રહેલી ચેતનાને, સ્વરૂપમાં રહેલી ઇચ્છાશક્તિને પ્રકાશિત કરી આપી છે, તેવી જ રીતે આ છેલ્લામાં છેલ્લા બાહ્ય પદાર્થતત્ત્વને પ્રકાશિત કરી આપ. અને સારુંયે વ્યક્તિત્વ, તેનું જે આદિ મૂળ છે, તેનું જે મૂળ તત્ત્વ છે ત્યાંથી લઈને તેના બાહ્યમાં બાહ્ય પ્રક્ષેપ સુધી, તેના સ્થૂલમાં સ્થૂલ શરીર સુધી, તારી અનન્ય વાસ્તવિકતાના સંપૂર્ણ સાક્ષાત્કારની અંદર, તેના સંપૂર્ણ આવિર્ભાવની અંદર એકરૂપ બની જાઓ.

વિશ્વની અંદર સર્વ કાંઈ કેવળ તારું જ જીવન છે, તારો જ પ્રકાશ, તારો જ પ્રેમ છે, અન્ય કાંઈ જ નહિ.

સર્વ કાંઈ સત્યની ચેતના દ્વારા દીપ્તિમાન બની રહો, અને રૂપાંતર પામેલું બની રહો.

તારો દિવ્ય પ્રેમ મારા સ્વરૂપ ઉપર રેલાઈ રહ્યો છે, તારો પરમ પ્રકાશ પ્રત્યેક કોષની અંદર ઝળહળી રહ્યો છે, સર્વ કાંઈ તારું જ્ઞાન પ્રાપ્ત કરીને અને તારારૂપે બની રહીને આનંદ આનંદ અનુભવી રહ્યું છે.

*
**

૨૩ મે ૧૯૧૪

પ્રભુ, તારા વિષે હું સતત સભાન રહેવા ઇચ્છું છું અને તને હું મારા સ્વરૂપના નાનામાં નાના કોષોમાં પ્રત્યક્ષ કરવા ઇચ્છું છું, તને હું મારી પોતાની જાત તરીકે ઓળખવા ઇચ્છું છું અને સર્વ પદાર્થોમાં તને આવિર્ભાવ પામેલો જોવા ઇચ્છું છું, તું જ અસ્તિત્વની એકમાત્ર વાસ્તવિકતા છે, તું જ અસ્તિત્વનું એકમાત્ર કારણ છે અને એકમાત્ર લક્ષ્ય છે. તો મારી એ પ્રાર્થના છે કે મારો તારા પ્રત્યેનો પ્રેમ વિના અટક્યે વૃદ્ધિ પામતો રહે, અને એ રીતે હું સર્વ પ્રેમ-રૂપ બની હું, તારા જ પ્રેમરૂપે બની રહું, અને તારા એ પ્રેમરૂપ બનીને હું તારી સાથે પૂર્ણરૂપે એક બની રહું. આ પ્રેમ વધુ ને વધુ તીવ્ર બનતો રહે, પૂર્ણ, તેજોમય, શક્તિમય બનતો રહે; એ પ્રેમ તારા પ્રત્યે જવા માટેનો એક અવિરોધ્ય આવેગ બની રહો; તને આવિર્ભાવ આપવા માટે એક અજેય સાધન બની રહો. મારામાં રહેલી સર્વ વસ્તુઓ, અગાધ ઊંડાણોથી માંડી બાહ્યમાં બાહ્ય તત્ત્વ સુધીની, વિશુદ્ધ, ગહન, અનાસક્ત, દિવ્ય એવા પ્રેમરૂપે બની રહો. આ પુદ્-ગલમાં આવિર્ભાવ પામી રહેલા દેહધારી પ્રભુ પૂર્ણરૂપે તારા સંપૂર્ણ અને ભવ્ય પ્રેમ દ્વારા પોતાનો પૂરેપૂરો ઘાટ ધારણ કરો. એ પ્રેમ એકી સાથે એ સર્વ જ્ઞાનનું મૂળ છે તેમજ તેનો સાક્ષાત્કાર છે. ચિત્ત તારા પ્રેમ વડે સ્વચ્છ બનો, વર્ગીકરણ પામેલું બનો, પ્રકાશિત બનો,

રૂપાંતર પામેલું બનો; પ્રાણની સર્વ શક્તિઓ તારા પ્રેમ વડે સંપૂર્ણ રીતે આરપાર વીંધાઈ જાઓ, ઘાટ પામેલી બનો, એ સર્વ એક અવિરોધ્ય એવી વિશુદ્ધિ બની રહો, અને એક અખંડ શક્તિ બની રહો, બળ અને ધર્મભાવ બની રહો. મારું આ મધ્યગામી સ્વરૂપ કે જેને દુર્બળ બનાવેલું છે તે એ દુર્બળતાનો લાભ લઈને તારા પ્રેમથી પૂર્ણ ઘાટ પામેલાં તત્ત્વો વડે પોતાની ફરીથી રચના કરો, અને આ શરીર, એક જલતી અંગીઠી બનીને પોતાનાં સર્વ છિદ્રો દ્વારા તારા દિવ્ય, વ્યક્તિત્વ-મુક્ત, ભવ્ય અને સ્વસ્થ પ્રેમનો વિસ્તાર કરો... આ મગજ તારા પ્રેમ દ્વારા પુનઃરચના પામો. છેવટે, તારો પ્રેમ, એનામાં જે શક્તિ, તેજ, મધુરતા અને શક્તિ રહેલાં છે તે વડે સર્વ વસ્તુઓને છલકાવી દો, રેલંછેલ કરી દો, આરપાર વીંધી જાઓ, પુનર્જીવિત કરી દો, અનુ-પ્રાણિત કરી દો. તારા પ્રેમમાં શાંતિ રહેલી છે, તારા પ્રેમમાં છે આનંદ, તારા પ્રેમમાં રહેલું છે તારા સેવક માટે કામ કરવાનું ચક્રવર્તી ઉચ્ચાલન.

તારો પ્રેમ વિશ્વ કરતાં પણ વધુ વિશાળ છે, સર્વ યુગ યુગાન્તરો કરતાં વધારે સ્થાયી છે; એ અનંત છે, શાશ્વત છે, એ તું પોતે જ છે. અને હું તારારૂપે જ બની રહેવા ઇચ્છું છું અને હું તારારૂપે જ છું, કારણ કે તારો નિયમ એ જ રીતનો છે, તારી ઇચ્છા એ જ રીતની છે.

*
**

## ૨૪ મે ૧૯૧૪

હે મારા મધુર ગુરુ, મને બાહ્ય વસ્તુઓમાં ડૂબી જવા ન દેશો. એ વસ્તુઓમાં મને કશો પણ રસ નથી, કશો પણ સ્વાદ નથી. હું જો એ વસ્તુઓ કરું છું તો તે એટલા માટે કે મને લાગે છે કે તારી ઇચ્છા એવી છે અને કાર્ય સંપૂર્ણપણે સિદ્ધ થવું જોઈએ, પ્રવૃત્તિની અને વસ્તુની નાનામાં નાની વિગતો સુધી. પરંતુ એ માટે તો એટલું જ બસ થઈ રહે કે અમે અમારું ધ્યાન વસ્તુઓ પ્રત્યે વાળીએ અને તારી

શક્તિઓને તેમનામાં બને તેટલી ભરી દઈએ. એ વસ્તુઓને ચેતનાની અંદર સાચી વાસ્તવિકતાઓ કરતાં પહેલું સ્થાન લેવા દેવું ન જોઈએ.

હે મારા મધુર ગુરુ, મારામાં તારા પ્રત્યે અભીપ્સા જાગે છે, તું જે છે તેના જ્ઞાન પ્રત્યે તારી સાથેના તાદાત્મ્ય પ્રત્યે અભીપ્સા જાગે છે. હું એક એવો પ્રેમ માગું છું કે જે વૃદ્ધિ પામતો જતો હોય, હમેશાં વધુ ને વધુ વિશુદ્ધ થતો જતો હોય, હમેશાં વધુ ને વધુ વિશાળ થતો જતો હોય, હમેશાં વધુ ને વધુ તીવ્ર થતો જતો હોય, અને હું જોઉં છું કે હું જાણે જડતત્ત્વની અંદર ડૂબી ગઈ છું. તારો જવાબ તે શું આ છે? તેં પોતે જ આ રીતે જડતત્ત્વની અંદર ડૂબી જવાનું પસંદ કરેલું છે કે જેથી કરીને એ જડતત્ત્વને થોડે થોડે કરીને ચેતના પ્રત્યે જાગૃત કરી શકાય, તો આ તે શું મને જે થાય છે તે તારી સાથેના એક વધારે સંપૂર્ણ બનેલા તાદાત્મ્યને પરિણામે બની આવેલું છે? આ દ્વારા તું શું મને એવો જવાબ નથી આપતો : 'તારે જો સાચી રીતે પ્રેમ કરવાનું શીખવું હોય તો તારે આ રીતે પ્રેમ કરવાનો રહે છે........' .... અંધકારનીઅંદર અને અચેતનની અંદર.

હે મારા પ્રભુ, હે મારા ગુરુ, તું જાણે છે કે હું તારી છું અને તું જે ઇચ્છે છે તે જ હું હમેશાં કરવા ઇચ્છું છું, પરંતુ તારી જે ઇચ્છા થતી હોય તે વિષે મારામાં શંકા જન્મવા દઈશ નહિ. હૃદયની જે અવિકારી શાંતિ છે તેમ મને કોઈ પણ રીતે પ્રકાશિત કરી દે. મારે જો અંધકારની અંદર ડૂબી જવાની જરૂર હોય તો એમ ભલે થાઓ, પરંતુ મને કાંઈ નહિ તો એટલું તો જાણવા જ દેજે કે એ વસ્તુ તેં ઇચ્છેલી છે.

પ્રભુ, જવાબ રૂપે, મારા હૃદયમાં હું તારી દિવ્ય અને સ્થાયી હાજરીના આનંદની એક રાગિણીને ગુંજન કરતી સાંભળી રહી છું.

*
**

૨૫ મે ૧૯૧૪

પ્રેમ અને પાવિત્ર્યના હે મહાગુરુ, મારી પ્રાર્થના છે કે આ જે કરણુ તારી સેવા સુયોગ્ય રીતે કરવા માગે છે તે તેની છેલ્લામાં છેલ્લી અવસ્થાઓમાં એની નાનામાં નાની પ્રવૃત્તિઓમાં અહંકારમાત્રમાંથી વિશુદ્ધ બની જાઓ, સર્વ ભૂલોમાંથી, સર્વ અંધકારમાંથી વિશુદ્ધ બની જાઓ, કે જેથી પછી તેની અંદરનું કશું પણ તારા કાર્યને બદલી ન નાખે, વિકૃત ન કરી મૂકે, અથવા તો થોભાવી ન દે. ખૂણાઓ હજી પણ અંધકારમાં પડી રહેલા છે, તારા પ્રકાશની વિશદતાથી દૂર દૂર: એમને માટે હું પેલા પ્રકાશનું પરમ સુખ માગું છું.

ઓ, કશા પણ કલંક વિનાના શુદ્ધ સ્ફટિકરૂપે બની રહેવું, કે જે સ્ફટિક પછી તારા દિવ્ય કિરણને, અંધકારમાં નાખ્યા વિના, કલંકિત થવા દીધા વિના યા તો બદલાઈ જવા દીધા વિના, પોતામાં થઈને પસાર થવા દેતો રહે. અને આ તે સંપૂર્ણતાની ઇચ્છામાંથી નહિ, પરંતુ તારું કાર્ય શકય તેટલું સંપૂર્ણ રીતે સિદ્ધ બને એ માટે થાઓ.

અને જ્યારે તારી પાસે હું આ માગણી કરું છું ત્યારે આ જે ‘હું’ તારી સાથે વાત કરી રહ્યો છે તે આખીયે પૃથ્વીરૂપે છે, અને તે તારા પરમ પ્રકાશનું સંપૂર્ણ પ્રતિબિંબ એવા આ શુદ્ધ હીરકરૂપે બની રહેવાની અભીપ્સા સેવે છે. માનવ લોકોનાં સર્વ હૃદયો મારા હૃદયની અંદર ધબકી રહ્યાં છે, તેમના સર્વ વિચારો મારા ચિત્તની અંદર રણઝણી રહ્યા છે, પેલા વિનમ્ર પ્રાણીની અથવા તો પેલા ચાના છોડની નાનામાં નાની અભીપ્સા મારી ભીષણ અભીપ્સા સાથે જોડાઈ રહી છે. અને આ બધું જ તારા પ્રત્યે ઊંચે ચડી રહ્યું છે, તારા પ્રેમ અને તારા પ્રકાશ ઉપર વિજય મેળવવા માટે અને તને પ્રાપ્ત કરવા માટે, તારા અવિચલ પરમાનંદમાંથી તને બહાર લઈ આવવા માટે અને વેદનાના અંધકારને દિવ્ય આનંદમાં, પરમોચ્ચ શાંતિમાં પલટાવી દેવા માટે તું એ અંધકારમાં આરપાર પ્રવેશ કરે તે માટે તે સ્વરૂપનાં

શિખરો ઉપર આરોહણ કરી રહ્યું છે. અને આ ઉગ્રતા તે પોતાનું સમર્પણ કરી રહેલા એક અનંત પ્રેમની બનેલી છે, તારી સાથેના સંપૂર્ણ અદ્વૈતની નિશ્ચિતતામાં સ્મિત કરી રહેલી એક વિશ્વાસસભર ગંભીરતાની બનેલી છે.

હે મારા મધુર ગુરુ, તું જ છે વિજય પામનાર અને વિજય, તું જ છે જીતનારો અને જીત!

*
**

૨૬ મે ૧૯૧૪

સપાટી ઉપર તોફાન છે, સાગર ખળભળી રહ્યો છે, મોજાં અથડાઈ રહ્યાં છે, ઊછળી રહ્યાં છે, પ્રચંડ ગર્જના કરતાં એક બીજા ઉપર તૂટી પડી રહ્યાં છે, અને આખોયે વખત, એ તોફાને ચડેલા પાણીની હેઠળ વિશાળ વિસ્તારો સ્થિર, શાંતિમય, સ્મિત કરતા આવી રહેલા છે, તે સપાટી પરના ક્ષોભને એક અનિવાર્ય ક્રિયા તરીકે જોઈ રહ્યા છે: કારણ કે જડતત્ત્વને જો દિવ્ય પ્રકાશનો પૂર્ણ આવિર્ભાવ કરવાને માટે સમર્થ બનાવવાનું હશે તો તેને જોરપૂર્વક વલોવી નાખવાનું રહે છે. ક્ષોભભરેલા દેખાવોની પાછળ, સંઘર્ષ અને વેદનાભર્યા સંગ્રામની પાછળ, ચેતના પોતાને સ્થાને અવિચલ ઊભેલી છે, બાહ્ય સ્વરૂપની સર્વ ક્રિયાઓને તે જોઈ રહી છે, આ લીલા અતિશય નાટક જેવી ન બની જાય તે માટે, તેની દિશા, તેની અવસ્થામાં સુધારો કરવા પૂરતી જ તે વચ્ચે પડે છે. આ વચ્ચે પડવાની ક્રિયા કદીક દૃઢ હોય છે, થોડીક કઠોર હોય છે, તો કદીક કટાક્ષભરી હોય છે, સુવ્યવસ્થા માટેના સાદ જેવી અથવા તો એક મજાક જેવી હોય છે, તે હમેશાં એક બળવાન, કોમળ, શાંતિમય અને સ્મિતભરેલા ઉદારભાવથી ભરેલી હોય છે.

એ નીરવતાની અંદર મેં તારા અનંત અને શાશ્વત આશીર્વાદને નિહાળ્યા.

તે પછી જે તત્ત્વ હજી પણ અંધકાર અને સંઘર્ષમાં પડેલું છે તેમાંથી કોમળ ભાવે એક પ્રાર્થના તારા પ્રત્યે ચડી રહી છે: હે મધુર ગુરુ, પરમ પ્રકાશદાતા, પરમ વિશુદ્ધિદાતા, અમારી પ્રાર્થના છે કે સારુંયે પદાર્થતત્ત્વ અને સારીયે પ્રવૃત્તિ તારા દિવ્ય પ્રેમ તથા તારી સમ્રાટ પ્રશાંતિના એક સતત બનતા રહેતા આવિર્ભાવરૂપે બની રહો.

અને મારા હૃદયમાં તારી ઉદાત્ત ભવ્યતાનું આનંદમય ગાન ગુંજી રહ્યું છે.

*
**

૨૭ મે ૧૯૧૪

આપણે સ્વરૂપના પ્રત્યેક પ્રદેશની અંદર ચેતનાને સંપૂર્ણ અસ્તિત્વની પ્રત્યે, જ્ઞાન અને પરમાનંદ પ્રત્યે જાગૃત કરવી જોઈએ. પરમાત્માની આ ત્રણ સૃષ્ટિઓ અથવા તો અવસ્થાઓ આપણને સ્થૂલ વાસ્તવિકતાની અંદર જોવા મળે છે તેમજ શક્તિ અને પ્રકાશની અવસ્થાઓમાં તથા અવૈયક્તિકતાની, અનંતતાની અને શાશ્વતીની અવસ્થાઓમાં જોવા મળે છે. આપણે જ્યારે આ ઊર્ધ્વ અવસ્થાઓમાં પૂરેપૂરી સભાન રીતે પ્રવેશ કરીએ છીએ ત્યારે આ અસ્તિત્વમાં, આ પ્રકાશમાં અને આ પરમાનંદમાં રહેવાનું સરળ બની જાય છે, લગભગ અનિવાર્ય બની જાય છે. પરંતુ વધારે મહત્ત્વની વસ્તુ તો એ છે કે, અને તે મુશ્કેલ પણ છે સ્વરૂપને સ્થૂલમાં સ્થૂલ સ્તરોની અંદર આ ત્રિવિધ દિવ્ય ચેતના પ્રત્યે જાગૃત કરવું એ વધારે મહત્ત્વની વસ્તુ છે અને એ અત્યંત મુશ્કેલ પણ છે. આ પહેલો મુદ્દો છે. એ પછી આપણે સર્વ દિવ્ય જગતોના (બેશક વચલી કક્ષાના જગતની અંદરનાં) કેન્દ્રને શોધી લેવાનું રહે છે, ત્યાંથી આપણે આ દિવ્ય જગતોની ચેતનાને એકરૂપ કરી શકીએ છીએ, એ જગતોનો સમન્વય કરી શકીએ છીએ અને સર્વ પ્રદેશો ઉપર એકી સાથે અને પૂર્ણ જ્ઞાનપૂર્વક કાર્ય કરી શકીએ છીએ.

હું જાણું છું કે આ અધૂરી અને અપૂર્ણ સમજૂતીઓ પેલી

પરમ વાસ્તવિકતા કે જે તને આવિર્ભાવ આપી રહી છે તેનાથી ઘણી ઘણી દૂર છે. તારો મહાવૈભવ, તારી શક્તિ અને તારી ભવ્યતા, તારો અમેય પ્રેમ એ સર્વ પ્રકારના ખુલાસાથી અને સર્વ પ્રકારના વિવરણથી પર આવેલા છે. પરંતુ મારી બુદ્ધિને માટે આ વસ્તુઓને કોઈક રીતની યોજનાપૂર્વક રજૂ કરવાની જરૂર રહે છે. એમ થાય તો જ પછી સ્વરૂપની સર્વ અવસ્થાઓને તારી ઇચ્છાશકિત સાથે શકય તેટલા સંપૂર્ણપણે સુસંવાદમાં મૂકી શકાય.

આમ છતાં, હું તને સારામાં સારી રીતે તો મારી મૂક અને સંપૂર્ણ આરાધનાની ગહન નીરવતાની અંદર જ સમજવા પામું છું. કેમ કે આમાં તો કોણ કરી શકે તેમ છે કે પ્રેમ કરનાર કોણ છે, કોના ઉપર પ્રેમ થાય છે, તેમજ એ પ્રેમની પોતાની જ શક્તિ કઈ છે ? આ ત્રણે એક અનંત પરમાનંદની અંદર કેવળ એક જ રૂપનાં છે.

સૌ કોઈ ને, ઓ પ્રભુ, એ અતુલનીય પરમાનંદનું વરદાન આપો.

*
**

૨૮ મે ૧૯૧૪

તું આ જગતનાં અગણિત અગણિત તત્ત્વોને ગતિમાં મૂકી રહ્યો છે, સક્રિય કરી રહ્યો છે, વલોવી રહ્યો છે, કે જેથી કરીને, એ બધાં પોતાના આદિમ અંધકારમાંથી, પોતાની પ્રથમ દશાની અતંત્રતા-માંથી ચેતના પ્રત્યે અને જ્ઞાનના પૂર્ણ પ્રકાશ પ્રત્યે જાગૃત બને. અને આ સર્વ તત્ત્વોને આ રીતે વલોવવાનું કાર્ય તું તારા પરમ પ્રેમ દ્વારા કરી રહ્યો છે. અને પ્રેમના આ અખૂટ મહાધોધ તારા અનંત, અગાધ હૃદયમાંથી વહી રહેલા છે. તારું હૃદય એ મારું નિવાસસ્થાન છે, તારું હૃદય તે મારા સ્વરૂપની વાસ્તવિકતા છે. તારા હૃદયની અંદર આવીને હું લપાઈ ગઈ છું અને હું તારું હૃદય બની રહી છું.

શાંતિ, શાંતિ સર્વ કોઈ સ્વરૂપોની ઉપર.

*
**

૨૯ મે ૧૯૧૪

હે મારા મધુર ગુરુ, જે લોકો તારા મસ્તકમાં આવી રહેલા છે, એટલે કે વધારે બૌદ્ધિક રીતે કહીએ તો, જે લોકોએ પોતાની ચેતનાને પેલી પરમ ચેતના સાથે એકરૂપ કરી દીધેલી છે, જે લોકો તારા પરમ જ્ઞાનરૂપે બની ગયેલા છે, તેમને પછી તારા માટે કોઈ પ્રેમ રહી શકતો નથી, કેમ કે તેઓ તારારૂપે જ બની ગયેલા હોય છે. તેઓ તારા પરમ તત્ત્વની અંદર પ્રવેશ થતાં મળનારા અનંત પરમાનંદને માણી રહેલા હોય છે, પરંતુ પોતાથી ઉપર આવેલી કોઈ વસ્તુ પ્રત્યે તીવ્ર આનંદપૂર્વક અભિમુખ બનેલા ભક્તની જે ભક્તિ હોય છે તે હવે તેમનામાં રહી શકતી નથી. એટલે પછી, જે વ્યક્તિને તારા પ્રેમનો આવિર્ભાવ કરવાનું મહાકાર્ય પૃથ્વી ઉપર મળેલું હોય છે તેને તું આવિર્ભાવ પામેલા સારાયે વિશ્વ પ્રત્યે એક વિશુદ્ધ અને અનંત પ્રેમ ધારણ કરવાનું જ્ઞાન આપે છે; જે પ્રેમ પ્રથમ આરાધના અને અહો-ભાવનો બનેલો હતો તે હવે નરી કરુણા અને ભક્તિભાવ-ના બનેલા પ્રેમમાં પલટાઈ જાય છે.

ઓ, તારા શાશ્વત અદ્વૈતની દિવ્ય દીપ્તિ !
ઓ, તારા પરમાનંદની અનંત મધુરતા !
ઓ, તારા જ્ઞાનની પરમ ભવ્યતા !
તું છે તે અચિંત્ય, અદ્‌ભુત !

*
**

૩૧ મે ૧૯૧૪

શાંત એવી સંધ્યાની ધ્યાનાવસ્થામાં સૂર્ય અસ્ત પામી ગયો તે વેળાએ મારું સારુંયે સ્વરૂપ, હે પ્રભુ, તારી સમક્ષ એક મૂંગી આરાધનામાં અને પૂર્ણ સમર્પણ ભાવમાં સાષ્ટાંગ દંડવત્ થઈને ઢળી ગયું. એ વખતે હું પછી આખીયે પૃથ્વી બની રહી અને એ સમગ્ર પૃથ્વીએ તારી સમક્ષ સાષ્ટાંગ નમસ્કાર કર્યા, અને તારા પ્રકાશના

આશીર્વાદ અને તારા પ્રેમના પરમાનંદ માટે પ્રાર્થના કરી. એ, તને વિનંતી કરતાં કરતાં તારા પ્રત્યે નમસ્કારમાં ઢળી રહેલી એ પૃથ્વી, અને પછી રાત્રિની એ નીરવતામાં એની ધ્યાનમગ્નતા, અતિ અતિ ઝંખેલા પ્રકાશની, એકી સાથે ધીરજ અને આતુરતાપૂર્વક, એની પ્રતીક્ષા. જગતમાં કાર્ય કરી રહેલા તારા દિવ્ય પ્રેમરૂપે બની રહેવું એ જો એક મધુરતા છે, તો એ અનંત પ્રેમ પ્રત્યે ચડી રહેલી અનંત અભીપ્સા બનવું એ પણ એટલી જ મહામધુરતા છે. અને આ પ્રમાણે પલટો પામી શકવું, જે લેનાર છે અને જે આપનાર છે તે, એક પછી એક અવસ્થામાં, અથવા તો લગભગ એકી સાથે, બની રહેવું, જે રૂપાંતર કરી આપે છે અને જે રૂપાંતર પામે છે તે બની રહેવું, શોકાકુલ અંધકાર સાથે તેમજ સર્વશક્તિમાન મહાજ્યોતિ સાથે એકરૂપ થઈ જવું, અને એ બેવડા તાદાત્મ્યની અંદર, તારા ચક્રવર્તી અદ્વૈતના રહસ્યને શોધી કાઢવું, આ બધું તે તારી પરમ ઇચ્છાને વ્યકત કરવાની, તેને સિદ્ધ કરવાની જ શું એક રીત નથી?

હે મારા મધુર ગુરુ, મારું હૃદય તે એક આતુરતાથી ભરેલું મંદિર છે, અને તું ત્યાં એક અત્યંત ભવ્ય પ્રતિમારૂપે શાશ્વત વિરાજી રહેલો છે; આ પ્રમાણે મને તારું સ્વરૂપ પ્રત્યક્ષ થઈ રહ્યું છે, એક ભવ્યતાનાં વસ્ત્રોમાં સજ્જ બનેલું, જ્વાલાઓની મધ્યમાં ઊભેલું, અને એ જ્વાલાઓ મારા હૃદયને તારા અર્થે જલાવી રહી છે, અને સાથે સાથે જ, મારા મસ્તકમાં, હું તને જોઈ રહું છું. મને જ્ઞાન થાય છે કે તું અચિંત્ય છે, અજ્ઞેય છે, નિરાકાર છે; અને આ બેવડાં દર્શનમાં, આ બેવડાં જ્ઞાનમાં પરિતૃપ્તિની વિપુલતા અનુભવાય છે.

*
**

૧ જૂન ૧૯૧૪

દિવ્ય પ્રેમની હે વિજયી શક્તિ, તું જ આ જગતની ચક્રવર્તી સ્વામિની છે, તું એની સ્રષ્ટા છે અને તેની તારણહાર છે, તેં એને

અંધ તમસમાંથી ઉપર આવવામાં સહાય કરી છે, અને હવે તું એને શાશ્વત લક્ષ્યો પ્રત્યે લઈ જઈ રહી છે.

એવો એક પણ ક્ષુદ્ર હોય તેવો પદાર્થ નથી કે જ્યાં હું તને પ્રકાશતી જોતી નથી, તારા સંકલ્પથી દેખીતી રીતે વિરોધમાં રહેલું હોય એવું કોઈ પણ સ્વરૂપ નથી કે જેની અંદર હું તને જીવી રહેલી, કાર્ય કરી રહેલી, પ્રકાશિત બની રહેલી અનુભવતી ન હોઉં.

હે મારા મધુર ગુરુ, આ પ્રેમના અંતરતમ તત્ત્વ, હું તારું હૃદય છું, અને તારા પ્રેમના પ્રબળ પ્રવાહો તારા પ્રેમને સર્વ પદાર્થોમાં જાગૃત કરવા માટે, અથવા કહો કે, સર્વ પદાર્થોને સૌ કોઈને સજીવ કરી રહેલા તારા પ્રેમની ચેતના પ્રત્યે જાગ્રત કરવાને મારા આખાયે સ્વરૂપમાં વહી રહેલા છે.

જેઓ જેઓ તારો સ્વીકાર કરતા નથી, જેઓ તને જાણુતા નથી, જેઓ તારા દૈવી મધુર નિયમમાંથી ભાગી જવાનો પ્રયત્ન કરે છે, એ સર્વને હું મારા પ્રેમના બાહુઓમાં લઈ લઉં છું, એ સર્વને હું મારા પ્રેમના હૃદય ઉપર ઝુલાવું છું, અને એમને તારી દિવ્ય જ્વાલાની અંદર અર્પી દઉં છું કે જેથી પછી, તારા અદ્ભુત પ્રાદુર્ભાવોથી ઓતપ્રોત થયેલા તેઓ તારા પરમાનંદમાં પલટાઈ જાય.

હે પ્રેમ, દેદીપ્યમાન પ્રેમ, તું સૌ કોઈની અંદર ઓતપ્રોત બની રહે છે, તેમને પલટી દે છે.

*
**

૨ જૂન ૧૯૧૪

એક નીરવ ધ્યાનાવસ્થામાં, એક મૂંગી આરાધનામાં, સારાયે અંધારમય અને શોકાકુલ પદાર્થતત્ત્વ સાથે મારી જાતને એકરૂપ કરી દેતી દેતી, હું તને નમસ્કાર કરું છું, પ્રભુ, દિવ્ય તારણહારરૂપે, તારા પ્રેમને હું પરમ મુક્તિદાતારૂપે અભિવાદન કરું છું, એ પ્રેમે આપેલાં અસંખ્ય વરદાનો માટે હું તેનો આભાર માનું છું, અને

તું તારું પૂર્ણતાનું કાર્ય સિદ્ધ કરી શકે તે માટે હું મારી જાતને તારા હાથમાં સોંપી દઉં છું. એ પછી તારા પ્રેમ સાથે મારી જાતને તદાકાર કરી દેતી દેતી, હું કેવળ તારા અખૂટ પ્રેમરૂપે જ બની રહું છું. હું દરેક વસ્તુની ભીતર આરપાર પ્રવેશું છુ, પ્રત્યેક અણુના હૃદયની અંદર નિવાસ કરતી કરતી, હું ત્યાં અગ્નિ પેટાવું છું, એ અગ્નિ વિશુદ્ધિ કરી આપનાર હોય છે, રૂપાંતર કરી આપનાર હોય છે, એ અગ્નિ બુઝાતો હોતો નથી, એ તારા પરમાનંદની સંદેશ-વાહક જ્વાલા છે, તે સર્વ પૂર્ણતાઓને સિદ્ધ કરી આપનાર છે.

તે પછી આ પ્રેમ પોતે નીરવ રીતે પોતાની અંદર ઊતરી જાય છે, અને તારા પ્રત્યે અભિમુખ બનીને, હે અજ્ઞેય જ્યોતિ, તારા નૂતન આવિર્ભાવની તીવ્ર આનંદપૂર્વક પ્રતીક્ષા કરે છે.

*
**

૩ જૂન ૧૯૧૪

હવે સારુંયે સ્વરૂપ સ્થૂલ પ્રવૃત્તિની અંદર, સ્થૂલ ભૂમિકા પરની સિદ્ધિઓની અંદર વધુ ને વધુ ડૂબી જવા લાગ્યું છે. એમાં મારે કેટલીયે બધી વિગતોનો વિચાર કરવાનો તથા તેમને નિયમમાં રાખવાની રહે છે, એટલે હું તને પ્રાર્થના કરું છું, પ્રભુ, કે આ રીતે બાહ્ય તરફ વળેલી ચેતના તારી સાથેના આ વ્યવહારને સતત જાળવી રાખી શકે તેમ બનો, તું જ સર્વ શાંતિનું, સર્વ શક્તિનું, સર્વ પરમાનંદનું મૂળ છે.

હે મારા મધુર ગુરુ, તું પોતે જ આ વ્યક્તિગત સ્વરૂપની સારીયે સમગ્રતા દ્વારા કાર્યોને સિદ્ધ કરી દે. અથવા કહો કે આ વ્યક્તિગત સ્વરૂપમાં રહેલી કોઈ પણ વસ્તુ એક પણ ક્ષણ એ વસ્તુ ન ભૂલે કે એ તો માત્ર એક કરણ છે, તે એક આભાસ છે કે જેને, તું તેની અંદર પ્રવેશ કરી શકે તે માટે સત્યરૂપ અપાયેલું છે, અને કેવળ તું જ અસ્તિત્વમાં રહેલો છે અને કાર્ય કરી રહ્યો છે.

આ તારા અવિચલ સાંનિધ્યના કેવા તો આશીર્વાદ.....

*
**

૪ જૂન ૧૯૧૪

હે વિઘ્નમાત્રના વિજેતા, તારા દિવ્ય નિયમની સિદ્ધિ થવામાં જે જે વસ્તુ વિઘ્નરૂપ થવા માગતી હશે તે સર્વ ઉપર તું અમારી અંદર વિજયરૂપે બની રહેશે. તું અજ્ઞાનના અંધકારને અને દુરિચ્છાના શ્યામ ધુમાડાને વિખેરી નાખશે; તું દુષ્ટ સૂચનોને ઓગાળી નાખશે અને અમારી અંદર એવી તો નિર્મળ અને વિશુદ્ધ દૃષ્ટિને, સુસ્પષ્ટ દર્શનને સુદૃઢ કરી આપશે કે જે પોતાને વિભેદક વિચારો અને અતંત્રતાની ધૂનો દ્વારા છેતરાવા દેશે નહિ.

હે મારા મધુર ગુરુ, તારો અનંત પ્રેમ એ જ અમારા સ્વરૂપની એક વાસ્તવિકતા છે; એના સર્વશક્તિમાન કાર્યની સામે કોણ લડી શકશે ? એ પ્રેમ સર્વ કોઈની અંદર પ્રવેશ કરે છે, સર્વ વિઘ્નોને ભેદી તે આરપાર ચાલ્યો જાય છે, એ પછી ભલે ઘેરા અંધકારની જડતા હો, કે બેસમજદાર દુરિચ્છામાંથી આવતો વિરોધ હો. હે મારા મધુર ગુરુ, આ પ્રેમમાં થઈને, આ પ્રેમની દ્વારા તું સર્વ પદાર્થોમાં પ્રકાશી રહેલો છે, અને એ મહાપ્રકાશ, પોતે વધુ ને વધુ બળવાન બનતો બનતો, સારીયે પૃથ્વી ઉપર ઝળહળી રહેશે, સર્વ ચેતનાઓને તે દૃશ્ય એવો બની રહેશે.

તારા દિવ્ય સામર્થ્યનો વિરોધ કોણ કરી શકે તેમ છે ? તું જ છે અનન્ય અને પરમ એવી વાસ્તવિકતા.

મારું સ્વરૂપ એક મૂક આરાધનામાં એકાગ્ર થઈ જાય છે અને જે કાંઈ તું નથી તે તમામ અદૃશ્ય થઈ જાય છે.

*
**

## ૯ જૂન ૧૯૧૪

પ્રભુ, તારી સમક્ષ હું યજ્ઞની સમિધા બનીને ઊભી છું, અને તેનામાં દિવ્ય મિલનનો અગ્નિ પ્રજ્વલી રહેલો છે........

અને તારી સમક્ષ આ રીતે જે ખડું છે તે આ મકાનના સર્વ પથ્થરો છે અને તેમાં જે કાંઈ આવેલું છે તે બધું છે, જે કોઈ એનો ઉંબર ઓળંગીને આવે છે અને જે કોઈ એને નિહાળે છે, જે કોઈ એની સાથે સંબંધમાં આવેલાં છે એક કે બીજી રીતે એ બધાં, અને એમ કરતાં કરતાં ધીરે ધીરે સારીયે પૃથ્વી.

આ કેન્દ્ર, આ પ્રજ્વલી રહેલી યજ્ઞવેદી તારા પ્રકાશ અને તારા પ્રેમ વડે ઓતપ્રોત બની ગયેલી છે અને વધુ ને વધુ ઓતપ્રોત થતી રહેશે, તારી શક્તિઓ સારીયે પૃથ્વી ઉપર, હૃદયોની અંદર અને વિચારોની અંદર દૃશ્ય અને અદૃશ્ય રીતે ઝળહળી રહેશે.

તારા પ્રત્યેની મારી અભીપ્સાના પ્રત્યુત્તરમાં તું મને આવું અભયદાન આપી રહ્યો છે,

પ્રેમનું એક વિરાટ મોજું સર્વ વસ્તુઓ ઉપર ઊતરી રહ્યું છે. અને સર્વની અંદર પ્રવેશી રહ્યું છે.

શાંતિ, સારીયે પૃથ્વી ઉપર શાંતિ, વિજય, મહાસમૃદ્ધિ, અદ્ભુતતા....

ઓ વહાલાં બાળકો, દુઃખી અને અજ્ઞાન, ઓ બંડખોર અને ઉગ્ર પ્રકૃતિ, તમારાં હૃદયોને ખોલી નાખો, તમારી શક્તિઓને શાંત કરી લો, પ્રેમની મધુર સર્વ-શક્તિમત્તા આવી રહી છે, પ્રકાશની વિશુદ્ધ આભા આવી રહે છે અને તે તમારી અંદર આરપાર પ્રવેશી રહી છે. આ માનવનો પ્રહર આ પૃથ્વીનો પ્રહર સર્વ પ્રહરોમાં સુંદર છે. એકેએક વ્યક્તિ, સૌ કોઈ તેમને આ જે મહાસમૃદ્ધિ અપાઈ રહી છે તેને વિષે: જાણો અને તેને માણો.

હે શોકાકુલ હૃદયો અને ચિંતાતુર લલાટો, મૂર્ખ અજ્ઞાનદશા

અને અજ્ઞાનભરેલી હરિચ્છા, તમારી વ્યથા શાંત થઈ જાઓ અને અશેષ થઈ જાઓ.

આ ઝળહળાટ કરતો નૂતન શબ્દ આવી રહ્યો છે :

'હું આવ્યો છું.'

*
**

૧૧ જૂન ૧૯૧૪

પ્રત્યેક પ્રભાતે, પ્રભુ, એક અસંખ્ય પ્રણામ તારા પ્રત્યે આરોહણ કરે છે, એ સ્વરૂપની સર્વ અવસ્થાઓનો અને એ અવસ્થાઓમાં રહેલાં તત્ત્વોના સમૂહનો પ્રણામ છે. અને તે સર્વ કાંઈનું પેલા મહાસર્વની પ્રતિ થતું નિત્યનું સમર્પણ છે, અજ્ઞાન અને અહંકારનો તારા પ્રકાશ અને તારા પ્રેમ પ્રત્યે એક પુકાર છે. અને તારો ઉત્તર આવતો રહે છે સતત અને સમગ્ર રૂપનો : બધું જ પ્રકાશરૂપ છે, બધું જ પ્રેમરૂપ છે, અજ્ઞાન અને અહંકાર એ તો માત્ર વ્યર્થ છાયાઓ, એમને વિખેરી દઈ શકાય છે.

અને સર્વના ઉપર તારી ચક્રવર્તી શાંતિ, તારી વિપુલ સ્વસ્થતા ફેલાઈ રહે છે.

*
**

૧૨ જૂન ૧૯૧૪

હે મારા મધુર ગુરુ, શાશ્વત પ્રભો, 'તારી ઇચ્છા વિગતોની અંદર તેમજ સમગ્રની અંદર સિદ્ધ થાઓ' આમ કહેતાં કરતાં, હું તો માત્ર તારી સાથે નીરવતામાં અને શાંતિમાં મારી જાતને જોડી લઈ શકું છું. તારા રાજ્યનો કબજો તું લઈ લે, તારી સામે જે કાંઈ બંડ કરતું હોય તેને વશ કરી લે, જે આત્માઓ તને જાણતા નથી અને જે બુદ્ધિઓ તને વશ થવા માટે તથા સમર્પિત થવા માટે ના પાડે છે તેમને સાજાં કરી દે, સૂતેલી શક્તિઓને જગાડી આપ,

હિંમતને પ્રોત્સાહિત કર, અમને જ્ઞાન આપ, પ્રભુ, અમને માર્ગ બતાવ.

હૃદય એક પરમ શાંતિથી છલકાઈ રહ્યું છે, મન સ્વસ્થ અને નીરવ છે.

જે કાંઈ અસ્તિત્વમાં છે, જે કાંઈ થવાનું છે, જે કાંઈ અસ્તિત્વમાં છે નહિ તે સર્વની પાછળ તારું દિવ્ય અને અવિકારી સ્મિત આવેલું છે.

*
**

૧૩ જૂન ૧૯૧૪

પ્રથમ તો અમારે જ્ઞાન ઉપર વિજય મેળવવાનો રહે છે, એટલે કે તારું જ્ઞાન મેળવવાનું, તારી સાથે એકરૂપ થવાનું અમારે સમજવું જોઈએ અને એ ધ્યેય સિદ્ધ કરવા માટે બધાં જ સાધનો સારાં છે અને તે વાપરી શકાય છે. પરંતુ આ લક્ષ્ય પ્રાપ્ત થઈ જાય ત્યારે બધું જ થઈ ગયું છે એમ માની લેવું એ તો એક મોટી હાનિ થઈ જશે. તત્ત્વરૂપે તો બધું થઈ જતું હોય છે, સિદ્ધાન્તની રીતે તો વિજય મળી જતો હોય છે. અને જે લોકોને માટે પોતાની મુક્તિ માટેની અહંકારપ્રધાન અભીપ્સા એ જ માત્ર પ્રેરક તત્ત્વ હોય છે તેઓ સંતોષ પામી જઈ શકે છે અને તારા આવિર્ભાવી માટે કશીયે ખેવના રાખ્યા વિના આ મિલનની અંદર તેમજ એ મિલન માટે માત્ર જીવન ગાળી શકે છે.

પરંતુ જેમને તેં તારા પૃથ્વી પરના પ્રતિનિધિ તરીકે નીમેલા છે તેઓ આ રીતે આવી મળેલા પરિણામથી તૃપ્ત રહી શકે તેમ નથી. હા, પ્રથમ તારું જ્ઞાન તો મેળવવું જોઈએ, અને તે સૌથી પહેલાં, એ ખરું; પરંતુ એક વાર તારું જ્ઞાન પ્રાપ્ત થઈ જાય તે પછી તારા આવિર્ભાવનું સારુંયે કામ બાકી રહે છે; અને તે પછી એ આવિર્ભાવની કેવી ગુણવત્તા છે, તેની કેવી શક્તિ, સંકુલતા અને સંપૂર્ણતા છે તેની વાત આવે છે. ઘણી વાર તો જે લોકોને તારું જ્ઞાન થયું હોય છે તેઓ એ જ્ઞાનના તીવ્ર આનંદથી ચકિત થઈ જાય છે અને અતિ

હર્ષમાં આવી જાય છે, તેઓ પોતાને ખાતર જ તારું દર્શન પામીને અને પોતાના અત્યંત બાહ્ય જીવનમાં તને સારી કે ખરાબ રીતે અભિવ્યક્તિ આપીને સંતુષ્ટ બની રહે છે. જે વ્યક્તિ તારા આવિર્ભાવની સંપૂર્ણતા પામવા માગતી હોય છે તે તો આટલા માત્રથી સંતુષ્ટ રહી શકતી નથી; તેણે તો સ્વરૂપની સર્વ ભૂમિકાઓ ઉપર, સર્વ અવસ્થાઓની અંદર તારો આવિર્ભાવ કરવાનો રહે છે અને તેણે જે જ્ઞાન પ્રાપ્ત કર્યું છે તેમાંથી એ રીતે સારાયે વિશ્વ માટે શક્ય હોય તેટલો મોટામાં મોટો લાભ મેળવી લેવાનો રહે છે.

આ કાર્યક્રમની વિરાટતા આગળ, સારુંયે સ્વરૂપ આનંદમગ્ન થઈ જાય છે અને તારી સમક્ષ એ પ્રસન્નતાનું એક સ્તોત્ર ગાઈ રહે છે.

સારીયે પ્રકૃતિ, પોતાની પ્રવૃત્તિમાં પૂરેપૂરી સભાન રહીને, તારી ચક્રવર્તી શક્તિઓથી પૂરેપૂરી રણઝણી રહે છે, અને એ શક્તિઓની પ્રેરણાને જવાબ આપે છે અને એમની દ્વારા પોતે પ્રકાશિત, રૂપાંતરિત થવાને ઇચ્છા કરે છે........

તું છે જગતનો સ્વામી, અનન્ય વાસ્તવિકતા.

*
**

૧૪ જૂન ૧૯૧૪

અમારે સાચેસાચ એક સૃષ્ટિને નિર્માણ કરવાનું કામ કરવાનું છે: પ્રવૃત્તિઓનું, સ્વરૂપની નવી અવસ્થાઓનું સર્જન કરવાનું છે કે જેથી કરીને પૃથ્વીને માટે આજ લગી અજાણી રહેલી એવી આ શક્તિ પોતાનો પૂર્ણરૂપે આવિર્ભાવ કરી શકે. આ જન્મ-સર્જનના કાર્યને મેં મારું પોતાનું અર્પણ કરેલું છે, પ્રભુ, કેમ કે તું મારી પાસે આ વસ્તુ કરાવવા માગે છે. પરંતુ તેં મને આ કાર્યને માટે નિયુક્ત કરી છે તો પછી એ માટેનાં સાધનો તારે મને આપવાનાં રહે છે, અર્થાત્ આ વસ્તુ સિદ્ધ કરવા માટેનું જરૂરી જ્ઞાન મને આપવાનું રહે છે. અમે અમારા પ્રયત્નોને એકત્રિત કરી લઈશું: સારુંયે

વ્યક્તિગત સ્વરૂપ એ શક્તિને આવિર્ભાવ આપવાની રીતનું જ્ઞાન મેળવવા માટે એક સતત પ્રાર્થના કરતું કરતું પોતે એકાગ્ર બની રહેશે. અને તું, આ સ્વરૂપના કેન્દ્રરૂપે રહીને, શક્તિને સંપૂર્ણ રીતે પ્રગટ કરતો રહેશે કે જેથી પછી એ શક્તિ સર્વ વિઘ્નોને આરપાર ભેદી જશે, તેમનું રૂપાંતર કરી લેશે અને તેમને જીતી લેશે. વ્યક્તિગત જીવનવાળાં જે જગતો છે તેમની સાથે તેં એક કરાર પર સહી કરેલી છે. તેં એક વચન આપેલું છે, જે લોકો આ વચનને સિદ્ધ કરી શકે છે તેમને તેં આ રીતનાં જગતોમાં મોકલી આપેલાં છે. તો આ વસ્તુ હવે તારી પૂર્ણ સહાયને માટે પુકાર કરી રહી છે કે જેથી પછી જે વસ્તુનું વચન અપાયેલું છે તેની સિદ્ધિ થાય.

અમારી અંદર આ બે સંકલ્પશક્તિઓનું તથા આ બે પ્રવાહોનું મિલન બની આવવું જોઈએ કે જેથી કરીને એમના સંપર્કમાંથી પેલો પ્રકાશદાયક સ્ફુલિંગ જન્મ પામે.

અને આ વસ્તુ હવે કરવાની રહે છે જ તો તે થવાની જ છે.

*
**

૧૫ જૂન ૧૯૧૪

" મારા હૃદયમાં લપાઈને બેસી જા અને તારી જાતને રિબાવીશ મા : જે કાંઈ કરવાનું છે તે કરવામાં આવશે. અને તું જ્યારે એને વિષે કાંઈ જાણ્યા વિના એ કરે છે ત્યારે જ તે સારામાં સારું થતું હોય છે. "

હું તારા હૃદયમાં છું, પ્રભુ, અને કશું પણ મને ત્યાંથી હઠાવી શકે તેમ નથી. અને એ હૃદયનાં ઊંડાણોમાં થઈને એ હૃદયનાં પરમાનંદની સ્મિતભરેલી શાંતિમાં રહી હું તારા આવિર્ભાવનાં સર્વ બાહ્ય રૂપોને નિહાળી રહું છું અને તને વધુ સારી રીતે સમજવા માટે, તને વધુ સારી રીતે આવિર્ભાવ આપવા માટે હું ઝૂઝી રહું છું, મથી રહું છું.

તારા સાક્ષાત્કારનાં નવાં રૂપો માટેનો સમય, તું મને જણાવે છે તે મુજબ, જો આવી ગયો છે, તો એ રૂપોએ અવશ્ય જન્મ લેવો જ જોઈએ. સ્વરૂપની અંદરની કોઈક વસ્તુને ભણકારા આવે છે અને તેને હજી લગી કાંઈ જાણવા મળ્યું નથી; એટલે પછી એ પોતાની જાતને સાનુકૂળ કરવા માટે, તું એની પાસેથી માગે છે તેવી ઊંચાઈ પર પોતાને મૂકવા માટે પ્રયત્ન કરે છે. પરંતુ જે કોઈ તારે વિષે સભાન રહેલું છે અને તારી શક્તિની અંદર વસી રહેલું છે, તે તો જાણે છે કે આ નવું રૂપ તો તારા આવિર્ભાવની અનંત ગતિરૂપતામાં માત્ર એક અલ્પ અણુ જેટલી જ પ્રગતિ છે, અને તે દરેક રૂપને શાશ્વત સભરતાની નિર્મળ શાંતિથી નિહાળી રહે છે.

અને આ નિર્મળ શાંતિમાં જ સાક્ષાત્કારની સર્વ-શક્તિમત્તા આવી રહેલી છે.

એક અવિચલ વિશ્વાસની અંદર કેવી રીતે ઊંચે ને ઊંચે ઊડી શકાય તે અમારે શીખવાનું રહે છે; એવા વિશ્વાસભરેલા ઉડ્ડયનમાં સંપૂર્ણ જ્ઞાન રહેલું છે.

*
**

૧૬ જૂન ૧૯૧૪

તારો પ્રકાશ, એક સૂર્યના જેવો, પૃથ્વી ઉપર ઊતરી રહ્યો છે, અને તારાં કિરણો જગતને અજવાળી દેશે. આ વિશ્વમાં જે જે તત્ત્વો પેલા કેન્દ્રસ્થ અગ્નિના પૂર્ણ પ્રકાશને આવિર્ભાવ આપી શકે તેવાં, વિશુદ્ધ, મુલાયમ અને ગ્રહણશીલ છે તે બધાં હવે એકત્ર થઈ રહેલાં છે. અને આ બધું ગમે તેમ બનતું નથી. આ ઘટનાંનો આધાર કોઈ આ કે પેલા તત્ત્વની ઇચ્છા કે અભીપ્સા ઉપર નથી રહેલો. એનો આધાર તો વ્યક્તિઓના નિર્ણયોથી સ્વતંત્ર રીતે ગતિ કરનાર, પેલો જે પરમ પુરુષ છે તેના ઉપર જ રહેલો છે. તારો પ્રકાશ જગતમાં ફેલાઈ જવાનો છે, અને જે કોઈમાં એને આવિર્ભાવ આપવાની શક્તિ

છે તે એને આવિર્ભાવ આપી રહેલાં છે. અને બધાં તત્ત્વો, જગતમાં આવિર્ભાવ પામનારા દિવ્ય કેન્દ્રની, આ ભેદમય જગતમાં શક્ય તેટલી પૂર્ણ રીતે પુનર્રચના કરવા માટે ભેગાં થઈ રહેલાં છે.

આ વસ્તુનું આમ અદ્ભુત ચિંતન કરતાં કરતાં સ્વરૂપના કોષો આનંદથી છલકાઈ જાય છે, અને એ પરમ પુરુષનું દર્શન થતાં મારું સારુંયે સ્વરૂપ પરમાનંદમાં પહોંચી જાય છે. આ સ્વરૂપ હવે તારાથી જુદું છે એમ કેવી રીતે કહી શકાશે? તું પોતે જ આ સ્વરૂપ છે પૂર્ણ રીતે, સમગ્ર રીતે, એક પૂર્ણ તાદાત્મ્યની અતિશય તીવ્ર રીતે.

*
**

૧૭ જૂન ૧૯૧૪

અત્યાર સુધી જગતમાં જે જે કાંઈ વિચારાયું છે અને સિદ્ધ થયું છે તે બધું જ જગતમાં જે જે વસ્તુઓ સિદ્ધ થવાની જરૂર છે તેની સરખામણીમાં અત્યંત સાધારણ કોટિનું છે, સામાન્ય છે, અપૂર્ણ છે. ભૂતકાળમાં જે જે પૂર્ણતાઓ થયેલી હતી તેમાં અત્યારે હવે કશી વાસ્તવિક શક્તિ રહેલી નથી. જગતમાં જે નવાં નવાં બલો આવેલાં છે તેમનું રૂપાંતર કરવાને માટે, તેમને તારા દિવ્ય સંકલ્પને આધીન કરવા માટે એક નવા સામર્થ્યની જગતમાં જરૂર છે. અને તારા તરફથી સતત જવાબ મળતો રહે છે: 'માગ અને તે થશે.' તો હવે, મારા પ્રભુ, હું માગું છું કે તારે મારી અંદર એક અવિચલ શાંતિમાં સ્થિર થયેલી એક અખંડ, અસ્ખલિત, તીવ્ર, ઉગ્ર અભીપ્સા સર્જી દેવાની છે. નીરવતા અને શાંતિ તો મારામાં આવેલાં જ છે, પરંતુ તીવ્રતા અખંડ રહેતી નથી તે થવાની જરૂર છે. ઓ, તારું હૃદય, તેં જેનો સંકલ્પ કર્યો છે તે વસ્તુ જાણે કે સિદ્ધ થઈ રહેલી છે તે જોતાં, આનંદનું એક મહાગાન ગુંજી ઊઠે છે... આ બધાંય તત્ત્વોને ભસ્મ થઈ જવા દો કે પછી એમની રાખમાંથી નવા આવિર્ભાવને અનુરૂપ નવાં તત્ત્વો ઉદય પામે.

કેવી વિરાટ છે તારી જ્યોતિર્મય શાંતિ !
કેવો તો પરમ સમર્થ છે તારો ચક્રવર્તી પ્રેમ !

અને અમને જે જે કાંઈ અગાઉથી દેખાઈ રહ્યું છે તેનો અવર્ણનીય પ્રકાશ ત્યાં, વિચારની સારીયે સૃષ્ટિને પેલે પાર ઝળહળી રહ્યો છે. અમને વિચાર આપ, શબ્દ આપ, શક્તિ આપ.

જગતના આ રણાંગણમાં ઊતરી આવ, હે નવ-જાત મહાઅજ્ઞાત !

*
**

૧૮ જૂન ૧૯૧૪

હમેશાં એ જ સંકલ્પ કાર્યમાં લાગી રહ્યો છે. જ્યાં લગી પોતાનો અવિર્ભાવ કરવાની ઘડી આપે ત્યાં લગી પેલી શક્તિ હાજર રહીને વાટ જોઈ રહી છે: એક એવું નૂતન રૂપ શોધી કાઢવું જોઈએ જે આ નવીન આવિર્ભાવને શક્ય બનાવે. અને હે પ્રભુ, તારા સિવાય બીજું કોઈ આનું જ્ઞાન આપી શકે તેમ નથી. પછી તો પ્રયત્ન કરવો, માગણી કરવી, અભીપ્સા કરવી એનો આધાર તો અમારાં સમગ્ર સ્વરૂપ ઉપર છે. પરંતુ જ્યોતિ, જ્ઞાન અને શક્તિનો પ્રત્યુત્તર આપવાનું તો તારા હાથમાં છે.

ઓ, તારા વિજયી સાંનિધ્યનું આનંદપૂર્ણ ગીત....

*
**

૧૯ જૂન ૧૯૧૪.

અમારાં હૃદયોને તારા પ્રેમના આનંદ વડે ભરી દે.
તારા પ્રકાશની આભા વડે અમારાં મનને તરબોળ કરી દે.
એવું વરદાન આપ કે અમે તારા વિજયનો આવિર્ભાવ કરીએ.

*
**

૨૦ જૂન ૧૯૧૪

પ્રભુ, આ પરિવર્તનનું કાર્ય તો તારે જ સિદ્ધ કરી આપવાનું છે, એ માટે કયો માર્ગ લેવો તે તારે જ અમને બતલાવવાનો છે અને એ માર્ગને અંત સુધી પાર કરવાની શક્તિ પણ તારે જ આપવાની છે.

પ્રભુ, સારાયે પ્રેમનું અને પ્રકાશનું મૂળ એક તું જ છે. અમે તને તારા મૂળ સ્વરૂપે તો જાણી શકતા નથી પરંતુ વધુ ને વધુ પૂર્ણ રીતે અને સંપૂર્ણ ભાવે તારો આવિર્ભાવ કરી શકીએ છીએ; વિચાર વડે તો અમે તારી પાસે આવી શકતા નથી, પરંતુ એક ગહન નીરવતામાં અમે તારી સમીપ પહોંચી શકીએ છીએ. તેં અમને જે અનંત વરદાન આપેલાં છે તેમને પૂર્ણ કરવાને માટે તારે જ અમારી મદદે આવવાનું છે અને અમે તારો વિજય મેળવી શકીએ ત્યાં સુધી અમારી સહાયમાં રહેવાનું છે.

જગતના દુઃખ માત્રનો લય કરી શકે તેવા પેલા સાચ્ચા પ્રેમને, પ્રભુ, જન્મ આપ; પોતામાં સાચી શક્તિને ધારણ કરતી પેલી અવિચલ શાંતિ અહીં સ્થાપી દે, પ્રભુ! અંધકાર માત્રનો નાશ કરી દેનાર પેલું ચક્રવર્તી જ્ઞાન અમને આપ....

અનંત અનંત ઊંડાણોથી માંડી આ અત્યંત સ્થૂલ શરીર સુધીમાં, અરે આ શરીરનાં નાનામાં નાનાં તત્ત્વમાં પણ તારો પ્રવાહ વહી રહ્યો છે. એ સર્વમાં તું ધબકી રહ્યો છે, એ સર્વને તું ગતિ આપી રહ્યો છે અને આ મારું આખુંયે સ્વરૂપ હવે એક ઘનરૂપ બની રહેલું છે, એ એક અનંત બહુવિધતાઓથી ભરેલું છતાં એક જ સુગઠિત સમગ્ર તત્ત્વ છે, અને એની અંદર માત્ર એક જ, એક અનન્ય અને ભીષણ એવું આંદોલન ધબકી રહ્યું છે.

*
**

૨૧ જૂન ૧૯૧૪

એકી સાથે નિષ્ક્રિય અને પૂર્ણ રીતે વિશુદ્ધ એવી આરસી બની

રહેવું, અને એ જ વખતે બહારની તથા અંદરની બાજુ તરફ, આવિર્ભાવનાં પરિણામો પ્રત્યે અને એ આવિર્ભાવનાં મૂળ પ્રત્યે વળેલા રહેવું કે જેથી કરીને સંચાલન કરતી ઇચ્છાશક્તિની સમક્ષ પરિણામોને મૂકી શકાય, અને વધુમાં, એ ઇચ્છાશક્તિને સાકાર કરતી પ્રવૃત્તિ બની રહેવું, આ છે લગભગ મનુષ્યે કરવાનું કામ. આ બે વલણો નિષ્ક્રિય ગ્રહણશીલતા અને સાકાર કરતી પ્રવૃત્તિ, એ બેને ભેગાં કરવાં એ જ સૌથી વધુ મુશ્કેલ વસ્તુ છે. અને તું એ જ અમારી પાસે કરાવવા માગે છે, પ્રભુ, અને તું અમારી પાસે એ વસ્તુ કરાવવા માગે છે એટલે હવે કોઈ શંકા રહેતી નથી કે એને સિદ્ધ કરવાનાં સાધનો તું અમને આપશે જ.

કારણ કે જે વસ્તુ થવાની છે તે થશે જ, અમે પોતે કલ્પના કરી શકીએ તે કરતાં પણ ઘણી વધારે ભવ્ય રીતે એ થશે.

ઓ તારો પ્રેમ આવિર્ભાવની અંદર વધુ ને વધુ સભર બનતો રહો, સદાયે વધુ ને વધુ ભવ્ય, વધુ ને વધુ ગહન, વધુ ને વધુ વિશાળ....

*
**

૨૨ જૂન ૧૯૧૪

જે થવાનું છે તે થશે જ, જે કરવાનું છે તે કરાશે જ.....

પ્રભુ, કેવી તો સ્વસ્થતાભરી નિશ્ચિતતા તેં મારામાં મૂકી આપી છે. કોણ અથવા તો કઈ વસ્તુ તને આવિર્ભાવ આપશે? એ તો હમણાં કોણ કહી શકે?..... જે જે વસ્તુઓ એક વધુ સંપૂર્ણ અને વધુ ઉચ્ચ રીતની નૂતન અભિવ્યક્તિ માટે પ્રયત્ન કરી રહી છે તે સર્વમાં તું વસી રહેલો છે. પરંતુ પ્રકાશનું કેન્દ્ર હજી આવિર્ભાવ પામ્યું નથી, કારણ કે એ આવિર્ભાવ માટેનું કેન્દ્ર હજી સંપૂર્ણ રીતે સજ્જ બન્યું નથી.

હે દિવ્ય ગુરુ, જે વસ્તુ થવાની છે તે થશે જ અને તે કદાચ

સૌ કોઈ આશા રાખે છે તે કરતાં ખૂબ જુદી હશે.

પરંતુ અમુક શાંત રહસ્યોને શબ્દમાં તો કેવી રીતે મૂકી શકાય?

શક્તિ તો છે જ, અને આત્મા તેમાં છે.

એ ક્યારે અને કેવી રીતે બહાર ઊછળી આવશે? કરણુ તૈયાર છે એમ તું ક્યારે નક્કી કરશે?

ઓ, તારી સ્વસ્થતાભરી નિશ્ચિતતા કેવી તો મધુર છે, તારી શાંતિનું સામર્થ્ય કેવું તો છે.....

*
**

२३ જૂન १९१४

રૂપાંતરને સાધનારી પરમ શક્તિ તો તું છે, તો પછી અમે માધ્યમ તરીકે રહેતાં જે જે લોકો તારી સાથે સંબંધમાં આવેલા છે તે સર્વના ઉપર તું શા માટે કાર્ય કરતો નથી? અમારામાં તારી શક્તિમાં શ્રદ્ધા ખૂટે છે: અમે હમેશાં એમ વિચારીએ છીએ કે માણસોએ પોતામાં આ પૂર્ણ રૂપાંતર બની આવે તે માટે તેમના સભાન ચિત્તમાં સંકલ્પ સેવવો જોઈએ; અમે ભૂલી જઈએ છીએ કે એ લોકોમાં સંકલ્પનો કરનાર તો પોતે છે અને એ લોકોનું આખુંયે સ્વરૂપ પ્રકાશિત થઈ જાય તેવો સંકલ્પ તું કરી શકે છે.... હે પ્રભુ, અમે તારી શક્તિને વિષે શંકા રાખીએ છીએ, અને એથી જ અમે એને માટે ખરાબ એવાં માધ્યમ બનીએ છીએ અને અમે એ શક્તિના રૂપાંતરકારક બળને મોટા ભાગમાં ઢાંકી દઈએ છીએ.

ઓ અમારામાં આ જે શ્રદ્ધા ખૂટે છે તે તું અમને આપ, અમારામાં વિગતની જે નિશ્ચિતતા નથી તે તું અમને આપ. વિચાર કરવાની અને નિર્ણય કરવાની આ જે સામાન્ય રીત છે તેમાંથી અમને મુક્ત કર; અમારી પ્રાર્થના છે કે, તારા અનંત પ્રેમની ચેતનામાં રહીને અમે એ પ્રેમને પ્રત્યેક પળે કામ કરી રહેલો નિહાળતા રહીએ અને એ પ્રેમને વિષે સભાન રહીને એને સ્વરૂપની અત્યંત ભૌતિક

અવસ્થાઓ સાથે સંબંધમાં મૂકી આપીએ....

હે પ્રભુ, અમને અજ્ઞાન માત્રમાંથી મુક્ત કર, અમને સાચ્ચી એવી શ્રદ્ધા આપ.

*
**

## ૨૪ જૂન ૧૯૧૪

આવિર્ભાવના દષ્ટિબિંદુથી જોતાં, જે કાર્ય પૃથ્વી ઉપર ચાલુ રાખવાનું છે તેને માટે એક શ્રેણીબદ્ધતાની જરૂરિયાત રહે છે. આ વિશ્વ તો હજી ગેરવ્યવસ્થિત છે, તો શું એમાં કોઈ જાતની અન્તરંગી વસ્તુ દાખલ થયા સિવાય, એટલે કે, તારા વિધાન સાથે પૂર્ણપણે સંવાદમાં હોય તે રીતે એવી ક્રમિકતા દાખલ થઈ શકે ?.... અમારામાં રહેલ સાક્ષીપુરુષ અવિચલ, નિર્લેપભાવે, આ લીલા પ્રત્યે મંદમંદ હાસ્ય કરતાં, જે સુખાન્ત ઘટના પોતાની જાતે ખુલ્લી થઈ રહી છે તેને નિહાળી રહ્યો છે. એ પુરુષ, પર્યાપ્ત સંજોગોને માટે શાંતિની રાહ જોઈ રહ્યો છે કારણ કે એ આ જાણે છે કે આ બધું જે થઈ રહ્યું છે તે, જે થવું જોઈએ તેની કેવળ અપૂર્ણ રજૂઆત છે.

પરંતુ, હે પ્રભુ, અમારામાં રહેલો ધર્મપ્રધાન પુરુષ પ્રેમપૂર્વકની અભીપ્સા સાથે તારી પ્રત્યે વળે છે અને તારી સહાય અર્થે વિનંતી કરે છે, જેથી કરીને જે કાંઈ ઉત્તમ હોય તે જ સિદ્ધ થાય, સર્વ શક્ય અવરોધો ઓળંગી જવાય, સર્વ શક્ય અંધકારને દૂર કરી દેવામાં આવે અને સર્વ અહંમૂલક અશુભ વૃત્તિ ઉપર વિજય પ્રાપ્ત કરવામાં આવે. અત્યારની જે વ્યવસ્થા ગોઠવાયેલી છે તેમાં જે બનવાનું છે તે કાંઈ સર્વોત્તમ નથી – એ તો હમેશાં બનતું રહે છે, એ તો અગાઉના કોઈ સમય કરતાં પણ વધુ પ્રયત્નો વડે, આ સંજોગોને પોતાને જ બદલી નાખવાના છે, કે જેથી કરીને ગુણવત્તા અને કદની દૃષ્ટિએ એક નવીન ઉત્તમતા, એક તદ્દન અસાધારણ ઉત્તમતાનો આવિર્ભાવ થાય.

તથાઽસ્તુ

*

ભવિષ્ય વિષે તુલના કરવી અથવા અમને એના વિષેનો જે ખ્યાલ હોય તે દૃષ્ટિએ તેને અગાઉથી જોવા પ્રયત્ન કરવો એ હમેશાં અયોગ્ય હોય છે, કારણ કે આ ખ્યાલ વર્તમાન કાળમાં હોય છે, અને એ, એની નિર્વ્યક્તિકતાના પ્રમાણમાં, અત્યારના પારસ્પરિક સંબંધોની રજૂઆત કરતો હોય છે અને એમાં અનિવાર્યપણે પાર્થિવ પ્રશ્નોના ભવિષ્યના પારસ્પરિક સંબંધોનાં સર્વે તત્ત્વો રહેલાં હોતાં નથી. અત્યારના સંજોગો ઉપરથી ભાવિ વિષે અનુમાન લગાવવું એ એક તાર્કિક સ્તર ઉપરની મનોમય પ્રવૃત્તિ હોય છે, ભલે પછી આ અનુમાનનો ઉદ્‌ગમ અવ-ચેતનામાં થતો હોય અને સભાન સ્વરૂપમાં એ પ્રેરણારૂપે રૂપાંતરિત થઈને રજૂ થતું હોય; અને તર્ક કરવા એ તો મનુષ્યની વ્યક્તિગત શક્તિ છે; બુદ્ધિની પ્રેરણાઓ અનંત,અમર્યાદ, દિવ્ય સ્વરૂપમાંથી આવતી નથી. એ તો આપણે જ્યારે સર્વ-જ્ઞાનમયમાં નિવાસ કરતા હોઈએ, જ્યારે આપણે એકીસાથે જે જાણે છે, જે જાણવાનું છે અને જાણવાની શક્તિ બની જઈએ છીએ (જ્ઞાતા, જ્ઞેય, અને જ્ઞાનશક્તિરૂપ બની જઈએ છીએ) ત્યારે જ આપણે ભૂત, વર્તમાન અને ભવિષ્યના સૌ સંબંધો વિષે સભાન બની શકીએ છીએ; પરંતુ આ અવસ્થામાં પછી ભૂત, વર્તમાન અને ભવિષ્ય જેવું કાંઈ હોતું જ નથી, સર્વ કાંઈ શાશ્વતપણે અસ્તિત્વમાં હોય છે. આ સર્વ સંબંધોના આવિર્ભાવનો ક્રમ પણ કેવળ પરમસ્વરૂપની પ્રેરણા, દિવ્ય વિધાન ઉપર જ આધાર નથી રાખતો, એનો આધાર સાથે–સાથે, પેલા દિવ્ય વિધાનનો અતિ-બાહ્ય જગત જે અવરોધ કરે છે તેની ઉપર પણ રહે છે; આ બે વસ્તુઓ ભેગી મળીને આ આવિર્ભાવનો જન્મ થાય છે, અને અત્યારે મારા માટે આ સંબંધમાં જેટલું જાણવું શક્ય બન્યું છે તે પ્રમાણે આ બે વસ્તુઓનું સંયોજન અનિશ્ચિત છે. આમાં જ લીલા રહેલી છે, અદૃષ્ટ તત્ત્વની લીલા.

*
**

આવા થવું છે કે તેવા થવું છે એવી ઇચ્છા કરવામાં કયું ડહાપણ રહેલું છે ? આવી રીતે પોતાની જાતને શા માટે રિબાવવી ભલા ? શું તું જ પરમ કાર્ય કરનાર નથી ? તારાં અમે વિનમ્ર કરણ બની રહીએ એ શું અમારી ફરજ નથી, અને, તું જ્યારે એ કરણને થોડા સમય માટે એક બાજુએ મૂકી દે છે ત્યારે તું એને કર્મમાં મૂકતો નથી એટલા માટે શું તે ફરિયાદ કરશે ? પ્રવૃત્તિ અને સંઘર્ષને માણી લીધા પછી તે શું શાંતિ અને આનંદને માણશે નહિ ?

અમારે સદાયે જાગૃત રહેવું જોઈએ, નાનામાં નાના પુકારને ધ્યાનમાં લેવો જોઈએ, એટલે પછી તું અમને કર્મ કરવા માટેનો ઇશારો કરે, પછી તે કર્મ ભલે મન વડે કરવાનું હોય, લાગણી વડે કરવાનું હોય કે શરીર વડે કરવાનું હોય, ત્યારે અમે સૂતેલાં ન રહી જઈએ અથવા તો નિષ્ક્રિય ન રહી જઈએ એમ થાય; પરંતુ આ જે આશાભાવ અને ભક્તિથી ભરેલી શુભેચ્છાની એક સતત ચાલુ રહેતી અવસ્થા છે તેને અમારે એક ચિંતામય અને અશાંત ઉકળાટ સાથે, આ કે તે અમે નહિ બનીએ તેના ભય સાથે અને તું અમારી પાસેથી જે માગે છે તે પ્રમાણે અમે કરતાં નથી એટલે તને અમે નાખુશ કરી દઈશું એવા ભય સાથે ભેળસેળ કરી દેવી જોઈએ નહિ.

તારું હૃદય એવું તો પરમ આશ્રયસ્થાન છે કે તેમાં સર્વ પ્રકારની ચિંતા શાંત થઈ જાય છે. ઓ એને, એ હૃદયને, ખૂબ ખૂબ ખુલ્લું રહેવા દેજે કે જેથી વેદનાથી રિબાઈ રહેલાં સૌ કોઈને ત્યાં પરમ આશ્રય મળી રહે.

ભેદી નાખ આ અંધકારને, પ્રકાશને બહાર ધસી આવવા દે;
શાંત કરી દે આ આંધીને, શાંતિને સ્થાપી દે;
ઠંડી પાડી દે આ હિંસાને, પ્રેમને રાજ્ય કરતો થવા દે;
બની જા મહાયોદ્ધો વિઘ્નોને જીતનારો;

વિજયને સિદ્ધ કરી લે.

*
**

૨૬ જૂન ૧૯૧૪

હે પ્રભુ, જગતના સ્વામી, હું તને નમન કરું છું. અમને નિર્લેપ ભાવે કામ કરવાની શક્તિ આપ, અમને, વ્યક્તિના ભ્રમમાં રહ્યા વિના વ્યક્તિગત આવિર્ભાવની શક્તિઓ ખીલવવાનું બળ આપ. સત્ય વિષેની અમારી દૃષ્ટિ સુદૃઢ કર, એકતાની અમારી લાગણીને મજબૂત કર, સૌ અવિદ્યા અને અંધકારમાંથી અમને મુક્તિ આપ.

અમે કરણની પૂર્ણતા માટેની માગણી કરતાં નથી, કારણ કે અમે જાણીએ છીએ કે સાપેક્ષતાઓથી ભરેલા આ વિશ્વમાં સૌ પૂર્ણતા સાપેક્ષ હોવાની : આ કરણની રચના આ વિશ્વમાં કાર્ય કરવા માટે કરવામાં આવી છે, અને એમ કરવાને શક્તિમાન થવા માટે, એણે આ જગતના બની રહેવાનું છે; પરંતુ એને સજીવ બનાવનાર ચેતના તારી સામે એકરૂપ થયેલી હોવી જોઈએ, એ વૈશ્વિક અને શાશ્વત ચેતનારૂપ હોવી જોઈએ, એણે વિવિધ અને અનેક સંખ્યક દેહોમાં જીવન ધારણ કરવું જોઈએ.

હે પ્રભુ, એવું વરદાન આપ કે અમે આવિર્ભાવનાં સામાન્ય રૂપોથી ઉપર ઊઠીએ કે જેથી તું તારા નૂતન આવિર્ભાવ માટે જરૂરી કરણો પ્રાપ્ત કરી શકે.

અમારું લક્ષ્ય અમારી દૃષ્ટિ બહાર જવા ન દઈશ; એવું વરદાન આપ કે અમે હમેશાં તારી પેલી એવી શક્તિ સાથે એકરૂપ હોઈએ જેના વિષે પૃથ્વી હજી જાણતી નથી અને પૃથ્વી પ્રત્યેના અમારા કાર્ય તરીકે જે ( શક્તિ ) તેં અમને આપેલી છે.

એક ગહન અંતર્મુખ એકાગ્રતા, સ્વરૂપના આવિર્ભાવના સર્વે પ્રકારો તારી આભવ્યક્તિ થાય તે માટે પોતાનું આત્મસમર્પણ કરે છે.

*
**

२७ जून १९१४

મારું સ્વરૂપ તું એને જે કાંઈ આપે છે તેથી સંતુષ્ટ છે; તું એની પાસેથી જે કાંઈ માગીશ તે તે કરશે, કશી નિર્બળતા વિના, કશી પણ ખોટી વિનમ્રતા વિના, કોઈ પણ નકામી મહત્ત્વાકાંક્ષા વિના. મારું સ્થાન ક્યાં છે, તું કયું કામ મને સોંપે છે એ વસ્તુ જરા પણ મહત્ત્વની નથી.... આ જે કાંઈ છે તે બધું જ, અમે જેટલું સંપૂર્ણપણે આપી શકીએ, કશી પણ ફિકર ચિંતા વિના આપી શકીએ તે રીતે શું તને જ સોંપી દેવાનું નથી?

મને તો આ એક ઊંડો અને અવિચલ વિશ્વાસ છે કે તારું કાર્ય થવાનું જ છે અને જે લોકોએ એ કાર્ય કરવાનું છે તેમને તેં સર્જી લીધેલા છે અને પસંદ કરી લીધેલા છે. તો પછી કરી ચુકાયેલી વસ્તુ વિષે વિચાર કરવામાં શા માટે નકામી શક્તિ ખર્ચવી જોઈએ? ઓ પ્રભુ, આ રીતના વિશ્વાસમાંથી જન્મતી પરમ શાંતિ તેં મને બક્ષી છે. મારે તારા પ્રેમમાં જીવવાનું છે, તારા પ્રેમ દ્વારા જીવવાનું છે, વધુ ને વધુ તારા પ્રેમસ્વરૂપ બની રહેવાનું છે એ રીતનું અલૌકિક વરદાન તેં મને આપ્યું છે, અને આ પ્રેમમાં જ પૂર્ણ અને અવિકારી આનંદ રહેલો છે.

મારી તો તને એક જ પ્રાર્થના છે, અને હું જાણું છું કે એને તેં પહેલેથી જ સાંભળી લીધી છે: 'પૂર્ણપણે તારા પ્રેમની અંદર તથા તારા પ્રેમ દ્વારા જ જીવી શકે એવાં તત્ત્વો, એવા અણુઓ કે વિશ્વોની વધુ ને વધુ સંખ્યામાં હમેશાં વૃદ્ધિ કરો, પ્રભુ.'

શાંતિ, શાંતિ સારીયે ધરતી ઉપર

*
**

२८ જૂન १९१४

સારીયે પ્રકૃતિ તને નમસ્કાર કરી રહી છે, પ્રભુ, અને બાહુ ઊંચા કરીને અને હાથ ફેલાવીને એ તને વિનંતી ગુજારી રહી છે.

તારા અનંત ઔદાર્ય વિષે એને શંકા છે એમ નથી, અથવા તો એ ઔદાર્ય મેળવવા માટે એણે પોતે માગણી કરવી જોઈએ એમ પણ એ ધારતી નથી. પરંતુ આ તો એની તને પ્રણામ કરવાની અને પોતાનું અર્પણ કરવાની રીત છે. કેમ કે આ જે એનું સ્વાર્પણ છે એ વસ્તુઓને ઝીલવા માટેની તેની તૈયારીથી શું કાંઈ જુદી ચીજ છે? પ્રાર્થના કરતાં કરતાં આ રીતે તારા તરફ વળવું એ તો એને બહુ મીઠું લાગે છે, જોકે એ જાણતી તો હોય છે જ કે તને પ્રાર્થના કરવી જરૂરની નથી. પરંતુ આ ભક્તિ તો એને માટે એક તીવ્ર અને સુખદાયી વસ્તુ બની રહે છે. અને એને થતી આ ભક્તિની ભાવના બૌદ્ધિક ચેતનાને કશી પણ ક્ષતિ પહોંચાડ્યા વિના તૃપ્ત બની શકે છે. એ બૌદ્ધિક ચેતના તો જાણતી હોય છે કે તું સર્વની સાથે એકરૂપ છે તેમજ સર્વમાં આવી રહેલો છે.

પરંતુ તમામ આવરણો અદૃશ્ય થઈ જવાં જોઈએ અને સર્વ હૃદયોમાં પ્રકાશ પૂર્ણ બની રહેવો જોઈએ.

ઓ પ્રભુ, અમે કર્મ કરતા રહીએ અને કર્મમાં રહીએ છતાં, અમને આત્માની પૂર્ણ સ્વસ્થતા આપ કે જેને લીધે અમને દિવ્ય તાદાત્મ્યની, પૂર્ણ જ્ઞાનની પ્રાપ્તિ શક્ય બની રહે.

તારા પ્રત્યેનો મારો પ્રેમ, પ્રભુ, એ તું પોતે જ છે અને છતાં મારો પ્રેમ ધર્મભાવે તારી સમક્ષ નમન કરી રહે છે.

*
**

૨૯ જૂન ૧૯૧૪

એ સૌને સુખ, શાંતિ અને આનંદ આપ.... જો તેઓ દુઃખમાં હોય તો એમના દુઃખને જ્યોર્તિમત કર અને તેને પરિવર્તનના એક સાધનરૂપ બનાવી આપ; એમને તારા પરમ પ્રેમનો આનંદ અને તારી એકતાની શાંતિ આપ; એમની અંદર તેમનાં હૃદયો તારી શાશ્વત હાજરીથી ધબકતાં રહે તેમ કર. હે પ્રભુ, એ બધાં મારામાં છે, અને

હું તેમનામાં છું, અને જ્યારે મારા "હું"ને ઠેકાણે હવે તારો સર્વજયી પ્રેમ જ રહેલો છે ત્યારે તેઓ તારા પ્રેમસ્વરૂપની અંદર રહેલાં છે અને એ તેમનું પરિવર્તન કરશે.

હે પ્રભુ, મારા મધુર સ્વામી, અજ્ઞેય પ્રભાવંત, એમને સુખ, શાંતિ અને પરમ આનંદ આપ.

*
**

30 જૂન 1914

દરેક પ્રવૃત્તિ તેના પોતાના ક્ષેત્રમાં પોતાનું વિશિષ્ટ કાર્ય સિદ્ધ કરતી હોય, કોઈ જાતની ગેરવ્યવસ્થા કે ગોટાળો નહિ, એક પ્રવૃત્તિ એકબીજીને આવરી લઈને એક જ કેન્દ્રની આસપાસ સર્વ કાંઈ શ્રેણીબદ્ધ રીતે ગોઠવાયેલું હોય : તારો સંકલ્પ....

મનુષ્યોમાં જે વસ્તુ ખાસ કરીને ખૂટે છે તે સુસ્પષ્ટતા અને વ્યવસ્થા; દરેક તત્ત્વ, સ્વરૂપની દરેક અવસ્થા પોતાનું કાર્ય બીજાં તત્ત્વો અને અવસ્થાઓ સાથે સંવાદપૂર્ણ રીતે કાર્ય કરવાને બદલે પોતે જ સર્વેસર્વા થઈ રહેવા માગે છે, પૂર્ણપણે સ્વસંચાલિત અને સ્વતંત્ર. એ ભૂલ તો; વિશેષે કરીને આખા વિશ્વમાં વ્યાપક અજ્ઞાનને કારણે છે, એ એક એવી વિશ્વવ્યાપી ભૂલ છે જેનું લાખોનાં લાખો દૃષ્ટાંતોમાં પુનરાવર્તન થયા કરે છે. પરંતુ આ પ્રવૃત્તિઓ અલગ અલગ અને અવ્યવસ્થિત છે એમ ગણી પ્રયત્ન કરવો, તારો એકલાનો જ સંકલ્પ વિદ્યમાન રહે એટલા માટે એ સર્વને દબાવી દેવી; ભલે પછી એ કામ એકાંતમાં કરવામાં આવે, તો પછી એ (ક્ષતિના) અસ્તિત્વને માટે કોઈ કારણ ન રહે, પરંતુ એ તો એક તદ્દન વાહિયાત અને અશક્ય દુઃસાહસ ગણાય. એ તો નિશ્ચિત છે કે કોઈ વસ્તુને સુવ્યસ્થિત કરવા કરતાં એને દબાવી દેવી એ સહેલું છે; પરંતુ એક સંવાદપૂર્ણ સુવ્યવસ્થાની સિદ્ધિ, દાબ પાડવા કરતાં અત્યંત ઉત્તમ છે. અને ભલે જો છેવટનો અંત કોઈ અ-સત્‌માં લય પામવાનો હોય, તોપણ, મને લાગે છે કે

આ પાછાં પગલાં ભરવાની ક્રિયા પણ સ્વરૂપની ઉચ્ચતમ પૂર્ણતા સિદ્ધ કર્યા વડે જ શકય બની શકે તેમ છે.

હે મારા મધુર સ્વામી, એવું વરદાન આપ કે એ લોકો તારી અનંત મૃદુતાને અનુભવે અને એની ભેટરૂપ જે શાંત વિશ્રાન્તિ છે તેમાં તેઓ તારા વિધાનની પરમ વ્યવસ્થાને જુએ અને સિદ્ધ કરે.

તારો સંકલ્પ જે સર્વ પ્રેમરૂપ અને શાંતિરૂપ છે તેનો આવિર્ભાવ થાઓ.

*
**

૧ જુલાઈ ૧૯૧૪

હે પ્રભુ, અમે તને ભક્તિભાવ અને આનંદપૂર્વક નમન કરીએ છીએ અને અમે સતતપણે નવીનતમ ભેટના રૂપમાં અમારી જાતનું તને અર્પણ કરીએ છીએ કે જેથી કરીને પૃથ્વી ઉપર અને આખાયે જગતમાં તારો સંકલ્પ સિદ્ધ થાય.

તારા પ્રત્યે વળીએ છીએ ત્યારે અમારા વિચારો મૂંગા બની જાય છે. પણ અમારાં હૃદયો હરખે છે, કારણ કે તું સર્વ વસ્તુઓમાં ઝબકી રહ્યો છે, અને રેતીનો નાનામાં નાનો કણ પણ તારા પ્રત્યેના આદરભાવનો પ્રસંગ પૂરો પાડી શકે છે.

હે પ્રભુ, અમે તારી સમક્ષ નીચા નમીને પ્રણામ કરીએ છીએ, અમે તારી સાથે એકતા કરીએ છીએ, અમારો પ્રેમ અમર્યાદ અને એક અનિર્વચનીય પરમાનંદથી સભર છે.

ઓ, સૌને તું આ પરમ સુખની બક્ષિસ આપ.

*
**

૪ જુલાઈ ૧૯૧૪

હે સર્વજયી શક્તિ, વિજયંત બલ, શુદ્ધિ, સૌંદર્ય, પરમ પ્રેમ, આ સ્વરૂપની પૂર્ણતાને, આ દેહની સમગ્રતાને તારી સમીપ અંતર-

ના ભાવપૂર્વક આવવા દે અને તારા સંકલ્પને પૂર્ણપણે સોંપાઈ ગયેલ આ આવિર્ભાવના કરણને, તને એક પૂર્ણ અને નમ્ર સમર્પણ કરવા દે, ભલે પછી એ હજી આ સિદ્ધિ માટે પૂર્ણપણે પરિપક્વ ન બન્યું હોય.

અમારામાં એક અવિચલ અને દઢ નિશ્ચય છે કે એક દિવસ તું અમે જેની અપેક્ષા રાખીએ છીએ તે ચમત્કાર સિદ્ધ કરશે અને તારા પરમ પ્રભાવનો આવિર્ભાવ કરશે અને આમ અમે એક ગહન આનંદપૂર્વક તારા પ્રત્યે વળીએ છીએ અને મૂકભાવે તને નમન કરીએ છીએ.

વિશાલ, અનંત, અદ્ભુત.... તું એકલો જ અસ્તિત્વ ધરાવે છે અને સર્વ વસ્તુઓમાં પ્રકાશે છે. તારી સિદ્ધિની ઘડી પાસે છે. સમગ્ર પ્રકૃતિ, ગંભીરપણે એક નિશ્ચલ એકાગ્રતામાં વિરમે છે.

અને તું એની આર્તભાવભરી વિનંતીનો પ્રત્યુત્તર આપે છે.

*
**

૫ જુલાઈ ૧૯૧૪

જે સર્વ મારા બાહ્ય અને નિમ્નતર અને અવિદ્યાપૂર્ણ સ્વરૂપને લાગતું છે, તે પોતાને એક મૂક અને ઉત્સાહપૂર્ણ આદરભાવ સાથેના નમનમાં ઢાળે છે, પોતાની સર્વશક્તિ સાથે તારા પાવક કાર્યની શરૂઆત માટે વિનંતી કરે છે કે જેથી તું તારો સંપૂર્ણ આવિર્ભાવ સિદ્ધ કરે.

અને આ આદરભાવમાં પૂર્ણ નીરવતા અને સંપૂર્ણ પરમ-આનંદ આવી મળે છે.

આ વિનંતીનો તું કરુણાપૂર્વક ઉત્તર આપે છે: "જે કાંઈ કરવાનું છે તે કરવામાં આવશે. જરૂરી કરણો તૈયાર કરવામાં આવશે. તું તારો પ્રયત્ન નિશ્ચલ ખાતરીપૂર્વક જાળવી રાખ."

*
**

## ૬ જુલાઈ ૧૯૧૪

આ દૃષ્ટિમાં કેટલી તો ભવ્ય સભરતા છે! આખુંયે વ્યક્તિ-સ્વરૂપ, નમ્ર, વિનીત, સમર્પિત, ભક્તિપૂર્ણ, પ્રશાંત અને પ્રફુલ્લિત છે, પોતાને સર્વની સાથે એકરૂપ હોવાનું અનુભવે છે, મૂલ્યમાં કોઈ ભેદ કરી શકતું નથી; એ પૂર્ણપણે સર્વની સાથે સઘનરૂપે એકરૂપ છે અને એ સૌની સાથે એ તારી સમક્ષ નમન કરે છે; અને એની સાથે સાથે તારી શક્તિની અદમ્ય સર્વશક્તિમત્તા પણ ત્યાં આવી રહેલી છે; એ પોતાનો આવિર્ભાવ કરવાને તૈયાર છે, રાહ જુએ છે, એ પોતાને અનુકૂળ અવસર અને શુભ ઘડીનું નિર્માણ કરી રહી છે: એ સર્વ ત્યાં છે, તારી વિજયી પ્રભુતાની ભવ્ય આભા પણ ત્યાં છે.

શક્તિ ત્યાં છે. હે રાહ જોનારાઓ અને આશા સેવનારાઓ, આનંદો: નવીન આવિર્ભાવ નિશ્ચિત છે; નૂતન આવિર્ભાવ નજદીકમાં જ છે.

સર્વ શક્તિ ત્યાં છે. સમસ્ત પ્રકૃતિ હર્ષથી પ્રફુલ્લિત થઈને આનંદનાં ગીત ગાય છે, આખી પ્રકૃતિ છુટ્ટી ઉપર છે. શક્તિ ત્યાં છે.

જાગો અને જીવો; ઉત્થાન પામો અને આલોકિત બનો; જાગો અને સર્વના રૂપપરિવર્તન માટે યુદ્ધ ખેલો: શાક્ત ત્યાં છે.

*
**

## ૭ જુલાઈ ૧૯૧૪

શાંતિ શાંતિ સારીયે પૃથ્વી ઉપર.....

અચેતન નિદ્રાની કે પોતામાં સંતોષ માની લેતી જડતાની શાંતિ નહિ; પોતાને ભૂલી જતા અજ્ઞાનની અને એક અંધારમય અને ભારરૂપ એવી ઉપેક્ષાની શાંતિ નહિ; પરંતુ સર્વશક્તિમાન શક્તિની શાંતિ, સંપૂર્ણ વિનિમયની શાંતિ, પૂર્ણ જાગૃતિની શાંતિ, સર્વ મર્યાદા અને સર્વ અંધકારના અદૃશ્ય થઈ જવાની શાંતિ....

આપણી જાતને આપણે ભલા શા માટે રિબાવવી જોઈએ અને શા માટે આપણે વેદના વેઠવી જોઈએ; શા માટે આ કર્કશ સંઘર્ષ અને શોકજનક બળવા; શા માટે આ અર્થહીન હિંસા; શા માટે આ અચેતન અને ભારરૂપ નિદ્રા? જાગી જાઓ કશા ભય વિના, શાંત કરી દો તમારા ઝઘડાઓને, તમારી તકરારોને ચૂપ કરી દો, ખોલી નાખો તમારાં ચક્ષુઓને અને તમારાં હૃદયોને : શક્તિ આવી રહેલી છે; એ દિવ્ય રીતે પવિત્ર છે, તેજોમયી છે, મહાસમર્થ છે; એ એક નિઃસીમ પ્રેમ જેવી છે, કોઈ પરમ સત્તા જેવી છે, એક નિર્વિવાદ એવી વાસ્તવિકતા જેવી છે, કશા મિશ્રણ વિનાની શાંતિ જેવી છે, કશા અવરોધ વિનાના પરમાનંદ જેવી છે, પરમ આશીર્વાદ જેવી છે; એ અસ્તિત્વ પોતે જ છે, અનંત જ્ઞાનની એ અસીમ આનંદ-મયતા છે.... અને એ કોઈ એવી વસ્તુ છે કે જેને વિષે કાંઈ કહી શકાય તેમ નથી, પરંતુ એ ક્યારનીયે વિચારથી પર રહેલાં ઊર્ધ્વ જગતોમાં પરમ રૂપાંતરની શક્તિરૂપે, તેમજ જડતત્ત્વનાં અચેતન ઊંડાણોમાં અવિરોધ્ય રોગહર્તારૂપે પણ સક્રિય રહેલી છે....

સાંભળો સાંભળો, જેઓ જ્ઞાન મેળવવા ઇચ્છે છે તેઓ.

જુઓ, જેને જોવા ઇચ્છા હોય તેઓ, ચિંતન કરો અને જીવન જીવો :

શક્તિ આવી ચૂકેલી છે.

*
**

૮ જુલાઈ ૧૯૧૪

હે દિવ્ય શક્તિ, પરમ પ્રકાશદાતા, અમારી પ્રાર્થનાને સાંભળ, અમારાથી દૂર ન જા, પાછી ના વળીશ, અમને સારી પેઠે લડવામાં સહાય કર, સંઘર્ષ માટે અમારા બળને સુદૃઢ બનાવ, વિજય માટેની અમને શક્તિ આપ!

હે મારા મધુર સ્વામી, તને ઓળખ્યા વિના હું તારી ભક્તિ

કરું છું, તારો સાક્ષાત્કાર કર્યા વિના હું તુજ સ્વરૂપ છું, મારી સમગ્ર વ્યક્તિતા તારી સમક્ષ દંડવત્ પ્રણામ કરે છે અને જે લોકો સંઘર્ષ માટે કાર્ય કરી રહ્યા છે તેમને નામે, દુઃખમાં સપડાયેલી પૃથ્વીના નામે, વેદનાગ્રસ્ત માનવજાતિને નામે અને પ્રયત્નશીલ પ્રકૃતિને નામે, હે મારા મધુર સ્વામી, અદ્ભુત અને અજ્ઞેય, સર્વ વરદાનોના દાતા, અંધકારમાંથી પ્રકાશ જન્માવનાર અને નિર્બળતામાંથી શક્તિને જન્મ આપનાર, અમારા પ્રયત્નોને ટેકો આપ, અમારાં પગલાંને માર્ગદર્શન આપ, વિજય પ્રત્યે અમને દોરી જા.

*
**

૧૦ જુલાઈ ૧૯૧૪

હે શાશ્વત અને અવિકારી અસ્તિત્વ, આ જગતમાં એક નૂતન પ્રકાશ, નૂતન ગતિ લાવવા માટે પોતાને, આ જગતરૂપ બનવા માટે સ્વીકાર કરનાર, તું એમાં રહેલો છે, તારી જાતનો વધુ પૂર્ણરૂપે અને વધુ સર્વાંગીણરૂપે આવિર્ભાવ કર; આ કરણે તને પોતાની જાત અર્પી દીધી છે અને પોતાના સ્વરૂપને તારામાં એક ઉત્સાહપૂર્ણ સમર્પણભાવ સાથે સમર્પિત કરે છે, એક સર્વાંગીણ આત્મ-દાન કરે છે; તને ગમે તો એને તું ધૂળમાં રગદોળી દઈ શકે છે કે તને ગમે તો એનું પરિવર્તન કરીને એક સૂર્ય બનાવી લઈ શકે છે, એ તારો જે કાંઈ સંકલ્પ હશે તેનો વિરોધ નહિ કરે; અને આ સમર્પણમાં એની સાચી શક્તિ, એનો પરમ આનંદ રહેલો છે.

પરંતુ તું આ દેહમાં રહેલી પાશવતાને શા માટે જવા દે છે? શું એનું કારણ એ છે કે તારી શક્તિની અદ્ભુત સંકુલતા અને અંતર્ગત અનંતતા સાથે એ પોતાનો મેળ પાડી શકે એટલા માટે એને સમય આપવો જોઈએ? શું તારો એવો સંકલ્પ છે કે હળવા અને ધીરજવાન બનવું અને કોઈ વસ્તુને સહસા ન કરવી પરંતુ જરૂરી તત્ત્વોને આરામથી પોતાની મેળે અનુકૂળ થવા દેવાં?....મારો કહેવાનો આશય એ છે કે એમ થાય તે સારું છે કે પછી એથી અન્યથા કાંઈ

થઈ શકે તેમ નથી ? શું એમાં કોઈ ખાસ ગેરલાયકાત છે જેને તું મોટા મનથી નિભાવી લઈ રહ્યો છે, અથવા શું એવો કોઈ સર્વ સામાન્ય નિયમ છે જે સર્વ રૂપાંતર કરવાની વસ્તુઓને અનિવાર્યપણે લાગુ પડતા ભાગરૂપ છે ?

એમ છતાં, વસ્તુસ્થિતિ એવી છે એટલે અમે, એના વિષે શું ધારીએ છીએ તેનું કાંઈ મહત્ત્વ નથી. એમાં અગત્યની વસ્તુ અમારું વલણ છે : શું અમારે એની વિરૂદ્ધ સંઘર્ષ કરવો કે પછી એને સ્વીકારી લેવું ? અને જે કરવાનું છે તેમાં કયું વલણ ધારણ કરવું તેનું નિર્દેશન તું જ કરે છે, હરેક ક્ષણે તારો સંકલ્પ જ એ વિષયમાં નિર્ણય લે છે. જ્યારે જે વસ્તુઓ બની રહી છે તેને જોવી અને પૂર્ણપણે માની લેવી એ જ યોગ્ય છે ત્યારે શા માટે અગાઉથી ભવિષ્ય ભાખવાનો કે ગતિવિધિ નક્કી કરવાનો પ્રયત્ન કરવો ?

શરીરના કોષાણુઓમાં ચાલી રહેલા કાર્યની ખબર પડે છે: એમાં એક ભારે પ્રમાણુની શકિત પ્રવેશ કરે છે એટલે તેઓ વિસ્તૃત અને હલકા બની રહ્યા છે. પરંતુ મગજ હજી ભારે અને નિદ્રાગ્રસ્ત છે..... હું મારી જાતની આ દેહ સાથે એકતા કરું છું, અને હે દિવ્ય સ્વામી, હું તને પુકાર કરું છું: " મને જવા દઈશ નહિ, તારી સર્વ-શકિતમત્તા સાથે કાર્ય કર; મારી અંદર તે પૂર્ણ રૂપાંતર માટેનો સંકલ્પ મૂકેલો છે.

*
**

૧૧ જુલાઈ ૧૯૧૪

આખુંયે ભૌતિક સ્વરૂપ વિઘટન પામી જઈને ફરીથી એક અમર્યાદ ભક્તિભાવપૂર્ણ પુનર્રચના થાય એમ ઇચ્છે છે, હે પ્રભુ, તું પરમ શકિત અને પરમ આનંદના સંદેશવાહક તરીકે પદાર્થતત્ત્વને સ્પર્શ આપવા આવ્યો છે, તું જ, સૌથી પૂર્ણ સાક્ષાત્કાર કેવો હોય તેના ખ્યાલને જન્માવે છે. અને જ્યારે સ્વરૂપ એમ માની રહ્યું હોય છે કે

એ હવે નિશ્ચયાત્મક રીતે તારો પરમાધિકાર પ્રાપ્ત કરી બેઠું છે, ત્યારે જ તું પાછો હઠી જાય છે, અમારા સ્વરૂપને સમજાવે છે કે જે કાંઈ થઈ શકે તેમ છે તેનું એ એક વચન અથવા આશ્વાસન જ હતું. અરે, આ પદાર્થમાં કેટલી બધી અપૂર્ણતા છે કે અમે તને ધારણ કરી રાખી શકતાં નથી! હે પ્રભુ, તારી સર્વ શક્તિમત્તાનો ઉપયોગ કર, તારી સ્થાયી હાજરીનો ચમત્કાર સિદ્ધ કરી બતાવ.... અમને આટલાં બધાં શા માટે બાકી રાખે છે? અમારે કાં તો વિજયી બનવું જોઈએ કે વિનાશ પામવું જોઈએ!

વિજય, વિજય, વિજય! અમે રૂપપરિવર્તન થાય એવા વિજયની માગણી કરીએ છીએ.

*
**

૧૩ જુલાઈ ૧૯૧૪

ધીરજ, બલ, હિંમત, અવિચલતા અને અદમ્ય શક્તિ.

મનને નીરવ રહેતાં શીખવાડ અને જ્યારે તારા તરફથી, તારા પૂર્ણ આવિર્ભાવ માટે શક્તિઓ આવે ત્યારે એમનો તરત જ લાભ ઉઠાવવાની ઇચ્છા ન કરે.

પરંતુ તારા સંકલ્પનો અભિવ્યક્તિ માટે, શા માટે આ તદ્દન દરિદ્ર, અત્યંત સાધારણ, ખૂબ જ અપૂર્ણ કરણને પસંદ કર્યું હશે.

*
**

૧૫ જુલાઈ ૧૯૧૪

ત્યારે હવે શું, પ્રભુ?

તારી જે ઇચ્છા હોય, તારો જેવો સંકલ્પ હોય તે ખરું.

આ કરણ દુર્બળ અને સામાન્ય કોટિનું છે; તેં એને સમજાવ્યું છે કે એને માટે સર્વ પ્રવૃત્તિઓ શક્ય છે, અને મનુષ્યના કાર્યની સર્વે સંભાવ્યતાઓમાં, એની અંદર કોઈ વસ્તુ બહારની કે દુર્ગમ

નથી; પરંતુ કેવળ સઘનતા અને પૂર્ણતામાંથી પ્રભુ શરૂઆત કરે છે, અને હજી સુધી તે એને કોઈ અસાધારણ સઘનતા કે સાચી પૂર્ણતા અર્પી નથી.... સૌ કાંઈ એક સમૂહને અપાયેલ આશ્વાસન સરખું છે, કાંઈ એક વ્યક્તિને વચન અપાયેલું નથી, અને કોઈ વસ્તુ પૂર્ણપણે સિદ્ધ થઈ નથી.

આમ કેમ, હે પ્રભુ?

તેં મારા હૃદયમાં આ એટલી બધી સંપૂર્ણ શાંતિ મૂકી દીધી છે કે એ લગભગ નિર્લેપતા જેવી લાગે છે, અને એ એક વિપુલ, નિશ્ચલ શાંતિપૂર્વક કહે છે :

તારી જેમ ઇચ્છા હોય, તારો જેવો સંકલ્પ હોય........

*
**

૧૬ જુલાઈ ૧૯૧૪

એક નીરવ અને નમ્ર ભક્તિભાવનાં નમન.

હું તારા મહિમા આગળ નીચી વળીને પ્રણામ કરું છું, કારણ કે એ એની સર્વ પ્રભા વડે મને અભિભૂત કરે છે.

ઓ, મને તારાં ચરણોમાં ઓગળી જવા દે, તારી અંદર એકરસ થઈ જવા દે.

*
**

૧૨ જુલાઈ ૧૯૧૪

સ્વરૂપની સર્વ અવસ્થાઓમાં પ્રવૃત્તિના સર્વ પ્રકારોમાં, સર્વ વસ્તુઓમાં, સર્વ જગતોમાં, અમે તને મળી શકીએ છીએ અને તારી સાથે જોડાઈ શકીએ છીએ, કેમ કે તું હર સ્થળે અને સદાયે હાજર રહેલો છે. જેણે તારી સાથે પોતાના સ્વરૂપની એક જ પ્રવૃત્તિમાં મિલન સાધ્યું હોય છે, તે કહે છે : 'મને પ્રભુ મળી આવ્યા છે,' અને પછી

તે બીજી કોઈ વસ્તુની ખોજ કરતો નથી; એ એમ માને છે કે પોતે માનવની શકયતાઓના શિખર પર પહોંચી ગયો છે. કેવી તો ભૂલ! અમારે તો તને સર્વ અવસ્થાઓમાં, પ્રવૃત્તિના સર્વ પ્રકારોમાં, સર્વ વસ્તુઓમાં સર્વ જગતોમાં, સર્વ તત્ત્વોમાં શોધી લેવાનો છે અને તારી સાથે મિલન સાધવાનું છે; અમે જો એકાદ તત્ત્વને, પછી તે ભલે ગમે તેટલું નાનું હોય, પડતું રહેવા દઈએ, તો પરસ્પર વ્યવહાર સંપૂર્ણ થઈ શકતો નથી, સાક્ષાત્કાર સિદ્ધ થઈ શકતો નથી.

અને એટલે જ તારી પ્રાપ્તિ થવી એ એક અનંત આરોહણમાંનું માત્ર પહેલું પગથિયું બને છે.

ઓ મધુર ગુરુ, પરમ રૂપાંતરસાધક, સર્વ પ્રકારની બેદરકારી અને સર્વ પ્રકારનો આળસુ પ્રમાદ બંધ થઈ જાઓ; અમારી સર્વ શક્તિઓને એક પૂળામાં બાંધી લે અને એમાંથી એક અજેય, અવિરોધ્ય એવી સંકલ્પશક્તિ બનાવી લે.

ઓ પ્રકાશ, પ્રેમ, અવર્ણનીય શક્તિ, સર્વ અણુઓ તને પુકારી રહ્યા છે કે તું તેમની અંદર આરપાર પ્રવેશી જાય અને તેમને નવું રૂપ આપે.

સૌ કોઈને પરસ્પર વ્યવહારનું પરમ સુખ આપ!

*
**

૧૭ જુલાઈ ૧૯૧૪

પૃથ્વી પરના સાક્ષાત્કારો અમારાં ચક્ષુને માટે બહુ મોટા મહત્ત્વના બની જાય છે, કેમ કે તેમનું પ્રમાણ અમારા બાહ્ય સ્વરૂપ સાથે, આ જે મર્યાદિત રૂપ અમને માનવ બનાવે છે તેની સાથે ગોઠવાયેલું હોય છે. પરંતુ તારી સાથે સરખાવતાં, તારી સમક્ષ પૃથ્વી પરનો એક સાક્ષાત્કાર તે શી વસ્તુ છે? એ સાક્ષાત્કાર ભલે ગમે તેટલો સંપૂર્ણ હોય, ગમે તેટલો પૂર્ણ હોય, ગમે તેટલો દિવ્ય હોય, પરંતુ તે તારી શાશ્વતીમાં તો નજરે પણ ન પડે તેવી માત્ર એક ક્ષણ જ છે; અને

તેમાંથી આવતાં પરિણામો ભલે ગમે તેટલાં સમર્થ હોય, ગમે તેટલાં અદ્દભુત હોય, તોપણ તે તારા પ્રત્યેની યાત્રામાં નજરે પણ ન પડે તેવું એક અણુ માત્ર જ છે. તારા કાર્યકર્તાઓએ આ વસ્તુ ભૂલવાની નથી, નહિ તો પછી તેઓ તારી સેવા કરવાને અપાત્ર બની જશે....

હે મારા મધુર ગુરુ, કોઈ પણ વસ્તુ માટે પોતાની જાતને જવાબદાર ગણવી તથા તારી પરમ અને દિવ્ય સંકલ્પશક્તિને વ્યક્તિરૂપ આપવાની ઇચ્છા કરવી એ કેવી તો બાલિશતા છે. તારા હૃદયમાં અમે અદ્વૈત પામી જઈએ અને ત્યાં જ કાયમનાં રહેતાં થઈ જઈએ એટલું જ શું બસ નથી? એ કર્યા પછી બધી જવાબદારી તું લઈ લે છે, અને તારી સંકલ્પશક્તિ અમારે એને વિષે જાણવાની કંઈ જરૂર પણ ન રહે એ રીતે કામ કરતી રહે છે.... જે સાક્ષાત્કાર સર્વ રીતની બાહ્ય પરિસ્થિતિથી સ્વતંત્ર હોય, કોઈ પણ રીતની આસક્તિ કે સમજણથી મર્યાદિત ન હોય એ જ સાચો સાક્ષાત્કાર છે, એવા સાક્ષાત્કારનું જ મૂલ્ય છે. અને આવો સાક્ષાત્કાર તો માત્ર એ જ છે કે તારી સાથે પૂર્ણરૂપે, મજબૂત રીતે, નિશ્ચિતરૂપે એકરૂપ થઈ જવું. આ એક ક્ષણિક અસ્તિત્વમાં તેમજ એક નાશવંત જગતમાં તારો જે તત્કાલ પૂરતો અને પલટાતો આવિર્ભાવ બનતો રહે છે તેની સંભાળ રાખવાની જવાબદારી તો, તું જો એને ઇષ્ટ ગણે તો તે તારી જ રહે છે અને તેને માટે જે કંઈ જરૂરનું હોય તે કરવાનું કામ તારું જ રહે છે.

હે મારા મધુર ગુરુ, પરમ પ્રભુ, તેં મારી ચિંતા લઈ લીધી છે અને મારી પાસે દિવ્ય મિલનનો પરમાનંદ અને પરમ આનંદમયતા જ માત્ર તેં રહેવા દીધાં છે.

*
**

૧૮ જુલાઈ ૧૯૧૪

આંધીના પવનો, ઝનૂનીમાં ઝનૂની પવનો વાઈ રહ્યા છે તોપણ બે વસ્તુઓ અવિચલ બની રહેલી છે: એ સંકલ્પ કે સૌ કોઈ સાચું સુખ,

તારું સુખ પામીને સુખી બની રહે, અને એ તીવ્ર ઇચ્છા કે તારી સાથે પૂર્ણ રીતે મિલન પમાય, તારી સાથે એકરૂપ બની રહેવાય.... આ સિવાયની અન્ય સર્વ વસ્તુઓ હજી કદાચ એક પ્રયત્નનું અને અતિ-આગ્રહનું પરિણામ હોય તેવી છે, જ્યારે આ વસ્તુ તો સહજ જેવી અવિચલ છે; અને જે ક્ષણે ધરતી જાણે કે ડોલી રહેલી દેખાય છે અને એકેએક વસ્તુ પડી ભાંગતી લાગે છે, તે જ ક્ષણે આ વસ્તુ તો તેજોમય, વિશુદ્ધ અને શાંત રૂપની દેખાય છે; એ સર્વ વાદળોને ભેદી રહી છે, સર્વ અંધકારને વિખેરી રહી છે, સર્વ વિનાશમાંથી એ ફરી એક વાર વધુ મહાન અને વધુ બળવાન બનીને બહાર આવી રહી છે અને પોતામાં તારી અનંત શાંતિ અને અનંત પરમાનંદને લઈ આવી રહી છે.

*
**

૧૯ જુલાઈ ૧૯૧૪

હે પ્રભુ, તું જ તારા આવિર્ભાવનો સર્વશક્તિમાન સ્વામી છે; અમારી પ્રાર્થના છે કે આ કરણો પોતાનાં અતિશય સાંકડાં ચોકઠાં-માંથી બહાર નીકળી જાય, પોતાની અતિ જડાઈ ગયેલી અને અતિશય પ્રાકૃત મર્યાદાઓમાંથી બહાર નીકળી આવે. તારી અનંત શક્તિના એક અણુને અનુવાદિત કરવા માટે માનવ શક્યતાઓની સારીયે સમૃદ્ધિઓની જરૂર રહે છે.... બંધ બારણાંઓને ખોલી આપ, રોકી રખાયેલા પ્રવાહોને વહેતા મૂકી દે, અને તારી વાક્શક્તિના અને સૌન્દર્યના ધોધને જગત ઉપર રેલાવી દે. વિપુલતા અને ભવ્યતા, આભિજાત્ય અને કૃપા, મોહકતા અને ગૌરવ, વૈવિધ્ય અને બળ : આ સર્વની જરૂર છે, કારણ કે પ્રભુએ પોતાનો આવિર્ભાવ કરવાનો સંકલ્પ કર્યો છે.

હે મારા મધુર ગુરુ, અમારાં ભાવિનો પરમ નિયંતા તું જ છે, તારા પોતાના આવિર્ભાવનો સર્વશક્તિમાન સ્વામી તું જ છે.

આ આખું જગત તારું છે, આ સર્વ કંઈ અસ્તિરૂપ તત્ત્વો અને આ સર્વ અણુઓ. તેમનું રૂપાંતર કર અને તેમને પ્રકાશિત કર.

*
**

૨૧ જુલાઈ ૧૯૧૪

હવે શરીર રહ્યું નહોતું, કોઈ સંવેદન રહ્યું નહોતું; માત્ર પ્રકાશનો એક સ્તંભ હતો, સામાન્ય રીતે જ્યાં શરીરનો મૂલાધાર હોય છે ત્યાંથી ઉપર ચડતો ચડતો તે જ્યાં સામાન્ય રીતે મસ્તક હોય છે ત્યાં સુધી પહોંચી જતો અને ત્યાં આગળ ચંદ્રના બિંબ જેવું બિંબ રચતો હતો. ત્યાંથી પછી એ સ્તંભ ઉપર ચડતો ચડતો મસ્તકથી ખૂબ ખૂબ દૂર ઉપર ચાલ્યો ગયો અને એક પ્રચંડ સૂર્યરૂપે ફેલાઈ ગયો, ખૂબ જ ઝળહળતા અને અનેક રંગોવાળા, એમાંથી પછી આખીયે પૃથ્વીને ઢાંકી દેતા સોનેરી પ્રકાશની વર્ષા થઈ રહી.

તે પછી પ્રકાશનો એ સ્તંભ ધીરે ધીરે નીચે ઊતરતો ગયો અને એક જીવંત પ્રકાશનો બનેલો લંબગોળ બની રહ્યો, અને તે બધાં ચક્રોને, મસ્તકની ઉપરનું ચક્ર, મસ્તક, ગળું ;હૃદય, પેટનો મધ્ય ભાગ, કરોડરજ્જુનો પાયો અને તેથી પણ નીચેના ભાગમાં આવેલાં ચક્રોને, દરેક ચક્રને એક ખાસ રીતે, જાગૃત કરતો ગયો અને ગતિમાં મૂકતો ગયો. ઢીંચણની ઊંચાઈ આગળ, ઉપર ચડતા અને નીચે ઊતરતા પ્રવાહો એકબીજા સાથે જોડાઈ ગયા અને એ પરિભ્રમણ આ રીતે અસ્ખલિત બની ગયું, અને આખાયે સ્વરૂપને તેણે જીવંત પ્રકાશના એક પ્રચંડ લંબગોળથી વીંટી લીધું.

પછીથી ચેતના ધીરે ધીરે એક એક અવસ્થામાં થતી થતી, દરેક જગતની આગળ અટકતી અટકતી, શરીરની ચેતના પાછી આવી ગઈ ત્યાં સુધી નીચે ઊતરતી રહી. શરીરની ચેતનામાં પાછા આવી જવાની ક્રિયા, મારી સ્મૃતિ ચોક્કસ હોય તો, નવમી અવસ્થા હતી. આ ક્ષણે શરીર હજી પણ તદ્દન અક્કડ અને સ્થિર હતું.

*
**

૨૨ જુલાઈ ૧૯૧૪

તું પૂર્ણ પ્રેમસ્વરૂપ છો, પ્રભુ! અને તારો પ્રેમ માનવમાત્રના ચિત્તમાં અને હૃદયમાં ઊંડે ઊંડે ઝળહળી રહ્યો છે. તારું રૂપાંતરનું કાર્ય, પ્રભુ, સિદ્ધ કરી લો, અમને પ્રકાશિત કરો. હજીયે બંધ રહેલાં બારણાંને ખોલી દો, ક્ષિતિજને વિશાળ કરી દો, શક્તિની સ્થાપના કરો. અમોને ઐક્યમાં મૂકી આપો, અમોને તારા દિવ્ય આનંદનાં ભાગી બનાવો, કે જેથી સર્વ કોઈને એ આનંદનાં ભાગી થવામાં અમે સહાય કરીએ. છેલ્લામાં છેલ્લાં વિઘ્નોને, આંતર તથા બાહ્ય બંને રીતનાં વિઘ્નોને અમે જીતી લઈએ, આખરમાં આખરની મુસીબતોને અમે ઓળંગી જઈએ. તારા પ્રતિ પાઠવાયેલી કોઈ પણ સાચી અને આર્દ્ર પ્રાર્થના કદીયે વ્યર્થ ગઈ નથી. તારી પરમ સમૃદ્ધિમાંથી, પ્રભુ, તું પ્રત્યેક પુકારને જવાબ વાળતો રહે છે અને તારી કરુણા અપરંપાર છે.

હે દિવ્ય ગુરો! તારો પ્રકાશ આ અંધાધૂંધીની અંદર ઊતરી આવો, અને આમાંથી એક નવું જગત જન્મ પામો. અત્યારે જે રચાઈ રહ્યું છે તે સિદ્ધ બનો, એક નવી માનવજાતિ જન્મ પામો, અને એ માનવજાતિ તારા નૂતન દિવ્ય શાસનની પૂર્ણ અભિવ્યક્તિ બની રહો.

અમારા ઉત્સાહને રોકે તેવી કોઈ ચીજ જગતમાં નથી, અમારા પ્રયત્નોને હંફાવે એવી કોઈ ચીજ જગતમાં નથી. અમારી સકલ આશાઓ અને અમારી સર્વ પ્રવૃત્તિઓને અમે તારાં ચરણોમાં મૂકી દીધી છે. તારી પરમ ઇચ્છાને અમારું પૂર્ણ સમર્પણ કરીને અમે બલવાન બન્યા છીએ. તારા પૂર્ણ આવિર્ભાવનો વિજય સિદ્ધ કરવા માટે અમે હવે આગેકૂચ આદરીશું. એ આવિર્ભાવનો વિરોધ કરતી હરેક વસ્તુ પર અમે વિજય પામીશું એવો અમને પ્રશાંત વિશ્વાસ છે.

તને અમારા નમસ્કાર છે, હે જગતોના જગત્સ્વામી, અંધકારમાત્રના હે વિજેતા.

*
**

## ૨૩ જુલાઈ ૧૯૧૪

હે પ્રભુ, તું સર્વ શક્તિમાન છે: યોદ્ધો બનીને વિજયને વર. તારો પ્રેમ અમારાં હૃદયોનો પરમ સ્વામી બની રહો અને તારું જ્ઞાન કદી પણ અમારા વિચારોનો ત્યાગ ન કરો.... અમને બલહીન અવસ્થામાં અને અંધકારમાં છોડી ન દઈશ; સૌ મર્યાદાઓને ભાંગી નાખ; બંધનો તોડી નાખ, સર્વ ભ્રમોનું નિરસન કર.

એક આવિર્ભાવની પ્રાર્થનાની જેમ અમારી અભીપ્સા તારી પ્રત્યે આરોહણ કરે છે.

*
**

## ૨૫ જુલાઈ ૧૯૧૪

સૂર્યની ઉદયવેળાએ, મેં આ જગતનાં સ્તુતિ-ગાન કર્યાં કે જેમાં તારે માટે ઇચ્છા કરવી એટલું જ માત્ર શક્ય નથી, પરંતુ તને જાણવો અને તારા સ્વરૂપે બની રહેવું એ પણ બની શકે તેમ છે. અને મને આશ્ચર્ય થયું કે કેટલાક લોકો સંપૂર્ણતાના બનેલા એક-બીજા જગતમાં જવા માટે આ વિશ્વને તજી દેવાની અત્યંત આતુર ભાવે અભીપ્સા કરતા રહે છે.

તેં મારા હૃદયમાં એટલી બધી તો તૃપ્તિ મૂકી દીધી છે કે મારે સર્વ સંયોગોમાં, આંતર તેમજ બાહ્ય, સંતુષ્ટ ન રહેવું એ અશક્ય બની ગયું છે. અને છતાં મારા સ્વરૂપમાં રહેલું કાંઈક વધુ સૌન્દર્ય માટે, વધુ પ્રકાશ, વધુ જ્ઞાન, વધુ પ્રેમ માટે, ટૂંકમાં કહીએ તો, તારી સાથે એક વધુ સભાન અને વધુ સતત સંબંધ માટે અભીપ્સા સેવી રહ્યું છે.... પરંતુ એનો આધાર પણ તારી ઇચ્છા ઉપર રહે છે અને તારી ઇચ્છા જ્યારે થશે ત્યારે તું મને રૂપાંતર આપશે.

*
**

૨૭ જુલાઈ ૧૯૧૪

એક મૃદુલ ભાવે, વિનમ્ર ભાવે મારી પ્રાર્થના તારા પ્રત્યે ચડી રહી છે, હે મધુર ગુરુ! તને જે કોઈ પોતાની જાતને અર્પણ કરે છે તેને તું કશી ચર્ચા વિના અને કશી ટીકા વિના સ્વીકારી લે છે. તું સૌ કોઈને તારી જાતનું દાન કરે છે, તારું જ્ઞાન કરાવે છે અને એમાં તેઓ સુયોગ્ય છે કે નહિ તેનો જરા પણ પ્રશ્ન કરતો નથી. તારે માટે કોઈ પણ વસ્તુ એટલી બધી અતિશય દુર્બળ નથી, અતિશય નાની, અતિશય હળવી, અતિશય અપૂરતી નથી કે તેમાં તું તારો આવિર્ભાવ ન કરી શકે........

તારાં ચરણોમાં મને સૂવા દે, તારા હૃદયમાં મને મળી જવા દે, તારી અંદર મને અદૃશ્ય થઈ જવા દે, તારા પરમાનંદમાં લુપ્ત થઈ જવા દે, અથવા તો હું બીજું કાંઈ બનવાનો દંભ ન કરતાં કેવળ તારી સેવક જ બની રહું એમ થવા દે. મારે આથી કશી વધુ ઇચ્છા કે અભીપ્સા નથી. હું કેવળ **તારી** જ સેવક બની રહેવા ઇચ્છું છું.

*
**

૩૧ જુલાઈ ૧૯૧૪

મને એમ લાગે છે કે તારો સંકલ્પ એવો છે કે મને એક પછી એક એવી સૌ અનુભૂતિઓમાંથી પસાર કરાવવી, જે સામાન્ય રીતે એક યોગના શિખરે એની ચરમ સીમા તરીકે અને પૂર્ણ ઉપલબ્ધિ તરીકે મૂકવામાં આવે છે. આ અનુભૂતિ સઘન, સંપૂર્ણ, સચોટ છે અને એની અંદર એ એની સર્વે અસરોનું, એનાં સર્વે પરિણામોનું જ્ઞાન ધારણ કરે છે; એ સચેતન અને સંકલ્પશક્તિપૂર્ણ છે, એ એક પદ્ધતિસરના પ્રયત્નમાંથી અને કોઈ અણધાર્યા સંજોગો ઉપસ્થિત થવાથી આવતી નથી; અને છતાં હજી એ હમેશાં અનન્ય છે, એક લાંબા માર્ગ ઉપર મૂકેલ એક માઈલના પત્થર સરખી છે, એવા અનેક પત્થરો એ માર્ગના લાંબા પટ્ટાથી એકબીજાથી જુદા પડેલા છે;

અને વધુમાં, અને આ માઈલના પત્થરો, જે એક અનંત આરોહણના તબક્કાઓની નિશાનીરૂપ હોય છે તે બધા કદી એકસરખા હોતા નથી; તેઓ હમેશાં નવા હોય છે, એમને એકબીજા સાથે કશો સંબંધ ન હોય એવું લાગે છે.... શું એવી કોઈ ક્ષણ આવશે, જ્યારે આ સ્વરૂપમાં તું એવી ક્ષમતા મૂકશે કે જેને લઈને તે આ બધા અસંખ્ય અનુભવો વચ્ચે એકરાગ આણે કે જેથી તે એમનામાંથી એક નવીન, વધુ પૂર્ણ, અને આજ સુધીમાં જે કાંઈ અનુભવો થયા હોય તેની વધુ સુંદર સિદ્ધિને પ્રગટાવી શકે ? મને ખબર નથી. પરંતુ તેં મને શીખવાડયું છે કે કોઈ અસાધારણ અવસ્થા આવીને ચાલી જાય તો એના આગમન પહેલાં જેમ હતું તેમ, કોઈ જાતનો શોક ન કરવો. હું એની અંદર જે કાંઈ પ્રગતિ થયેલી છે તેની અસ્થિરતાની નિશાની જોતી નથી, પરંતુ હું એમાં એક હેતુપૂર્વક કરવામાં આવેલી આગેકૂચનો પુરાવો જોઉં છું, એમ કરવામાં હું જેટલું અનિવાર્ય હોય તેથી વધારે પ્રમાણમાં, રસ્તા વચ્ચેના વિવિધ તબક્કાઓમાં અટકી રહેતી નથી.

દરેક સમયે તું મને થોડુંક વધારે સમજાવે છે કે આવિર્ભાવનાં સાધનો મર્યાદિત છે એનું કારણ કેવળ એટલું જ છે કે અમે એમ ધારીએ છીએ, અને એ તારી અનંતતામાં અસરકારક રીતે ભાગ લઈ શકે તેમ છે; દરેક વખતે તારા અમેય સ્વરૂપમાંની કોઈ વસ્તુ, એના રહેઠાણના સ્થળરૂપ આ કરણ સાથે એકીભૂત બને છે, અને અમર્યાદિત ક્ષિતિજો ઉપર એનાં દ્વારોને જોસભેર ખુલ્લાં મૂકે છે.

*
**

૨ ઓગસ્ટ ૧૯૧૪

આ કયા શક્તિશાળી દેવો છે જેમનો પૃથ્વી ઉપર આવિર્ભાવ થવાનો સમય આવી ગયો છે ? શું તેઓ તારી અનંત ક્રિયાશક્તિના ભિન્ન ભિન્ન અને વૈવિધ્યપૂર્ણ અને પૂર્ણસિદ્ધિવાન સ્વરૂપો નથી ? હે સર્વ વસ્તુઓના સ્વામી, તું જ સત્ અને અ-સત્ અને પરાત્પર,

અદ્ભુત અને અજ્ઞેય એવો અમારો પ્રભુ છે.

આ કેવી તો ઝળહળતી અને વૈવિધ્યપૂર્ણ બૌદ્ધિક પ્રવૃત્તિઓ છે? સૂર્યનાં એ અસંખ્ય કિરણો જે સર્વ રૂપોને પ્રકાશિત કરે છે, ધારણ કરે છે અને તેમનું ઘડતર કરે છે તેઓ તારા અનંત સંકલ્પના એક પ્રકાર સિવાય, તારા આવિર્ભાવના સાધનોમાંથી એક નથી? હે પ્રભુ, તું અમારા ભવિષ્યનો સ્વામી છે, એકમાત્ર અચિંત્ય સત્ય છે, જે કાંઈ છે અને જે સર્વ હજી નથી તે સૌનો પરમોચ્ચ સ્વામી છે.

અને આ મનોમય શક્તિઓ અને પ્રાણમય શક્તિઓ અને પાર્થિવ તત્ત્વો પણ તારા સ્વરૂપ અને તારા અત્યંત બાહ્ય સ્વરૂપ સિવાય, તારા આવિર્ભાવના અને સિદ્ધિના છેવટના પ્રકાર સિવાય બીજું શું છે? અમે તારી ભક્તિભાવ સાથે પૂજા કરીએ છીએ, અને તું અમારી અંદર પ્રવેશ કરતો, જીવન અર્પતો અને દોરતો હોવા છતાં અમારી પકડમાં આવતો નથી, અમે તને જાણી શકતા નથી, તારી વ્યાખ્યા કરી શકતા નથી, કે નામ આપી શકતા નથી; અમે તને પકડી કે ભેટી શકતા નથી, તારો વિચાર કરી શકતા નથી અને છતાં તું જ અમારાં નાનાંમાં નાનાં કાર્યોમાં સિદ્ધ થયેલો હોય છે.

અને આ સર્વ વિશાળ વિશ્વ એ તારા શાશ્વત સંકલ્પનો એક પરમાણુ માત્ર છે.

તારી અસરકારક હાજરીની અમેયતામાં, સર્વ કાંઇ ખીલી ઊઠે છે.

*

**

૩ ઓગસ્ટ ૧૯૧૪

આજના સુપ્રભાતે સારુંયે સ્વરૂપ એક મૂંગી આરાધનારૂપે બની રહ્યું છે અને તારા પ્રેમની મહાવિપુલતા તેના આત્માને સભર ભરી રહી છે.

તૈયારી અને કામ, કામ અને તૈયારી પોતાનો ક્રમ એટલો બધો તો બદલતાં રહે છે અને એકબીજામાં એવાં તો ભેળસેળ થઈ જાય

છે કે તેમની વચ્ચે ભેદ કરવો મુશ્કેલ બની જાય છે; અને એ બેનું જે સંયોજન બને છે તેમાંથી પૃથ્વી પરનું તારું દિવ્ય જીવન રચાવા પામે છે. અમારે જે થઈ રહેવાનું છે, અમારે જે કરતા રહેવાનું છે: તારા કરણને સંપૂર્ણ કરવું અને તેનો ઉપયોગ કરવો એ એકી સાથે બનતું રહે છે; કોઈક વાર તારી ઇચ્છા એવી હોય છે કે એ કરણે પોતાની જાતને સમૃદ્ધ કરવી જોઇએ અને પોતાની વૃદ્ધિ સાધવી જોઈએ, એણે પોતાનાં દ્વારોને અનંત ક્ષિતિજો ઉપર ખોલી નાખવાં જોઈએ, એ જે પ્રભુને આવિર્ભાવ આપી શકે છે તેની સાથે તેણે પોતાની જાતને જોડી દેવી જોઈએ, જુદાં જુદાં જગતો સાથે સભાન સંબંધોમાં આવવાની પોતાની શક્તિને વિકસાવવી જોઈએ, અને કેટલીક વાર, તારી ઇચ્છા એવી લાગે છે કે એણે જાણે કે પોતાને વિષેની સભાનતાને વિસર્જી દઈને, તારી કર્મમાં ઊતરેલી શક્તિરૂપે જ માત્ર બની રહેવું જોઈએ. અને એ બે વસ્તુઓની અંદર તારી સંકલ્પશક્તિ સાથે વ્યવહાર કરવાનો પરમ નિયમ મળી આવે છે.

આજના સુપ્રભાતે સારુંયે સ્વરૂપ એક મૂંગી આરાધનારૂપે બની રહ્યું છે અને તારા પ્રેમની મહાવિપુલતા તેના આત્માને સભર ભરી રહી છે.

*
**

૪ ઓગસ્ટ ૧૯૧૪

હે પ્રભુ, હે શાશ્વત ગુરો !

આજે મનુષ્યો, વિવિધ બળોના સંઘર્ષથી ધકેલાતા એક પરમ બલિદાન આપી રહ્યા છે, એક લોહીનીંગળતા મહાયજ્ઞમાં પોતાનાં જીવન હોમી રહ્યા છે.

હે પ્રભુ, હે શાશ્વત ગુરો, અમારી પ્રાર્થના છે કે આ બલિદાનો વ્યર્થ ન જશો. અમે પ્રાર્થીએ છીએ કે તારી દિવ્ય શક્તિની અખૂટ મહાધારાઓ પૃથ્વી ઉપર સર્વત્ર ફેલાઈ જાઓ, અને આ વ્યથિત

વાતાવરણની અંદર, આ ઝઘડતી શક્તિઓની અંદર, આ યુદ્ધે ચડેલાં તત્ત્વોની ઉગ્ર અંધાધૂંધીની ભીતર એ શક્તિ આરપાર પ્રવેશી રહો. તારા જ્ઞાનનો વિશુદ્ધ પ્રકાશ અને તારી કરુણાનો અખૂટ પ્રેમ માનવોનાં હૃદયને ભરી દિયો, તેમના આત્માઓમાં તે ઊંડે ઊંડે ઊતરી રહો, તેમની ચેતનાને તે આલોકિત કરી રહો, આ તામસિકતામાંથી, આ ભીષણ બળવાન કાજળકાળા અંધકારમાંથી તે તારા ભવ્ય સાંનિધ્યના તેજાંબારને પ્રગટાવી રહો.

હું તારી સમક્ષ એક સર્વરૂપ બલિદાન બનીને ઊભી છું કે જેથી માનવજાતિનું આ અભાન બલિદાન સાર્થક બને.

પ્રભુ, આ સમર્પણ સ્વીકારો, અમારા પુકારનો ઉત્તર દો : આવો !

*
**

૫ ઓગસ્ટ ૧૯૧૪

હે શાશ્વત ગુરુ, સર્વ વસ્તુઓમાં તું એક જીવનદાયક ઉચ્છ્વાસની માફક આવી રહ્યો છે, એક મધુર શાંતિની માફક, તમસનાં વાદળોને વિખેરી નાખતા એક તેજોમય પ્રેમના સૂર્યની માફક આવી રહ્યો છે.

અમારી પ્રાર્થના છે કે અમે અમારા અજ્ઞાન અને શોકાકુલ માનવબંધુઓની વચ્ચે તારા જીવનદાયક ઉચ્છ્વાસરૂપે બની રહીએ, તારી મધુર શાંતિરૂપે, પૃથ્વી ઉપરના તારા તેજોમય પ્રેમરૂપ બની રહીએ.

હે દિવ્ય ગુરુ, મારા આ પૂર્ણ બલિદાનના અર્પણનો સ્વીકાર કર અને એ રીતે તારું કાર્ય સિદ્ધ થાઓ અને સમય નિરર્થક ન ચાલ્યો જાય.

એક શાંત તીવ્ર આનંદપૂર્વક હું તને મારું અર્પણ કરું છું, અને પ્રાર્થું છું કે આ અગણ્ય અણુઓમાંના પ્રત્યેક અણુમાં અને

ચેતનાની સમન્વયરૂપ એકતામાં તું પુનઃ તારો પોતાનો સ્વામી બની રહો અને તારી પોતાની જાતને ફરીથી પ્રાપ્ત કરી લો.

હે દિવ્ય ગુરુ, આ પૂર્ણ બલિદાનનો સ્વીકાર કર અને એમ થતાં, આવેલો સમય વ્યર્થ ન થાઓ.

મારું સારુંયે સ્વરૂપ વિશુદ્ધ પ્રેમના એક યજ્ઞની તીવ્ર જ્વાલારૂપે પલટાઈ ગયું છે.

તારા રાજ્યનો તું પુનઃ રાજા બની જા, પૃથ્વીને જે ભારે બોજો, તેની નિષ્ક્રિય, અજ્ઞાનમય અને અંધકારમય દુરિચ્છાનો બોજો કચડી રહ્યો છે તેમાંથી તેને મુક્ત કર.

હે મારા મધુર ગુરુ, મારું સ્વરૂપ પ્રેમના યજ્ઞની તીવ્ર જ્વાલાથી જલી રહ્યું છે. મારા અર્પણને અંગીકાર કર અને એમ થતાં વિઘ્ન ઉપર વિજય થઈ જાઓ.

*
**

૬ ઓગસ્ટ ૧૯૧૪

તો પછી એવી તે કઈ ખામીઓ અને અપૂર્ણતાઓ રહેલી છે કે જે અર્પણને તું તેને આવકારી લે તેટલું સંપૂર્ણ બનવા દેતી નથી, અથવા તો બલિદાનને તે તારા સ્વીકારને પાત્ર થાય તેવું બનવા દેતી નથી ?.... આ સ્વરૂપમાં હજી પણ મર્યાદિતતાઓ છે, શું તું તેમને તોડી નહિ નાખે ?

હે પ્રભુ, અમે જાણીએ છીએ કે પૃથ્વીને માટે આ એક ગંભીર પ્રહર છે; જે લોકો સંઘર્ષમાંથી એક વધુ મહાન સંવાદિતા, અને અજ્ઞાનભરી વિરૂપતામાંથી એક વધુ દિવ્ય સુંદરતા ઉત્પન્ન કરવાને માટે પૃથ્વી સાથે સારાં માધ્યમ બની શકે તેમ છે, તેમણે તે કરવાને માટે તૈયાર થવું જોઈએ. હે પ્રભુ, શાશ્વત ગુરુ, અમે તને વિનંતી કરીએ છીએ, અમારા પ્રયત્નોને જવાબ આપ, તેમને પ્રકાશિત કર, અમને માર્ગ બતાવ, અંદરમાંના વિરોધોને તોડી નાખવા માટે, સર્વ

વિઘ્નોને પાર કરી જવા માટે અમને શક્તિ આપ.

હે મારા મધુર ગુરુ, તારાં ચરણોમાં હું સાષ્ટાંગ નમસ્કાર કરું છું અને મારું આખુંયે સ્વરૂપ એક તીવ્ર પ્રાર્થના કરતું તને પુકારી ઊઠે છે.... મારી અંગત દુર્બળતામાંથી મને મુક્ત કર.

*
**

૮ ઓગસ્ટ ૧૯૧૪

મારી કલમ મૂંગી થઈ ગઈ છે.... આ સ્થૂલ જગત એટલું બધું આટલું તો ડુબાવી દે તેવું છે! એને અમારી ચેતનામાં અમારે બધું સ્થાન શા માટે લેવા દેવું જોઈએ? આ તે શું અમારી નિર્બળતા છે, કે એ તારી ઇચ્છા છે?

હે મારા મધુર ગુરુ, હું તો કેવળ તારી અંદર જ રહેવાને ઇચ્છું છું, પરંતુ તેં મને જણાવ્યું છે કે મારે તારે અર્થે જીવવું જોઈએ, અને આ રીતે હું તારે અર્થે જીવવા લાગું છું, ત્યારે મારી ચેતના બાહ્ય પ્રદેશો પ્રત્યે વળતી થાય છે અને મને લાગે છે કે હું જાણે તારાથી દૂર દૂર જઈ રહી છું.

હું જાણું છું કે આ વસ્તુ જરા પણ બરાબર નથી; પરંતુ સ્વરૂપની અંદર હજી એક વિરોધ આવી રહેલો છે અને તે નમતું આપવા માગતો નથી, એક બારણું વસાયેલું પડયું છે, એ તેજોમય બુદ્ધિનું બારણું છે અને હજી લગી કોઈ પણ પ્રયત્ન તેને ખોલી શકેલો નથી, અને આ વસ્તુ તારા આવિર્ભાવને ભયંકર રીતે દરિદ્ર કરી મૂકે છે.

તું એ ક્યારે નક્કી કરીશ કે આ બધાને ચાલ્યા જવા માટેનો સમય આવી ગયો છે?

પૃથ્વી ઉપર રાક્ષસી બળો એક આંધીની માફક તૂટી પડયાં છે; એ બળો કાળાં કાળાં અને ઉગ્ર છે, જોરદાર છે અને અંધ છે. એમને પ્રકાશિત કરવાની, પ્રભુ, અમને શક્તિ આપ. એમની અંદર તારો

પ્રકાશ સર્વત્ર ઝળહળી ઊઠવો જોઈએ અને તેમના કાર્યનું તેણે રૂપાંતર કરી દેવું જોઈએ : એ બધાં બધું ખેદાનમેદાન કરીને પસાર થઈ જાય તે પછી તેમણે પોતાની પાછળ એક દિવ્ય બીજ મૂકી જવું જોઈએ.

ઓ મારા દિવ્ય ગુરુ, મારા અર્પણને તરછોડી નાખીશ મા. એ અર્પણની અને આવિર્ભાવની વિપુલતામાં રહેતાં રહેતાં હું પૂર્ણપણે તારી બની રહું એવી પાત્રતા મને આપ.

*
**

૯ ઓગસ્ટ ૧૯૧૪

પ્રભુ, તારી ઇચ્છા સિદ્ધ બને એટલા માટે અમે તારી સમક્ષ ખડાં છીએ. અમારા ચિત્તમાંથી સર્વ કાંઈ વિઘ્નોને, સર્વ શંકાઓને, સર્વ દુર્બળતાઓ અને મર્યાદિતતાઓને દૂર કરી દે, જે જે કાંઈ અમારા જ્ઞાનને ઢાંકી દેતું હોય અને અમારી સમજશક્તિને આંધળી કરી દેતું હોય તે સર્વને તું દૂર કરી દે.

મને તારી ચેતના માટે તૃષા લાગી છે, તારી સાથે સંપૂર્ણ એકતા માટે મને તૃષા લાગી છે, અને એ એકતા અકર્મમાં રહીને નહિ તથા સ્થૂલ પ્રવૃત્તિથી દૂર ભાગી જઈને નહિ, પણ તારી ઇચ્છાની એક સંપૂર્ણ, અનન્ય, પૂર્ણ સિદ્ધિની અંદર મેળવવાની છે.

પૃથ્વી ઉપર આ જે બધો અંધકાર તૂટી પડ્યો છે તેમાંથી તારા પરમ પ્રકાશની મહાદીપ્તિ ઉપર નીકળી આવવી જ જોઈએ.

*
**

૧૧ ઓગસ્ટ ૧૯૧૪

હે મારા મધુર પ્રભુ, આ બધાં વ્યગ્ર ચિત્તોની અંદર, આ બધાં વ્યથિત હૃદયોમાં પ્રવેશ કર; તારા દિવ્ય સાંનિધ્યનો અગ્નિ તેમનામાં પ્રજ્વલિત કર. પૃથ્વીએ ફેંકેલી તિમિરછાયા તેના ઉપર જ પાછી

આવી પડી છે, એનાં સાતેય પાતાળ એથી ડોલી ઊઠ્યાં છે. પરંતુ એ છાયાએ તારા અવિકારી સૂર્યને ઢાંકી દીધો છે, અને એ હવે આ બિચારા જગત ઉપર તૂટી પડી છે, એને તેના છેક મૂળ સુધી કંપાવી રહી છે અને એક ભયંકર અંધાધૂંધીમાં ફેરવી નાખી રહી છે, ત્યારે તું શું ફરી એક વાર આ અંધાધૂંધી ઉપર તારો સંચાર, 'પ્રકાશ થઈ જાઓ' એવો સંકલ્પ કરીને, નહિ કરશે ?

હે પરમ અદ્ભુત અજ્ઞાત, તેં હજી તારું રૂપ પ્રગટ કર્યું નથી. એ શુભ મુહૂર્ત આવવાની હજી તું રાહ જુએ છે. દરમિયાન તારા આગમન માટે તૈયારી કરવા તેં અમને પૃથ્વી ઉપર મોકલ્યાં છે. અને મારાં એકેએક અણુ પુકારે છે, 'જય હો તારી ઇચ્છાનો !' અને મારી અખિલ ચેતના અદમ્ય ઉત્સાહથી તારે ચરણે સમર્પિત થઈ જાય છે....

આ શોકમગ્ન પૃથ્વીને તારી કરુણાના સમર્થ બાહુમાં લપેટી લે, તારા અનંત પ્રેમના ઉદાર પ્રવાહોથી એને સભર ભરી દે.

તારી કરુણાના એ સમર્થ બાહુ હું છું.

હું છું તારા અસીમ પ્રેમનું વિશાળ હૃદય..... આ શોકમગ્ન પૃથ્વીને એ બાહુ વીંટળાઈ રહ્યા છે, પોતાના ઉદાર હૃદય સાથે એને કોમળતાથી ચાંપી રહ્યા છે. યુદ્ધના વમળમાં સપડાયેલા આ અણુ ઉપર એક પરમ આશિષનું ચુંબન ધીરેધીરે ઊતરે છે. તસને શાતા આપનારું, ઘવાયેલાને રુઝવનારું એ છે મા ભગવતીનું ચુંબન.

*
**

૧૩ ઓગસ્ટ ૧૯૧૪

મારો આત્મા ઊભો છે તારી સમક્ષ, એક મહાતીવ્ર અભીપ્સામાં, હાથ ઊંચા કરીને, હાથની હથેલીઓ ખુલ્લી કરીને.

હે મધુર ગુરો ! પૃથ્વીને આજે એક પ્રેમની જરૂર છે. આજ લગી આ જગતમાં પ્રગટેલા પ્રેમ કરતાંયે એક અધિક અદ્ભુત,

અધિક શક્તિશાળી પ્રેમ તે માગી રહી છે.... પૃથ્વી અને એ પ્રેમને સાંધી આપવાની શક્તિ, તે માટેની પાત્રતા કોનામાં હશે? એવું તે કોણ હશે? એ ગમે તે હો, પરંતુ આ મહાકાર્ય થવું જ જોઈએ. હે પ્રભુ, મારા પુકારનો જવાબ દ્યો, આ આત્માને એક અર્પણ તરીકે સ્વીકારો, ભલે એની પાત્રતા બહુ જ અલ્પ હોય, એની મર્યાદાઓ ભલે ગમે તેટલી હો : આવો.

વધુ ને વધુ, સદાયે વધુ, એ નવજન્મદાતા જલ-પૂર કલ્યાણનાં મોજાં ફેલાવતાં પૃથ્વી ઉપર ફરી વળો. જગતને નવું રૂપ આપો, પ્રકાશ આપો. આ અજ્ઞાનભર્યા અહંકારોને ભેદવાનો પરમ ચમત્કાર સાધી દો. એની ક્યારનીય રાહ જોવાઈ રહી છે. તારી પરમ જ્યોતિ પ્રત્યેક ઉરમાં જાગો. એક શાંત ગંભીરતામાં સરવા દઈ અમને જડ ન થવા દેશો. તારો નૂતન અને ચક્રવર્તી પ્રેમ જગતમાં પ્રગટ ન થાય ત્યાં સુધી અમારે આરામ નથી.

સાંભળો અમારી પ્રાર્થના, ઉત્તર દ્યો અમારા પુકારને : આવો !

*
**

૧૬ ઑગસ્ટ ૧૯૧૪

ત્રણ દિવસ લગી એક આતુર પ્રાર્થનાપૂર્વક હું રાહ જોતી રહી, નવી નવી વસ્તુઓ જોવાની આશા સાથે.... અને બધાં જ વિઘ્નો તારા આવિર્ભાવને ઢાંકી દેવા માટે, તેને વિલંબમાં નાખવા માટે, વિકૃત કરી દેવા માટે ઉપર ધસી આવ્યાં. અને અત્યારે હવે અમે પહેલાં હતાં તે કરતાં અમારા ધ્યેયની નજીક વધુ પહોંચ્યાં હોઈએ એમ દેખાતું નથી.

હે મારા મધુર ગુરુ, તારા હૃદયમાં મને જે સુભાગી સ્થાન મળ્યું છે તે મારે છોડી દેવું અને જેને બધી જ વસ્તુઓ અશક્ય તરીકે સિદ્ધ કરતી લાગે છે એવા એક સાક્ષાત્કારને માટે પ્રયત્ન કરવાને મારે પૃથ્વી ઉપર પાછા ફરવું એમ તેં મને શા માટે કહ્યું

છે?.... તેં મને મારા દિવ્ય અને અદ્‌ભુત ચિંતનમાંથી પાછી ખેંચી લીધી છે અને સંઘર્ષમાં સંડોવાયેલા આ અંધકારમય વિશ્વમાં પાછી ફરીને ડુબાવી દીધી છે, તો એમ કરીને તું મારી પાસેથી શી આશા રાખે છે? જ્યારે તારી શક્તિ પોતાનો આવિર્ભાવ કરવા માટે પૃથ્વી તરફ અવતરણ સાધે છે ત્યારે પેલાં જે મહાન આસુરી સ્વરૂપોએ તારા સેવક બનવાનો નિર્ણય કરેલો છે, પરંતુ જેમણે પોતાની પ્રકૃતિનું પ્રધાન અને અનન્ય એવું લક્ષણ તો ટકાવી રાખેલું છે એ દરેક સ્વરૂપ એ અવતરણને પછીથી બીજાઓને વહેંચી આપવા માટે કેવળ પોતાની પાસે જ ખેંચી લેવાની ઇચ્છા રાખે છે; તે હમેશાં એમ વિચારે છે કે પોતે જ એકમાત્ર, અથવા કંઈ નહિ તો મોટામાં મોટું માધ્યમ બની રહે, અને તારી મહાશક્તિ સાથેનો અન્ય સૌ કોઈનો સંબંધ તેની માધ્યમી વિના થઈ શકે નહિ અથવા તો થવો જોઈએ નહિ. આ વિષાદજનક અલ્પતા થોડી ઘણી સભાન રીતની છે, પણ એ હમેશાં છે જ અને વસ્તુઓને અનિશ્ચિત કાળ સુધી અટકાવી રહી છે. આ દયાજનક મર્યાદિતતાઓમાંથી મુક્ત રહેવાનું જો મોટામાં મોટાઓ માટે પણ પૂર્ણ આવિર્ભાવમાં અશક્ય છે તો પછી, હે પ્રભુ, આ સંકુચિતતાના વધસ્તંભ ઉપર તું મને શા માટે મૂકી આપે છે?....

તારી જો એવી ઇચ્છા હોય કે એમ થવું જોઈએ તો પછી તારે છેલ્લામાં છેલ્લું આવરણ ભેદી નાખવું જોઈએ અને તારો પ્રકાશ જગતનું રૂપાંતર કરવા માટે તેના પૂર્ણ શુદ્ધરૂપે આવી જવો જોઈએ!

આ ચમત્કાર સાધી આપ અથવા તો મને તારી અંદર પાછી આવી જવા દે.

*
**

૧૭ ઓગસ્ટ ૧૯૧૪

વિનાશનો આ વંટોળિયો ભૂતકાળને વાળીઝૂડીને સાફ કરી રહ્યો છે તેમાં બધી જ ભૂલો, બધા જ પૂર્વગ્રહો, બધી જ ગેરસમજૂતિઓ

અદૃશ્ય થઈ જવાં જોઈએ.... પ્રકાશ સંપૂર્ણપણે વિશુદ્ધ બની જવો જોઈએ, તે સર્વ પ્રકારની મર્યાદાથી મુક્ત થઈ જવો જોઈએ, અને એમ થતાં તું તેની અંદર પૂર્ણપણે આવિર્ભાવ પામી શકશે. પ્રભુ, તારી પાસે શક્તિ રહેલી છે અને તું આ પરમ ચમત્કાર સિદ્ધ કરી આપશે જ.

આ રીતની ચેતનામાં, તેં વિજયની નિશ્ચિતતા મૂકી આપી છે.

*
**

૧૮ ઓગસ્ટ ૧૯૧૪

એક ગહન નીરવ ચિંતનમાં મને તારા પ્રતિ વળવા દે; મારું આ આખુંયે સ્વરૂપ તથા તેની સર્વ પ્રકારની પ્રવૃત્તિઓને તારાં ચરણોમાં એક અર્પણરૂપે ધરી દેવા દે; મને આ શક્તિઓની સર્વ રમતને થોભાવી દેવા દે, સર્વ ચેતનાઓને એક કરી લેવા દે, અને એમાંથી પછી કેવલ એક જ ચેતના બની રહેશે અને એ તારા આદેશને સાંભળી શકશે અને સમજી શકશે. અને મને તારી અંદર, એક પરમ ઉદાર મહાસાગરમાં, સર્વ અજ્ઞાનને વિશુદ્ધ કરતા એક મહાસાગરમાં ઝુકાવતી હોઉં તેમ તારામાં મને ઝુકાવી દેવા દે. મને લાગે છે કે હું શંકા અને અજ્ઞાનની એક અગાધ ખીણમાં ખૂબ ઊંડે ઊંડે ઊતરી પડી છું, જાણે કે તારા શાશ્વત પ્રકાશમાંથી હું દેશનિકાલ થઈ ગઈ છું. પણ હું જાણું છું કે એ અવતરણમાં એક વધુ ઊંચા આરોહણની શકયતા રહેલી છે, એ આરોહણમાંથી હું એક વિશાળ ક્ષિતિજને ભેટી શકીશ તથા તારાં અનંત આકાશને સહેજ વધુ નિકટતાથી સ્પર્શી શકીશ. તારો પ્રકાશ જેમ ઝળહળતાં અજવાળાંમાં રહેલો છે તેમ તે આ ખીણના પેટાળમાં પણ સ્થિરરૂપે આવી રહેલો છે, માર્ગ બતાવી રહેલો છે, અસ્ખલિત પ્રકાશી રહેલો છે. અને ચેતનામાં હવે એક શાંત વિશ્વાસ, એક સ્વસ્થ તટસ્થતા, એક સ્થિર નિશ્ચિતતા સ્થાયી ભાવે વસી રહ્યાં છે.... હું જાણે કે એક લાંબા સમયથી અંદરની મોજ માણી રહેલી હોડી જેવી છું, અને એ હોડીએ હવે, આમ તો સામે સૂર્યને

ઢાંકી દેતાં આંધીભરેલાં વાદળો ઝૂકી રહ્યાં છે છતાં પોતાના સઢ ખુલ્લા કરી દીધા છે અને પરમ અજ્ઞાતની અંદર અજાણ્યા કિનારાઓ પ્રતિ, નૂતન પ્રદેશો પ્રતિ સફર આદરી દીધી છે.

પ્રભુ, હું નિઃસંકોચ ભાવે, નિરાગ્રહ ભાવે, સર્વથા તારી છું; તારો સંકલ્પ પૂર્ણ પ્રખર ભાવે સિદ્ધ થાઓ; મારું આખુંયે સ્વરૂપ એ સંકલ્પનો આનંદપૂર્વક સ્વીકાર કરે છે અને એક સ્વસ્થ શાંતિપૂર્વક એને આલંબે છે.

ભાવિ માટે મારામાં હવે કોઈ પણ વિચાર નથી. હવે તો તું જ મને તારો મહાનિયમ શો છે તેની એક નવીન અને વધારે સાચી કલ્પના આપીશ.

એક પરમ સમર્પણભાવે, પરમ વિશ્વાસપૂર્વક હું રાહ જોતી બેઠી છું: તારો શબ્દ મને માર્ગ બતાવો.

*
**

૨૦ ઓગસ્ટ ૧૯૧૪

લોકોને જ્ઞાન આપવામાં કામ આવે તે માટે આપણે લક્ષ્યને એક નવા દૃષ્ટિકોણથી જોવાનું રહે છે અને તે માટે આપણે આપણને થયેલી આંતરિક શોધની અનુભૂતિને સતત રીતે ફરી ફરીને તાજી કરવી જોઈએ તથા ચેતનાની છેલ્લામાં છેલ્લી સીમા સુધી ચડી જવું જોઈએ, અને એમાં આપણી યાત્રાનો અંત કેવો થશે તેની અગાઉથી કદી કલ્પના કરવી જોઈએ નહિ.

પરંતુ મનને આ પહેલાં અંતિમ કેન્દ્ર સાથે ચેતનાના જે એક કે વધુ સંપર્કો થયેલા છે તેની છાપ સહજ રીતે તેને પાછી યાદ આવતી રહે છે અને તે પોતાને કહે છે: 'માર્ગને અંતે આપણને આ વસ્તુ મળી આવે છે.' પરંતુ એ કહેતી વખતે તે એ ખ્યાલ રાખતું નથી કે તે જે 'આ' વિષે વિચારી રહ્યું છે તે તો પેલા લક્ષ્યનો અનુવાદ કરવાની કે હાસ્યાસ્પદ નકલ કરવાની જે અનેક રીતો છે

તેમાંની એક રીત છે, અને જે બૌદ્ધિક વિચાર બાંધવામાં આવે છે તે તો અનુભૂતિ થયા પછી આવવો જોઈએ, તેની પહેલાં નહિ.

આપણે રસ્તા ઉપર જાણે હજી ચાલ્યા જ નથી એવા નિર્દોષ ભાવે પાછી યાત્રા શરૂ કરીએ, એ છે સાચી વિશુદ્ધિ, સંપૂર્ણ સત્યનિષ્ઠા, એ વસ્તુ પછી એક અસ્ખલિત પ્રગતિ થવા દે છે, એક સમગ્ર એવી વૃદ્ધિ અને પૂર્ણતા લાવી આપે છે.

મારામાં તો સર્વ વિચાર શાંત થઈ ગયા હોય, એટલે કે સર્વ રીતની સભાન રચના શાંત પડી ગઈ હોય એવી સ્થિતિમાં, હું કાંઈ ન કરતી હોઉં તોપણ, મારા સ્વરૂપમાં રહેલું કાંઈક, શબ્દો કરતાં પણ કાંઈ વધુ ગહન એવું, તારા પ્રત્યે તીવ્ર અભીપ્સા કરતું વળે છે, હે અવર્ણનીય પ્રભુ, અને આ બધી પ્રવૃત્તિઓનું, આ બધાં તત્ત્વોનું, સ્વરૂપની આ બધી અવસ્થાઓનું તને અર્પણ કરે છે અને આર્ત ભાવે પ્રાર્થના કરે છે કે એ સર્વનો પ્રકાશ મળી રહો.

....હે પ્રભુ, તારે વિષે હું વિચાર તો કરી શકતી નથી, પણ તને હું નિશ્ચિત ભાવે જાણું તો છું જ!

*
**

૨૧ ઓગસ્ટ ૧૯૧૪

પ્રભુ, પ્રભુ, સારીયે પૃથ્વી આકુળવ્યાકુળ થઈ રહી છે. એક મહાવ્યથામાં રિબાતી એ આક્રંદ કરી રહી છે, દુઃખી દુઃખી થઈ રહી છે.... એના ઉપર ઊતરેલી આ બધી યાતના તદ્દન નિરર્થક જાય એમ તો ન જ થવું જોઈએ. અમારી પ્રાર્થના છે કે આ જે અપાર લોહી વહી ચૂકેલું છે તેમાંથી સૌન્દર્યનાં, પ્રકાશનાં અને પ્રેમનાં બીજ ખૂબ જ ઝડપથી ઊગી નીકળો, એ બીજ ઊગીને ખીલી રહો અને પોતાના સમૃદ્ધ પાકથી આખીયે પૃથ્વીને છાઈ દો. અંધારની ખાઈના પેટાળમાંથી, આ આખીયે પૃથ્વીનું માનવ પ્રાણી તને પુકારી રહ્યું છે, તારી પાસેથી હવા અને પ્રકાશ માગી રહ્યું છે. તે ગૂંગળાઈ રહ્યું છે. એની મદદે તું નહિ જાય?

પ્રભુ, કહો કે વિજય માટે અમે શું કરીએ.

અમારી પ્રાર્થના સાંભળો, અમારે કોઈ પણ ભોગે વિજય પામવો જ જોઈએ. વિરોધ માત્રને વિદારી નાખો: આવો, પ્રગટ થાઓ!

*
**

૨૪ ઓગસ્ટ ૧૯૧૪

પ્રભુ, એક ગહન કૃતજ્ઞતાના ભાવપૂર્વક હું તારી પાસે આવી રહી છું. મેં જે જ્ઞાનની આટલા બધા સમયથી ઝંખના કરી હતી તેના પ્રથમ શબ્દો તેં મને આપ્યા છે અને એ જ્ઞાનની સાથે સાક્ષાત્કારના હરેક ક્ષેત્રમાં કાર્યસિદ્ધિ, સાચી શક્તિ મળી આવી છે.

આ તો માત્ર આરંભ છે, આ કાંઈ પૂર્ણ સિદ્ધિ નથી. પરંતુ માર્ગ હવે નજરે પડે તેમ અને સીધો ખૂલી ગયો છે, એના પર હવે કદમ માંડવાનાં જ રહે છે. અજ્ઞાનના દિવસોમાં મેં નમ્ર ભાવે છતાં પૂરેપૂરી શક્તિ મૂકીને જે પ્રયત્ન કર્યો હતો તેના જવાબરૂપે પરદો ચિરાઈ ગયો છે. તો મારી પ્રાર્થના છે, પ્રભુ, કે આ માર્ગ આ જ રીતે સર્વ કોઈને માટે પણ ખુલ્લો બની રહો અને અમારી પોતાની અંદર અમે હવે વસ્તુસ્પષ્ટ જોઈ લીધી છે તો પછી એ જ્ઞાન બીજાઓની અંદર જાગૃત થાય તેમાં કોઈ નવી મુશ્કેલીઓ ઊભી ન થશો. આમ છતાં, મનુષ્ય ભલે ગમે તેટલો મહાન હોય તોપણ આખરે તો તે એક મર્યાદિત વ્યક્તિ છે અને એ માનવ છે એ કારણે જ કાંઈ નહિ તો લાંબા સમય સુધી મર્યાદિત રહેવાનો છે. એ વિશ્વની વિરાટતા સાથે સંબંધમાં હશે તોપણ આ વિરાટતા એની બાહ્ય ચેતનામાં તો તેના પોતાના વ્યક્તિત્વના દૃષ્ટિકોણ મુજબ જ આવિર્ભાવ પામતી રહે છે. એને સત્યનું જે દર્શન થતું હોય છે તે તેના પોતાના દૃષ્ટિકોણ દ્વારા થોડે અંશે પણ ઝાંખું ન પડે એ બનવું મહામુશ્કેલ છે. પરંતુ આ બધાં છેલ્લાં વિઘ્નો અમારે સર કરવાં જ જોઈશે, એમને પાકે પાયે પરાસ્ત કરવાં જ જોઈશે કે જેથી તે ફરી પાછાં ઊભાં ન થવા પામે. માર્ગ સંપૂર્ણપણે મુક્ત બની જવો જોઈએ, જે સત્યની ઝાંખી થઈ છે તે

સુદૃઢ રીતે સ્થાપિત થઈ જવું જોઈએ. પ્રભુ, તારી કૃપા અમારી સાથે છે, અને બહારના આભાસો અંધકારમય હોય છે તોપણ તે અમારો કદી પણ ત્યાગ કરતી નથી હોતી. એક વધુ મહાન ઉષાને તૈયાર કરવા માટે કેટલીક વાર રાત્રિની જરૂર રહે છે. પરંતુ આ વખતે કદાચ તેં અમને એવી ઉષા સમક્ષ મૂકી આપ્યાં છે કે જે હવે ચાલી જવાની નથી !....

અમારી તીવ્ર કૃતજ્ઞતાના અને અમારા પૂર્ણ સમર્પણના અર્ઘ્ય-નો સ્વીકાર કર, પ્રભુ !

મને ખબર હતી કે આ પુસ્તક આધ્યાત્મિક જીવનની એક અવસ્થાના અંતની સાથે સમાપ્ત થવાનું છે. અને ખરેખર એમ જ બન્યું છે.

પ્રકાશ આવ્યો છે, માર્ગ ખૂલી ગયો છે; અમારા જહેમતભર્યા ભૂતકાળને એક કૃતજ્ઞતાભર્યા પ્રણામ કરી લઈને અમે અમારી સમક્ષ તેં વિશાળ રીતે ખોલી આપેલા નૂતન માર્ગ ઉપર વેગથી આગળ વધ્યે જઈશું.

આ એક વધુ વિશાળ અને વધુ સભાન રીતના સાક્ષાત્કારના નવા ક્ષેત્રના પ્રવેશદ્વારમાં અમે ઊભાં છીએ તે ક્ષણે અમે તને પૂર્ણ સમર્પણભાવે, પૂર્ણ ભક્તિભાવે નમસ્કાર કરીએ છીએ. અમે તને અમારું પૂર્ણ ભાવે સમર્પણ કરીએ છીએ.

ફરી વળી એક વાર અમારી અંદર તું, અને કેવળ તું જ નિવાસ કરી રહ્યો છે. ફરી વાર વળી તું તારા રાજ્યનો રાજા બની રહ્યો છે, પરંતુ આ રાજ્ય હવે વધુ વિશાળ અને વધુ સંપૂર્ણ બનેલું છે, તારા શાસનને માટે હવે એ વધુ સુપાત્ર બન્યું છે.

*
**

૨૫ ઓગસ્ટ ૧૯૧૪

પ્રભુ, તારો સંકલ્પ સિદ્ધ થાઓ, તારું કાર્ય સિદ્ધ થાઓ.

અમારી ભક્તિને સુદૃઢ કર, અમારા સમર્પણમાં વધારો કર, અને અમારા માર્ગમાં પ્રકાશ આપ. અમે તને અમારી ભીતરમાં અમારા પરમ સ્વામી તરીકે સ્થાપીએ છીએ કે જેથી કરીને તું સમસ્ત પૃથ્વીનો સ્વામી બને.

અમારા શબ્દો હજી અજ્ઞાની છે: એમને પ્રકાશિત કર. અમારી અભીપ્સા હજી અપૂર્ણ છે : એને શુદ્ધ કર. અમારું કાર્ય : હજી બલહીન છે: એને અસરકારક બનાવ.

હે પ્રભુ, આ પૃથ્વી વેદના ભોગવતી હોઈ ચિત્કાર કરે છે; આ વિશ્વ ગોટાળાનું ઘર બની ગયું છે.

અંધકાર એટલો બધો ઘેરો છે કે કેવળ તું જ એને દૂર કરી શકે તેમ છે. અ.વ, તારો આવિર્ભાવ કર કે જેથી તારું કાર્ય સિદ્ધ થાય.

*
**

૨૬ ઓગસ્ટ ૧૯૧૪

હે મારા મધુર સ્વામી, આનંદના પ્રભુ, આનંદનાં આ સર્વ જગતો એકબીજામાં પ્રવેશ કરીને એકબીજાનાં પૂરક બની જવાથી, એમને તેમના સર્વગ્રાહી મહાન સ્વરૂપમાં જોઈ શકવાનું કાર્ય મુશ્કેલ છે. અમને આ નિયમોનું જ્ઞાન આપ અને આ જે લક્ષ્યનું અંધભાવે અનુસરણ થાય છે તેને સમજવા અને જોવાને માટે પૃથ્વીને જાગ્રત કરવાની શક્તિ આપ.

સર્વ વસ્તુઓમાં તું જ નિર્ભેળ સુખરૂપ છે, તૃપ્તિદાયક આનંદ.... પરંતુ આ આનંદ કેવળ પૂર્ણ ત્યારે જ બને છે જ્યારે એ સૌથી બાહ્ય આવિર્ભાવથી માંડીને અત્યંત અમાપ ગહરાઈઓને આવરી લેતો હોય.

હે પ્રભુ, તેં મને આશ્ચર્યના ઉંબર ઉપર આણી મૂકી છે, મારી અંદર આ જ્ઞાનનું સમર્થન કર. મારી અંદર ચેતનાનું એ કેન્દ્ર સ્થાપિત કર જેમાંથી થતાં સૌ કાર્યો બીજું કાંઈ નહિ પણ તારા વિધાન-

નો અમિશ્રિત આવિર્ભાવ બની રહે.

એક શક્તિશાળી અને મૂક ભક્તિભાવમાં હું વાટ જોઉં છું.

*
**

૨૭ ઓગસ્ટ ૧૯૧૪

હું દિવ્ય પ્રેમ બની રહું, સમર્થ, અનંત અને અગાધ, પ્રત્યેક ક્રિયામાં, ચૈતન્યની સઘળી સૃષ્ટિઓમાં.... એ છે મારી પ્રાર્થના પ્રભુ! આ દિવ્ય પ્રેમ, આ સમર્થ, અનંત અને અગાધ પ્રેમ, સ્વરૂપની પ્રત્યેક ક્રિયામાં, તેની સઘળી સૃષ્ટિઓમાં મને પૂરેપૂરી પોતામાં લઈ લો. મને પેલો અગ્નિથી ભરેલો યજ્ઞકુંડ તું બનાવી દે, કે જેથી એની જ્વાલા વડે પૃથ્વીનું આખું વાતાવરણ શુદ્ધ બની જાય.

પ્રભો, તારા પ્રેમસ્વરૂપ થઈ રહેવું, સદાય માટે....

*
**

૨૮ ઓગસ્ટ ૧૯૧૪

પ્રભુ, શાશ્વત સ્વામી, તારી સમક્ષ મારા વિચારો મૂક અને બલહીન બની ગયા છે, પરંતુ મારું હૃદય તને બોલાવે છે; મારું સમગ્ર સ્વરૂપ જાગ્રત કર કે જેથી એ તારું ઉપયોગી કરણ અને પૂર્ણ સેવક બની રહે.

ઓ, તારા સ્વરૂપ બની રહેવું, અનંતપણે, સર્વ વસ્તુઓમાં, સર્વ સ્થળે અને સદાકાળ, નિરપેક્ષ નીરવતા અને નિરપેક્ષ ગતિ....

સર્વને સમાવી લેનાર કેવળ એકરૂપ બની રહેવું, સૌમાં સમાઈ રહેવું.... સર્વ મર્યાદાઓ અને અંધપણાઓથી મુક્ત....

પરમ વિજેતા, સૌ અવરોધો ઉપર વિજય પ્રાપ્ત કર.

*
**

૨૯ ઓગસ્ટ ૧૯૧૪

મનુષ્યના સર્જન પાછળનો હેતુ શો? વિશ્વમાં શાશ્વત કાળથી આવી રહેલું પરંતુ પ્રગટ નહિ થયેલું એવું પરમતત્ત્વ અને આ પ્રગટ થયેલું જગત–વિશ્વથી પર રહેલી સર્વ પરાત્પરતાઓ, દિવ્ય જીવનના સકલ વૈભવો અને સ્થૂલ જગતનું આ તમામ ઘનઘોર શોકાકુલ અજ્ઞાન એ બેની વચ્ચે પૂલ બાંધી દેવા માટે જો એને સર્જ્યો ન હોય તો પછી બીજા શા કામ માટે એને સર્જ્યો હશે? મનુષ્ય તે જગતમાં આ જે છે અને જે થવાનું છે તે બે વચ્ચેની એક વચલી કડી છે, વર્તમાન અને ભાવિ વચ્ચેની ખાઈ ઉપર નંખાયેલો એ પૂલ છે. એ એક મહાન ક્રૉસ છે, ચતુર્ભુજ કડી છે. આ ક્રૉસના ચાર હાથ જે બિંદુ આગળ ભેગા મળે છે તે અંતરિક્ષના જગતમાં માનવનું સાચું નિવાસસ્થાન, તેની ચેતનાનું સફળ આસન મંડાવું જોઈએ. પરમ અજ્ઞેયની સારીયે અનંતતા આ ચતુર્ભુજ સ્વસ્તિકના મધ્ય બિંદુમાં એકાગ્ર થઈને આવી ઊભે છે અને ત્યાંથી વિશ્વમાં વિસ્તાર પામવાને માટે તે નિશ્ચિત રૂપ ધારણ કરે છે....

આ કેન્દ્ર તે પરમ પ્રેમનું, પૂર્ણ ચૈતન્યનું, વિશુદ્ધ તથા અખિલ જ્ઞાનનું ધામ છે. હે પ્રભુ, જેઓ તારી સાચી સેવા કરી શકે તેમ છે, જેમણે તારી એવી સેવા કરવાની છે, તથા જેમનો એ માટેનો સંકલ્પ છે તે સર્વને તું એ કેન્દ્રમાં સ્થાપી આપ કે જેથી તારું કાર્ય સિદ્ધ થાય, પેલો પૂલ પાકે પાયે રચાઈ જાય અને તારી શક્તિઓ જગતમાં અશ્રાન્તપણે વિસ્તાર પામ્યા જ કરે.

*
**

૩૧ ઓગસ્ટ ૧૯૧૪

આ પ્રચંડ ઊથલપાથલમાં, આ ભીષણ વિનાશની ભીતરમાં કોઈ મહાન કાર્ય થઈ રહેલું જોઈ શકાય છે, કોઈ નવાં બી વાવવા માટે જાણે પૃથ્વી ખેડાઈ રહી છે. એમાંથી કોઈ અદ્‌ભુત કણવાળાં કણસલાં

પાકશે, અને પૃથ્વીને નવી માનવજાતિનો સોનેરી પાક મળશે.... વસ્તુ પૂરેપૂરી સ્પષ્ટ અને ચોક્કસરૂપે દેખાઈ રહી છે. તારા દિવ્ય તંત્રની રૂપરેખા ખૂબ સ્પષ્ટ બની ગઈ છે. અને કાર્યકર્તાઓનાં હૃદયમાં પાછી શાંતિ આવી છે અને સ્થિર થઈ છે. હવે શંકા કે સંકોચ રહ્યાં નથી. અધીરાઈ નથી, દુઃખ નથી. હવે કેવળ કાર્યની ભવ્ય સીધી રેખા જ નજર આગળ દેખાઈ રહી છે. ભલે પરિસ્થિતિ તદ્દન પ્રતિકૂળ દેખાતી હોય, માર્ગ આડોઅવળો ચાલ્યો જતો હોય. એવા-એવા સઘળા વિરોધો અને મિથ્યાભાસો હોવા છતાં, તેમની સામે થઈને પણ તારી શક્તિ સદાકાળથી પોતાનું કાર્ય પાર પાડ્યે જ જાય છે. આ સ્થૂલ દેહધારી વ્યક્તિઓ, તારા અનંત આવિર્ભાવમાંની અગ્રાહ્ય ક્ષણો જેવી, જાણે છે કે તેમના દ્વારા માનવજાતિ એક ડગલું આગળ ગતિ કરવાની છે, એ ઘટના અવશ્ય થવાની છે. તાત્કાલિક પરિસ્થિતિ ગમે તેવી વિપરીત દેખાતી હો પણ એનાં પરિણામો તો અચૂક રીતે આવવાનાં જ છે એમાં એમને શંકા નથી. હે શાશ્વત ગુરો, તારી સાથે તેઓ પોતાનું અદ્વૈત રચે છે, હે વિશ્વજનની, તારી સાથે તેઓ પોતાનું અદ્વૈત રચે છે, અને આ વિશ્વમય આવિર્ભાવ અને એ આવિર્ભાવથી પર રહેલા પરાત્પર સાથે આમ દ્વિવિધ તાદાત્મ્ય સાધીને તેઓ પરિપૂર્ણ શ્રદ્ધાના નિઃસીમ આનંદનો આસ્વાદ માણે છે.

શાંતિ, અખિલ જગત ઉપર શાંતિ, શાંતિ....
યુદ્ધ, એ તો માત્ર આભાસ છે,
સંઘર્ષ, એ માત્ર ભ્રાંતિ છે,
શાંતિ, અક્ષુણ્ણ શાંતિ એ જ એક માત્ર વસ્તુ છે.

મા, હે મધુરી મા, તું કે જે હું જ છું, તું સંહારક છે અને સર્જક પણ છે.

અખિલ વિશ્વ, તેની અગણિત જીવસૃષ્ટિ સાથે, તારા હૃદયમાં વસી રહ્યું છે. અને તું પણ તારી અખિલ વિરાટતા સાથે આ વિશ્વના સૂક્ષ્માતિસૂક્ષ્મ અણુમાં વસે છે.

તારી નિઃસીમતામાંથી પ્રકટતી અભીપ્સા અવ્યક્ત રહેલા સ્વરૂપ પ્રત્યે વળે છે, અને તેને પુકારે છે, અહીં તારું પ્રાકટ્ય વધુ ને વધુ પૂર્ણ બનાવ, સભર બનાવ.

આખુંયે વિશ્વ, એકી સાથે, એક ત્રિવિધ અને પારદર્શી સમગ્ર ચેતનામાં **આવી રહેલું** છે, વ્યક્તિ, વિશ્વ, અનંત.

*
**

૧ સપ્ટેમ્બર ૧૯૧૪

મા ભગવતી, કેવા ઉમળકાથી, કેવા છલકાતા પ્રેમથી હું તારી પાસે આવી, તારી ગહનમાં ગહન ચેતનામાં, તારા પરમ પ્રેમ અને પૂર્ણ આનંદના ઉન્નત ધામમાં મેં પ્રવેશ કર્યો, તારા બાહુમાં હું લપાઈ ગઈ, અને એટલા તો ઉત્કટ ભાવથી તને હું ચાહવા લાગી કે હું તારારૂપે જ બની ગઈ. અને આપણી એ મૂક આનંદાવસ્થાની નીરવતામાં એ ગહન અવસ્થા કરતાંય વધુ ગહન એક અવાજ ઊઠયો અને બોલી રહ્યો, 'તારા પ્રેમની જેમને જરૂર છે તેમની પાસે જા.' અને ચેતનાની સર્વ કક્ષાઓ, સઘળી ક્રમબદ્ધ સૃષ્ટિઓ દૃષ્ટિગોચર બની રહી. એમાંની કેટલીક ઘણી ભવ્ય અને પ્રકાશમાન હતી, સુવ્યવસ્થિત અને સ્પષ્ટ હતી. ત્યાં જ્ઞાનની જ્યોતિ ઝળહળતી હતી, અભિવ્યક્તિમાં સુસંવાદ અને વિશાળતા હતાં, તપઃશક્તિ સમર્થ અને અજેય હતી. પછી ઓછા પ્રકાશની સૃષ્ટિઓ આવવા લાગી. તેમાં અંધકાર અને અવ્યવસ્થા વધુ ને વધુ વધવા લાગ્યાં, શક્તિ ઉગ્ર બનવા લાગી, અને સ્થૂલ જડતત્ત્વની સૃષ્ટિ તો તદ્દન અંધકારમય અને દુઃખથી ભરેલી નજરે પડી. અને અમે અમારી અસીમ પ્રેમભરી દૃષ્ટિ એ સૃષ્ટિ ઉપર નાખી. અમે જોયું કે અમારાં સંતાનો એક ખૂનખાર જંગમાં સપડાઈ ગયાં છે સાચા ધ્યેયથી ભ્રષ્ટ બનેલાં બળો તેમને એકબીજાના ઉપર હુમલા કરવા ધકેલી રહ્યાં છે. આ દુખિયારી અજ્ઞાન સૃષ્ટિની કારમી યાતના અમારી આગળ પૂરેપૂરી પ્રત્યક્ષ બની રહી. અને અમે પ્રબળ સંકલ્પ કર્યો કે હવે પ્રભુની દિવ્ય પ્રેમજ્યોતિનો આવિર્ભાવ

સિદ્ધ કરવો જ જોઈએ, આ માર્ગભ્રષ્ટ તત્ત્વોના કેન્દ્રમાં એમને પલટી શકે તેવી એક શક્તિ મૂકી આપવી જ જોઈએ. અને અમારો સંકલ્પ વધારે પ્રબળ અને અસરકારક બને એ માટે અમે તારા તરફ વળ્યાં, હે અચિંત્ય પ્રભુ! તારી સહાય અમે યાચી. અને અજ્ઞાતનાં એ અગાધ ઊંડાણોમાંથી એક પ્રત્યુત્તર ઊઠ્યો, ભવ્ય અને પ્રચંડ. અને અમે **જાણ્યું** કે પૃથ્વી હવે **બચી ગઈ છે.**

*
**

૪ સપ્ટેમ્બર ૧૯૧૪

પૃથ્વી ઉપર અંધકાર ઊતર્યો છે, ઘનઘોર, હિંસ્ર, વિજયી.... સર્વ સ્થળે અવસાદ, ભય, અને ભૌતિક જગતમાં વિનાશ વ્યાપી રહ્યો છે, અને તારા પ્રેમની જ્યોતિનો પ્રકાશ એક શોકના બુરખાથી શ્યામ પડી ગયો લાગે છે.

હે મધુર મા, હું તારામાં એક અમાપ પ્રેમ સાથે, સર્વ વસ્તુઓના પ્રભુ પ્રત્યે એક જોરદાર વિનંતી સાથે ઓગળી જાઉં છું કે જેથી એ અમને અમારો માર્ગ બતાવે, એ તેના કાર્યનો પથ દોરી આપે અને અમે હિંમતભેર એના ઉપર ચાલ્યાં જઈએ.

સમયનું દબાણ થઈ રહ્યું છે. હે પ્રભુ, આ વેદનાગ્રસ્ત પૃથ્વીને આસાયેશ અર્પવા માટે દિવ્ય શક્તિઓએ આવવું જોઈએ.

ઓ મા, મધુર મા, તું તારાં બાળકોને તારા વિશાળ વક્ષઃસ્થળમાં સમાવી લે છે અને એ સૌને તારા એક સરખા પ્રેમથી આવરી લે છે.

હું તારા પ્રેમની પાવક જ્વાળા બની છું. હે પ્રભુ, હે મૂક અચિંત્ય પ્રભુ, પ્રેમની વેદીની આ આહુતિનો તું સ્વીકાર કર કે જેથી તારા રાજ્યનું આગમન થાય, તારો પ્રકાશ અંધકાર ઉપર અને મૃત્યુ ઉપર વિજયી બને.

તારી શક્તિનો આવિર્ભાવ કર. દરરોજ, કલાકે કલાકે અમે તને

વિનંતી કરીએ છીએ : " હે પ્રભુ, તારી શક્તિનો આવિષ્કાર કર."

*
**

૫ સપ્ટેમ્બર ૧૯૧૪

'ભયનો સામનો કરી લે!' તેં મને કહ્યું છે, 'તું સત્યના ચિંતનમાં ડૂબી જઈને તારી નજર શા માટે ફેરવી લે છે, અથવા તો કર્મમાંથી શા માટે દૂર દૂર ચાલી જાય છે, શા માટે સંગ્રામમાંથી બહાર નીકળી જવા માગે છે?' આ જગતમાં સત્યનો પૂર્ણ આવિર્ભાવ સાધવાનો છે. જગતમાંનું અંધ અજ્ઞાન અને ગૂઢ વિરોધીબળો જે જે વિઘ્નો ઊભાં કરે તે તમામ ઉપર વિજય મેળવવાનો છે. ભયની સામે સીધી નજર માંડી લે, અને પેલી શક્તિની સમક્ષ તે ઓગળી જશે.'

હે પ્રભુ, આ બાહ્ય પ્રકૃતિની નિર્બળતાને મેં સમજી લીધી છે. એ પ્રકૃતિ જડતત્ત્વને આધીન થઈ જવાને હમેશાં તૈયાર હોય છે અને એ આધીન થવાના બદલારૂપે તે બૌદ્ધિક અને આધ્યાત્મિક રીતની એક પરમ સ્વતંત્રતામાં છટકી જતી હોય છે. પરંતુ તું તો અમારી પાસેથી કર્મની આશા રાખે છે, અને એ તો આવા કોઈ વલણને સંમતિ આપતું નથી. આંતરિક જગતોમાં વિજય મેળવાય એટલું જ પૂરતું નથી, અમારે અત્યંત સ્થૂલ વાતોમાં પણ વિજય મેળવવાનો રહે છે. જેમાં કોઈ વિઘ્નો રહેલાં નથી એવી ચેતનામાં આશ્રય લેવાની અમારી પાસે શક્તિ છે એટલા માટે કંઈ અમારે મુશ્કેલી કે વિઘ્નમાંથી નાસી જવાનું નથી.... તારી સર્વશક્તિમત્તામાં વિશ્વાસ રાખીને અમારે ભયનો સીધો સામનો કરવાનો છે અને તારી સર્વશક્તિમત્તાનો વિજય થશે.

મને પૂર્ણપણે એક યોદ્ધાનું હૃદય આપ, પ્રભુ, અને તારો વિજય અવશ્ય થશે.

'કોઈ પણ ભોગે વિજય' આજનો ધ્યાનમંત્ર આ જ હોય. અમને કર્મનો કે કર્મનાં પરિણામોનો કશો મોહ નથી, અમારે

આવા કોઈ કર્મની જરૂર નથી. જગતની તમામ વિપત્તિઓમાંથી અમે ખસી જઈ શકતા નથી એમ નથી.

પરંતુ તેં અમને કર્મને માટે આદેશ આપ્યો છે. પરંતુ પૃથ્વી ઉપર તારા વિજય માટેનો સમય આવી ચૂક્યો છે. પરંતુ તું એક પૂર્ણ વિજય માગી રહ્યો છે.

અને જગત માટેના એક અપરંપાર પ્રેમ ધારણ કરતાં કરતાં ........ યુદ્ધ ચડી જઈએ!

*
**

૬ સપ્ટેમ્બર ૧૯૧૪

ઊંચે, ઊંચે, હમેશાં ઊંચે ને ઊંચે! જે કાંઈ સિદ્ધ થયું છે તેથી સંતુષ્ટ ન બનીએ, કોઈ પણ સાક્ષાત્કાર આગળ અટકીને ઊભા ન રહી જઈએ. આપણી કૂચ તો એક વધુ ને વધુ ઉચ્ચ ચેતના પ્રત્યે, પૂર્ણ પૂર્ણ ચેતના પ્રત્યે દિનરાત થતી રહે, વિના અટક્યે, વિના થંભ્યે, મહાવેગે.... ગઈ કાલનો વિજય તે આવતી કાલના વિજય માટેનું એક પગથિયું જ બની રહો, અને આજના સવારે લીધેલી શક્તિ તે ભાવિની સિદ્ધ શક્તિની તુલામાં એક દુર્બળતા જેવી જ લાગો.

હે મા ભગવતી! તારી કૂચ તો વિજયની છે, અનિરુદ્ધ છે. તારી સાથે પૂર્ણ પ્રેમમાં જે એકરૂપ થઈ શકે છે તેની ગતિ તો વિશાળ ને વિશાળ ક્ષિતિજો ભણી થતી રહે છે, અસ્ખલિત અને અથંભ. તે તો પૂર્ણથી પૂર્ણ સાક્ષાત્કાર પ્રતિ વધતો જાય છે, તારા પ્રકાશના ઝળહળાટમાં તે શિખર પર શિખર ઠેકતો જાય છે, અજ્ઞાતનાં અદ્ભુત રહસ્યો તે જીતતો જાય છે, અને તેમને પ્રગટતો જાય છે, પૂર્ણ ને પૂર્ણરૂપે.

હે દિવ્ય વિજેત્રી, સારીયે પૃથ્વી તારું સ્તવન કરે છે. જગતની સારીયે શક્તિઓ તારી આજ્ઞા શિરે ચડાવશે.

કારણ, પ્રભુએ કહ્યું છે, 'એ પળ આવી છે.'

અને વિઘ્ન માત્ર સર થઈ જશે.

*
**

૯ સપ્ટેમ્બર ૧૯૧૪

જગત બે વિરોધી શક્તિઓની અંદર વહેંચાઈ ગયું છે અને તેઓ પોતપોતાની સરસાઈ સ્થાપવા મથી રહી છે. અને પ્રભુ, એ બંને શક્તિઓ એક સરખી રીતે તારા નિયમની વિરુદ્ધમાં બેઠેલી છે. કેમકે, મૃત્યુ જેવી સ્થિરતા કે આંધળો વિનાશ એ બેમાંથી એકને તારી સંમતિ નથી. તું તો તારું સ્વરૂપ એક અખંડ, ગતિમાન અને પ્રકાશમય રૂપાંતરની રીતે જ પ્રગટ કરે છે. અને તારા સંકલ્પને અમારે જો પ્રગટ કરવો હશે તો પૃથ્વી ઉપર અમારે એ રૂપાંતરની જ સ્થાપના કરવાની રહે છે.

કેટલીક વાર અમે અધીર બનીને આ આવિર્ભાવનાં સાધનો એક-દમ જાણી લેવા ઇચ્છીએ છીએ. પરંતુ એ અધીરાઈ નકામી છે, અને એને કશો જવાબ મળતો નથી. કારણ કે જે ક્ષણે જ્ઞાનની જરૂર ઊભી થશે, કર્મની ઘડી જ્યારે આવી પહોંચશે ત્યારે જ્ઞાન આવી જ મળશે.

એ રીતે અમે ચિત્તને આરામમાં મૂકી દીધું છે અને સાક્ષાત્કાર સાધતી સંકલ્પશક્તિને સ્વસ્થ અને પ્રબળ રાખી છે. અને તારા તરફથી આવનાર સંકેતની રાહ જોતાં અમે બેઠાં છીએ.

*
**

૧૦ સપ્ટેમ્બર ૧૯૧૪

તારો પ્રેમ એક ચડતી ભરતી સરખો છે, એ આખાયે સ્વરૂપ ઉપર આક્રમણ કરે છે અને સર્વ વસ્તુઓને રેલમછેલ કરી મૂકે છે. પ્રભુ, તારો પ્રેમ સૌ હૃદયોમાં પ્રવેશ કરશે અને તેમની અંદર એવી દિવ્ય જ્યોતિ પ્રગટાવશે જેને હોલવી નાખી શકાય નહિ, એવું દિવ્ય સૌંદર્ય પ્રગટાવશે જેને નષ્ટ નહિ કરી શકાય, અને સૌ વિષમતાઓ

અને વિરોધો હોવા છતાં, સૌમાં એ એવા અવિકારી આનંદની પ્રભાની સ્થાપના કરશે જે પરમ શુભરૂપ હોય.

તારો પ્રકાશ એક ચડતી ભરતી સરખો છે, એ આખા સ્વરૂપ ઉપર આક્રમણ કરીને સૌ વસ્તુઓને તરબોળ કરી મૂકે છે. પ્રભુ, તારો પ્રકાશ સૌ વિચારોમાં પ્રવેશ કરશે અને તેમની અંદર એક એવી પરમ સ્પષ્ટતા સ્થાપિત કરશે જે કદાપિ ચલાયમાન ન થાય, એવી દિવ્યજ્ઞાનની શક્તિ મૂકશે જે કદી ભૂલ ન કરે, અને, સૌ વિષમતાઓ અને વિરોધો હોવા છતાં એ સૌમાં તારા એવા જ્ઞાનની પ્રભાની સ્થાપના કરશે જેમાં પરમ બુદ્ધિમત્તા રહેલી હશે.

તારી શક્તિ એક ચડતી ભરતી સરખી છે, એ સમગ્ર સ્વરૂપ ઉપર આક્રમણ કરે છે, સૌ વસ્તુઓને તરબોળ કરે છે. પ્રભુ તારી શક્તિ, સૌનાં જીવનમાં પ્રવેશ કરશે અને તેમની અંદર એવી અસરકારક શકિત પેદા કરશે જે કદી પણ નિષ્ફળ ન જાય, એવું દિવ્ય બળ ઉત્પન્ન કરશે, જે અવિજયી હશે, અને સૌથી વધારે તો, સૌ વિષમતાઓ અને વિરોધો હોવા છતાં એ સૌમાં તારી પ્રભુતાનું સ્થાપન કરતી શક્તિને મૂકશે જેમાં તારો પરમ સંકલ્પ રહેલો હશે.

*
**

૧૩ સપ્ટેમ્બર ૧૯૧૪

હે દિવ્ય મા, હું તને ઉમળકાપૂર્વક નમન કરું છું અને એક ઊંડી લાગણી સાથે મારી જાતની તારી સાથે એકતા કરું છું. અમારી દિવ્ય મા સાથે એકરૂપ બનીને, હે પ્રભુ, હું તારા પ્રત્યે વળીને એક મૂક ભકિતભાવમાં નમન કરું છું; અને એક આતુર અભીપ્સામાં હું તારી સાથે તાદાત્મ્ય કરું છું.

પછી સર્વ કાંઈ અદ્ભુત નીરવતા બની જાય છે, સ્વરૂપનો અ-સત્‌માં લોપ થઈ જાય છે, સર્વ કાંઈ અટકી પડે છે, સ્થિર અને અવિકારી બની રહે છે....

અનિર્વચનીય વાત કેવી રીતે કરવી ?

*
**

૧૪ સપ્ટેમ્બર ૧૯૧૪

હવે કોઈ હું રહ્યો નથી, કશું વ્યક્તિત્વ રહ્યું નથી, કશી અંગત મર્યાદાઓ રહી નથી. હવે તો કેવળ આ વિરાટ વિશ્વ જ છે, આપણાં પરમ મા ભગવતી જ છે, અને એ વિશ્વમાં, હે પ્રભુ, હે અમારા દિવ્ય ગુરુ, હે પરમ સંકલ્પશક્તિ, તારી અર્ચનાર્થે વિશુદ્ધિનો મહા-તીવ્ર અગ્નિ જલી રહ્યો છે. એ અગ્નિ આ પરમ સંકલ્પશક્તિના કાર્યને સિદ્ધ થવામાં કશાં વિઘ્ન રહેવા દેશે નહિ.

પ્રભુ, આપના પ્રતિ એક આતુર પ્રેમ અને ઉત્સાહનું પ્રચંડ ગાન વહી રહ્યું છે, અને સારીયે પૃથ્વી એક અવર્ણ્ય આનંદમાં તારી સાથે મિલન પામી રહી છે.

અમારી પ્રાર્થના છે કે તારો પ્રબળ ઉચ્છ્વાસ આ અગ્નિની અંગીઠીને જ્વલંત રાખો, એ અંગીઠી વધુ ને વધુ વિશાળ અને પ્રખર બનતી જાઓ. તમામ અંધકાર અને અંધ વિરોધો ઓગળી જાઓ, જલી જાઓ, એ અગ્નિની વિશુદ્ધિકારક અદ્ભુત જ્વાલામાં તેમનું પ્રકાશમાં રૂપાંતર થઈ જાઓ.

તારી વિશુદ્ધિનો પ્રકાશ કેવો તો શાંતિદાયક છે !

*
**

૧૬ સપ્ટેમ્બર ૧૯૧૪

આ ઉદય પામી રહેલા અવાજને સાંભળો, તારી દિવ્ય ઉષાને પ્રણામ કરવા ઉપર ચડી રહેલા ગાનને સાંભળો.

પરમ નિયમ સિદ્ધ થાઓ, એમાં પછી વિશ્વરૂપ, શાશ્વત અસ્તિ-ત્વ હો કે અ-સત્‌માં પાછું વિલીન થઈ જવાનું હો, એનું કાંઈ મહત્ત્વ નથી. અમારે શું એ બે વચ્ચે પસંદગી કરવાની રહેશે ? હું એ કરી

શકતી નથી; મારી ચેતનામાં હવે કોઈ પસંદગી રહેલી નથી અને માત્ર એક જ સંકલ્પ કાયમ રહે છે: તારો, હે અવર્ણનીય!

અને સારુંયે વિશ્વ હવે તારી દિવ્ય ઉષાને પ્રણામ કરવાને ઉપર ચડતું એક વધુ ને વધુ વિશાળ અને સંવાદમય ગાન જ બની રહ્યું છે, અન્ય કાંઈ જ નહિ.

*
**

૧૭ સપ્ટેમ્બર ૧૯૧૪

કર્મ કરવાની પ્રેરણા બહારથી કે કોઈ નિશ્ચિત જગતમાંથી આવી શકે તેમ નથી. એ તો, હે પ્રભુ, તું જ સર્વ વસ્તુઓને તારા સ્વરૂપના ઊંડાણમાંથી ગતિશીલ કરે છે; તારો સંકલ્પ જ દોરવણી આપે છે, તારી શક્તિ કાર્ય કરે છે; અને એ હવે કોઈ લઘુ ચેતનાના મર્યાદિત ક્ષેત્ર ઉપર નહિ પણ ચેતનાના એક વૈશ્વિક ક્ષેત્ર ઉપર કાર્ય કરે છે, જે, સ્વરૂપની દરેક અવસ્થામાં સૌની સાથે એકરૂપ હોય છે. અને મારા સ્વરૂપને એકી સાથે સંકુલ, અરે ગોટાળાભરી અવસ્થાવાળી વૈશ્વિક ગતિઓનું સભાન દર્શન થાય છે, અને એની સાથે તારી નિઃશબ્દ અને સર્વોત્તમ અવિકારી પૂર્ણ શાંતિનો અનુભવ થાય છે.

*
**

૨૦ સપ્ટેમ્બર ૧૯૧૪

મારી કલમ મૂંગી બની છે, કેમકે મારું ચિત્ત શાંત થઈ ગયું છે, પણ પ્રભુ, મારું હૃદય તો તારા અર્થે અભીપ્સા સેવી રહ્યું છે, અને એવા જ પ્રેમપૂર્વક, એવા જ ભક્તિભાવપૂર્વક તને અમારાં દિવ્ય મા ભગવતી સાથે જોડી રહ્યું છે. અને મારું સારુંયે સ્વરૂપ તારી દ્વારા વાચાતીતના પ્રતિ વહી રહ્યું છે, અને સ્વરૂપથી પર, નીરવતાથી પણ પર પહોંચી પેલા તત્ સાથે તે જોડાઈ રહ્યું છે.

*
**

૨૨ સપ્ટેમ્બર ૧૯૧૪

હે પ્રભુ, અજ્ઞેયના ઉંબર પર ઊભેલા તને, હું તને પ્રણામ કરું છું!

આ તે શું તું પોતે જ, પરમ સત્ તત્ત્વના અચિંત્ય એવા મૂળ રૂપમાં રહીને, એ સત્ તત્ત્વનાં અમેય ઊંડાણો, અને એ સત્ તત્ત્વનાં બાહ્યમાં બાહ્ય સાક્ષાત્ બનેલાં રૂપોમાં પણ રહીને, તને પોતાને પ્રણામ નથી કરતો? કેમ કે એ સત્ તત્ત્વ, એના અસ્તિત્વનો ઘાટ ભલે ગમે તે હો પણ તે તું જ છે, અને એ અચિંત્ય એવું શાશ્વત તત્ત્વ પણ તેના મૂળ રૂપમાં તો તું જ છે. અને એ સમગ્રરૂપિણી ચેતનાને તેં અમારી કરી આપી છે, કે જેને લીધે અમે તે તારારૂપે બની રહીએ, માત્ર એક હકીકત તરીકે નહિ, પણ સભાન રીતે અને અસરકારક રીતે. અને એમ થતાં સર્વ કાંઈ, અમારાં મા ભગવતી તારા પ્રત્યે જે આર્ત અભીપ્સા સેવી રહ્યાં છે અને તારા તરફથી અમારાં મા ભગવતીને જે એક અનંત અને સમર્થ એવો પ્રત્યુત્તર મળતો રહે છે તેની અંદર, અને છેવટે જતાં તો હજી જે જે કાંઈ આવિર્ભાવમાં આવેલું નથી, હજી જે જે કાંઈ અજ્ઞેય રહેલું છે કે જેને અમે વધુ ને વધુ પ્રમાણમાં અને વધુ ને વધુ સારી રીતે જાણવાના છીએ, પણ જે હમેશાં અજ્ઞેય જ રહેવાનું છે તેના પ્રત્યે તારા પોતાના સમગ્ર સ્વરૂપની ગતિના વિનિમયરૂપે અને એક પ્રેમ અને આનંદભરી આરાધનાથી ભરેલા પ્રણામરૂપે બની રહે છે.

અનન્ય એવી નીરવતામાં સર્વ કાંઈ, હમણાંની વાસ્તવિક રીતે અને શાશ્વત રીતે આવી રહેલું છે; વિશ્વરૂપ આવિર્ભાવની અંદર, સર્વ કાંઈ એક સતત બનતી રહેલી વસ્તુ બની રહેશે.

એ પરમ તત્ એકી સાથે હોવું અને શાશ્વત રીતે બની રહેવું એ બંને અવસ્થામાં રહેલું છે અને તેના પ્રત્યે મારું સ્વરૂપ, ચેતનાની અને સમગ્ર જીવનની પૂર્ણતામાં રહ્યું રહ્યું, આનંદનું ગાન ગાઈ રહ્યું છે.

પ્રણામ તને, હે જગત્સ્વામી, જે કાંઈ છે અને જે કાંઈ થવાનું

છે તે એની વચ્ચે તું, જે કાંઈ છે અને જે કાંઈ થવાનું છે તે બંને એકી સાથે બની રહેતો એવો શું મધ્યગામી નથી?

હે દૃષ્ટિગમ્ય અને સાથે સાથે જ અવ્યાખ્યેય એવી વિરાટ અદ્ભુતતા, એક પૂર્ણ પ્રકાશમાં, હું તને પ્રણામ કરું છું.

*
**

૨૪ સપ્ટેમ્બર ૧૯૧૪

તું અમારી વચ્ચે કેટલી બધી તો હાજરાહજૂર છે, વહાલી મા ભગવતી! એમ લાગે છે કે તું અમને તારા સંપૂર્ણ ટેકાની ખાતરી આપવા માગે છે, તું અમને એ બતાવવા માગે છે કે જે પરમ સંકલ્પશક્તિ અમારી દ્વારા પોતાનો આવિર્ભાવ કરવા માગે છે તેને એવાં કરણો મળી આવ્યાં છે કે જે એ પરમ સંકલ્પશક્તિના નિયમને તારી અત્યારની શક્યતાઓ સાથે સંપૂર્ણ સંવાદમાં મૂકી આપીને તેનો સાક્ષાત્કાર કરી શકે તેમ છે. અને જે વસ્તુઓ અત્યંત મુશ્કેલ દેખાતી હતી, અત્યંત અસંભવનીય દેખાતી હતી, અને કદાચ અત્યંત અશક્ય દેખાતી હતી તે પૂર્ણ રીતે સિદ્ધ કરી શકાય તેવી બનેલી છે, કેમ કે તારી હાજરી અમને એ ખાતરી આપે છે કે આ સ્થૂલ જગત પોતે જ એ પરમ સંકલ્પશક્તિના તથા મહાનિયમના નવા રૂપને આવિર્ભાવ આપવા માટે તૈયાર બનેલું છે.

અને એક સંપૂર્ણ સંવાદિતાની આનંદભરી વિપુલતામાં હું તને પ્રણામ કરું છું, તને, તારાં કાર્યોને તથા તારા સિદ્ધાંતને.

*
**

૨૫ સપ્ટેમ્બર ૧૯૧૪

હે મા ભગવતી! તારી સહાય હોય તો પછી શું અશક્ય રહે છે? સાક્ષાત્કારની ઘડી પાસે આવી છે. તારી પરમ ઇચ્છાને અમે સંપૂર્ણપણે સાકાર કરીએ એ કાર્યમાં તારી સહાય આપવાની તેં ખાતરી આપી છે.

આ સ્થૂલ જગતની સાપેક્ષ વસ્તુઓ અને અચિંત્ય પરમ સત્ય એ બે વચ્ચે સુયોગ્ય સંયોગકાર તરીકે તેં અમને સ્વીકાર્યાં છે. અમારી પાસે તારી હાજરી અખંડ રહે છે એ સૂચવે છે કે તું અમને સક્રિયપણે સહકાર આપી રહ્યો છે.

પ્રભુનો સંકલ્પ થયો છે, તું તેને સાકાર કરે છે;
પૃથ્વી ઉપર એક નવીન પ્રકાશ પ્રકટશે.
એક નવી સૃષ્ટિ જન્મ પામશે.
અપાયેલાં વચનો પાર પડશે.

*
**

૨૮ સપ્ટેમ્બર ૧૯૧૪

તારું સ્તવન કરવા જતાં મારી કલમ મૂંગી થઈ જાય છે, પ્રભુ. આજે હું તને પોતાના રાજ્ય પર પોતાનું પૂર્ણ આધિપત્ય સ્થાપનાર રાજા જેવો નિહાળી રહી છું. તું બધું સંગઠિત કરી રહ્યો છે, વ્યવસ્થિત કરી રહ્યો છે, વિકસાવી રહ્યો છે, અને પ્રત્યેક પ્રાંતને વિસ્તારી રહ્યો છે. ઊંઘતાં હતાં તેમને તું જગાડે છે, જડતામાં ગરકી જતાં હતાં તેમને તું ક્રિયાશીલ કરે છે. તું વસ્તુ સમગ્રમાં એક સંવાદ રચી રહ્યો છે. એક દિવસે આ સંવાદ સંપૂર્ણ સિદ્ધ થશે, અને આ આખો પ્રદેશ, તેનું અખિલ જીવન, તારી વાણીનું, તારા પ્રાકટ્યનું વાહક બનશે.

પણ હમણાં તો મારી કલમ મૂંગીમૂંગી જ તારું સ્તવન કરે છે!

*
**

૩૦ સપ્ટેમ્બર ૧૯૧૪

ઓ પ્રભુ, તેં વિચારોના પડદાઓને તોડી પાડ્યા છે અને સાક્ષાત્કાર પોતાની પૂર્ણ સમૃદ્ધિ સાથે પ્રત્યક્ષ બની રહ્યો છે. આ સાક્ષાત્કારના એક પણ સ્વરૂપને અમારે ભૂલી જવાનું નથી, એ સર્વ

સ્વરૂપોની સિદ્ધિને અમારે એકી સાથે ચાલુ રાખવાની છે, એમાંના એક પણ સ્વરૂપ પ્રત્યે અમારે ઉપેક્ષા સેવવાની નથી, અમારા માર્ગમાં અમારે કોઈ પણ મર્યાદાને, કોઈ પણ બંધનને આડે આવવા દેવાનું નથી અને તે આવી અમારી પ્રગતિને ધીરી કરી નાખે તેમ થવા દેવાનું નથી. તું તારી પરમ રીતે અમારી સાધનામાં તારો સાથ પૂરી રહ્યો છે અને આ બધું કરવામાં તારી અમને સહાય મળવાની છે. અને વળી જે જે લોકો તારારૂપે જ આવી રહેલા છે, જેઓ કોઈ એક ખાસ પ્રવૃત્તિને સંપૂર્ણ રીતે પાર પાડતા પાડતા તારો જ આવિર્ભાવ રચી રહેલા છે તેઓ પણ અમારા સહકારકો બનશે, કાં કે તારી ઇચ્છા એ પ્રમાણેની છે.

આપણાં મા ભગવતી આપણી સાથે છે અને આપણને તેમણે અભય વચન આપ્યું છે કે આપણને સૃષ્ટિની પરમ અને પૂર્ણતમ ચેતના સાથે, અણુતાગ ઊંડાણોથી માંડીને તે ઇન્દ્રિયોના બાહ્યમાં બાહ્ય જગત સુધી એકરૂપતા પ્રાપ્ત થશે. અને આ બધા પ્રદેશોમાં અગ્નિ આપણને ખાતરી આપે છે કે તેની પાવકા જ્યોતિ આપણા સહકારમાં રહેશે, આપણાં વિઘ્નોનો વિનાશ કરી દેશે, શક્તિઓ પ્રગટાવી આપશે, સંકલ્પોને પ્રેરિત કરશે, અને એ રીતે સાક્ષાત્કારની ઘડીને વેગથી નજીક લાવી આપશે. આપણા સાથમાં ઇન્દ્ર છે અને તે આપણા જ્ઞાનની અંદરના પ્રકાશને પૂર્ણતાએ પહોંચાડી આપશે. અને દિવ્ય સોમે આપણને તેના પરમ આનંદોના સર્જક એવા અનંત, અદ્ભુત, સમ્રાટ પ્રેમમાં પલટાવી દીધાં છે....

ઓ દિવ્ય મધુર મૈયા, એક આનંદમય અવર્ણ્ય ઊર્મિ મારામાં પ્રગટી રહી છે, અને એ ઊર્મિ તારે ચરણે ધરી એક અસીમ વિશ્વાસ-પૂર્વક હું તને પ્રણામ કરું છું.

ઓ ભવ્ય અગ્નિ, તું મારામાં કેવો તો જીવંતરૂપે વસી રહ્યો છે. હું તને પુકાર કરું છું, હું તને ઉદ્બોધિત કરું છું કે તું હજી પણ વધારે જીવંતરૂપે બની રહે, તારી અંગીઠી વધારે વિશાળ બને, તારી જ્વાલાઓ વધારે શક્તિશાળી અને વધારે ઉચ્ચગામી બને,

મારું આખુંયે સ્વરૂપ કેવળ એક આતુર જલનરૂપે વિશુદ્ધિકારક ચિતારૂપે બની રહે.

ઓ ઇન્દ્ર, હું તારું સન્માન કરું છું અને તારી પ્રશંસા કરું છું, હું તને વીનવું છું કે તું મારી સાથે જોડાઈ જા, ચિત્તના સર્વ અંતરાયોને તું નિશ્ચિતરૂપે ભાંગી નાખ, તું મને દિવ્ય જ્ઞાનનો વર આપ.

ઓ તું, પરમ પ્રેમ, મેં તને બીજું તો કોઈ નામ આપેલું નથી, પરંતુ તું મારા સ્વરૂપનું સંપૂર્ણ સારતત્ત્વ છે. હું અનુભવું છું કે તું જેવી રીતે અનંતાનંત વિશ્વમાં અને તેથીયે પાર રણઝણી રહ્યો છે અને વસી રહ્યો છે તેવી જ રીતે મારા અલ્પમાં અલ્પ અણુઓમાં પણ તું રણઝણી રહ્યો છે અને વસી રહ્યો છે. તું પ્રત્યેક શ્વાસની અંદર શ્વાસોચ્છ્વાસ લઈ રહ્યો છે, તું સર્વ પ્રવૃત્તિઓના કેન્દ્રમાં સક્રિય રહેલો છે. સર્વ શુભ-ઇચ્છાઓની અંદર તું ઝળહળી રહ્યો છે, તું સર્વ વેદનાઓની પાછળ ગુપ્ત રહેલો છે. તારા પ્રત્યે મને એક અસીમ આદરભાવ છે અને તે વધુ ને વધુ તીવ્ર બની રહેલો છે, મારી પ્રાર્થના છે કે હું વધુ ને વધુ સાચી રીતે, એમ અનુભવી શકું કે હું તે પૂર્ણપણે તું જ છું.

અને તું, પ્રભુ, તું આ સર્વરૂપે આવી રહેલો છે અને છતાં તેથી પણ કાંઈક વિશેષ છે. તું સર્વનો પરમ સ્વામી છે, અમારા ચિત્તની છેલ્લામાં છેલ્લી સીમા છે, પરમ અજ્ઞાતના ઉંબર ઉપર તું અમારે માટે ખડો રહેલો છે. પેલા પરમ અચિંત્ય તત્ત્વમાંથી કોઈ નવીન વૈભવને બહાર આવી જવા દે, એક વધુ ઉચ્ચ અને વધુ સપૂર્ણ સાક્ષાત્કારની કોઈક શક્યતાને બહાર આવી જવા દે, અને એમ થતાં તારું કાર્ય સિદ્ધ બનો અને વિશ્વ પેલા ભવ્ય તાદાત્મ્ય પ્રત્યે, પરમ આવિર્ભાવ પ્રત્યે એક વધુ કદમ ભરો.

અને હવે મારી કલમ મૂંગી બની જાય છે અને હું તને મૌનમાં આરાધી રહું છું

*
**

૫ ઓક્ટોબર ૧૯૧૪

હે દિવ્ય ગુરો, તારા ધ્યાનની પ્રશાંત નીરવતામાં પ્રકૃતિને એક નવું બળ પ્રાપ્ત થાય છે, તેને એક નવો સંસ્કાર મળે છે. વ્યક્તિતાનું બધું તત્ત્વ હવે પાછળ રહી ગયું છે, તારી અનંતતામાં તે નિમજ્જિત થઈ ગયું છે. એ અનંતતા કોઈ પણ પ્રકારની અતંત્રતા કે સંકુલતા ઊભી થવા દીધા સિવાય બધાં ક્ષેત્રોમાં અદ્વૈતનો સાક્ષાત્કાર થવા દે છે. અત્યારે જે વિદ્યમાન રહેલું છે, વળી જે અગ્રે ગતિ કરી રહ્યું છે, અને જે શાશ્વત કાળથી છે તે ત્રણેની એકત્ર સંવાદિતતા થોડે થોડે કરીને, વિશેષ ને વિશેષ સંકુલ, વિસ્તૃત અને ઉન્નત સમતુલારૂપે દિનેદિને સિદ્ધ થતી જાય છે. જીવનની આ ત્રણ સ્થિતિઓનું સંમિશ્રણ તારા આવિર્ભાવની સમૃદ્ધિને વૃદ્ધિ પામવા દે છે.

આ ક્ષણે તને કેટલાંયે દુઃખી અને સંશયગ્રસ્ત મનુષ્યો શોધી રહ્યાં છે. હું ઇચ્છું કે તારી પાસે તેમને લઈ આવનાર સંયોગકારક હું બની શકું, કે જેથી તેમને તારી જ્યોતિ પ્રકાશિત કરે, તારી શાંતિ તેમને આશ્વાસન આપે.

હું પોતે હવે તારા કાર્ય માટે એક આધારનું બિંદુમાત્ર બની રહી છું; તારી ચેતના માટે એક કેન્દ્ર બની રહી છું.

ક્યાં છે હવે મર્યાદાઓ, ક્યાં ભાગી ગયાં પેલાં વિઘ્નો ? તારા આ રાજ્યનો હવે તું જ એકચક્રી સમ્રાટ છે.

*
**

૬ ઓક્ટોબર ૧૯૧૪

હે મધુર મા, તારે મને વધુ પૂર્ણપણે અને અવિરતપણે, તારા સ્વરૂપ બની રહેતાં શીખવવું જોઈએ; જે પોતાનો આવિર્ભાવ કરવાનો સંકલ્પ સેવે છે તેને સર્વાંગીણરૂપે અર્પિત થઈ રહેલ, આવિર્ભાવ માટેના વધુ ને વધુ પૂર્ણ સાધનરૂપ બનાવવી જોઈએ.

સર્વ કાંઈ નિશ્ચલ અને નિર્મળ છે. હવે કશો સંઘર્ષ નથી, કોઈ જાતનું દુઃખ નથી; મારી અભીપ્સા પોતે પણ શાંતિથી અમાપ રૂપ ધારણ કરી રહી છે, અને છતાં એ, પોતાની ઉત્કટતાને કોઈ રીતે કમી કરતી નથી; અને જાણે એક સિક્કાની સવળી અને અવળી એમ બે બાજુઓ હોય છે, તેમ ચેતનામાં, ઉપરની અનુભૂતિની બીજી બાજુ તરીકે, મારું સ્વરૂપ, એકીસાથે તારા અનંત સત્યસ્વરૂપની અવિકારી નિર્મળતાને પેખે છે, જેમાં કોઈ પણ જાતના ફેરફારને અવકાશ હોવા વિના, સર્વ કાંઈ રહેલું છે, અને વળી એમાં સૌ વસ્તુઓ એક આતુરતાભરી, ત્વરિત પ્રગતિશીલ રીતે, વણથંભ્યે એક સતતપણે ચાલી રહેલ પ્રગતિરૂપ બની રહે છે.... અને, હે પ્રભુ, તારે માટે તો એ બંને વસ્તુઓ એક સરખી છે.

*
**

૭ ઓકટોબર ૧૯૧૪

ઓહ, આખીયે પૃથ્વી ઉપર પ્રકાશ વરસી રહો અને પ્રત્યેક હૃદયમાં શાંતિ નિવાસ કરો....લગભગ બધા લોકો માત્ર સ્થૂલ જીવનને જ, ભારમય, જડ, રૂઢિપરાયણ, અપ્રકાશિત એવા સ્થૂલ જીવનને જ જાણતા હોય છે; તેમની પ્રાણની શક્તિઓ અસ્તિત્વના આ સ્થૂલ રૂપ સાથે એટલી બધી તો બંધાઈ ગયેલી હોય છે કે, એ પોતે એકલા પડેલા હોય અને શરીરમાંથી બહાર હોય અને ત્યારે પણ, તેઓ આ હજી પણ આટલી બધી ઉપદ્રવકારક અને વેદનાભરી રહેલી સ્થૂલ નાની નાની વસ્તુઓમાં જ નર્યા ડૂબેલા રહે છે.... જે લોકોમાં મનોમય જીવન જાગૃત બનેલું છે તેઓ તો બેચેન છે, સંત્રસ્ત છે, ક્ષુબ્ધ છે, તરંગવશ, આપખુદ છે. એ લોકો જે નવસર્જન અને રૂપાંતરનાં સ્વપ્ન સેવતા હોય છે તેના જ વમળમાં પૂરેપૂરા સપડાઈ ગયેલા હોઈ, કયા પાયા ઉપર રચના કરવી જોઈએ તેના કશા જ્ઞાન વિના, હરેક વસ્તુનો નાશ કરી દેવા તૈયાર બનેલા છે, અને તેમની પાસે જે પ્રકાશ છે, તે તો આંખને આંજી નાખતા ઝબકારાઓનો બનેલો હોઈ, તે વડે તેઓ આ અંધા-

ધૂંધીને શાંત પાડવામાં મદદ કરવાને બદલે તેમાં વધુ ને વધુ વધારો કરી રહ્યા છે.

સૌ કોઈમાં તારા સર્વસમર્થ ચિંતનની અવિકારી શાંતિના તથા તારા અવિનાશી સ્વસ્થ શાંત દર્શનનો અભાવ જ વરતાય છે.

અને હું તને, આ પરમ કરુણા જેના પર તેં વરસાવી છે એવી વ્યક્તિની અનંત કૃતજ્ઞતાપૂર્વક, વિનંતી કરું છું કે, હે પ્રભુ, આ વર્તમાન ખળભળાટના આવરણ હેઠળ, આ બેસુમાર અંધાધૂંધીના ખુદ હૃદયની અંદર જ ચમત્કાર સિદ્ધ થાઓ, અને તારો પરમ સ્વસ્થતાનો અને વિશુદ્ધ અવિકારી પ્રકાશનો નિયમ સર્વની નજર સમક્ષ દૃશ્યમાન બનો અને આખરે તારી દિવ્ય ચેતના પ્રત્યે જાગૃત બનેલી માનવજાતિમાં તે પૃથ્વીનું શાસન કરો.

હે મધુર ગુરુ, તેં મારી પ્રાર્થના સાંભળી છે, તું મારા પુકારને જવાબ આપશે.

*
**

૮ ઓકટોબર ૧૯૧૪

અમને પ્રવૃત્તિમાં જો આનંદ મળી રહ્યો છે, તો એની સામી બાજુએ કદાચ એ કરતાં પણ વિશેષ આનંદ સર્વ પ્રવૃત્તિમાંથી નિવૃત્ત થવામાં પણ મળી આવે છે. આ બંને આનંદ એક બીજા સામે તોળાઈ રહ્યા છે. આ બંને સ્થિતિઓ માણસમાં જ્યારે વારાફરતી આવતી થઈ જાય છે અથવા તો એ જ્યારે એકી સાથે અનુભવાય છે ત્યારે આનંદની પૂર્ણતા રચાય છે. કારણ કે, એ સ્થિતિમાં, પ્રભુ, તારી પૂર્ણ સમૃદ્ધિનો અમને સાક્ષાત્કાર થતો હોય છે.

હે દિવ્ય ગુરુ, તારાં દિવ્ય ચિંતનોની અનંતતા તેં મને બક્ષી છે, તારી શાશ્વતીની પૂર્ણ શાંતિ તેં મને આપી છે. અમારાં દિવ્ય મા ભગવતી સાથે, એ સર્વ દિવ્ય સિદ્ધિઓની દાત્રી સાથે મારું તાદાત્મ્ય રચી આપ્યું છે અને એ રીતે તેં મને વરદાન આપ્યું છે

કે હું સચેતન અને સક્રિય રીતે એની પરમ શક્તિમાં સહભાગી બની શકીશ.

તારી અનંતતાના સર્વ સમર્થ આનંદમાં હું તને પ્રણામ કરું છું.

*
**

૧૦ ઑક્ટોબર ૧૯૧૪

મારા સ્વરૂપનું અર્પણ સતતપણે તાજું થતું રહો અને વધુ ને વધુ પૂર્ણ બનો – એ અર્પણ એ પરમ સત્ય પ્રત્યે હો, જે અચિંત્ય અને અવ્યક્ત છે, પરંતુ કાળની ભૂમિકામાં, જે પોતાને એક વધુ ને વધુ સંપૂર્ણ અને સર્વાંગી આવિર્ભાવના રૂપમાં વ્યક્ત કરે છે. હે પરમ સ્વરૂપ, જેને હું કોઈ નામ આપી શકતી નથી પરંતુ એક પરમ નીરવતામાં અને સર્વાંગી સમર્પણમાં જેના સંકલ્પને પારખી શકું છું, તું મને આખી પૃથ્વીની પ્રતિનિધિ બનાવ કે જેથી એ મારી ચેતના સાથે એકરૂપ બનીને પોતાની જાતનું, કોઈ પણ વસ્તુ બાકી રાખ્યા વિના સમર્પણ કરી દે.

તું પૂર્ણ શાંતિસ્વરૂપ છે, અદ્‌ભુત સિદ્ધિરૂપ છે; વિશ્વ જે કાંઈ છે તે તું છે, અવિકારી, કાલાતીત, અને કાળ અને સ્થળની ચેતનામાં વધુ ને વધુ સ્વરૂપ ધારણ કરવાનો સંકલ્પ કરી રહેલ છે. અનંત અવિચલતામાં જે કાંઈ છે અને જે કાંઈ બનવાનો સંકલ્પ કરે છે તે દિવ્ય આશારૂપ પણ તું જ છે.... હે પ્રભુ, જગતને તારાં અદ્‌ભુત વરદાનો આપ.

શાંતિ, પૃથ્વી ઉપર શાંતિ સ્થપાઓ.

*
**

૧૧ ઑક્ટોબર ૧૯૧૪

મારામાં અસ્વસ્થતા અને પ્રતીક્ષાની છાંટ સાથેની આવી છાપ સતતપણે કેમ બની રહેતી હશે ? મારું સ્વરૂપ, સમગ્રપણે તારી

પ્રત્યે વળેલું હોઈ, દિવ્ય સંપર્કના પરમ આનંદમાં વસે છે; સર્વ કાંઈ નિશ્ચલ, નિર્મળ, બલવાન, પરમ શાંતિપૂર્ણ છે; સર્વ કાંઈ વિસ્તૃત ક્ષિતિજો ઉપર ફેલાયેલ પ્રકાશરૂપ છે, અને, એક નીરવ ધ્યાનાવસ્થામાં, મારો ભક્તિભાવ વધુ ઉત્કટ બન્યો છે. તો પછી, મારા સ્વરૂપમાં ભોકવામાં આવેલી આ એક લાગણી કેવી છે જે જાણે ભૌતિક પ્રદેશમાં અપૂરતા પ્રમાણમાં જાગ્રત થયેલી ચેતના માટે એક ચેતવણીરૂપ હોય?

હું પૂછું છું, અને છતાં હું જાણું છું કે જો મારે એના કારણ વિષે સભાન થવાની જરૂર હશે તો, તેં મને એ ક્યારનું કહેલું છે અને એમાં તો પછી મારી શક્તિના અભાવને કારણે જ્ઞાન પ્રાપ્ત થઈ શકતું નથી. અથવા એ કાંતો મારે જાણવું એ ઉપયોગી કે મદદકર્તા પણ ન હોય અને એમ હોય તો પછી મારા પ્રશ્નનો જવાબ ન પણ મળે.

પરંતુ શાંતિ, વધુ ને વધુ સર્વજયી બનતી જાય છે અને એક અનંત સામંજસ્યમાં મારું સ્વરૂપ એની પરમ ઉચ્ચતા પ્રાપ્ત કરે છે.

હે પ્રભુ, કેવા તો આવેગ સાથે હું તને પ્રણામ કરું છું!

*
**

૧૨ ઓક્ટોબર ૧૯૧૪

હે પ્રભુ, એ તો એમની પીડા અને દુઃખોને મારું ભૌતિક સ્વરૂપ અનુભવી રહ્યું હતું. અજ્ઞાન ક્યારે ઓગળી જશે? અવસાદનો ક્યારે અંત આવશે? હે પ્રભુ, એમ કર કે વિશ્વનું દરેક તત્ એના સ્વરૂપના સત્ત્વ વિષે સભાન બને, અને અદૃશ્ય થઈ જવાને બદલે, પોતાની જાતનું રૂપાંતર કરે; તને સંતાડી રહેલ અહંકારી અંધપણાના પડદાઓ દૂર થાઓ, અને તું તારા સર્વાંગીણ આવિર્ભાવમાં ભવ્ય રીતે દર્શન દે. તારી અવિકારી નીરવતામાં સર્વ કાંઈ શાશ્વતકાળથી રહેલું છે; પરંતુ સમગ્ર ચેતનામાં જેનો આવિર્ભાવ થઈ રહ્યો છે તે એક અનંત પ્રગતિની મારફતે થઈ રહ્યો છે.

*
**

૧૪ ઓક્ટોબર ૧૯૧૪

ઓ મા ભગવતી, તું અમારી સાથમાં છે; પ્રત્યેક દિવસે તું મને અભયદાન આપી રહી છે, અને 'અમે' નવીન પ્રકાશો પ્રત્યે એક મહાન અભીપ્સા સેવતાં સેવતાં, એક વધુ ને વધુ સમગ્ર, વધુ ને વધુ સતત બનતા જતા તાદાત્મ્યની અંદર એકરૂપ બનેલાં, વિશ્વના સ્વામી પ્રત્યે તેમજ તેથી પણ પર રહેલા પેલા પરમ તત્ત્વ પ્રત્યે અભિમુખ થઈ રહ્યાં છીએ.

આખી પૃથ્વી અમારા હાથમાં એક માંદા બાળક જેવી છે. એનો રોગ મટાડવાનો છે, એ દુર્બળ છે એટલા માટે જ એના તરફ ખાસ પ્રેમ થાય છે. બ્રહ્માંડના શાશ્વત આવિર્ભાવોની વિરાટતામાં અમે ઝૂલી રહ્યાં છીએ, અમે પોતે એ શાશ્વત આવિર્ભાવ બની રહ્યાં છીએ, અને એ અવસ્થામાં રહ્યાં રહ્યાં આનંદથી સભર અને શાંત બનીને તારી નિઃસ્પંદ નીરવ શાંતિની શાશ્વતતાનું અમે ચિંતન કરીએ છીએ. એ નિઃસ્પંદ નીરવતામાં અમે જોઈએ છીએ કે વિશ્વથી પર રહેલા સકલ અજ્ઞાત તત્ત્વમાં પ્રવેશ કરવાના અદ્ભુત દ્વાર જેવી તારી પૂર્ણ ચેતનામાં, તારા અક્ષર અવિકારી અસ્તિત્વમાં સર્વ કંઈ સિદ્ધ બનીને જ રહેલું છે.

પછી પરદો હઠી જાય છે, તારી અવર્ણનીય જ્યોતિનાં અમને દર્શન થાય છે, અને એ શબ્દાતીત જ્યોતિથી સભર બનીને આ સુખદ સમાચાર સૃષ્ટિને આપવા અમે જગત તરફ વળીએ છીએ.

પ્રભુ! તેં મને અપરંપાર સુખ આપ્યું છે.... એને હવે મારી પાસેથી ઝૂંટવી લેવાની શક્તિ કઈ વ્યક્તિમાં, કયા સંજોગોમાં છે?

*
**

૧૬ ઓક્ટોબર ૧૯૧૪

તારો સંકલ્પ એમ છે કે મારે હમેશાં એક ખુલ્લા, હમેશાં વધુ વિસ્તૃત માર્ગ સરખી બની રહેવું કે જેથી તારી શક્તિઓ ભરપૂર

રીતે આ જગતમાં વરસે.... હે પ્રભુ, તારો સંકલ્પ સિદ્ધ થાઓ! શું હું એક પરમ આનંદમાં તારા સંકલ્પ અને ચેતનારૂપ નથી?

અને મારું સ્વરૂપ અમેયરૂપે પોતાનો વિસ્તાર કરીને આખા વિશ્વ જેટલું વિશાળ બની રહ્યું છે.

*
**

૧૭ ઓક્ટોબર ૧૯૧૪

હે મા ભગવતી, વિઘ્નમાત્ર જિતાઈ જશે અને શત્રુઓ શાંતિ પામશે. આખીયે પૃથ્વી ઉપર તું તારા પરમ પ્રેમ દ્વારા શાસન કરશે અને માનવોની ચેતના તારી શાંતિના પ્રકાશ વડે સભર બની જશે.

આ રીતનું વરદાન છે.

*
**

૨૬ ઓક્ટોબર ૧૯૧૪

હે પ્રભુ, આખુંયે સ્વરૂપ તૈયાર છે અને તને એનો કબજો લેવાને બોલાવી રહ્યું છે; જો પોતાનો માલિક તેનો ઉપયોગ ન કરે તો કોઈ સાધનની શી અગત્ય છે? અને આવિર્ભાવનો ગમે તે પ્રકાર હશે તે યોગ્ય જ હશે, વધુમાં વધુ નમ્ર, વધુમાં વધુ તમોગ્રસ્ત, વધુમાં વધુ પાર્થિવ, બાહ્ય રીતે જોતાં અત્યંત મર્યાદિતથી માંડી અત્યંત વિસ્તૃત, અત્યંત જાજ્વલ્યમાન, અત્યંત શક્તિશાળી અને ખૂબ જ તર્કપ્રધાન હશે તો પણ એ યોગ્ય જ હશે.

આખુંયે સ્વરૂપ તૈયાર છે અને વાટ જુએ છે, એક નિષ્ક્રિય નીરવતામાં, જ્યાં સુધી તું તારી જાતનો આવિર્ભાવ કરવાનો સંકલ્પ ત્યાં સુધી રાહ જુએ છે.

*
**

૨૫ ઓક્ટોબર ૧૯૧૪

હે પ્રભુ, તારા માટેની મારી અભીપ્સાએ એક સુંદર ગુલાબનું

રૂપ લીધું છે. એની દરેક પાંદડી ખીલેલી છે, સંવાદમય છે, સુગંધથી છલકાતી છે. મારા બેય હાથમાં અને ઉઠાવી હું તને એ અર્પણ કરું છું અને પ્રાર્થું છું : મારી સમજશક્તિ મર્યાદિત હોય તો તેને વિશાળ કરજે, મારા જ્ઞાનમાં હજી અજ્ઞાન હોય તો ત્યાં પ્રકાશ પૂરજે, મારા હૃદયમાં ઉત્સાહનો અભાવ હોય તો ત્યાં આગ જલાવી આપજે, મારો પ્રેમ ક્ષુદ્ર જેવો હોય તો તેને તીવ્ર બનાવી આપજે, મારી લાગણીઓ અજ્ઞાન અને અહંભાવી હોય તો તેમને સત્યની સંપૂર્ણ ચેતના તું આપજે. અને, મારા પ્રભુ, આ જે 'હું' તને પ્રાર્થના કરે છે તે કંઈ આ જગતના હજારો નાનકડા 'હું'માંનો એક 'હું' નથી. એ તો સમસ્ત પૃથ્વી છે. એક પ્રચંડ ઊર્મિથી છલકાતી એ તારા માટે આતુરતાથી ઝંખી રહી છે

ધ્યાનની સંપૂર્ણ નીરવ અવસ્થામાં અખિલ પદાર્થમાત્ર વિસ્તાર પામતા પામતા અનંતતા સુધી પહોંચી જાય છે; અને એ નીરવતાની પરિપૂર્ણ શાંતિમાં તારી જ્યોતિના ઝળહળતા અંબાર વરસાવતી તારી મૂર્તિનાં દર્શન થાય છે.

*
**

૩ નવેમ્બર ૧૯૧૪

હે પ્રભુ, લાંબા સમયથી મારી કલમ મૂંગી હતી.... છતાં તેં મને ભૂલાય નહિ તેવા આલોકની ઘડીઓ આપી છે, એ ઘડીઓમાં જ્યારે સૌથી દિવ્ય અને સૌથી પાર્થિવ ચેતનાઓની એકતા સંપૂર્ણ બની હતી, એ ઘડીઓમાં જ્યારે વ્યક્તિગત સ્વરૂપ અને વિશ્વરૂપ જનનીની અને વિશ્વરૂપ જનની અને તારી વચ્ચેની એકતા એટલી બધી તો સંપૂર્ણ હતી કે વ્યક્તિસ્વરૂપ ચેતનાએ એકીસાથે પોતાનું અસ્તિત્વ, આખા વિશ્વનું જીવન અને સર્વ પરિવર્તનોથી પર એવી તારી શાશ્વતીનો અનુભવ કર્યો હતો. પરમ આનંદ એની અનિર્વચનીય અને અનંત શાંતિની ચરમ સીમાએ પહોંચ્યો હતો, ચેતના પ્રકાશવાન અને અમાપ બની ગઈ હતી, સંકુલ છતાં એકાત્મરૂપ, અને અસ્તિત્વ સર્વશક્તિમાન

અને મૃત્યુ ઉપર પ્રભુત્વ ધરાવનાર બની રહ્યું હતું. અને આ કોઈ આવતી-જતી, અથવા તો કોઈ લંબાણ એકાગ્રતાને પરિણામે જન્મતી અને જન્મે તેવી લય પામી જતી અવસ્થા નથી; એ એક એવી અવસ્થા છે જે શાશ્વતીથી પૂર્ણ લાંબી ઘડીઓ સુધી ટકે છે, એકી સાથે તત્કાળ જાગ્રત થનારી અને અવિરત, એક એવી અવસ્થા જે જ્યારે સંકલ્પ થાય ત્યારે પેદા થઈ શકે છે, એટલે કે, એ એક એવી કાયમની અવસ્થા છે જેની સાથે જ્યારે સંજોગો અનુકૂળ હોય છે ત્યારે સૌથી વધુ બાહ્ય ચેતના સંપર્કમાં આવે છે, જ્યારે એ બાહ્ય ચેતનાને કોઈ નિશ્ચિત પ્રકારનું મગજનું કે ભૌતિક કાર્ય કરવાનું હોતું નથી ત્યારે એ પેલી અવસ્થા સાથે સંપર્કમાં આવે છે. સર્વ કાર્યોમાં, સતતપણે, તારા સત્ અને અસત્ એવા બેવડા સ્વરૂપની હાજરીનો અનુભવ થાય છે, પરંતુ એ અનુભવ, કરવામાં આવી રહેલા કાર્ય ઉપર જે એકાગ્રતા અનિવાર્યપણે કરવી પડે છે તેની દ્વારા વણાયેલા એક પ્રકારના પાતળા પડદા પાછળનો હોય છે; પરંતુ એકાંતની ઘડીઓમાં તો મારું સ્વરૂપ પોતાને તરત જ એક અદ્ભુત પ્રકારના શક્તિશાળી, પ્રભાવંત, નિશ્ચલ અને દિવ્ય વાતાવરણથી ઘેરાઈ ગયેલું અનુભવે છે; એ સ્વરૂપ એ વાતાવરણ સાથે એકાકાર થઈ જાય છે, અને પછી તો જીવન એની ઉચ્ચ અદ્ભુત અવસ્થામાં, એની સર્વ સંકુલતા અને નિર્મળતામાં શરૂ થાય છે; ભૌતિક દેહ ગૌરવપૂર્ણ, નમનીય, બળશાળી, અને શકિતશાળી બની જાય છે; મન એની અવિચલ સ્પષ્ટતા સાથે ખૂબ સક્રિય બની જઈને, તારા દિવ્ય સંકલ્પની શક્તિઓને દોરે છે અને તેમનો પ્રસાર કરે છે; અને સારુંયે સ્વરૂપ એક અમર્યાદ પરમાનંદમાં હર્ષાવેગ અનુભવે છે, એક અમર્યાદ પ્રેમ, એક સર્વજયી શક્તિ એક પૂર્ણ જ્ઞાન અનંત ચેતના.... શરીરના પદાર્થના નાનામાં નાના પરમાણુમાં પણ તું ને તું જ વસે છે.

અને આ પ્રકારે તારા કાર્યના મજબૂત પાયાઓ પૃથ્વી ઉપર તૈયાર થાય છે, મહાન ભવનના તળમજલાઓ રચાઈ રહ્યા છે; જગતના દરેક ખૂણે તારી અચેતન અને રૂપસર્જક શક્તિ વડે તારો એક

એક દિવ્ય પથ્થર નંખાઈ રહ્યો છે; અને સિદ્ધિની ઘડીમાં, આ રીતે તૈયાર થયેલી પૃથ્વી, તારા નૂતન અને વધુ પૂર્ણ આવિર્ભાવના ભવ્ય મંદિરને સ્વીકારવાને હાજર થશે.

*
**

૮ નવેમ્બર ૧૯૧૪

તારા પ્રકાશની મહાસમૃદ્ધિ માટે, અમે તને પુકાર કરીએ છીએ, પ્રભુ, અમારામાં અભિવ્યક્તિ માટેની શક્તિને જાગૃત કરી આપ.

એક રણની ગુફામાં હોય તેમ સ્વરૂપની અંદર સર્વ કાંઈ મૂક બની ગયું છે; પરંતુ એ નીરવતાના અને છાયાના હૃદયની અંદર, કદી પણ બુઝાય નહિ એવો દીપક, તને જાણવા માટેની અને પૂર્ણરૂપે તને જીવનમાં ઉતારવાની આતુર અભીપ્સાનો અગ્નિ જલી રહ્યો છે.

રાત્રિઓ પછી દિવસો આવ્યે જાય છે, ભૂત થતી જતી ઉષાઓ પછી નવી ઉષાઓ અવિશ્રાંતપણે આવ્યે જાય છે, પરંતુ પેલી સૌરભપૂર્ણ જ્યોત, કે જેને કોઈ પણ આંધી કંપાવી શકે તેમ નથી, તે તો સદા બઢ્યે જ જાય છે. એ ચઢે છે, ઊંચે ને ઊંચે, અને એમ ચડતી ચડતી એક દિવસે પેલા બંધ ઘુમ્મટ પાસે, આપણા મિલન વચ્ચેના છેલ્લા અંતરાય પાસે પહોંચી જાય છે. અને એ જ્યોત એવી તો વિશુદ્ધ છે, સ્થિર અને ઊર્ધ્વગામી છે, ગર્વભરી છે કે પેલો અંતરાય એકાએક જ ગળી જાય છે.

અને તારાં દર્શન થાય છે. તારી અખિલ પ્રભા, તારી અસીમ શક્તિનો ઝળહળતો પ્રભાવ પ્રગટે છે. તારો સ્પર્શ થતાં વેંત પેલી જ્યોત તેજનો સ્થંભ બની જાય છે. અને સદાને માટે પેલા અંધકારને ભગાડી મૂકે છે.

અને શબ્દ ઊછળીને બહાર આવી જાય છે, પરમ પ્રાગટ્ય સાધનારો !

*
**

## ૯ નવેમ્બર ૧૯૧૪

હે પ્રભુ, અમે પૂર્ણ ચેતના માટે અભીપ્સા કરીએ છીએ. આખુંયે સ્વરૂપ એક સજ્જડપણે બાંધેલાં, જુદી જુદી જાતનાં પણ બધાંય એકી સાથે સંવાદપૂર્ણ બનેલાં પુષ્પોના હારની માફક એકાગ્ર બનેલું છે. જે હાથ વડે એ પુષ્પો એકઠાં થયાં, જે દોરી વડે એ હાર બંધાયો અને હવે એ હારને એક સુગંધીદાર અર્પણ તરીકે ઊંચકે છે તેની પાછળ સંકલ્પબળ જ રહેલું છે. એ તારી પ્રત્યે વણુથાકયે, જરાયે હાલ્યાચાલ્યા વિના ફેલાવી રાખેલો છે.

*
**

## ૧૦ નવેમ્બર ૧૯૧૪

હે પ્રભુ, મારી અંદરની તારી હાજરી એક અવિચલ ખડક સરખી બની ગઈ છે અને મારું સારુંયે સ્વરૂપ હર્ષ અનુભવે છે કારણ કે કાંઈ પણ બાકી રાખ્યા વિના, એક પૂર્ણ, સર્વગ્રાહી અને સર્વને આવરી લેતા સમર્પણમાં એ તારું જ બની ગયું છે.

હે પ્રશાંત અને અવિચલ ચેતના, તું આ વિશ્વની સીમાઓને શાશ્વતીની એક રહસ્યમયી મૂર્તિની માફક નિહાળી રહી છે. અને છતાં, કેટલાંકને તું તારું રહસ્ય પ્રગટ કરે છે.

એવા લોકો તારી સર્વજયી શક્તિરૂપ બની રહે છે, જે કોઈ જાતના પૂર્વગ્રહ વિના પસંદગી કરે છે અને નિષ્કામ ભાવે કર્મ કરે છે.

*
**

## ૧૫ નવેમ્બર ૧૯૧૪

અગત્યની વસ્તુ તો જે ધ્યેય સર કરવાનું છે તે છે; અને એને અગાઉથી ન જાણીએ એની કશી અગત્ય નથી, અને ઘણી વાર એને વિષે આગળથી ન જાણવું એ વધુ ઇચ્છનિય હોય છે. પરંતુ અમારે જે જાણવાની જરૂર છે તે એ છે કે, શું ખરેખર પૃથ્વી ઉપર પ્રભુના

દિવ્ય કાર્યની ક્ષણુ આવી પહોંચી છે, અને શું અંતરના ઊંડાણુમાં ધારેલું કાર્ય સિદ્ધ થઈ શકે તેવું છે?

હે પ્રભુ, એની તો તેં અમને ખાતરી આપી છે, એ ખાતરી સાથે પ્રકૃતિનું, વિશ્વચેતનાનું તે આપી શકે તેટલું અત્યંત શક્તિશાળી વચન ભળેલું છે.... એટલે અમને ખાતરી છે કે જે કરવાનું છે તે થશે અને અમારા અત્યારના સ્વરૂપને એ ભવ્ય વિજયમાં, આ નૂતન આવિર્ભાવમાં ભાગ લેવા માટે સાચે જ બોલાવવામાં આવ્યું છે. અમારે વધારે શું જાણવું જોઈએ? કાંઈ નહિ. આ જે વિરોધી શક્તિઓનાં જૂથો જે ભયંકર યુદ્ધ ખેલી રહ્યાં છે તેમને અમે શું વધુ વિશ્વાસપૂર્વક ન નિહાળી શકીએ કે, તેમને ખબર ન હોવા છતાં, તેઓ એકંદરે તારી યોજના સિદ્ધ કરવાની સેવા બજાવે છે? અમારે એ બાબતમાં ક્ષુબ્ધ થવું એ વ્યાજબી નહિ ગણાય કારણ કે તારી યોજના શી છે અને કયાં સાધનો વડે તું અવરોધો ઉપર વિજય પ્રાપ્ત કરનાર છે તે જાણવાનાં સાધન અમને આપ્યાં નથી; કારણ કે તારો વિજય એટલો બધો પૂર્ણ હોય છે કે હરેક અવરોધ દરેક દુષ્ટેચ્છા, તારી વિરુદ્ધ ઊભો થતો દરેક શત્રુભાવ એ તારા વધુ વિસ્તૃત અને એથી પણ વધુ પૂર્ણ વિજયની નિશાની હોય છે.

વિરોધના બળનો સરવાળો કરીને અમે માપી શકીએ છીએ કે આ પૃથ્વી ઉપર આવિર્ભાવ કરવા આવનાર તારી શુદ્ધ શક્તિઓને તું કેટલા પ્રમાણમાં ગતિશીલ કરશે. જે વસ્તુઓ ઉપર કાર્ય કરવાનું તારી શક્તિઓ માટે નિર્મિત થયેલું હોય છે તે જ વસ્તુ વિરોધ કરે છે; અત્યંત તમોગ્રસ્ત ધિક્કારને સ્પર્શ કરીને જ્યોતિર્મય શાંતિમાં તેનું રૂપાંતર કરવું જોઈએ.

જે મનુષ્યને તેં તારા કાર્યના કેન્દ્રરૂપ અને તારા મધ્યસ્થી તરીકે પસંદ કર્યો હોય તેને જો થોડાક જ અવરોધો, થોડીક ગેર-સમજૂતીઓ અને ધિક્કાર નડે તો એનો અર્થ એ થાય કે તેને જે કાર્ય તેં સોંપેલું છે તે મર્યાદિત છે અને એમાં કોઈ મોટી સઘનતા નથી. એવો મનુષ્ય તો અગાઉથી તૈયાર રાખેલ શુભેચ્છાના સાંકડા

વર્તુળમાં કાર્ય કરશે અને અસ્તવ્યસ્ત અને ગૂંચવણભર્યા પાર્થિવ પદાર્થમાં કામ નહિ કરે.

હે દિવ્ય સ્વામી, તેં મને આ જે જ્ઞાન આપ્યું છે તેમાં સૌને સહભાગી બનાવ કે જેથી કરીને તારી નિશ્ચયાત્મકતાની શાંતિ તેમના હૃદયમાં વિરાજી રહે, અને અમે, તારી સર્વજયી નિશ્ચયાત્મકતાની અવિચલતામાં, અમારાં મસ્તક ઊંચાં રાખીને, જે કાંઈ વસ્તુઓ અભાનપણે રૂપાંતર પ્રત્યે આકર્ષાઈને, એમ માનીને કે એ રીતે તેઓ, તારા રૂપાંતરકારી પ્રેમનો વિનાશ કરી શકશે એમ માનીને પોતાને અંધ અજ્ઞાનમાં ઢાળે છે તેમનો સામનો કરીએ.

*
**

૧૬ નવેમ્બર ૧૯૧૪

સાગર પરના પવન પેઠે તું વહાણને વારે ને વારે કિનારા ઉપર પાછું ધકેલતો રહે છે, લાંબી સફરને માટે જોઈએ તેટલી તમામ સામગ્રી એમાં ભરપૂર ભરાઈ ન જાય ત્યાં લગી. અમે પૂરી તૈયારી વિના સફરમાં બેપરવાઈથી ઝુકાવી દઈએ એમ થવા દેવા તું તૈયાર નથી. તારા સેવકોએ હરેક પરિસ્થિતિને માટે તૈયાર રહેવું જોઈશે, પ્રત્યેક પુકારને જવાબ વાળવાની, હરેક જરૂરને પૂરી કરવાની તેમનામાં શક્તિ હોવી જોઈશે.

*
**

૧૭ નવેમ્બર ૧૯૧૪

હે પરમ સ્વામી, તારી તે કેવી ધીરજ હશે! જ્યારે જ્યારે તારી ચેતનાનો સંકલ્પ, ભૂલોને સુધારી લેવા માટે પોતાનો આવિર્ભાવ કરવા પ્રયત્ન કરે છે, પોતાના જ્ઞાનના ભ્રમ વડે આડે માર્ગ ચડી ગયેલી વ્યક્તિની અનિશ્ચયાત્મક આગેકૂચને ઝડપી બનાવે છે, એને માટે ચોખ્ખો રસ્તો દોરી આપવા અને એની ઉપર કોઈ જાતની ઠોકર ખાધા વિના ચાલવાનું બળ આપવાનો તું પ્રયત્ન કરે છે, ત્યારે,

એ લગભગ હંમેશાં એક જક્કી અને ખોટી માહિતી ધરાવનાર અધિવક્તાની માફક તને તરછોડી કાઢે છે. એ સિદ્ધાંતમાં, એક અસ્પષ્ટ અને અસંલગ્ન પ્રેમ સાથે તને ચાહવા તૈયાર હોય છે, પરંતુ એનું મગરૂરીભર્યું મન તારી ઉપર વિશ્વાસ મૂકવાનો ઇનકાર કરે છે અને તારા માર્ગદર્શન પ્રમાણે આગળ વધવાને બદલે એકલું રસળવાનું વધુ પસંદ કરે છે.

અને તું હમેશાં તારા વણુથાકયા કરુણાભાવ સાથે સ્મિતપૂર્વક ઉત્તર આપે છે: "આ બુદ્ધિરૂપી કરણ જે મનુષ્યને મિથ્યાભિમાની બનાવે છે અને ભૂલો કરવા પ્રત્યે દોરી જાય છે, તે જ કરણ-જો એક વાર પ્રકાશિત અને શુદ્ધ બને તો એ એને આગળ, વૈશ્વિક પ્રકૃતિ કરતાં પણ વધુ ઊંચે, આપણા સૌના પ્રભુ પ્રત્યે સીધા અને સભાન સંપર્ક સ્થાપવા પ્રત્યે દોરી જાય, એ પ્રભુ કે જે સર્વ આવિર્ભાવોથી પર છે. આ વિભાજક બુદ્ધિ જે એને માટે મારાથી અલગ રહેવાનું શકય બનાવે છે, તે જ બુદ્ધિ એને ચઢવાનાં ચઢાણો ઉપર આરોહણ કરાવી શકે છે, એની આગેકૂચ આખાયે વિશ્વની અમાપ અને સંકુલ સમગ્રતા (જે પોતે એટલી ઝડપથી આરોહણ કરી શકતી નથી) તેની આગેકૂચને અટકાવી શકતી નથી."

હે દિવ્ય મા, તારા શબ્દો આશ્વાસન અને આશિષ આપે છે, શાંતિ અને પ્રકાશ આપે છે, તારો ઉદાર હસ્ત પેલા અનંત જ્ઞાનને ઢાંકી રાખનાર પડદાના એક સળને ખુલ્લો કરી દે છે.

તારા ચિંતનની દીપ્તિ, કેટલી શાંત, મહાન અને શુદ્ધ છે!

*
**

૨૦ નવેમ્બર ૧૯૧૪

પ્રભુ, હું તો તારી સમક્ષ એક સાવ કોરા પાના જેવી બની રહેવા માગું છું, કે જેથી તારી ઇચ્છા તેના પર કશીયે મુશ્કેલી વિના, કશાયે મિશ્રણ વિના અંકિત થઈ જાય.

કદીક તો ભૂતકાળની અનુભૂતિઓની ખુદ સ્મૃતિને પણ ચિત્ત-માંથી સાવ ભૂંસી નાખવાની રહે છે. એ સ્મૃતિને એમ ભૂંસી નાખીએ તો જ તે આ વિશ્વના સતત થતા રહેતા નવસર્જનમાં પછી આડખીલી બનતી નથી. આ સાપેક્ષતાઓની બનેલી સૃષ્ટિમાં, આ અસ્ખલિત થતા રહેલા નવસર્જન દ્વારા જ તારો પૂર્ણ આવિર્ભાવ બનવાનો છે.

અમે ઘણીયે વાર ભૂતકાળને ખૂબ જ વળગી રહીએ છીએ. અમને ડર લાગે છે કે આ કોઈ કીમતી અનુભૂતિ થઈ તેનું પરિણામ ચાલ્યું ગયું તો શું થશે, આ એક વિશાળ ઊર્ધ્વ ચેતના અમને મળી તે મૂકી દઈશું અને પછી પાછા કોઈ નીચલી અવસ્થામાં સરી પડયા તો અમારું શું થશે!

પરંતુ, જે વ્યક્તિ તારી થઈ ચૂકેલી છે તેણે શાનાથી ડરવાનું હોય? એણે તો શું, પોતાના આત્માને અધિક ને અધિક વિશાળ કરતા રહીને અને પોતાના લલાટ પર પ્રકાશનું મંડીલ પહેરીને, તું એને માટે જે કોઈ માર્ગ આંકી આપે, પછી તે ગમે તે માર્ગ હો, તેની મર્યાદિત બુદ્ધિને તે સાવ અગમ્ય જ રહેતો હોય તો પણ, એ માર્ગે જ શું ચાલ્યા જવાનું નથી?

પ્રભુ, વિચારનાં આ જૂનાં ચોકઠાંને ભાંગી દિયો, ભૂતની અનુ-ભૂતિઓને ભૂંસી નાખો, અમરા સભાન રીતના સમન્વયોને પણ, આપને જરૂરી લાગે તો વિખેરી નાખો, અને એમ આપનું કાર્ય પૃથ્વી ઉપર વધુ ને વધુ સારી રીતે સિદ્ધ થાઓ, આપની સેવાનું કાર્ય પૂર્ણતાને પામો.

*
**

૨૧ નવેમ્બર ૧૯૧૪

પ્રભુ, તેં મને તારી શક્તિ આપી છે કે જેથી જગત ઉપર તારી શાંતિ અને તારા આનંદનું રાજ્ય પ્રવર્તી શકે.

અને હવે તો હું સારીયે પૃથ્વીને વીંટી વળતી શાંતિના એક આશ્લેષરૂપ જ બની રહી છું, સર્વ કોઈને છલકાવી દેતો આનંદનો

એક મહાસાગર જ બની રહી છું.

હે તિરસ્કારથી ભરેલા માણસ, તારા હૃદયમાંથી તિરસ્કારને ભૂંસી નાખવામાં આવશે, રેતી પરનાં પગલાં સાગર ભૂંસી નાખે છે તેમ.

આ વેર ઉપર જીવનારાઓ તમારાં હૃદયોમાં શાંતિ પ્રવેશ કરશે, જેવી રીતે કે માતાથી હિંચોળાતા બાળકના આત્મામાં શાંતિ પ્રવેશે છે તેમ.

કારણ કે વિશ્વજનની મા ભગવતીએ પૃથ્વી તરફ પોતાની દૃષ્ટિ વાળી છે અને પોતાની આશિષ તેને આપી છે.

*
**

૪ ડિસેમ્બર ૧૯૧૪

હે પ્રભુ, બહારનાં કામોમાં સર્વથા રોકાયેલી હોઈને, ઘણા લાંબા દિવસોના મૌન પછી, મને આ પાનાંઓ ઉપર ફરીથી તારી સાથેની મને મીઠી લાગતી વાતચીત શરૂ કરવાની તક મળી છે.

પણ તેં મારી બધી ટેવો ભૂલાવી દીધી છે, કારણ કે તારે મને સર્વ પ્રકારનાં મનોમય ઘડતરોમાંથી મુક્ત કરવી છે. કેટલાંક મનોમય ઘડતરો એવાં છે કે જે કાં તો બહુ બળવાન છે અથવા તો મારી પ્રકૃતિ સાથે બંધબેસતાં આવે છે. એ રૂપો મને પરમ અનુભૂતિઓ પ્રત્યે દોરી જનાર ખાતરીલાયક માર્ગદર્શકો છે. પરંતુ એક વાર અનુભવો બની ચૂકે ત્યાર પછી તારો સંકલ્પ એવો રહે છે એ બધા મનોમય આકારની ગુલામીમાંથી મુક્ત રહેવા જોઈએ, (ભલે પછી એ ગમે તેટલા ઉચ્ચ અથવા શુદ્ધ હોય) કે જેથી તેઓ વધુ સાચા, એટલે કે અનુભૂતિ સાથે વધુ પ્રમાણમાં બંધબેસતા થતા સ્વરૂપમાં પોતાને પ્રગટ કરી શકે.

પછી તેં મારાં સૌ વિચાર-ઘડતરોને ભાંગી નાખ્યાં છે અને હું તારી સમક્ષ સર્વ પ્રકારની મનોમય રચનાઓ વિનાની, તાજા જન્મેલા બાળક જેટલી અજ્ઞાન બનીને ઊભી છું; અને આ શૂન્યના

અંધકારમાં એવી કોઈ વસ્તુની સર્જયી શક્તિ પ્રાપ્ત થઈ હતી કે જેને શબ્દોમાં વ્યક્ત થઈ શકતી નથી, પણ જે ખરેખર છે જ. અને હું અધીરાઈ અને ભય વિના, અમાપ ગહરાઈઓનાં ઊંડાણોમાંથી તું એક એવા બૌદ્ધિક સ્વરૂપનું ઘડતર કરે જે તને તારો આવિર્ભાવ કરવા માટે સૌથી વધુ પ્રમાણમાં આ સમર્પણ અને અંતરની શ્રદ્ધામાં ઘડેલા કરણ દ્વારા તારો આવિર્ભાવ કરવા માટે સૌથી વધારે અનુકૂળ લાગતું હોય, તેને માટે વાટ જોઈશ.

અને આ આશાભરી મહારાત્રીના આગમન પહેલાં, અગાઉ કદી પણ મેં અનુભવ્યું હોય, તેથી વધુ અનંતપણે મારી જાતને સ્વતંત્ર અને વિસ્તારવાન અનુભવું છું.

અને આ પરમ આનંદમાં હે પ્રભુ, હું તારો આભાર માનું છું, કારણ કે તેં મારા ઉપર તારી અદ્ભુત કરુણા વર્ષાવી છે: મને તેં તારી સમક્ષ એક તાજા જન્મેલા બાળક સરખી બનાવી દીધી છે.

*
**

૧૦ ડિસેમ્બર ૧૯૧૪

સાંભળ, હે પ્રભુ.... એક ગહન અંતર્મુખતાની નીરવતામાં, મારી પ્રાર્થના આર્તભાવે તારા પ્રત્યે આરોહણ કરે છે.

એક મનોમય રચના ગમે તેટલી શક્તિશાળી અને વિસ્તૃત હોય, પરંતુ એને પોતાના સ્વરૂપનું, પોતાના અનુભવોનું અને પ્રવૃત્તિના જીવન સરખું કેન્દ્ર બનાવી દેવાય એટલે અંશે કોઈ વિચારની આકૃતિ સાથે પોતાની જાતનું તાદાત્મ્ય કરી દેવું એ, એક પ્રકારની મૂર્ખાઈ નથી? આપણે એના વિષે જે કાંઈ વિચારીએ અને કહીએ તે સર્વ કરતાં સત્ય તો શાશ્વતપણે બહાર જ હોય છે. આ સત્યને ઉત્તમ રીતે, સુખદાયક રીતે બંધબેસતી આવે એવું અભિવ્યક્તિનું રૂપ શોધી કાઢવા પ્રયત્ન કરવો એ જરૂર ઉપયોગી છે અથવા વ્યક્તિની પોતાની સંપૂર્ણ ખીલવણી માટે અનિવાર્ય છે, પરંતુ વ્યક્તિએ પોતે આ સૂત્રથી હમેશાં પોતાને સ્વતંત્ર અનુભવવી જોઈએ, પોતાની ચેતનાનું

કેન્દ્ર એની ઉપર રાખવું જોઈએ, કારણ કે એ સૂત્રમાં ગમે તેટલી મહત્તા, સૌંદર્ય અને મનોમય રચનાની પૂર્ણતા હોય છતાં ખરું જોતાં, પેલું ચેતનાનું કેન્દ્ર સૌ સૂત્રબદ્ધતાથી પર રહે છે. જગતને આપણે જેવું માનીએ છીએ તેવું તે નથી. આપણામાં આ જગતને વિષે જે ખ્યાલ હોય છે તેની અગત્ય એ જેટલા પ્રમાણમાં આપણા કાર્ય પ્રત્યેના વલણને પરિણામદાયી બનાવે છે તેના ઉપર રહે છે; અને આ વલણનો આધાર કોઈ પ્રેરણા ઉપર હોઈ શકે છે કારણ કે એની ગહરાઈ, સત્ય અને અવિચલતા, ગમે તેટલી બળવાન પણ મનોમય રચના કરતાં વધારે હોય છે. પોતાની અંદર, મનુષ્યો માટે, આ અગાઉ કોઈ પણ સમયે કરવામાં આવી હોય તેની વધુ સંપૂર્ણ, ઉચ્ચતર અને વધુ ચોક્કસ એવી સત્યની વ્યાખ્યા કરવાનો સંકલ્પ અનુભવાય એ સારી વસ્તુ છે; પણ તે એક શરતે કે આપણે એ કાર્ય સાથે આપણા "હું" ને એટલા બધા પ્રમાણમાં ન જોડી દઈએ કે જેથી આપણે તેના ગુલામ બની જઈએ અને એ સર્વની સામે આપણે આપણું સ્વાતંત્ર્ય અને જાત ઉપરનો કાબૂ ગુમાવી બેસીએ. એ એક પ્રવૃત્તિ કરતાં વધુ કાંઈ નથી, પછી પાર્થિવ દષ્ટિએ જોતાં એની ગમે તેટલી અગત્ય હોય; પરંતુ આપણે એ ભૂલવું ન જોઈએ કે, બીજી સર્વ પ્રવૃત્તિઓની માફક એ પણ સાપેક્ષ છે, અને આપણે એને આપણી ગહન શાંતિ અને અપરિવર્તનશીલ નિશ્ચલતાને કદી પણ બાધક ન બનવા દેવી જોઈએ, કારણ કે એ વસ્તુઓ વડે જ આપણે દિવ્ય શક્તિઓને આપણા દ્વારા, કોઈ પણ પ્રકારે વિકૃત બન્યા વિના પ્રગટ કરવા શક્ય બનાવે છે.

હે પ્રભુ, મેં મારી પ્રાર્થનાને શબ્દબદ્ધ કરી નથી, પણ તેં એને સાંભળી છે.

*
**

૧૨ ડિસેમ્બર ૧૯૧૪

અમારે હરપળે એ જાણવું જોઈએ કે સૌ વસ્તુઓ પ્રાપ્ત કરવા

માટે સર્વ વસ્તુઓ કેવી રીતે ખોવી, ભૂતકાળને કેવી રીતે ફેંકી દેવો કે જેથી એક મહત્તર ભવ્યતામાં પૂનર્જન્મ લઈ શકાય.... અમારું આંતર સ્વરૂપ આ પ્રકારની સતત અભીપ્સા દ્વારા પોતાને વ્યક્ત કરે છે. એ આંતર સ્વરૂપ તારા પ્રત્યે વળેલું છે અને એ હમેશાં કરતાં વધુ ને વધુ શુદ્ધ દર્પણુની માફક તારું પ્રતિબિંબ પાડે છે; અને એની અંદર તારો અવિચલ પરમ આનંદ, એક અપ્રતીમ સઘનતાની પ્રગતિની પ્રેરક શક્તિ દ્વારા વ્યકત થાય છે; અને આ શક્તિ, અમારા અતિ બાહ્ય સ્વરૂપમાં એક એવા અવિચલ અને ખાતરીપૂર્ણ સંકલ્પમાં રૂપાંતરિત થઈ જાય છે કે જેને કોઈ અવરોધ ફેંકી દઈ શકતો નથી.

હે દિવ્ય સ્વામી, એક આતુર પ્રેમ સાથે હું તારી સેવક છું! કેવા તો શુદ્ધ, અવિચલ અને અનંત આનંદમાં હું તારા પરાત્પર તેમજ રૂપધારી અસ્તિત્વમાં વસેલી છું!

અને એ બન્ને ચેતનાઓ એક અદ્વિતીય પરિપૂર્ણતામાં એકત્ર બની રહી છે.

*
**

૧૫ ડિસેમ્બર ૧૯૧૪

હે પ્રભુ, તેં મને શક્તિમાં શાંતિ, કર્મમાં આત્મપ્રસાદ અને સર્વે પરિસ્થિતિઓમાં અવિચલ સુખ અર્પ્યું છે.

*
**

૨૨ ડિસેમ્બર ૧૯૧૪

હે પ્રભુ, સત્યને માટે હું તારી પ્રાર્થના કરું છું.

આ મનને, પોતે તને આત્મસમર્પણ કરી શકે તે માટે મૂક બનાવી દીધેલું, તું એને ફરીથી પ્રવૃત્તિશીલ બનાવ; તારા સંકલ્પનું એને જ્ઞાન આપ.

આ મન ગ્રહણશીલ હતું, અને એણે બધી શકયતાઓને પોતાની અંદર આકાર ગ્રહણ કરવા દીધો હતો; અને પછી એ દુઃખદાયી મહેમાનોને એણે દાખલ થવા દેવાની મનાઈ કરી દીધી કારણ કે એમ કરવાથી જ એમનાં પરસ્પર વિરોધી વલણો વચ્ચેની લડાઈઓનો અંત આવી શકે તેમ હતું; એણે કહ્યું, "હે પ્રભુ, જો હું તારા શાશ્વત પ્રકાશને જરાયે વિરૂપ થવા દીધા વિના મારી અંદર થઈને પસાર થવા દઈ શકું તો મારે કોઈ સક્રિય જીવન જીવવું નથી, તારો સંકલ્પ જાણવાની પણ જરૂર નથી!" તેમ છતાં એમ બન્યું; સંકલ્પ આજ્ઞાંકિત, સરળ, ચોક્કસ અને મજબૂત બન્યો. પણ હવે તારો સંકલ્પ એવો થયો છે કે મારા મને એ વસ્તુ જાણવી જોઈએ અને તેં એને કહ્યું છે કે "જાગ્રત થઈને સત્ય વિષે સભાન બન." મારા મને એનો આનંદપૂર્વક પ્રત્યુત્તર વાળ્યો અને હવે એ સર્વજયી સત્યના જાજ્વલ્યમાન સૂર્ય પ્રત્યે વળ્યું છે, એ હવે એને એનો પોતાની અંદર આવિર્ભાવ કરવા આમંત્રણ આપી રહ્યું છે.

તારો સંકલ્પ એવો થયો છે કે મારે એક પછી એક કરીને સર્વે બંધનોને ફગાવી દેવાં કે જેથી મારું સ્વરૂપ આવિર્ભાવની સર્વે શકયતાઓને તેમની સંપૂર્ણ ઉચ્ચતાઓ સાથે ધારણા કરી શકે.

હે પ્રભુ, સૌ પાર્થિવ કામનાઓને મારી અંદર એકઠી થવા દે કે જેથી તું એમને લક્ષમાં લઈ શકે, અને તારો સંકલ્પ એક રીતે સૌને સ્પષ્ટ, ચોક્કસ, અને નિશ્ચિત સ્વરૂપે નાનામાં નાનીથી માંડી મોટામાં મોટી વિગત સુધી લાગુ પડે.

આ રીતે જ જે સમયના આગમનની અપેક્ષા છે તે જલદીથી આવી શકશે.

મારું સારુંયે સ્વરૂપ એક તીવ્ર આનંદમાં અને એક અજોડ ભવ્યતામાં હર્ષનો આવેગ અનુભવે છે.

*
**

કોઈ વિચાર ગમે તેટલો શક્તિશાળી હોય, ગમે તેટલો ગહન હોય, છતાં એનું વારંવાર પુનરાવર્તન કરવામાં આવે, વધુ પડતો સતતપણે વ્યક્ત કરવામાં આવે, તો એ પછી રસહીન, શુષ્ક, મૂલ્યહીન બની જાય છે.... ઊંચામાં ઊંચા ખ્યાલોમાંથી પણ અમુક સમય પછી તેમની ભભક ચાલી જાય છે, અને જે બુદ્ધિને પોતાના સર્વોત્કૃષ્ટ ખ્યાલોમાં આનંદ લાગતો હોય છે તેને અચાનક પોતાના સર્વ તર્કો અને મીમાંસાનો ત્યાગ કરવાની અનિવાર્ય જરૂરિયાત લાગે છે, અને જીવનને કેવળ એક બાળકની માફક આશ્ચર્યભરી દૃષ્ટિએ જોવા માગે છે, એને પોતાના ભૂતકાળના એક વખતના પરમ દિવ્ય વિજ્ઞાનની કોઈ વસ્તુ યાદ રાખવાની પણ દરકાર રહેતી નથી.

એ ખરું છે કે કાળના વિભાગો કેવળ મનસ્વી રીતે કરેલા છે, નવા વર્ષને માટે જે તારીખનો દિવસ નક્કી કર્યો હોય છે તે પણ રેખાંશો, આબોહવા, ટેવો, વગેરે અનુસાર અલગ અલગ હોય છે અને એ પણ કેવળ પ્રણાલિકાગત જ હોય છે. મનુષ્યમાં રહેલી આ બાલિશતા પ્રત્યે મનનું વલણ એક સ્મિત હાસ્ય કરવાનું અને આથી વધુ ગહનતર સત્યો વડે દોરવાવાની કામના કરવાનું રહેલું છે. અને પછી અચાનક, મન પોતે જ આ સત્યોની ચોક્કસ પ્રતિકૃતિઓ રચવા બાબતમાં પોતાની અશક્તિને અનુભવે છે, અને, આ પ્રકારના સર્વ ડહાપણને ફેંકી દઈને, એ હૃદય સંગીતને જાગ્રત થવા દે છે, એ હૃદય અભીપ્સાવાન હોય છે, એ હૃદય માટે સર્વ પરિસ્થિતિઓ એક વધુ ગહન, વધુ વિસ્તૃત અને વધુ સઘન અભીપ્સા સેવવાની તક સરખી હોય છે.... પશ્ચિમને માટે એક નૂતન વર્ષની શરૂઆત થાય છે. શા માટે એનો લાભ લઈને એક ફરી જાગૃત બનેલ ઉત્સાહ સાથે એવો સંકલ્પ ન સેવવો કે આ પ્રતીક, એક સત્યરૂપ બની જાય, અને જે વસ્તુઓ શોચનિય હતી તેમણે જે ભવ્ય વસ્તુઓને સ્થાન આપવું જોઈએ તેમને સ્થાન આપે ?

અમે હમેશાં એમ માનીએ છીએ કે અમે તારી વ્યાખ્યા કરી શકીએ તેમ છીએ અને તને મનોમય સૂત્રોમાં બાંધી લઈ શકીએ તેમ છે, પરંતુ એ સર્વે ગમે તેટલાં વિસ્તૃત, સંકુલ, અને સમન્વયકારક હોય, તે છતાં તું હમેશાંને માટે અનિર્વચનીય જ રહેવાનો, જે વ્યક્તિ તને જીવી જાણે છે અને તારું જ્ઞાન ધરાવે છે તેને માટે પણ.... કારણ કે તને વ્યક્ત ન કરી શકે તેમ હોવા છતાં વ્યક્તિ તને જીવી જાણી શકે છે; તારી વ્યાખ્યા કે સ્પષ્ટિકરણ આપી શકયા વિના તારો સાક્ષાત્કાર કરીને તારા અનંતસ્વરૂપ બની શકે છે; તું હમેશાંને માટે શાશ્વત રહસ્યરૂપ બની રહેવાનો અને અમારા તરફથી અહોભાવ અને આશ્ચર્યની અભિવ્યક્તિ કરાવવાનો; અને એ વસ્તુ કેવળ તારા પરાત્પર, અચિંત્ય અને અજ્ઞેય સ્વરૂપની બાબતમાં નહિ પણ તારા વૈશ્વિક આવિર્ભાવની ( કે જેમાં અમે સર્વાંગીણરૂપે રહેલાં છીએ ) બાબતમાં પણ બનતી રહેશે. વિચારોનાં રૂપોનું સ્થાન એક પછી એક વધુ શુદ્ધ, ઉચ્ચતર અને વધુ વ્યાપક સ્વરૂપોવાળાં વિચારોનાં રૂપને લેશે પરંતુ એમાંનું કોઈ પણ રૂપ તું શું છે તેનો જરા સરખો ખ્યાલ આપી શકે તેવું કદી ઠરી શકશે નહિ. જે કોઈ નવી હકીકત બનશે, તે તેની અગાઉ બનેલી હકીકત કરતાં વધુ અદ્ભુત અને રહસ્યમય બનશે. છતાં, પોતાની અશક્તિ અને અજ્ઞાનનો સામનો કરતું હોવા છતાં, મનોમય સ્વરૂપ પોતે પ્રકાશપૂર્ણ, નિશ્ચલ અને હર્ષભર્યું બની રહે છે, જાણે કે એણે પોતે પરમ જ્ઞાન પ્રાપ્ત કર્યું હોય : અસંખ્યરૂપે, અવિકારીરૂપે, અનંતરૂપે, ખૂબ સરળપણે કેવળ તારા સ્વરૂપ બની રહેવાનું જ્ઞાન પ્રાપ્ત કર્યું હોય તેમ.

*
**

૧૧ જાન્યુઆરી ૧૯૧૫

પહેલાંના કોઈ પણ સમય કરતાં વધુ પ્રમાણમાં, મનોમય સ્વરૂપની અભીપ્સા તારા પ્રત્યે વધુ આવેગપૂર્ણ રીતે ઉપર ઊઠે છે.

એમાં અનંતતા અને શાશ્વતીનો ખ્યાલ હમેશાં રહેલો હોય

છે. પણ એમ લાગે છે કે તારો સંકલ્પ એવો છે કે મને સર્વ પ્રકારના ધાર્મિક આનંદ અને આધ્યાત્મિક પરમાનંદોથી વિખૂટી પાડીને જુદી કાઢવી અને અત્યંત કઠોરપણે મને ભૌતિક સંજોગોમાં ડૂબાડી દેવી. હે પ્રભુ, સર્વ સ્થળે તારો પૂર્ણ આનંદ રહેલો છે, અને એની જે ભવ્ય બક્ષિસ તેં મને આપેલી છે તે કશાથી લઈ લેવાય તેવી નથી; દરેક સ્થળે અને દરેક સંજોગમાં એ મારી સાથે હોય છે; એ મારા સ્વરૂપે છે, જેમ હું તારા સ્વરૂપે છું તેમ. પરંતુ આ સર્વ કાંઈ, જેમ હોવું જોઈએ તેના પ્રમાણમાં કાંઈ નથી. તારો સંકલ્પ એવો છે કે આ ભારે અને અંધારઘેરા પદાર્થતત્ત્વમાંથી મારે તારા પ્રેમ અને જ્યોતિનો જ્વાળામુખી છૂટો મૂકવો જોઈએ. તારો એવો સંકલ્પ છે કે, ભાષાની સૌ પરિપાટીનાં પુરાતન બંધનો તોડી નાખીને તારી અભિવ્યક્તિ કરી શકે તેવો પહેલાં કદી ન સંભળાયેલો હોય એવો એક યોગ્ય શબ્દ પ્રગટ થવો જોઈએ; તારો એવો સંકલ્પ છે કે નીચેની ક્ષુદ્રમાં ક્ષુદ્ર વસ્તુઓ અને ઊર્ધ્વની સર્વોત્કૃષ્ટ અને અત્યંત વિસ્તૃત વસ્તુઓ વચ્ચે એક પૂર્ણ અદ્વૈત સ્થાપિત થવું જોઈએ; એટલા માટે જ, હે પ્રભુ, તેં મને સર્વ પ્રકારનાં ધાર્મિક સુખો અને આધ્યાત્મિક આનંદોથી વિખૂટી પાડીને, તારી ઉપર નિતાંતપણે એકાગ્રતા કરવાની સ્વતંત્રતા છીનવી લઈને, તેં મને કહ્યું છે કે, "સામાન્ય સ્વરૂપોની વચમાં એક સામાન્ય મનુષ્યની માફક કાર્ય કર; જે કાંઈ અભિવ્યક્ત થઈ રહ્યું છે તેમના કરતાં જરા પણ વધારે આગળ પડતી ન હોઉં તેવી રીતની બનતાં શીખ; કારણ કે એ લોકો જે સર્વ કાંઈ જાણે છે, તેઓ જે કાંઈ છે, તેમનામાં તું તારી શાશ્વત ભવ્ય અને કદી પણ વિચલિત ન થનારી જ્યોતિ ધારણ કરીને જાય છે, અને જ્યારે તું એમની સાથે હળીભળી જઈશ ત્યારે એ જ્યોતિને તું એમની વચમાં લઈ જઈશ. જ્યાં સુધી આ પ્રકાશ તારી અંદરથી જ પ્રસાર પામતો હોય ત્યાં સુધી તારે એનો આનંદ લેવાની જરૂર છે? જ્યાં સુધી તું મારો પ્રેમ બીજાઓને આપી શકતી હોઉં ત્યાં સુધી એનો સ્પંદ તું તારી અંદર પણ અનુભવું એવું જરૂરી લાગે છે? જ્યાં લગી મારી

ઉપસ્થિતિની મહામુદ્દાના પ્રતિનિધિ તરીકે મનુષ્યોમાં કાર્ય કરતી હોઉં ત્યાં સુધી શું તારે મારી પૂર્ણ હાજરીનો આનંદ ભોગવવાની જરૂર છે?

હે પ્રભુ, તારો જ સંકલ્પ સર્વાંશે સિદ્ધ થાઓ! મારે માટે એ જ સુખરૂપ વિધાન છે.

*
**

૧૭ જાન્યુઆરી ૧૯૧૫

પ્રભુ, હવે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે. આરામ અને તૈયારીનો સમય પૂરો થયો છે. તારો એમ સંકલ્પ થયો છે કે હું તારી જે એક શાંત અને ચિંતનપ્રધાન સેવક છું તે હવે એક સક્રિય અને સિદ્ધિસર્જક સેવક બની રહું. તારો એમ સંકલ્પ છે કે આ આનંદમય શરણાગતિની સ્થિતિ છે તે હવે બદલાઈને એક આનંદમય સંગ્રામની સ્થિતિ બની રહે. તું ઇચ્છે છે કે તારું શાસન અત્યારે શુદ્ધમાં શુદ્ધ અને ઉચ્ચમાં ઉચ્ચ સ્વરૂપે સિદ્ધ થાય તેમાં જે જે તત્ત્વો જગતમાં વિરોધ કરી રહ્યાં છે તેની સામે જે અખંડ અને વીરતાભર્યો જંગ ખેડવો પડશે તેમાં હું, જગતમાં અત્યારે સિદ્ધ બની રહેલા તારા શાસનને જે ભાવે મારું સમર્પણ કરી રહી છું તે જ શાંતિભરી અને અવિચલ સ્વસ્થતા સાચવી રાખું. અર્થાત્, જગતમાં જે જે તત્ત્વો તારા શાસનનો વિરોધ કરી રહ્યાં છે તેમની સાથે સીધાં સંગ્રામમાં ન ઊતરતાં, તું ઇચ્છે છે કે, હું દરેક પરિસ્થિતિમાં જે કાંઈ ઉત્તમ તત્ત્વ હોય તે મારું કરી લઉં, જગતને મારો સંપર્ક આપું, મારું દૃષ્ટાંત આપું અને એની ભીતર ધીરે ધીરે દાખલ થઈ જાઉં.

અહીં આ એક નાનકડો અને મર્યાદિત સંગ્રામ ચાલી રહ્યો છે, પણ તે આખી પૃથ્વીના મહાન સંગ્રામના પ્રતિનિધિ જેવો જ છે. અને એ સંગ્રામમાં તું મારી શક્તિને, મારા નિશ્ચયબળને, મારી હિંમતને કસોટી પર ચડાવી રહ્યો છે, અને એ રીતે તું જોવા માગે છે કે હું ખરેખર તારી સેવક બની શકું તેમ છું કે નહિ. આ સંગ્રામ-

ના પરિણામે જો એમ દેખાઈ આવશે કે તારા જીવનસર્જક મહાકાર્ય-માં એક ગદ્યગામી વ્યક્તિ બનવાની મારી પાત્રતા છે તો પછી તું કાર્યના ક્ષેત્રનો વિસ્તાર કરશે. અને તું મારી પાસે જે જે વસ્તુની અપેક્ષા રાખે છે તે હું જો હમેશાં ઉત્તમોત્તમ રીતે પાર પાડી શકીશ તો એક દિવસ એવો આવશે કે તું પૃથ્વી ઉપર આવીને હાજર થશે અને તે વખતે આખીયે પૃથ્વી તારી સામે વિરોધમાં ખડી થઈ જશે. પરંતુ તું એ પૃથ્વીને તારી ભુજાઓમાં ઉઠાવી લેશે અને એ પૃથ્વી રૂપાંતર પ્રાપ્ત કરશે.

*
**

૧૮ જાન્યુઆરી ૧૯૧૫

પ્રભુ, મારી પ્રાર્થના શ્રવણ કરો....

મારી અંદર તો તું સર્વસમર્થ રીતે આવી રહેલ છો, મારા ભાવિનો તું પરમ સ્વામી છે, મારા જીવનનો પથદર્શક છે, સર્વ વિઘ્નોનો વિજેતા છે, પ્રથમથી ગોઠવાયેલા સંકલ્પ ઉપર તથા મનના બંધાઈ ગયેલા વિચારો ઉપર તું વિજય પામતો રહે છે. બાહ્ય જગતમાં સર્વસમર્થ બની રહેવા માટે તારે કદાચ કર્મનાં સાધનોનું સંયોજન કરનાર અને તેમની રચના કરનાર મારા મનની માધ્યમ તરીકે જરૂર રહેશે; પરંતુ તું જો કરણને સંપૂર્ણ કરી શકે છે તો પછી કાર્ય સિદ્ધ થવાનું છે તે વિષે શંકાને સ્થાન કેવી રીતે રહી શકે ? અમારે વિરોધી રીતનાં સૂચનો લઈ આવનાર સર્વ અશુભ પડછાયાઓને દૂર દૂર ભગાડી મૂકવાના છે, અને તારી અનંત દયામાં અવિચલ વિશ્વાસથી સભર બનીને હું તને આ પ્રાર્થના કરું છું :

તારા શત્રુઓને મિત્રમાં ફેરવી નાંખ,
અંધકારને પ્રકાશમાં પલટાવી દે.

આ જે ભગીરથ અને પ્રચંડ સંગ્રામ ચાલી રહ્યો છે, આ જે ધિક્કાર સામે પ્રેમનો, અન્યાય સામે ન્યાયનો, બંડની સામે તારા

પરમ નિયમને આધીન બનવાનો ભવ્ય સંગ્રામ ચાલી રહ્યો છે તેમાં માનવજાતિને હું હજી એક વધુ ભવ્ય શાંતિને માટે, થોડે થોડે કરીને સુપાત્ર બનાવું કે જેમાં સર્વ પ્રકારના આંતરિક વિરોધો અટકી ગયા હોય, એવી મારી પ્રાર્થના છે. માનવનો સારોયે પુરુષાર્થ તારા દિવ્ય સંકલ્પને અને તારા ક્રમે ક્રમે વૃદ્ધિશીલ આદર્શને વધુ ને વધુ સંપૂર્ણ રીતે અને સમગ્ર રીતે સિદ્ધ કરવાને માટે એકત્રિત બનો એ મારી પ્રાર્થના છે.

*
**

૨૪ જાન્યુઆરી ૧૯૧૫

ઓ પ્રભુ, કેટલાય વખત સુધી હું તારી સમક્ષ મારા પેલા એક અગાધ ભક્તિભર્યા આંતરિક સાષ્ટાંગ નમસ્કાર કરીને મૂંગી મૂંગી ઢળી રહેલી છું. અને એવા નમસ્કારને અંતે પછી મને એક પરમ તાદાત્મ્ય મળી આવતું હોય છે.... અને હંમેશની માફક તેં મને કહ્યું છે: 'તારી દૃષ્ટિને પૃથ્વી તરફ વાળ.' અને મેં જોયું કે બધા જ રસ્તા ખુલ્લા બની ગયા છે અને તેમના પર એક શાંત અને નિર્મલ પ્રકાશ રેલાઈ રહેલો છે.

અને એક મૂક ભક્તિભાવે, કેવલ તારા જ સંકલ્પથી સભર બનીને, હું પૃથ્વી તરફ વળી.

*
**

૧૫ ફેબ્રુઆરી ૧૯૧૫

હે ઋતપતિ, તારા આવિર્ભાવ માટે મેં ત્રણ વાર વિનંતી કરી, ઘેરા ઉત્સાહથી મેં તને ઉદ્બોધ્યો.

અને પછી, હંમેશની પેઠે, મારી સમસ્ત ચેતના પોતાનું સંપૂર્ણ સમર્પણ કરી રહી. તે ક્ષણે ચેતનાએ જોયું કે આ વ્યક્તિ–ચેતના, એનું મન, પ્રાણ અને શરીરનું પુદ્ગલ, ધૂળથી આખું ને આખું છવાયેલું છે. અને આ ચેતનાએ તને દંડવત્ પ્રણામ કર્યા, તેનું લલાટ

જમીનને અડી રહ્યું. ધૂળમાં તે ધૂળ પેઠે ઢળી રહી, અને તને પુકારવા લાગી. 'પ્રભુ, આ મિટ્ટીનું બનેલું પ્રાણી તને પ્રણિપાત કરે છે, સત્યના અગ્નિ વડે તું એને ઓગાળી નાખ, હવે તો કેવલ એ તારા જ આવિર્ભાવનું વાહન બનો – આ છે મારી પ્રાર્થના.' ત્યારે પછી તેં તેને કહ્યું, 'ઊભી થા. તારી બધી ધૂળ ખરી ગઈ છે. તું વિશુદ્ધ છે.' અને એકાએક એક પલમાત્રમાં, એક વસ્ત્ર પેઠે એ ધૂળનું આવરણ ભોંય પર સરી પડ્યું, અને આ સ્વરૂપ ટટાર બનીને ઊભું રહેલું દેખાયું, તેનામાં તેની નિત્યની શક્તિ તો હતી, પણ હવે એમાં એક આંજી નાખતી જ્યોતિ ઝબકવા લાગી હતી.

*
**

કામો મારુ સ્ટીમર ઉપર. ૩ માર્ચ ૧૯૧૫

નિર્જનતા, એક કઠોર ભીષણ નિર્જનતા, અને જાણે કોઈ અંધારા નરકમાં સાવ ધકેલાઈ જવાયું હોય તેવી એક તીવ્ર સતત લાગણી. મારી આસપાસ, હું જેને સત્ય સમજું છું, તેથી તદ્દન વિપરીત, મારા જીવનના ઉત્તમ તત્ત્વરૂપ જેને હું માનું છું તેથી સાવ વિરોધી એવી પરિસ્થિતિ છે. મારા જીવનમાં ક્યારેય પણ, કોઈ પણ પરિસ્થિતિમાં મને આવો અનુભવ નથી થયો. કદી કદી જ્યારે આ વિરોધની લાગણી ઘણી તીવ્ર બની જાય છે ત્યારે મારા સર્વાંગ સમર્પણમાં પણ વિષાદની છાયા ચડી આવે છે. મારા અંતઃસ્થ પ્રભુ સાથેનો મારો શાંત અને મૂક વાર્તાલાપ અટકી જાય છે અને હું ક્ષણભર દીન થઈ જાઉં છું અને પુકારી રહું છું, 'અરે પ્રભુ, મેં તે એવું શું કર્યું છે કે તેં મને આ અંધારી ઘોર રાતમાં ફેંકી દીધી છે?' પણ તરત જ વળી અભીપ્સા વિશેષ ઉત્કટ બને છે: 'આ જીવની બધી દુર્બળતા નિવારી દે, તારા કાર્ય માટે; પછી તે ગમે તે હો, તેને એક વિનમ્ર અને સ્પષ્ટ-દૃષ્ટા વાહન બનાવ.'

ક્ષણભર તો સ્પષ્ટ દર્શન ચાલ્યું જાય છે: ભવિષ્ય આટલું બધું તો ક્યારેય પણ ઢંકાયેલું ન હતું. વ્યક્તિઓના ભાવિની વાત આવે

છે ત્યાં લગી તો એમ લાગે છે કે અમે જાણે કે એક ઊંચી ઊંચી અને અભેદ્ય દીવાલ તરફ જઈ રહ્યાં છીએ. રાષ્ટ્રોના અને પૃથ્વીના ભાવિ અંગે તો એમ જણાય છે કે તે બધાં વધુ સ્પષ્ટરૂપે દેખાઈ રહ્યાં છે. પરંતુ એમની વાત કરવાનો કોઈ અર્થ નથી : ભવિષ્યમાં એ બધાં ભાવિ સૌ કોઈનાં ચક્ષુ સમક્ષ, અંધમાં અંધ મનુષ્યનાં ચક્ષુ સમક્ષ પણ, પોતાની જાતને પ્રગટ કરશે.

*
**

૪ માર્ચ ૧૯૧૫

હમેશાં એની એ જ કઠોર એકલતા.... પરંતુ એ દુઃખદાયી નથી, એથી ઊલટું છે. એની અંદર જ જે અનંત અને શુદ્ધ પ્રેમમાં આખી પૃથ્વી ડૂબેલી છે તે વધુ સ્પષ્ટપણે દેખાઈ આવે છે. આ પ્રેમની મારફતે સર્વ કાંઈ સજીવન તને સ્પંદિત થઈ ઊઠે છે, અત્યંત અંધારગ્રસ્ત પડછાયા પાતળા પડી જાય છે અને એ પ્રેમના પ્રવાહોને એમની અંદર થઈને વહેવા દે છે, સૌથી ઉત્કટ પીડાનું એક શક્તિશાળી આનંદમાં રૂપાંતર થઈ જાય છે.

ઊંડા દરિયા ઉપર જહાજનું ચક્ર ઘૂમતું જાય છે તેનો દરેક આંટો મને મારા સાચા ભાવિથી દૂર લઈ જઈ રહ્યો હોય, જે કાંઈ તારા દિવ્ય સંકલ્પને ઉત્તમમાં ઉત્તમ રીતે વ્યક્ત કરી શકે તેમ છે તેનાથી દૂર લઈ જઈ રહ્યો હોય તેમ ભાસે છે; જે ભૂતકાળની સાથેના સંબંધો મેં તોડી નાખ્યા છે એમ મને લાગતું હતું તેની પ્રત્યે મને દરેક ઘડી પાછી ફેંકી રહી હોય એમ લાગે છે, જો કે મને એની ખાતરી છે કે એને પરિણામે નવીન અને વિસ્તૃત સાક્ષાત્કારો આવી પડવાના છે; દરેક વસ્તુ જાણે મારા આત્માના જીવનથી તદ્દન વિરુદ્ધની દશા પ્રત્યે પાછી ખેંચી જઈ રહી છે, જો કે એનું રાજ્ય બાહ્ય સંજોગો ઉપર તો બિનહરીફ ચાલી રહ્યું છે; અને, વ્યક્તિગત પરિસ્થિતિ દેખીતી રીતે દુઃખદાયક હોવા છતાં, મારી ચેતના સર્વ બાજુએથી વ્યક્તિગત મર્યાદાઓને વટાવીને આખા જગતમાં દૃઢપણે

સ્થપાઈ ગઈ છે; આખું યે સ્વરૂપ, શક્તિ અને પ્રેમના સતત અનુભવમાં હર્ષ અનુભવી રહ્યું છે.

ભૌતિક હકીકતમાં આવતી કાલ તમોગ્રસ્ત અને વણઊકલી જણાય છે; કોઈ આછોપાતળો પ્રકાશ પણ મારી બેબાકળી બનેલી દૃષ્ટિને, દિવ્ય સ્વરૂપની ઉપસ્થિતિનો નિર્દેશ કરતો નથી. પરંતુ મારી ચેતનાના ઊંડાણમાંની કોઈ વસ્તુ પેલા અદૃષ્ટ અને સર્વજયી સાક્ષીપુરુષ પ્રત્યે વળે છે અને કહે છે, "હે પ્રભુ, તેં મને અત્યંત ઘેરા અંધકારમાં ફેંકી દીધી છે; તો એનું કારણ એ હોવું જોઈએ કે તું જાણતો હોઈશ કે તેં તારું તેજ મારી અંદર એટલી બધી સુદૃઢ રીતે સ્થાપી દીધેલું છે કે એ ભયજનક કસોટીનો સામનો કરી શકશે. આ નર્કના ભમ્મરમાં તેં મને તારી જ્યોતિવાહક તરીકે ઉતારવાનું પસંદ કર્યું છે? શું તને એમ લાગે છે કે મારું હૃદય એટલું મજબૂત છે કે તે ભાંગી નહિ પડે, મારો હાથ એટલો દૃઢ છે કે તે નહિ ધ્રૂજે? અને છતાં મારું વ્યક્તિગત સ્વરૂપ પોતાને બલહીન અને દુર્બળ હોવાનું અનુભવે છે; જ્યારે તું તારા સાંનિધ્યને પ્રગટ કરતો નથી હોતો, ત્યારે એ પોતાને બીજા અનેક કે જેઓ તને જાણતા નથી અથવા તારી ઉપેક્ષા કરે છે તેમના કરતાં પણ વધુ દુર્બળ રીતનું અનુભવે છે. કેવળ તારામાં જ એ વ્યક્તિસ્વરૂપનું બળ અને શકિત રહેલાં છે. જો તું એનો ઉપયોગ કરવાને તૈયાર થાય તો કોઈ વસ્તુ પ્રાપ્ત કરવી, કોઈ પણ કાર્ય કરવું વધુ પડતું વિસ્તૃત કે સંકુલ રહેશે નહિ. પરંતુ જો તું પાછો હઠી જઈશ, તો પછી એમાં એક એવા બાળક કરતાં વધુ કાંઈ નહિ હોય, જેની શક્તિ કેવળ તારા બાહુઓમાં ઢળી રહેવાની અને એક એવી સ્વપ્ન વિનાની મધુર નિદ્રા લેવાની હશે કે જેમાં તારા સિવાય બીજા કશાનું અસ્તિત્વ નહિ હોય."

*
**

૭ માર્ચ ૧૯૧૫

મનની મધુર નીરવતાનો સમય ચાલ્યો ગયો છે, કેવો ને શાંત

અને વિશુદ્ધ સમય; એ સમય દરમિયાન તો મહાગહન સંકલ્પશક્તિ તેના સર્વસમર્થ સત્યના સ્વરૂપમાં પ્રગટ થતી અનુભવાતી હતી. પરંતુ એ સંકલ્પશક્તિ હવે નજરે પડતી નથી અને મન, તેને સક્રિય બનવાની ફરજ પડી છે એટલે, પૃથક્કરણ કરતું થઈ ગયું છે. નિર્ણયો લેતું, પસંદગી કરતું થઈ ગયું છે, એક રૂપાંતરકારક માધ્યમની માફક, તે વ્યક્તિતા ઉપર જે જે કાંઈ આવી મુકાતું હોય છે તેના ઉપર સતત કામ કરી રહ્યું છે. એ વ્યક્તિતાને એટલી બધી તો વિશાળ બનાવવામાં આવેલી છે કે તે એક અનંતપણે વિશાળ એવા જગત સાથે, પૃથ્વી પર આવેલી સર્વ વસ્તુઓની માફક, સંકુલ તેમજ છાયા અને પ્રકાશના મિશ્રણવાળા જગત સાથે સંબંધમાં આવી શકે તેમ છે. હરેક પ્રકારના આધ્યાત્મિક સુખમાંથી મને જાણે કે દેશવટો મળી ગયો છે. અને તારી સૌ કસોટીઓમાં આ કસોટી કપરામાં કપરી છે, પ્રભુ. પરંતુ એથીયે વિશેષ દુઃખદાયક વસ્તુ તો એ છે કે તારી ઇચ્છાને પણ તેં પાછી ખેંચી લીધી છે. એ તો જાણે કે એમ જ સૂચવે છે કે મારા પ્રત્યે તારી હવે લેશમાત્ર સંમતિ રહી નથી. તેં મને તરછોડી દીધી છે એવું ભાન વધુ ને વધુ તીવ્ર બનતું જાય છે. એકલીઅટૂલી પડી ગયેલી બાહ્ય ચેતના પર ઉગ્ર વિષાદના જે હુમલા થઈ રહ્યા છે તેની સામે ટકી રહેવા માટે તો એક અથાક અને પ્રખર શ્રદ્ધાનું સમગ્ર બળ એકત્ર કરવાનું રહે છે ...

પરંતુ આ બાહ્ય ચેતના નિરાશ થવાને તૈયાર નથી. એ નથી માની શકતી કે આ દુર્ભાગ્યમાંથી કોઈ મુક્તિબારી છે જ નહિ. વિનમ્ર ભાવે એ રાહ જોઈ રહી છે. પોતાના અલ્પ પ્રકાશમાં એકલી એકલી છાની છાની એ મથી રહી છે. તારા પૂર્ણ આનંદનો ઉચ્છ્વાસ એનામાં પાછો વહેવા માંડે તે માટે ઝૂઝી રહી છે. અને જે કંઈ નાનકડા અને ગુપ્ત વિજયો એને મળી રહ્યા છે તે કદાચ આ પૃથ્વીને માટે સાચી મદદ લઈ પણ આવતા હશે....

આ બાહ્ય ચેતનામાંથી જ પૂરેપૂરું બહાર ચાલ્યું જવાય, અને દિવ્ય ચેતનામાં જઈને બેસી જવાય તો કેવું સારું! પણ એની તો

તેં મનાઈ કરેલી છે, અને એ મનાઈ હજી પણ ચાલુ છે અને હંમેશને માટે ચાલુ રહેવાની છે. જગતમાંથી નાસી જવાનું નથી જ! પ્રભુ તરફથી હરેક પ્રકારની મદદ પાછી ખેંચી લેવામાં આવે તોપણ છેવટ સુધી જગતના આ અંધકારનો અને અભદ્રતાનો બોજો વહ્યે જ જવાનો છે. મારે રાત્રિના હૃદયમાં રહેવાનું જ છે, હોકાયંત્રમાં હો કે ન હો, ધ્રુવનો પ્રકાશ દેખાઓ કે ન દેખાઓ, અંતરમાંથી માર્ગ જડો યા ન જડો તોય મારે તો ચાલ્યે જ રાખવાનું છે.

હું તારી કૃપા માટે પણ અરજ નહિ ગુજારું. મારે માટે તારી જે કંઈ ઇચ્છા હશે, તે જ ઇચ્છા મારી પણ રહેશે. કેવળ આગળ ધપ્યે જવું, એક એક કદમ કરીને પણ હમેશાં ધપ્યે જ જવું, એ કાર્ય માટે જ મારી સઘળી શક્તિ એકાગ્ર બની છે, ભલે અંધારું ગમે તેટલું ગાઢ હોય, માર્ગમાં ગમે તેટલાં વિઘ્ન હોય. અને ભલે ગમે તે થાય, પ્રભુ તારા નિર્ણયોને હું અચલ અને તીવ્ર પ્રેમથી સત્કારી લઈશ. તારી સેવા માટે આ કરણ તને પૂરતું યોગ્ય ન જણાય તોપણ એ કરણ હવે તારું છે, એના પરથી એની પોતાની માલિકી ચાલી ગઈ છે.... તું એને ભાંગી નાખી શકે છે યા તો મહાન બનાવી શકે છે, પરંતુ એ હવે તેની પોતાની અંદર તો જીવતું નથી જ, એ પોતે કશી ઇચ્છા કરતું નથી, તારા વિના એ હવે કંઈ કરી શકે તેમ નથી....

*
**

૮ માર્ચ ૧૯૧૫

એક સામાન્યરૂપે, અવસ્થા એક સ્વસ્થ અને ગહન નિરપેક્ષ ભાવની બની રહેલી છે; સ્વરૂપને નથી થતી કશી ઇચ્છા કશી ઘૃણા, એને નથી કોઈ ઉત્સાહ નથી વિષાદ, નથી આનંદ નથી શોક. એ જીવનને એક જોવાના ખેલરૂપે જોઈ રહ્યું છે કે જેમાં તેણે એક ખૂબ નાનકડો ભાગ ભજવવાનો છે; એ શક્તિઓની ક્રિયાઓ અને પ્રતિક્રિયાઓને, તેમના સંઘર્ષોને એ જાણે એકી સાથે તેના નાનકડા ક્ષણિક વ્યક્તિત્વથી

ઉપર છલકાઈ જતા અસ્તિત્વનાં બનેલાં હોય અને છતાં એ વ્યક્તિત્વને માટે તે સાવ અજાણ્યાં હોય એવી રીતે જોઈ રહ્યું છે.

પણ થોડે થોડે વખતે એક ઊંડો નિઃશ્વાસ સરી પડે છે, શોકનો, દુઃખભરી એકલતાનો, આત્માની રંકદશાનો, –જાણે કે પ્રભુએ પરહરેલી પૃથ્વી નિરાશ બનીને ધા નાખી રહી છે.... આ દર્દ જેટલું મૂંગું છે તેટલું જ દારુણ પણ છે, એનામાં વિનમ્રતા છે, એમાં વિરોધભાવ નથી. એમાંથી બચી જવાની કે નીકળી જવાની ઇચ્છા નથી. એમાં એક એવી અપાર મધુરતા ભરી છે કે જેમાં વેદના અને આનંદ પરસ્પરમાં એકરૂપ થઈ ગયાં છે; આ કોઈક અનંત રીતે વિશાળ, મહાન, ગહન એવી વસ્તુ છે; એ એટલી બધી તો મહાન અને એટલી તો ગહન વસ્તુ છે કે માનવો કદાચ તેને સમજી શકે તેમ નથી.... આ કાંઈક એવું છે કે જે પોતાની અંદર આવતી કાલના બીજને ધારણ કરી રહ્યું છે.

*
**

લ્યુનેલ, ૧૯ એપ્રિલ ૧૯૧૫

એક ઘણી જ અગત્યની પરિસ્થિતિ ઊભી થઈ છે અને ફરી પાછું મારી સાધના વિષેની તથા મારા આત્માની મથામણો વિષેની મારી આ નોંધ શરૂ કરવાની મને ફરજ પડી છે.

બાહ્ય સંજોગો બધા જ બદલાઈ ગયા છે. સ્થૂલ પ્રવૃત્તિઓમાં પણ આદર્શને સિદ્ધ કરવાનું મારું જે સ્વપ્ન હતું તે હવે ખોટું પડી રહ્યું છે. એ આદર્શ બાહ્ય જીવનમાં પણ એક હકીકતરૂપે બની રહે એ સુખી સાક્ષાત્કારની ક્ષણ હજી આવી નથી. સ્થૂલ શરીર વળી પાછું શુષ્ક અને એકધારી અંધાર રાત્રિમાં ગરક બની ગયું છે. એમ લાગે છે કે એ રાત્રિમાંથી નીકળી જવાની ઇચ્છા બહુ અકાળેની હતી. હે સત્યના સ્વામી, તારો સંકલ્પ હવે પ્રત્યક્ષ બન્યો છે અને તે આ ચણતરખોર મનને કહેવા લાગ્યો છે : 'એ વસ્તુ સાચી છે એમ તું

કલ્પી શકે તેમ નથી અને છતાં તે છે જ.' અને આ મને પણ બહુ સજ્જનતાપૂર્વક પોતાની ભૂલનો સ્વીકાર કરી લીધો છે અને તારા સંકલ્પને પોતાનું પૂર્ણ સમર્પણ કરી દીધું છે. પ્રાણમય સ્વરૂપ તો હરેક પરિસ્થિતિમાં શાંતિપૂર્વક સંતોષ અનુભવી રહ્યું છે. લાગણીઓ એક સમતાભરેલી અને શુદ્ધ શાંતિમાં પોતાનો વ્યવહાર કરી રહી છે. મારા આખાયે સ્વરૂપમાં તારો વિશાળ, શાશ્વત પ્રકાશ છલાછલ ભરાઈ રહ્યો છે. તારો પ્રેમ એમાં ઓતપ્રોત બની રહ્યો છે અને ધબકી રહ્યો છે. અને આમ છતાં બાહ્ય હકીકત તે એક જુઠાણું છે એ છાપ ભૂંસાઈ ગઈ નથી. અને શરીર, એનામાં ખરેખર સાચી શુભવૃત્તિ છતાં તે એટલું તો હચમચી ગયું છે કે પોતાના આરોગ્યની સમતુલા પાછી મેળવી શકતું નથી.

આ વ્યક્તિ સ્વરૂપને પોતાનું સારુંયે પાર્થિવ જીવન, પોતાના આરંભથી માંડી તે આજની ક્ષણ સુધીનું, એક અવાસ્તવિક સ્વપ્ન જેવું લાગે છે. એ જાણે કે પોતાથી બહુ દૂર હોય, પોતાની સાથે એને લગભગ કશો સંબંધ જ ન હોય એમ લાગે છે. એ આ બધા બાહ્ય તંત્રને એક યંત્રની માફક ચલાવી તો રહી છે પણ તે એટલા માટે કે તેનામાં રહેલી કેન્દ્રરૂપ વાસ્તવિકતાનો સંકલ્પ એ પ્રમાણેનો છે. પરંતુ એને પોતાને હવે એ તંત્રમાં કશો રસ નથી રહ્યો. અરે, બાજુમાંનું એક યંત્ર અથવા તો આવતી કાલની પૃથ્વીનું સર્જન હોય એવું હોઈ અજાણ્યું યંત્ર એને જેટલો રસ ઉત્પન્ન કરી શકે એથી પણ ઓછો રસ એને આમાં છે. પણ એને તો આ પૃથ્વી પોતે જ એક વિદેશી વસ્તુ જેવી લાગે છે. એને હવે શાશ્વતના મૌન સિવાય બીજી કોઈ જ વસ્તુનું ભાન નથી રહ્યું, એટલે રૂપમાં પ્રગટ થયેલું સારુંયે જીવન એને દૂર દૂરનું, લગભગ અવાસ્તવિક લાગે છે. વળી એને એ વાત પણ વિચિત્ર લાગે છે કે માણસ કોઈ પણ વસ્તુની ઇચ્છા કરી શકે છે, કેમકે જગતમાં વસ્તુ જેવું કાંઈ છે જ નહિ, અથવા તો એક કરતાં બીજી વસ્તુને માણસ વધુ પસંદ કરે એ પણ વિચિત્ર છે કેમકે બેમાંથી એકે વસ્તુને અસ્તિત્વ નથી. પરંતુ સાથે

સાથે એને એ પણ સમજાતું નથી કે પોતે શા માટે કોઈ પણ કર્મથી, તે ગમે તે રીતનું કર્મ માત્ર એકસરખી રીતે અવાસ્તવિક છે. અને પછી તો એને આ જગતથી પણ દૂર ભાગી જવાની જરૂર જણાતી નથી, કેમકે એ જગત જેવું કાંઈ છે જ નહિ. વળી આ જગત તેને બોજરૂપ પણ લાગી શકે તેમ નથી, કેમકે એનું અસ્તિત્વ જ નથું અસ્તિત્વથી રહિત છે. આમ આ આખીયે વસ્તુસ્થિતિ એક અભાવનો ખ્યાલ આપી રહી છે. પરંતુ એ અભાવ એક પ્રકાશથી, એક શાંતિથી અને વિશાળતાથી ભરેલો છે. એ અભાવને કોઈ પણ રૂપમાં કે વ્યાખ્યામાં બાંધી શકાય તેમ નથી. આ પરિસ્થિતિ તે એક શૂન્ય જેવી છે, પણ એ શૂન્ય સાચું છે અને શાશ્વત કાળ સુધી ટકી શકે તેવું છે. કારણ કે જે અસ્તિત્વમાં નથી એવી વસ્તુમાં રહેલી પૂર્ણ વિરાટતા એનામાં આવેલી છે તો પણ એ પોતે તો છે જ.... બિચારા શબ્દો, જે વસ્તુને મૌન પોતે પણ વ્યક્ત કરી શકે તેમ નથી તેને કહેવા માટે તે કેવો તો પ્રયત્ન કરી રહ્યા છે!

આમ આવા કંઢગા શબ્દો દ્વારા પોતાનું વર્ણન આપવાનો પ્રયત્ન કરતી પરિસ્થિતિ ક્રમેક્રમે કેટલાંક અઠવાડિયાંથી સ્થાપિત થઈ ગઈ છે અને જેમ જેમ દિવસ જતા જાય છે તેમ તેમ વધુ ને વધુ નિર્ણયાત્મક રીતે, કહો કે વધુ અનિવાર્ય રીતે સ્થાપિત થતી જાય છે. આ અવસ્થા અંગે મેં પોતે કશો સંકલ્પ કર્યો નથી, એ મેળવવાને કશો પ્રયત્ન કે ઇચ્છા કરી નથી છતાં મારું સ્વરૂપ એમાં વધુ ને વધુ ગરક થતું જાય છે. વળી મારી ચેતના પણ એક એવી ચેતનામાં વધુ ને વધુ લય પામી રહી છે કે જેમાં કોઈ વ્યક્તિરૂપતા નથી. એ ચેતનાની સ્થિરતા વર્ણવી શકાય તેમ નથી. એની અને મારી પોતાની વચ્ચે હવે કોઇ પણ પ્રકારનો ભેદ કરવો એ પણ હવે શક્ય રહ્યું નથી.

*
**

૨૪ મે ૧૯૧૫

પ્રભુ, એક દિવસે તેં મારા મનને જ્ઞાન આપ્યું અને સમજાવ્યું

કે તારા દિવ્ય સત્યના આવિર્ભાવમાં એક કરણ તરીકે તે સંપૂર્ણ-પણે કામ કરી શકે છે. વળી બાહ્ય ચેતનાની શકયતાઓનું ક્ષેત્ર સંકુચિત હોવાને લીધે પોતાની કલ્પનાઓને સિદ્ધ કરવામાં તેને જે મર્યાદાઓ નડે છે તેમાંથી પણ મુક્ત રહીને તારા શાશ્વત સંકલ્પનું માધ્યમ તે બની શકે છે. તારી પાસેથી આ જ્ઞાન મળ્યું ન હતું ત્યાં સુધી મારું મન અમુક વિરલ અપવાદ સિવાય આ પ્રમાણે કરતું હતું. તારા શબ્દા-તીત અનંત સ્વરૂપ સમક્ષ તો તે શાંત મનનાવસ્થામાં મગ્ન રહેતું, એક પરમ આનંદ અનુભવતું. પરંતુ એ સ્થિતિમાંથી બહાર આવ્યા પછી તો તેને પાછું, બાહ્ય ચેતનાએ જે કંઈ કામ હાથ ધરેલું હોય તે ઉપર જ પોતાની શક્તિ એકાગ્ર કરવી પડતી. એક નાનકડા ચોકઠામાં એ એક જાતની ગુલામગીરી જ બની રહેતી. મન પાસે સાક્ષાત્કારની જે શક્તિ હતી તે શક્તિ તે જે કરણ દ્વારા કામ કરતું તેમાં ન હતી. એટલે એ બંનેની કાર્યશકિતમાં એક પ્રકારનો વિરોધ રહેતો. અને એનું સૌથી પ્રથમ પરિણામ એ આવતું કે મનની શક્તિઓને એક મર્યાદામાં રૂંધાઈ રહેવું પડતું, એ શક્તિઓ વ્યર્થ ખરચાઈ જતી. મનને પ્રવૃત્તિ કરવામાં કશો સંતોષ મળતો નહિ, અને પછી સ્વાભાવિક રીતે જ તે પાછું તારા શાશ્વત સ્વરૂપમાં આવીને ડૂબકી મારી જતું.

આ વિસંવાદ તેં એકાએક જ મટાડી દીધો, મનને તેના છેલ્લા બંધનમાંથી મુક્ત કરી દીધું. અત્યાર સુધી તેને એમ લાગતું હતું કે તે પોતાનું કાર્ય અમુક જ રૂપો દ્વારા કરી શકે તેમ છે, માત્ર એ રૂપો જ એનાં સ્વાભાવિક સાધન છે. એની એ માન્યતા દૂર કરીને તેં એને હરેક પ્રકારનાં રૂપો મારફતે મુકતપણે કાર્ય કરતાં શીખવ્યું.

આ મુકત કાર્યનો સાક્ષાત્કાર પ્રાણચેતનાને કયારનોય થઈ ચૂકયો હતો. જે જે રૂપોમાં જીવનનો આવિર્ભાવ કરવાની શક્તિ હોય ત્યાં સર્વત્ર જઈ પહોંચવું, અને તે રૂપો દ્વારા તમામ પ્રકારનાં સંવેદનો અને લાગણીઓને અનુભવવાં એ જ્ઞાન તેને થયું હતું. પરંતુ એવી શક્તિ મનને પ્રાપ્ત થઈ નહોતી. હરેક પ્રકારના જીવનમાં સજ્ઞાન રીતે

સંચાર કરચો, તે જીવનને સંગઠિત કરવું, આલોકિત કરવું એ જ્ઞાન તેને મળ્યું નહોતું. આજે હવે એ મન આગળ તારા અનંત આવિર્ભાવનો માર્ગ તેં ખોલી આપ્યો છે.

થોડા દિવસોમાં આ નવા વિજયનો પાછો ફરીથી સાક્ષાત્કાર થયો, એ વિજયનો પાયો વધુ દૃઢ કરવામાં આવ્યો. મારી પાસેથી—એટલે કે મારી સમગ્ર ચેતના અત્યારે આ પૃથ્વી ઉપર જેના પ્રતિનિધિરૂપે છે તે ચેતના-કેન્દ્ર પાસેથી તું શી અપેક્ષા રાખે છે તે મારી સમક્ષ સ્પષ્ટરૂપે રજૂ કરવામાં આવ્યું. આ ચેતના-કેન્દ્રે સર્વ સ્થૂલ પાર્થિવ રૂપોમાં પ્રાણુરૂપ બનવાનું છે, એ રૂપોમાં રહેલા પ્રાણુતત્ત્વને સંગઠિત કરનાર અને તેમનો ઉપયોગ કરનાર ચિત્તરૂપ બનવાનું છે, એ ચિત્તનાં સર્વ ભિન્ન ભિન્ન તત્ત્વોને વિસ્તાર આપનાર, પ્રકાશિત કરનાર, ઉત્કટ બનાવનાર, એકત્રિત કરનાર પ્રેમરૂપ બનવાનું છે. આમ આ પ્રગટ સૃષ્ટિ સાથે પૂર્ણ તાદાત્મ્ય પ્રાપ્ત કરીને, તેનાં રૂપાંતરો સિદ્ધ કરવા માટે તેના પ્રવાહમાં પૂર્ણ શક્તિ વડે વચ્ચે પડી શકાય એવું બલ મેળવવાનું છે.

બીજી બાજુએ મારે પરમ તત્ત્વ સાથે પણ પૂર્ણ તાદાત્મ્ય પ્રાપ્ત કરવાનું છે. એ પરમ તત્ત્વને પૂર્ણપણે સમર્પિત થઈ જઈ, વિશ્વના પરમ સત્યનું, તેમજ એ સત્યને આવિર્ભાવ આપતા પ્રભુના શાશ્વત સંકલ્પનું મારે જ્ઞાન મેળવવાનું છે. પરમાત્મા સાથે આમ તાદાત્મ્ય સિદ્ધ કરી મારે એના વફાદાર સેવક બનવાનું છે, તેમના દિવ્ય સંકલ્પને સિદ્ધ કરવામાં મારે સમર્થ માધ્યમ બનવાનું છે, અને આમ પરમાત્મા તેમજ વિશ્વ એ બેયની સાથેના સજ્ઞાન તાદાત્મ્યનો સંયોગ સાધીને મારે આ વિશ્વમાં પ્રગટેલા પ્રાણુને, મનસને તથા પ્રેમને પરમાત્માના આદિ તત્ત્વના સત્ય ધર્મને અનુસાર સજ્ઞાનપણે ઘાટ આપવાનો છે, ઘડવાનાં છે.

વ્યક્તિની ચેતના આ રીતે, પરમ સત્ય અને આ પ્રગટ વિશ્વ વચ્ચે સજ્ઞાન માધ્યમ બની શકે છે, પોતે જગતના પ્રવાહમાં વચ્ચે

પડીને પ્રકૃતિના મંદ અને અનિશ્ચિત યોગને પ્રભુના દિવ્ય યોગનું ઝડપી, ઉત્કટ અને નિશ્ચિત રૂપ આપી શકે છે.

પૃથ્વીનું જીવન અમુક કાળે કેટલાક તબક્કાઓમાંથી કોઈ અદ્ભુત ઝડપે પસાર થઈ જતું દેખાય છે, તે ઘટના પણ આવી કોઈ શકિતના સક્રિય હસ્તક્ષેપને લીધે જ બને છે. એમ નથી હોતું ત્યારે એવા તબક્કાઓ વટાવતાં પૃથ્વીને હજારો વર્ષો લાગી જાય છે.

અત્યારે મારા મન, પ્રાણ વા સ્થૂલ દેહની હરેક ક્રિયા અને કર્મની પાછળ તારા શાશ્વત સંકલ્પને પૂર્ણ અને સજ્ઞાન સમર્પણની સ્થિતિ, હું જાણી શકું છું ત્યાં સુધી, પ્રભુ, અખંડ અને અવિકારી બની શકી છે. એક અચલ સ્વસ્થતા, એક ઊંડો, શાંત, અવિચલ આનંદ મારામાં અખંડ રહેવા લાગ્યાં છે. એને શું પેલા સમર્પણની સાબિતી નહિ ગણી શકાય? વિશ્વના સર્વ પ્રગટ રૂપોમાંના પ્રાણ, મન અને પ્રેમ સાથેનું આ શાંત એટલે કે ગ્રહણશીલ તાદાત્મ્ય હવે એક સિદ્ધ હકીકત જેવું છે. તારા પરમ શુદ્ધ સત્યને સમર્પણ કરવાથી આવું પરિણામ જ અનિવાર્યપણે આવે છે એમ જોઈ શકાય છે.

પરંતુ આ અનુભૂતિની ક્ષણો હજી અવારનવાર જ આવે છે. વિશ્વનાં સર્વ સ્થૂલ રૂપોમાં મારી ચેતના પ્રાણરૂપે સફળ રીતે પ્રવેશ કરતી હોય અને એ રૂપોને ઘાટ આપતી હોય, વળી ચિત્તરૂપે એ પ્રાણને સંગઠિત કરતી હોય, અને પ્રેમરૂપે એ ચિત્તને આલોકિત કરતી હોય, વળી ચેતનાની આ ક્રિયાઓ પૂરેપૂરા જ્ઞાનપૂર્વક અને વેગપૂર્વક થઈ રહી હોય, નાનામાં નાની વિગતમાં તેમજ મોટા સમૂહમાં તે એકી સાથે કામ કરતી હોય, એ ક્રિયાઓમાં પોતાની ચોક્કસ શક્તિનું, પોતાની સમૃદ્ધિનું ભાન હોય એવી અનુભૂતિ હવે વધુ વાર આવવા લાગી છે, અને સ્થાયી પણ બનવા લાગી છે.

આવી ક્ષણોમાં એ બંને પ્રકારની ચેતનાઓ એકી સાથે વિદ્યમાન રહે છે, બંને મળીને એકરૂપ થઈ જાય છે. એ સ્થિતિનું વર્ણન આપી શકાય તેમ નથી. એ એકરૂપ ચેતનામાં પરમાત્માની અક્ષર શાશ્વત

સ્થિતિ અને શાશ્વત ક્ષર પ્રવૃત્તિઓએ બંનેનું મિલન સધાયેલું હોય છે. આજના યુગકાર્યની સિદ્ધિનાં પગરણ એવી ક્ષણોમાં જ મંડાય છે.

*
**

માર્સિલાર્ગ, ૩૧ જુલાઈ ૧૯૧૫

પ્રભુ, તારો સેવક તરીકેનો, કરણ તરીકેનો ભાગ ભજવતી વેળાએ પણ તારા તરફ મુખ કરી તારું એકાદ સ્તવન કરી લેવાની રજા મને મળે ખરી? તારા શાશ્વત સત્ય તત્ત્વમાં, તારા પરમ આનંદમાં હું તારી સાથે તદ્રૂપ થઈ શકું ખરી? અને મનુષ્યો આગળ, તેમને તદ્દન અજાણ એવી તારી આ શાંતિ અને આનંદની વાત કરી શકું ખરી? ....આ બંને વૃત્તિઓ મારામાં એકીસાથે પ્રગટે છે, આ બંને ચેતનાઓ સમાંતરે વહ્યા કરે છે. આવા ગાઢ અને અભેદ્ય મિલનમાં જ તારી પરમ સમૃદ્ધિનો નિવાસ છે.

સ્વર્ગનો વિજય તો હવે નિઃશંક સિદ્ધ થઈ ચૂક્યો છે. મારો એ વિજય હવે કોઈ છીનવી શકે તેમ નથી. પરંતુ પૃથ્વીનો વિજય હજી બાકી છે. એ વિજય માટેનો સંગ્રામ પૃથ્વીના ઘોર જીવન-પ્રવાહની ભીતર ચાલી રહ્યો છે. વળી, એ વિજય સિદ્ધ થશે ત્યારે પણ સાપેક્ષ કોટિનો જ હશે. જગતમાં મળતો પ્રત્યેક વિજય એથીયે વધુ મહાન વિજયની પૂર્વભૂમિકા જેવો જ હોય છે. તારો સંકલ્પ મારા સમક્ષ જે સાધ્ય, જે લક્ષ્ય સાકાર કરે છે તેની પ્રાપ્તિ, તેનો વિજય તારી વિશ્વયોજનામાં તો એકાદ નાનકડી સાદીસીધી વસ્તુ જેવો જ હોય છે. પરંતુ તારી સાથે હું પૂર્ણ અદ્વૈતમાં હોઉં છું ત્યારે તો હું પોતે જ આ વિશ્વયોજનારૂપ બની રહું છું. અને આ ભેદની સૃષ્ટિમાં તેં મને ભજવવા સોંપેલો ખાસ ભાગ હું ખંતથી, ચોકસાઈથી અને પૂર વેગથી ભજવતી હોઉં છું ત્યારે પણ તારી નિઃસીમતાનો પરમ આનંદ તો મારા અનુભવમાં ચાલુ જ રહે છે.

એક ઝરણુ પોતાનાં પાણીનો સંગ્રહ કરતું હોય તેમ તારી શક્તિ મારામાં સંચિત થઈ રહી છે. એ નિર્ઝરમાં બળ છે, સર્જનશક્તિ છે. ખડકોની પાછળ રહ્યું રહ્યું એ પોતાની શક્તિઓ ભેગી કરી રહ્યું છે, માર્ગનાં વિઘ્નોને તોડીફોડી, બહારના જગત ઉપર ધસી જવા માટે, મેદાનો ઉપર રેલાઈ જવા માટે, જગતને ફળદ્રુપ કરી મૂકવા માટે તે આતુર બની રહ્યું છે. એના પ્રાકટ્યની એ ક્ષણ ક્યારે આવશે ? એ ક્ષણ આવતાં એ છલંગ મારી વહેતું થઈ જશે. તારી શાશ્વતતામાં કાલનો અને ક્ષણનો તો જો કે કંઈ જ હિસાબ નથી, તોપણ આજે હું જે અનુભવી રહી છું તેનો પરમ આનંદ હું કયા શબ્દોમાં વર્ણવી શકું ? વિશ્વનાં સર્વ બલો મારામાં એકત્ર થઈ રહ્યાં છે, તીવ્રપણે એકાગ્ર થઈ રહ્યાં છે. તારા ભાવિ સંકલ્પને સિદ્ધ કરવાના કાર્યમાં તે નમ્રપણે તારા ચરણે બેઠાં છે. આખા જગત પર ફરી વળવા માટે, તારી ભૂતકાળની સૃષ્ટિને વળગી રહેવા માગતાં વિરોધી તત્ત્વોને પોતાના પ્રચંડ પ્રવાહમાં ડુબાવી દેવા માટે તેઓ તૈયારી કરી રહ્યાં છે. તારા નામે એમને પૃથ્વીનો કબજો લેવો છે, અને એમ કબજે કરેલી પૃથ્વીને તારી વધારે પૂર્ણ એવી પ્રતિમા બનાવવી છે અને તારે ચરણે તે પાછી સમર્પિત કરવી છે.

તેં કહ્યું છે કે પૃથ્વીનું મૃત્યુ થશે. હા, પૃથ્વીનું પુરાણું અજ્ઞાન અવશ્ય મૃત્યુ પામવાનું છે.

તેં કહ્યું છે કે પૃથ્વી જીવતી રહેશે. હા, પૃથ્વીમાં તારી શક્તિને પુનર્જીવન પ્રાપ્ત થશે અને તે જીવતી રહેશે.

પ્રભુ, કયા શબ્દો તારા પ્રતાપની ભવ્યતાને, તારા શાસનના સામર્થ્યને વર્ણવી શકશે ? કયા શબ્દો તારા ચૈતન્યની પૂર્ણતાને, તારા પ્રેમના અસીમ આનંદને વ્યક્ત કરી શકશે ?

કઈ વાણી તારી વાચાતીત શાંતિનું ગાન કરી શકશે ? કઈ વાણી તારા મૌનની ભવ્યતાને, તારા સર્વસમર્થ સત્યના ગૌરવને ગાઈ શકશે ?

આ અખિલ પ્રગટ બ્રહ્માંડ પણ તારા પ્રતાપને, તારાં અદ્ભુતોને

વર્ણવી શકે તેમ નથી, અને છતાં આદિઅનાદિથી, એ જ કાર્ય વધુ ને વધુ પ્રમાણમાં, વધુ ને વધુ સારી રીતે કરવા તે સદાકાળ મથી રહ્યું છે.

*
**

પારિસ, ૨ નવેમ્બર ૧૯૧૫

(કેટલીક પરિચિત વસ્તુઓને વ્યવસ્થિત કર્યા પછી થોડી ક્ષણો બાદ.)

સમુદ્રની સપાટી ઉપર પવનની એક જોરદાર લહરી આવી જાય અને એનાં અનેકાનેક મોજાં પર ફીણના મુકુટો પહેરાવી દે તેવું અત્યારે બન્યું છે. મારી સ્મૃતિ પર કોઈએક મોટો ઉચ્છ્વાસ ફરી વળ્યો છે અને સ્મરણોનાં ટોળાં જાગી ઊઠયાં છે. એક ક્ષણ માત્રમાં જ એ આખો ભૂતકાળ અનેક વસ્તુઓથી ભરચક ભરેલો એની તમામ તીવ્રતા સાથે જાગૃત થઈ આવ્યો. એની ફોરમ, એની સમૃદ્ધિ તેવી ને તેવી જ તાજી અને અખંડ હતી.

અને પછી મારી અખિલ ચેતનામાં ભક્તિનો એક મહાતરંગ ઊછળ્યો. અને કોઈ ભરચક ખેતરનો પાક લણ્યો હોય તેમ આ બધાં સ્મરણોને એકઠાં કરી, પ્રભુ, મેં તારે ચરણે ધરી દીધાં.

આજે જોઉં છું કે મારા આખા જીવનમાં હું કેવળ તને જ શોધતી હતી. જો કે તે વખતે તો મને એવું કોઈ ભાન ન હતું. ત્યારે આ વસ્તુની કોઈ ઝાંખી હતી તોપણ તે આછીપાછી જ હતી. પણ મારી બધી ઇચ્છાઓ દ્વારા, મારી આશાઓ અને નિરાશાઓ, મારા ઉત્સાહો અને આનંદો, મારાં દુઃખો અને દર્દો એ તમામની અંદર હું તને જ કેવલ ઝંખતી હતી. મારી ખોજ આજે પૂરી થઈ છે. તારાં દર્શન મને મળ્યાં છે. તું મારામાં એક પરમ શાંતિ, એક પરમ આનંદ બનીને વસી રહ્યો છે. આજે તો એ વાત યાદ કરતાં પણ નવાઈ લાગે છે કે તને શોધવા માટે મારે આટઆટલા અનુભવો, આટલી બધી લાગણીઓ, આટલાં બધાં સંવેદનોમાંથી પસાર થવું ખરેખર જરૂરી હતું.

પરંતુ હવે, તારો મૂર્તિમંત સાક્ષાત્કાર થયા પછી એ બધું, એ સંઘર્ષો, એ વ્યથાઓ, એ જેહમતો, એ અખંડ પુરુષાર્થ આજે મારે માટે એક અમૂલ્ય ખજાના જેવું બની ગયું છે. અને એ ભંડાર તારે ચરણે સાનંદ અર્પણ કરું છું. તારા જ્ઞાનની પાવક જ્વાળાએ એ તમામ અનુભવસામગ્રીને મહામૂલી રત્નખાણ જેવી કરી આપી છે. મારી હૃદયવેદી ઉપર એ જીવતી સમિધરૂપે તારે કાજે ખડકાયાં છે.

ભૂતકાળની ભૂલો આજે પ્રગતિનાં પગથિયાં બની રહી છે, આંધળાં બાથોડિયાં વિજયરૂપ બની ગયાં છે. તારી પરમ શક્તિ પરાજયોને તારા શાશ્વત વિજયોમાં પલટાવી નાખે છે. તારા ઝળહળતા તેજપ્રવાહ આગળ બધી છાયાઓ પલાયન થઈ જાય છે.

જીવનમાં પ્રેરણાનો દેનાર પણ તું જ હતો, અને પ્રેરણાનું લક્ષ્ય પણ તું જ હતો. જીવનમાં કર્મનો કરનાર પણ તું જ છે અને એ કર્મ પણ તું જ છે.

વ્યક્તિનું જીવન એક સ્તવન જેવું છે, જગત એ સ્તવનને ફરી ફરીને ગાયા જ કરે છે, અને તારા અકલ્પ્ય વૈભવના ચરણે એને ધર્યા કરે છે.

*
**

૭ નવેમ્બર ૧૯૧૫. ૩ વાગે

એકેએક બાહ્ય ચિહ્ન, એકેએક સ્થૂલ વિગત અદૃશ્ય થઈ ગઈ હતી. કાળની પળો ભવ્ય રીતે વહેતી હતી. અંતરમાં એક ગહન ચુપકીદી છવાઈ હતી, એક ઊંડી અને વિશાળ શાંતિ પથરાઈ હતી. અને મારાં આંસુ મોકળે મને વહેવા લાગ્યાં. છેલ્લા બે દિવસથી પૃથ્વી એક નિર્ણયાત્મક કસોટીમાંથી પસાર થતી લાગે છે. આધ્યાત્મિક બલો અને તેમનો વિરોધ કરતું સ્થૂલ જગત એ બે વચ્ચેનો ભીષણ સંગ્રામ હવે પૂરો થવા આવ્યો છે. કંઈ નહિ તો, એક પરમ મહત્ત્વનું તત્ત્વ આ સંગ્રામમાં પ્રવેશી ચૂક્યું છે, યા તો પ્રવેશવાની તૈયારીમાં છે.

આવા કાળમાં વ્યક્તિઓનું મૂલ્ય કેટલું તો અલ્પ હોય છે! વંટોળમાં ઊડતાં તણખલાં જેવી જ તેમની સ્થિતિ હોય છે. પવનની ચકરીમાં સપડાઈ વ્યક્તિ ઘડીભર જમીનથી ખૂબ ઊંચે થોડાં ચક્કર તો ખાઈ લે છે, પણ થોડી જ વારમાં એના નસીબમાં ભોંય પર પટકાવાનું હોય છે, ધૂળમાં ધૂળ થઈ જવાનું હોય છે. પોતાની આ અસ્થિર સ્થિતિનું, આ અપાર પામરતાનું જેમને ભાન થઈ જાય છે તેમના દુઃખને પછી સીમા નથી રહેતી. તેમનાં હૃદય રડી ઊઠે છે, તેમનાં અંતર કકળી ઊઠે છે. એવી વ્યક્તિ પછી ભાવિના અન્યથા વિકાસની રાહ પણ જોઈ શકતી નથી. તેમને સર્વત્ર ભયનાં, વિનાશનાં જ દર્શન થાય છે.

પરંતુ વ્યક્તિનું આ અજ્ઞાન જ્યારે ઓસરે છે, એની ચેતના તારી શાશ્વત ચેતનાને મળવા વિરાટમાં જ્યારે ઊડે છે ત્યારે આપણે જોઈએ છીએ કે વ્યક્તિની આ બાહ્ય વ્યથામાં, કેવળ સંકુચિત અહંને લીધે જ ઊપજતી આ પીડામાં પણ એક ભવ્યતા રહી છે, એક મહાસૌન્દર્ય રહ્યું છે. વ્યક્તિની ચેતના અંતર્મુખ થઈને એકાગ્ર બનતાં તેમાંથી એક શક્તિનો જન્મ થાય છે. એ શક્તિ આ પ્રતીક્ષા-ને પણ એક પુનિત ક્રિયા બનાવી મૂકે છે, અને એમાં એક પરમ જ્યોતિ જલાવી આપે છે.

આ દુખિયારી દુનિયા તારી આગળ ઝૂકી તને મૂંગીમૂંગી વીનવી રહી છે. આ રિબાતીપીડાતી જડ સૃષ્ટિ તારાં ચરણોમાં આવીને લપાઈ રહી છે. ત્યાં જ છે એનો અંતિમ અને એકમાત્ર વિશ્રામ. એની આ અરજ એ જ એની પ્રાર્થના છે. એને બીજી કશી સમજ નથી, તારે વિષે કશું જ્ઞાન નથી! માણસની વેદનાની અંતિમ ચીસ જેવી એ પ્રાર્થના તારા તરફ ચડે છે. પૃથ્વી પરથી આજે લોપ પામતી વસ્તુને કંઈક આછોઆંછો ભાસ થાય છે કે એને તારી અંદર પાછું એક નવું જીવન મળે પણ ખરું. જગત તારી આગળ સાષ્ટાંગ પ્રણિપાત કરી રહ્યું છે અને તારા આદેશની રાહ જોઈ રહ્યું છે, સાંભળ, મારા

પ્રભુ, સાંભળ. આ પૃથ્વીનો અવાજ તને કરગરે છે, વીનવે છે. શો છે તારો આદેશ ? શી છે તારી સજા ? ઓ સત્યના અધિરાજ, વ્યક્તિઓની આ સૃષ્ટિ તારા સત્યને હજી પિછાણતી નથી, તોયે એ સત્યને તે આમંત્રી રહી છે, એને આશિષ દઈ રહી છે, પોતાની તમામ જીવંત શક્તિઓ દ્વારા તેને આનંદપૂર્વક વળગી રહી છે.

ગંભીર અને વિરાટ ડગલે મૃત્યુએ જગતમાંથી વિદાય લીધી છે. એ પસાર થતું હતું ત્યારે સૌ એક પુનિત મૌનમાં સ્થિર બની ગયાં હતાં. પૃથ્વી ઉપર એક અતિમાનુષ સૌન્દર્ય પ્રગટ્યું છે.

એક અદ્ભુત તત્ત્વ પોતાના આગમનનો પરચો આપી રહ્યું છે. જગતના મહાનમાં મહાન અદ્ભુત આનંદ કરતાં પણ એ તત્ત્વ વધુ અદ્ભુત છે.

*
**

૨૬ નવેમ્બર ૧૯૧૫

મારી અખિલ ચેતના એક દૈવી ધ્યાનમાં મગ્ન થઈ ગઈ. મારું આખું સ્વરૂપ એક વિશાળ પરમ સુખ અનુભવી રહ્યું.

ત્યાર પછી મારા શરીરમાં એક નિર્મલ કંપારી ફેલાઈ ગઈ, પ્રથમ તો નીચેના અવયવોમાં અને પછી આખાય શરીરમાં. અને એમ થતાં મારી સ્થૂલમાં સ્થૂલ મર્યાદાઓ પણ ધીરેધીરે ઓસરી ગઈ. ચેતના વિશાળ અને મહાન બનવા લાગી, ક્રમે ક્રમે અને પદ્ધતિસર. એકેએક અંતરાયને તોડતી, એકેએક વિઘ્નને નાબૂદ કરતી એ આગળ ને આગળ વધવા લાગી. એણે હવે એક શક્તિને, એક બલને પોતામાં ધારણ કરવાનું હતું, એમને આવિર્ભાવ આપવાનો હતો. એ શક્તિ અને બલ હવે અસ્ખલિત રીતે વધુ ને વધુ વિશાળ અને તીવ્ર બનવા લાગ્યાં. જાણે કે શરીરના તમામ કોશો હવે વિસ્તાર પામતા હતા. એમ મોટું થતું થતું શરીર આખી પૃથ્વી સાથે તદ્રૂપ થઈ ગયું. પૃથ્વીનો ગોળો એ જ જાણે કે આ જાગેલી ચેતનાનો દેહ બની ગયો હતો.

અને આકાશમાં લેશ પણ ઘર્ષણ વિના ગતિ કરી રહ્યો હતો. હવે ચેતનાને જણાવા લાગ્યું કે તેનો આ પૃથ્વીરૂપી દેહ આ પ્રમાણે વિશ્વરૂપ મા ભગવતીના બાહુમાં ગતિ જ કરી રહ્યો છે. અને એમ જ્ઞાન થતાં વેંત જ ચેતનાએ પોતાની જાત એક શાંત આનંદના ઉછાળા સાથે એ વિશ્વજનનીના હાથમાં સોંપી દીધી, એનાં ચરણોમાં ન્યોછાવર કરી દીધી. તે પછી એને લાગ્યું કે એનો દેહ હવે વિશ્વના દેહમાં સમાઈ ગયો હતો, એ દેહ સાથે એક બની ગયો હતો. અને પછી ચેતના પણ આખા વિશ્વની ચેતનારૂપ બની ગઈ. સમગ્રરૂપે જોતાં તે તદ્દન સ્થિર અવસ્થામાં હતી, પણ તેની અંદર રહેલાં અનેક સંકુલ તત્ત્વોરૂપે જોતાં એ અનેકાનેક ગતિઓથી ભરેલી હતી. એ વિશ્વરૂપ બનેલી ચેતનાએ પછી એક તીવ્ર અભીપ્સાપૂર્વક, એક પરમ સમર્પણભાવે પરમાત્મા તરફ ઉછાળો લીધો. અને પરમાત્માની નિર્મલ દેદીપ્યમાન જ્યોતિમાં એને જ્યોતિર્મય પરમપુરુષનાં દર્શન થયાં. એ પરમપુરુષ એક અનેક માથાંવાળા સર્પ ઉપર ઊભા હતા. એ સર્પનું શરીર આખા વિશ્વને વીંટળાતું આમળા લઈ રહ્યું હતું. એ જ્યોતિર્મય પુરુષે એક વિજયસૂચક પરમ અભિનય કર્યો અને એ સર્પનું તથા એ સર્પમાંથી નીકળેલા વિશ્વનું એકી સાથે સર્જન કર્યું અને તેમને તરત જ પોતાના વશમાં લઈ લીધાં, અને પોતાની વિશ્વજિત્ શક્તિના ગૌરવપૂર્વક એ સર્પને માથે ટટાર ઊભા રહી ગયા. અને જે વિજયસૂચક અભિનય દ્વારા તેમણે એ વિશ્વને વીંટાયેલા સર્પને કચડી નાખ્યો એ જ અભિનય દ્વારા તેમણે એ સર્પને શાશ્વત જન્મ પણ આપ્યો. એ દર્શન પછી ચેતના આ પુરુષરૂપ બની ગઈ. અને તેને દેખાવા લાગ્યું કે વળી પાછું તેનું સ્વરૂપ બદલાઈ રહ્યું છે. એ સ્વરૂપ કોઈક એવા તત્ત્વમાં લય પામી રહ્યું છે કે જેને કોઈ આકાર નથી, રૂપ નથી અને છતાં તેમાં બધાં રૂપો, બધા આકારો આવી રહેલાં છે. એ નવું તત્ત્વ એક શાશ્વત અક્ષરરૂપે વિશ્વને જોઈ રહ્યું છે, એક ચક્ષુરૂપે, એક સાક્ષીરૂપે. અને પોતે જેને જુએ છે તે પણ તે પોતે જ છે. રૂપનો આ છેલ્લો સંકેત પણ પછી અદૃશ્ય થઈ ગયો

અને ચેતના તે શબ્દાતીત, અવર્ણ્ય પરમતત્ત્વમાં લયપામી ગઈ.

શરીરની ચેતનામાં પાછા ફરવાની ક્રિયા બહુ જ ધીમેધીમે બની. એ દરમિયાન પ્રકાશ, શક્તિ, આનંદ અને ભક્તિભાવની લાગણી અખંડ ટકી રહી હતી. એ અવતરણ વિશ્વનાં તેમજ પૃથ્વીનાં રૂપોમાં થઈને પસાર થયા વિના સીધેસીધું જ થયું, પરંતુ તેમાં પણ અમુક ક્રમિક કક્ષાઓમાંથી પસાર થવાનો ક્રમ તો રહ્યો જ હતો. અને તે પછી જાણે કે અહનું શરીર, કોઈની પણ દરમિયાનગીરી વિના, શાશ્વત સાક્ષીપુરુષનું જ પ્રત્યક્ષ અને નિકટનું વસ્ત્ર બની રહ્યું.

*
**

૧૫ જાન્યુઆરી ૧૯૧૬

ઓ, તું કે જેને હું મારો પ્રભુ કહું છું, તે તું પોતે શાશ્વત પરાત્પરનું વ્યક્તિસ્વરૂપ છે, મારા પોતાના વ્યક્તિસ્વરૂપનું કારણ, મૂળ અને વાસ્તવિકતા છે; ને તેં આ જડ પદાર્થની માટીને સદીઓ અને યુગોથી ધીરેધીરે અને સૂક્ષ્મરૂપે એવી રીતે ગૂંદી છે કે જેથી કરીને તે એક દિવસ, તારી સાથે સભાન રીતે એકરૂપ બની જાય અને તારા સિવાય બીજું કાંઈ ન રહે; અહો, તું કે જે મારી સમક્ષ તારા દિવ્ય પ્રભાવંત સ્વરૂપમાં પ્રગટ થયેલો છે – તેની સમક્ષ આ વ્યક્તિભૂત સ્વરૂપ એના સર્વ સંકુલપણા સાથે, પોતાની જાતનું, તને એક પરમ આદરભાવ સાથે સમર્પણ કરે છે; એ સમગ્રપણે તારી સાથે પોતાનું તાદાત્મ્ય કરવાની અભીપ્સા સેવે છે, શાશ્વતપણે તારા સ્વરૂપ બની જઈને, તારી અંદર કાયમને માટે વિલીન થઈ જવા માગે છે. પણ એ એમ થાય તે માટે તૈયાર છે? તારું કાર્ય સંપૂર્ણ-પણે સિદ્ધ થયું છે? શું એની અંદર હવે કોઈ જાતનો પડછાયો, અજ્ઞાન અથવા મર્યાદા આવી ગયાં નથી? શું તું હવે નિર્ણયાત્મક રીતે એને પોતાને કબજે લઈને, કાયમને માટે અજ્ઞાનના બનેલા જગતમાંથી બહાર ખેંચી કાઢીને, સત્યના જગતમાં જીવતું બનાવીને

એનામાં સર્વોત્કૃષ્ટ અને અત્યંત સંપૂર્ણ રૂપાંતર કરી શકે તેમ છે?

અથવા તો, તું એટલે મારું જ સૌ ક્ષતિઓ અને મર્યાદાઓ વિનાનું સ્વરૂપ. શું હું મારા સ્વરૂપના એકેએક પરમાણુમાં આવી રીતના સર્વથા સત્યસ્વરૂપ બની ગઈ છું? શું તું એની અંદર, એને અભિભૂત કરી નાખનારું રૂપાંતર સિદ્ધ કરીશ, કે પછી હજી એ પણ એક ધીરેધીરે બનતી ક્રિયા હશે જેમાં એક પછી એક કોષાણુને તેની મર્યાદાઓ અને અંધકારમાંથી બહાર ખેંચી કાઢવાં પડશે?

તારા સામ્રાજ્યનો કબજો લેવા માટે તારામાં સર્વજયી સામર્થ્ય છે; તને શું હજી એમ લાગે છે કે તારું સામ્રાજ્ય તારી સાથે નિર્ણયાત્મક રીતે પોતાને એકરૂપ કરવા માટે અને તેના દેહ સાથે ભળી જવા માટે પૂરતા પ્રમાણમાં તૈયાર નથી?

શું વ્યક્તિમાં સંપૂર્ણ દિવ્ય જીવનની સ્થાપના થવાનો ભવ્ય ચમત્કાર આખરે સિદ્ધ થશે?

*
**

૨૨ જાન્યુઆરી ૧૯૧૬

આ દીન કરણ તેં પૂરેપૂરું તારા હાથમાં લઈ લીધું છે. પરંતુ એ હજી એટલું તો સંપૂર્ણ નથી બનેલું કે જ્યારે તું એનું સંપૂર્ણ રીતે રૂપાંતર કરી શકે, એની સંપૂર્ણ કાયાપલટ કરી શકે. તું એના એકેએક અણુમાં કામે લાગી જઈ એને ગૂંદી રહ્યો છે, એને સૂક્ષ્મ બનાવી રહ્યો છે, પ્રકાશથી ભરી રહ્યો છે, એના સારાયે સમગ્ર રૂપમાં તું એને વ્યવસ્થિત કરી રહ્યો છે, સુયોજિત અને સંવાદમય કરી રહ્યો છે. એકેએક ચીજ ગતિમાં આવી ગઈ છે, પલટાઈ રહી છે. તારી દિવ્ય ક્રિયાશક્તિ પોતે જાણે કે શુદ્ધિકારક અગ્નિનું અખૂટ મૂલ હોય તેવો અનુભવ આપી રહી છે. એ અગ્નિ એકેએક અણુમાં ફરી રહ્યો છે. અને આ મહામૂલરૂપ અગ્નિએ મારામાં એક પરમ આનંદ મૂકી આપ્યો છે, જીવનમાં પૂર્વે અનુભવેલા સર્વ આનંદો કરતાંયે આ આનંદ

તો અદ્ભુત છે. અને આમ, આ જે કરણ ઉપર તું કામ કરી રહેલો છે તે કરણની અભીપ્સા તારી ક્રિયાશક્તિનો જવાબ વાળે છે. અને એ અભીપ્સા, કરણે પોતાનું સ્વરૂપ, પોતાની સારીયે દુર્બળતા જાણી લીધા પછી તો, વિશેષ ને વિશેષ તીવ્ર બની રહી છે.

હે પ્રભુ, મારી વિનંતી છે: એ ધન્ય દિવસ જલદી જલદી લાવો કે જ્યારે આ દિવ્ય ચમત્કાર સિદ્ધ થયેલો હશે, જ્યારે પૃથ્વી ઉપર પ્રભુનો દિવ્ય સાક્ષાત્કાર મૂર્ત થયેલો હશે.

*
**

૨૩ જાન્યુઆરી ૧૯૧૬

આ જડ સ્વરૂપમાં વસી રહેલા હે દિવ્ય સ્વરૂપ, તું જુએ છે કે એ તો એક મર્યાદાઓનો જથ્થો છે: શું તું સૌ મર્યાદાઓને ભાંગી નહિ નાખે કે જેથી એ તારી અનંતતામાં ભાગ લઈ શકે? તું જુએ છે કે એ તમોગ્રસ્તતાથી ભરેલું છે: શું તું તારા ઉજ્જવલ પ્રકાશમાં આ અંધકારને ઓગાળી નહિ નાખે કે જેથી એ તારા પ્રકાશમાં ભાગ લઈ શકે? તું જુએ છે કે એ તો અજ્ઞાનપૂર્ણ અશુદ્ધિઓથી લદાયેલ છે: તું શું તારા પ્રેમના ભક્ષક અગ્નિ વડે આ અશુદ્ધિઓને બાળીને ભસ્મ નહિ કરી નાખે કે જેથી આ સ્વરૂપ એવું બની જાય કે એ પૂર્ણપણે તારી સર્વાંગીણ ચેતનાથી અન્ય કાંઈ ન રહે.

તને શું એમ નથી લાગતું કે આ અહંભાવપૂર્ણ અલગતાનો અંધારઘેરો અને દુઃખદાયક અનુભવ, પૃથ્વીને માટે અને માનવજાતિને માટે વધુ પડતો લાંબો ચાલ્યો છે? જગતમાં શું એવી ઘડી નથી આવી લાગી કે વિકાસના આ પાસાનું સ્થાન હવે એક શુદ્ધ અને વિસ્તૃત એવી તારા પ્રભુત્વવાળી ચેતના લે?

દરેક ક્ષણે, જરા પણ અટક્યા વિના, મારી આરાધના તારા પ્રત્યે આરોહણ કરે છે, અને તને બોલાવે છે: "પ્રભુ, પ્રભુ, તારા રાજ્યને સ્વાધીન કર, તારી શાશ્વત હાજરી વડે એને આલોકિત કર,

એ જે ક્રૂરતાપૂર્ણ ભૂલમાં છે કે એ પોતે વાસ્તવિક અને તાત્ત્વિક રીતે તારારૂપે છે, છતાં એ પોતે એમ માને છે કે એ તારાથી અલગ છે, એનો લય કરી નાખ.

ભાગ, ભાગ, છેલ્લામાં છેલ્લા અવરોધને ભાગી નાખ, અશુદ્ધિઓને બાળી નાખ, તારા સ્વરૂપની ગર્જના સાથે તૂટી પડ, જરૂર પડે તો એના રૂપનું પરિવર્તન કરી નાખ !

*
**

ટોકિયો ૭ જૂન ૧૯૧૬

આ છેલ્લા મહિનાઓનો એક એવો લાંબો ગાળો આવી ગયો કે જેને વિષે કશું પણ કહી શકાય તેમ નથી. એ એક સંક્રાંતિકાળ હતો. એક સમતુલામાંથી બીજી સમતુલામાં, પહેલી કરતાંય વધુ વિશાળ અને વધુ પૂર્ણ સમતુલામાં ગતિ થતી હતી. બાહ્ય સંજોગો અવનવા અને અનેક પ્રકારના આવ્યે જતા હતા. ચેતનાએ હવે જાણે કે પોતાના અનુભવને એક વધુ વિશાળ, વધુ સંકુલ પાયા ઉપર મૂકવા માટે અનેક અવલોકનો અને નિરીક્ષણોનો સંગ્રહ કરવાની જરૂર હતી. પરંતુ એ ક્રિયામાં જ ચેતના એટલી તો મગ્ન થઈ ગઈ હતી કે એ આખી પ્રવૃત્તિને સમગ્રરૂપે જોવા માટે, તેનું સ્વરૂપ સમજવા માટે, અને વિશેષ તો તે કઈ દિશામાં જઈ રહી છે તે જાણવા માટે જરૂરી આંતર તટસ્થતા તે જાળવી શકી ન હતી.

એકાએક પાંચમી જૂને પરદો હઠી ગયો અને મારી ચેતનામાં પ્રગટ્યો.

હે પરમ શાશ્વત, તારા વ્યક્તિરૂપનું ધ્યાન ધરતાં ધરતાં મેં તને વીનવ્યું હતું કે આ શરીરનો તારો મુલક તું તારે કબજે લઈ લે. જવાબમાં આ પ્રાણ-ચેતનાને તેં ગતિમાન કરી છે, પ્રવૃત્તિમાં પ્રેરી છે. આજ સુધી તો પ્રાણ-ચેતના પોતાના વિકાસ માટે, સંગઠન માટે વરસોનાં વરસો એક શાંત સંવાદમય સ્થિતિમાં રહીને પોતામાં

વસ્તુઓ ઝીલતી જ રહી છે. તારા સંકલ્પને સક્રિય આવિર્ભાવ આપવાનું કામ તેનાથી અજાણ્યું જ રહ્યું છે.

પરંતુ પ્રવૃત્તિનો આ પુનઃ અંગીકાર એટલે પ્રાણ-તંત્રની એક તદ્દન નવેસરથી પુનર્ઘટના. એ તંત્ર આજ લગી તો પોતાની પુરાણી ટેવો અને વૃત્તિઓ પ્રમાણે જ કામ કરતું રહ્યું છે. હવે એણે એક નવી જ તાલીમ લેવાની હતી. એ તાલીમ ખૂબ લાંબી નીવડી, કપરી પણ નીવડી. કેટલીક વાર તો પ્રકાશ તદ્દન ચાલ્યો જતો. તેમ છતાં અંદરના ભાગમાં તારી હાજરીનો અનુભવ અખંડ રહેતો, તારા આદેશને પૂર્ણ સમર્પણ રહેતું, જાગૃત રીતે અને પૂરતા પ્રમાણમાં. પરિણામે કોઈ પણ વિપત્તિ મને ચલિત કરી શકી નથી.

એ પછી પ્રાણ-ચેતના જે સંવાદ શાંત સમર્પણમાં અનુભવતી હતી, તે સંવાદ પ્રખરમાં પ્રખર કર્મમાં પણ ધીરે ધીરે અનુભવવા લાગી. સંવાદનો એ અનુભવ ઠીક ઠીક સુદૃઢ બન્યો અને ત્યારે મારામાં પાછો સર્વત્ર પ્રકાશ જાગી ઊઠ્યો, અને એ આખી સાધનાનું સ્વરૂપ મને પૂરેપૂરું પ્રત્યક્ષ થઈ રહ્યું.

હવે તો પ્રાણ-ચેતના કર્મની અંદર રહ્યાંરહ્યાં પણ તારા શાશ્વત અનંત રૂપની ઝાંખી કરી શકે છે, સર્વ સંવેદનોમાં, સર્વ રૂપોમાં તારું પરમ સૌન્દર્ય જોઈ શકે છે, એને પોતામાં મૂર્ત કરી શકે છે. એ ચેતના કોઈ પણ સંવેદન તીવ્રતાથી, વિસ્તારથી અને પૂર્ણપણે અનુભવતી હોય છે ત્યારે પણ તેથી વિરુદ્ધનાં સંવેદનો તે સાથેસાથે અનુભવી શકે છે, અને એ સ્થિતિમાં પણ એને તારાં દર્શન હમેશાં થતાં રહે છે.

છતાં એને એ ભાન તો રહે છે જ કે આ પણ એક વચલી ભૂમિકા જ છે. અને એ જ્ઞાનપૂર્વક તને મસ્તક નમાવી તે અત્યંત ભક્તિભાવથી કહે છે, ' પ્રભુ. તેં તારું કરણ પાછું પ્રવૃત્તિ માટે હાથ લીધું છે. એ કરણ જાણે છે કે પોતે અપૂર્ણ છે, અશુદ્ધ છે. અને તારી કરુણા પાસે યાચે છે કે મને પૂર્ણ કરો, શુદ્ધ કરો, દિને દિને

મારી સર્વ મર્યાદાઓ, રાગદ્વેષો ઓસરી જાઓ, મારી દ્વારા તારો આવિર્ભાવ વધુ ને વધુ પૂર્ણ બનો.

*
**

૨૮ નવેમ્બર ૧૯૧૬

તેં મને ફરીથી આ બાલિશ તોતડી વાણીને ફરીથી વંચાવવાનું કામ કર્યું છે. કારણ કે એ તો કેવળ એક બાળક મનના, પોતાને અભિવ્યક્ત કરવાના ઢંગધડા વિનાના પ્રયાસમાત્ર છે, અને આ બધું મને એક સરળ અને ઉત્સાહપૂર્ણ અનુભૂતિઓવાળા બાળપણની આહ્‌લાદકતા અને શુદ્ધિથી પરિવેષ્ટિત બનવાથી દૂર, ઘણે ઘણે દૂરની વસ્તુ જણાય છે. અને હે શાશ્વત પ્રભુ, તારી સમક્ષ હું જરા પણ મોટી ઉંમરની થઈ નથી અને જરાપણ આગળ વધી નથી : આજે હું જે વ્યક્ત કરું છું તે અગાઉના સમય કરતાં કોઈ વધુ ઉચ્ચ કક્ષાની વસ્તુ હોવાની નથી. મગજ તો પહેલાં હતું તેવું ને તેવું જ દરિદ્રી અને અસ્તવ્યસ્ત છે. અને એવું શું નોંધપાત્ર એમાં છે જેને એ વ્યક્ત કરી શકે ? હવે કોઈ સનસનાટીભર્યા અનુભવો થતા નથી : હવે સર્વ અનુભવો સરળ અને સ્વાભાવિક લાગે છે. હવે કોઈ નવા કે વિશિષ્ટ પ્રકારના વિચારો આવતા નથી, નવીન વસ્તુની શોધ કરી હોય તેવા આનંદદાયક કોઈ વિચારો હવે આવતા નથી : બધા જ વિચારો એવા છે કે, એ ગમે તે રૂપમાં મારી આગળ પ્રગટ થાય, પણ એ બધા પેલા જૂના સંબંધીઓ સરખા લાગે છે જેમને સામા મળીએ ત્યારે આપણે એક મિત્રાચારીભર્યું અભિવાદન કરીએ પણ જેમની પાસેથી કોઈ કશી અણધારી વસ્તુ પ્રાપ્ત થવાની કલ્પના ન કરી શકે. કોઈ એવું મનોવૈજ્ઞાનિક વિશ્લેષણ ચાલતું નથી જે ઝીણવટ અને વિગતપૂર્ણ હોઈ ખેતરમાં રહેલી કોઈ આ પહેલાં નહિ શોધાયેલી તીરાડને ખોળી કાઢે : અંતરના ગુંચવાડાઓ હવે પહેલાંની માફક પોતાને માટે અસ્તિત્વ ધરાવતા નથી; તેઓ તો કેવળ આસપાસના વાતાવરણમાં વીંટળાઈ રહેલી મનોવૈજ્ઞાનિક ગતિઓનાં આબેહૂબ અને નિષ્પક્ષ પ્રતિબિંબો

જ હોય છે; અને સ્વરૂપની અંદર જે કાંઈ ચાલી રહ્યું છે તેનું વર્ણન કરવા બેસું તો એ કેવળ જગતની અવચેતનાના અંધપ્રયાસો અને રઝળપાટ માત્ર જ હોય છે.

દરિદ્રતા, દરિદ્રતા! તેં મને એક સુક્કા અને સપાટ રણમાં મૂકી દીધી છે, અને છતાં હે પ્રભુ, તારા તરફથી આવતી સર્વ વસ્તુઓની માફક આ રણ પણ મને મધુર લાગે છે. આ રસહીન અને રંગહીન ધૂસરપણું અહીંના પ્રકાશમાં એક ભૂખરા રંગવાળું લાગે છે, એમાં કોઈ ચળકાટ નથી પણ તેમાં મને તારાં અંતહીન અવકાશોનો આસ્વાદ પ્રાપ્ત થાય છે; સાગરની શુદ્ધ લહરી, મુક્ત ઊંચાઈઓના શક્તિશાળી વિસ્તારો હમેશાં મારા હૃદયને ભરી દે છે અને મારા પ્રાણની અંદર પ્રવેશ કરે છે; મારી અંદરનાં અને આસપાસનાં સૌ બંધનો તૂટી ગયાં છે; મને એવું લાગે છે કે હું એક એવું પંખી છું જે પોતે એક અવરોધ્ય, અબાધ ઉડ્ડયન માટે પોતાની પાંખો ખોલી રહ્યું છે. પરંતુ આ પક્ષી પોતાના ખડક ઉપર બેસી રહ્યું છે, એની પાંખો ભૂખરાં ઊન જેવાં વાદળોમાં ખોલ્યા વિનાની છે, કશુંક બનવાનું છે માટે – એ કશુંક શું બનવાનું છે તેના કોઈ ખ્યાલ વિના એ તેની રાહ જુએ છે. એના ઊડાણને કોઈ બંધનો રહ્યાં ન હોઈ એ હવે ઊડવા વિષે વિચાર કરતું નથી. પોતાની સ્વતંત્રતા વિષે એ સભાન હોઈ એનાથી એ હરખાઈ જતું નથી. એ બીજાં બધાંની વચ્ચે, બીજાં બધાં સરખું એક અંધારભર્યા ઘેરા ધુમ્મસની અંદર જમીન ઉપર બેસી રહ્યું છે.

*
**

૪ ડિસેમ્બર ૧૯૧૬

પ્રભુ, તારી રજા મળી છે એટલે, થોડીક ક્ષણો મારું કામ બાજુએ મૂકીને હું દરરોજ તારી પાસે આવવાનું પાછું શરૂ કરું છું. મારી આ પ્રવૃત્તિ, હું એ કરતી હોઉં છું ત્યારે પણ હું જાણતી તો હોઉં છું કે એ પૂરેપૂરી સાપેક્ષ રીતની જ છે. તેં મને પાછી કાર્યની

અંદર અને સામાન્ય ચેતનાની અંદર ઉતારી દીધી છે, અને હવે પાછા તારી પાસે નિયમિત આવવા માટેની, તારા અવિકારી મૌનમાં અને તારી શાશ્વત ચેતનામાં ગગનવિહાર કરવા માટેની શક્તિ તું આપી રહ્યો છે.

તેં સંકલ્પ કર્યો છે, પ્રભુ, કે મારે વધુ વિશાળ બનવાનું છે, વધુ મહાન બનવાનું છે. આ વસ્તુ હું કાંઈ નહિ તો થોડા અંશે, અને થોડા સમય માટે, અવિદ્યા અને અંધકારમાં પાછા જઈ આવ્યા વિના કરી શકું તેમ ન હતું.

એ અવિદ્યા અને અંધકાર હવે તારા ચરણમાં એક અત્યંત વિનમ્ર કસોટીરૂપે નિવેદિત થવાને માટે આવી રહ્યાં છે. એ શાંત અને વિશુદ્ધ વ્યવહારની ક્ષણોમાં તું મને જે ચેતના આપી રહ્યો છે તે મારા માટે એક સતત ચાલુ રહેતી અનુભૂતિરૂપે બની રહે એવી કૃપા તો હું તારી પાસેથી માગતી નથી. હું તો તારી પાસે માત્ર એટલું જ માગીશ કે આ ક્ષણો વધારે શાંતિમય અને વધારે વિશુદ્ધ બનો, ચેતના હમેશાં વધારે બળવાન અને પ્રકાશિત થતી રહો, કે જેથી કરીને એ પોતાના નિત્યના કાર્ય માટે એક નવીન બનેલી શક્તિ અને ચેતનાને લઈને પાછી જાય.

તું મને આ આનંદસભર તાદાત્મ્યની ટૂંકી ક્ષણો દ્વારા એ વસ્તુનું સ્મરણ કરાવી રહ્યો છે કે તે મને તારી સાથે સભાન રીતે અદ્વૈત સાધવાની શક્તિ તો ક્યારનીયે આપી દીધેલી છે. અને પેલી દિવ્ય અને સંગીતમય સંવાદિતા મારા સ્વરૂપનો આખોયે કબજો લઈ લે છે.

પરંતુ એના સૂરો મગજમાં જાણે એક પડદા પાછળ ભેગા થતા હોય એમ બને છે અને આજે કલમમાંથી એક પણ શબ્દ ટપકતો નથી.

*
**

૫ ડિસેમ્બર ૧૯૧૬

તારી કરુણા ઊતરી છે. તારી પરમ વિશ્રાંતિ મને મળી છે. એ સ્થિતિ એટલે કે, વ્યક્તિની સર્વ મર્યાદાઓનો લય, હું પદાર્થ-માત્રમાં વ્યાપી ગઈ હોઉં, અને એથીયે વિશેષ તો સર્વ પદાર્થ મારામાં રહ્યા હોય એવું સ્પષ્ટ દર્શન. પણ આ પરમાનંદમાં ડૂબેલું મન એનું વર્ણન કંઈ કરી શકશે કે ? ના ના. એ શક્તિ હજી એનાથી દૂર છે.

(થયેલા અનુભવનું આછું ચિત્ર)

તારી સાથે હું સંપૂર્ણ તદ્રૂપ થઈ ગઈ હતી. એક પ્રખર નીરવ શાંતિ ફેલાયેલી હતી. અને એ શાંતિની ભીતરમાંથી તે હંમેશનો આદેશ સંભળાયો : 'પૃથ્વી તરફ વળ.' પછી મારી ચેતના 'સર્વમાં એક' રૂપની બની રહી. અને મેં સાંભળ્યું : 'તું જ્યાં જ્યાં, જેમાં જેમાં આ 'એક'ને જોઈ શકશે ત્યાં ત્યાં સર્વમાં પ્રભુ સાથેની આ તદ્રૂપતા જાગી ઊઠશે. જો....' એ એક જાપાની મહોલ્લો હતો. રંગબેરંગી ફાનસો ઝળહળી રહ્યાં હતાં. એ રસ્તા પર જે કોઈ સચેતન પ્રાણી મારી દિશામાં આવતું તે દરેકમાં મને પ્રભુ દેખાવા લાગ્યા. એક નાનકડું મકાન પારદર્શક બની ગયું. એમાં એક સ્ત્રી તાતામી ઉપર બેઠી હતી. તેણે સોનેરી ભરતનો ભભકદાર કીમતી કિમોનો પહેર્યો હતો. સ્ત્રી સુંદર હતી. એની વય પાંત્રીસ અને ચાલીસની વચ્ચે હશે. તે એક સોનેરી સામિસેન વગાડતી હતી. તેના પગ પાસે એક નાનું બાળક હતું. એ સ્ત્રીમાં પણ પ્રભુ દેખાયા.

*
**

૭ ડિસેમ્બર ૧૯૧૬

પ્રભુ, હું સાચેસાચ કહી શકું છું કે મારી પાસે નથી કોઈ યોગ અથવા નથી કોઈ ગુણભંડાર, કારણ કે તારા સેવકો થવા માંગનારાઓના હોય છે તેવી કોઈ પણ મહાન વસ્તુ મારી પાસે નથી. બાહ્ય રીતે જોતાં

મારું જીવન જેટલું બની શકે તેટલું અત્યંત સામાન્ય કોટિનું છે, અત્યંત પ્રાકૃત રીતનું છે. અને આંતરિક રીતે પણ એ જીવન શું છે? એ છે માત્ર એક સ્વસ્થ શાંત સ્થિતિ. નથી એમાં કોઈ વિવિધતા, નથી કોઈ અસાધારણ તત્ત્વ. વસ્તુની સિદ્ધિ થઈ ગઈ હોય, કશી સાધના કરવાની બાકી રહી ન હોય એવી એ સ્વસ્થતા છે. હવે હું જીવન કે જગત પાસે કશી આશા રાખતી નથી. હું કર્મ કરું છું પણ કશાયે લાભની આશા વિના. હું એ પણ બરાબર જાણું છું કે આ કર્મ લેશ પણ મારું કર્મ નથી. આ કર્મની પ્રેરણા અને એનું પરિણામ એ પણ મારાં નથી. હા, મારામાં સંકલ્પો જાગે છે. પણ હું જાણું છું, કે એ કેવળ પરમાત્માના જ સંકલ્પો છે. આ સ્વસ્થતામાં રહી છે એક અજેય શ્રદ્ધા, એક વિષયાતીત જ્ઞાન, એક નિષ્કારણ આનંદ, ચૈતન્યની એક કાલાતીત સ્વયંભૂ અવસ્થા. બાહ્ય જીવનમાં ગતિ કરતી એ એક ગતિહીન સ્થિતિ છે. એ જીવનને વશ નથી, એને જીવનમાંથી નાસી જવાની ઇચ્છા પણ નથી. મારે કશાની આશા નથી, અપેક્ષા નથી, કશાની ઇચ્છા નથી, અભીપ્સા નથી. હું જાણે કશું જ નથી. અને છતાં આ દેહમંદિરમાં એક સુખ આવીને વસી રહ્યું છે. એ સુખ છે શુદ્ધ અને સ્વચ્છ, શાંત અને સ્વસ્થ. એ સુખ પોતે સુખ છે એવું પણ જાણતું નથી, પોતે શું છે એ જાણવાની પણ એને જરૂર નથી. અને આ સુખ તે તું પોતે જ છે, મારા પ્રભુ! આ સ્વસ્થ શાંતિ પણ તું જ છે, પ્રભુ! કારણ કે આ વસ્તુઓ માનવભૂમિકાની નથી. માનવની ઇન્દ્રિયો તેમને નહિ સમજી શકે, તેમનો રસ નહિ લઈ શકે. પ્રભુ, આમ તેં પોતે જ આ દેહમાં વાસ કર્યો છે. અને આ દેહ જ્યારે જાણે છે કે તેનામાં તો તારા જેવો અદ્‌ભુત માલિક આવી વસ્યો છે, ત્યારે એને લાગી આવે છે કે પોતે કેટલું તો દરિદ્ર છે, કેટલું તો શુષ્ક છે.

*
**

૮ ડિસેમ્બર ૧૯૧૬

પ્રભુ, આજ સવારે આપણે આ પ્રમાણે વાતચીત થઈ.

તારી પ્રેરણાનો જાદુઈ દંડ તેં પ્રાણ-ચેતનાને અડાડયો, તેને જગાડી અને કહ્યું, 'અરે, જાગ જાગ. ચડાવી લે તારી સંકલ્પ-શક્તિનું ધનુષ. કર્મની ઘડી થોડા જ વખતમાં આવે છે.' પ્રાણ-ચેતના પોતાની લાંબી તંદ્રામાંથી ઝબકીને જાગી. એક આળસ મરડી તેણે તંદ્રાની ધૂળ ખંખેરી નાખી. એના અવયવો હજી પણ સચેતન હતા. એને થયું હું તો હજી ખૂબ સશક્ત છું, કામ કરી શકું તેમ છું. એનામાં પરમ શ્રદ્ધા પ્રગટી અને તારા આદેશના જવાબમાં બોલી, 'તૈયાર છું, પ્રભુ, શી આજ્ઞા છે?' પણ તે કંઈ વધુ બોલે તે પહેલાં મન વચ્ચે પડી બોલવા લાગ્યું. તને નમસ્કાર કરી આજ્ઞાધીન ભાવે તેણે કહ્યું, 'પ્રભુ, તું જાણે છે કે હું તો તને જ સમર્પિત થઈ ચૂકયું છું. તારા સંકલ્પની સિદ્ધિમાં મારે તારું નિર્મલ અને વફાદાર માધ્યમ બનવાનું છે. એ માટે હું તમામ પ્રયત્નો પણ કરું છું જ. પરંતુ પૃથ્વી તરફ નજર નાખતાં મને વિચાર થાય છે કે આ કર્મ તે શું હશે? હું જોઉં છું કે મનુષ્યના કર્મનું ક્ષેત્ર ભલે ગમે તેટલું વિશાળ દેખાય તોપણ આખરે તો તે સાંકડું જ હોય છે. મનુષ્યનું મન આખા વિશ્વ જેટલું વિશાળ હોય, એનો પ્રાણ પણ એટલો જ વિશાળ હોય, અથવા વિશ્વ જેટલી નહિ તો આ પૃથ્વી જેટલી વિશાળતા તેનામાં હોય, છતાં એ કર્મનો આરંભ કરતાં વેંત જ કર્મની સ્થૂલ સાંકડી સીમામાં તે પુરાઈ જાય છે. એના કર્મનું ક્ષેત્ર, એ કર્મનાં પરિણામો મર્યાદિત જ રહે છે. એવો માણસ ધર્મની સ્થાપના કરે કે કોઈ મોટી રાજકીય ક્રાંતિ ઊભી કરે, પણ આ આખા વિશ્વના મહેલમાં તો એનું સ્થાન એક નાનકડા પથ્થર જેટલું જ રહે છે. જગતની પ્રવૃત્તિના ઢગમાં એનું કર્મ રેતીના એક કણ જેટલું જ હોય છે. મારી નજરે તો જગતમાં એકેય એવું કર્મ નથી કે જેને ખાતર કોઈએ પણ પોતાની આખી શક્તિ ખરચવા જેવી હોય, જેને આખું જીવન અર્પણ કરવા જેવું હોય. પ્રાણ-ચેતનાને આવાં સાહસોમાં રસ પડે છે ખરો. પરંતુ એણે પણ જો તારી ચેતનાનું સજ્ઞાન કરણ બનવાનું હોય તો પછી એ પોતાની શક્તિઓ ગમે તેવા ક્ષુદ્ર કર્મ

પાછળ વેડફી નાખે તે શું ઈષ્ટ ગણાય? પોતાના મોભાને છાજે એવું કર્મ જ તેણે કરવું જોઈએ ને? એને ગમે તેવા કર્મમાં ધસી જવાની રજા કેવી રીતે આપી શકાય?' અને મનને તેં જવાબ આપ્યો, 'ભલે ભલે. એવો ભય રાખવાની જરૂર નથી. તું માગે છે એવું વિશાળ અને જટિલ કર્મ પણ તને મળશે. તું જોઈશ કે એ કર્મમાં તારી તમામ શક્તિઓને કામ મળી રહેશે, એ કર્મની સાર્થકતા તને દેખાશે. એવું કર્મ તારી સમક્ષ નહિ આવે ત્યાં સુધી પ્રાણ-ચેતનાને પણ રોકી રાખવામાં જ આવશે, અને તને પણ તારી સંયોજક શક્તિઓ પૂરજોરથી વાપરવાનું નહિ કહેવામાં આવે. પરંતુ તું યાદ રાખ કે એવું કર્મ તારે માટે આવી રહ્યું છે. એ કયું કર્મ હશે, કેવું કર્મ હશે તે તો એ તારી પાસે આવીને ઊભું રહેશે ત્યારે જ તને જણાશે. પણ તારે એને માટે તૈયાર રહેવાનું છે એ ન ભૂલીશ. જોજે, સાવધાન રહેજે, એ કર્મ આવે ત્યારે એનો ઇનકાર કરી ન દઈશ. તું અને પ્રાણ-ચેતના, બંને જાણી લો કે તમારે માટે હવે આ શાંત, નાનકડા, એકધારા, શાંતિમય જીવનનો કાળ બહુ રહેવાનો નથી. તમારે હવે જોખમની, જેહમતની દુનિયામાં જવાનું થશે. અણધાર્યાં તત્ત્વોનો ભેટો થશે, સલામતી ચાલી જશે. પણ એ બધામાં એક તેજીલો આનંદ પણ હશે. તારું નિર્માણ થયું છે તે આ કામ માટે. આ વસ્તુ તારી પાસેથી વરસો લગી ગુપ્ત રહી હતી. એ વસ્તુને વિસારે પાડવામાં તું પોતે જ સંમત થઈ હતી. કેમકે એ વખતે આ જ્ઞાન માટેનો સમય નહોતો, તારી તૈયારી પણ ન હતી. આજે હવે તું એ વાત જાણી શકે છે કે તારે આ એક પરમ કાર્ય માટે તૈયાર રહેવાનું છે. એ ભાગ ભજવવા માટે જ મેં તારું સર્જન કર્યું છે.'

પ્રાણ-ચેતના આ વાત તરત જ સમજી ગઈ અને પોતાના સ્વાભાવિક ઉત્સાહથી બોલી ઊઠી, 'તૈયાર છું, પ્રભુ. તું કહીશ તે કરીશ.' પણ મને પ્રાણ-ચેતના જેટલો ઉત્સાહ ન બતાવ્યો. એ પણ નમ્ર તો પ્રાણ-ચેતના જેટલું જ હતું, પણ જરા વધુ દુર્બળ હતું, બીકણ હતું. પ્રાણ-ચેતના બોલી રહ્યા પછી તે ધીરેથી બોલ્યું, 'હું પણ

પ્રભુ, તારી ઇચ્છા મુજબ જ કરીશ. તું ક્યાં નથી જાણતો કે હું કેવળ તારે જ આધીન છું. પણ મને શંકા એ રહે છે કે એ કામ હું સારામાં સારી રીતે કરી શકીશ? પ્રાણ-ચેતના જે વસ્તુને સમજી શકે છે તેને આકાર આપવાની શક્તિ મને મળશે ખરી?' 'એ માટે તને તૈયાર કરવાનું જ કામ હું અત્યારે કરું છું. અત્યારે તને મુલાયમ બનવાની, સમૃદ્ધ થવાની તાલીમ અપાઈ રહી છે તે પણ આ કામ માટે જ. તું કશી ચિંતા ન કરીશ. જેમજેમ જરૂર ઊભી થાય છે તેમતેમ શક્તિ આવતી જાય છે. તને નાનાંનાનાં કામોમાં મૂકી દીધી હતી તે પણ ખાસ કારણસર જ. એ દરમિયાન તારામાં એક બીજી ગુપ્ત તૈયારી ચાલી રહી હતી. પ્રાણ-ચેતનાને પણ એ જ રીતે નાનાંનાનાં કામોમાં પરોવવામાં આવી હતી. પણ આનો અર્થ એ નથી કે તું આ નાનાં કામો સિવાય બીજું કાંઈ જ નહિ કરી શકે. ના. તારા સાચા સ્વરૂપને છાજે તેવું કામ તને અવશ્ય મળી રહેવાનું છે. તારે પૃથ્વી ઉપર મારા અનન્ય પ્રતિનિધિ બનવાનું છે. આદિઅનાદિથી તારા પર મારી આ પસંદગી રહેલી છે. અને તારે કોઈ છૂપી રીતે નહિ, પણ જગતનાં સર્વ મનુષ્યો ખુલ્લી આંખે જોઈ શકે એ રીતે એ કામ કરવાનું છે. જે અર્થે મેં તને સર્જી છે તે કામ તારે પાર પાડવાનું છે. તારે મારો પ્રતિનિધિ બની રહેવાનું છે, અને એમ જ થશે.'

અંતરનો ગહન અવાજ શાંત પડ્યો અને મારા પ્રભુ, હંમેશની પેઠે તારી કરુણા મારા ઉપર વરસી રહી, એણે એના ભવ્ય અને સર્વસમર્થ બાહુમાં મને પૂરેપૂરી લઈ લીધી.

અને એક પલ વાર, પ્રભુ અને તેનું વાજિંત્ર બંને એકાકાર બની રહ્યાં. એ હતો તારો અદ્વિતીય, શાશ્વત, અનંત આકાર.

*
**

૯ ડિસેમ્બર ૧૯૧૬

ધ્યાનમાંથી બહાર આવ્યા પછી લાંબા સમયે મને ખબર પડે

છે કે શું થયું હતું.

આજે સાંજે ફરી એક વાર મેં ચેતનાની એક એવી અવસ્થામાં પ્રવેશ કર્યો જે અસંખ્ય વૈવિધ્યપૂર્ણ તત્ત્વોમાં ફેલાઈ ગયેલી છે, એમાં વ્યક્તિરૂપ અને સામૂહિક ચેતનાનાં કેન્દ્રો પણ હતાં, અને એમનામાં મેં એક કાર્ય કરવા માટે અથવા એમ કહીએ કે જેટલા પ્રમાણમાં એ તત્ત્વો કાર્ય કરવા દે તેટલા પ્રમાણમાં કાર્ય સિદ્ધ કરવા માટે તેમનામાં પ્રવેશ કર્યો હતો.

ઝબકારાઓમાં, આ કે તે બિંદુ, એક સ્પષ્ટ રીતે દૃષ્ટિગોચર થાય છે, અને પછી પાછું બીજાને સ્થાન આપવા માટે ભૂંસાઈ જાય છે. ચેતનાનું જે કોઈ તત્ત્વ કાર્ય કરે છે તે પોતાના કાર્ય વિષે સભાન છે; પરંતુ સમગ્રતા વિષેની અખંડ સભાનતા પ્રાપ્ત થવી એકદમ અશક્ય લાગે છે કારણ કે એમાં અનેક ગુંચવણો ઊભી થાય, અને જે કાર્ય સિદ્ધ કરવાનું છે તેને માટે નિરુપયોગી પણ નીવડે.

*
**

૧૦ ડિસેમ્બર ૧૯૧૬

અમુક દેખીતી રીતની નિર્બળતાઓ તારા કાર્ય માટે, હે પ્રભુ, એક ખૂબ જણાઈ આવતી સંપૂર્ણતા કરતાં તને કોઈ વાર વધારે ઉપયોગની બને છે. જે પૂર્ણતા પ્રગટ થઈ ચૂકેલી છે તે તો જે માણસ જગતમાંથી અને જગતના કાર્યમાંથી નિવૃત્ત થઈ ગયેલો છે તેનું જ માત્ર લક્ષણ હોય એમ લાગે છે. પરંતુ જેને તેં પૃથ્વી ઉપર તારા એક કાર્યકર્તા તરીકે પસંદ કરેલો છે તેને અંગે તો હું બહુ સારી રીતે જોઉં છું કે, અમુક નિર્બળતાઓ, અમુક અપૂર્ણતાઓ (પણ તે માત્ર દેખીતી રીતની હોવી જોઈએ, સાચેસાચી નહિ) તારી દૃષ્ટિમાં વધારે ઉપયોગની હોય છે અને પરિણામે તે સંપૂર્ણતા કરતાંય વધારે સંપૂર્ણ હોય છે. અને સંપૂર્ણતાનું તેના દેખીતા સ્વરૂપમાં વિસર્જન કરી દેવું એ તો ભિન્ન ભિન્ન એવા વ્યક્તિત્વમાં

રહેલા અજ્ઞાનનું પૂર્ણ વિસર્જન સાધવાના કામનો એક ભાગ રહેલું છે.

તો પ્રભુ, શું આટલા માટે જ તું મને પૂર્ણ તદ્રૂપતા અને સંપૂર્ણ સચેતનતાનો જે તીવ્ર આનંદ હોય છે તે ભાગ્યે જ આપતો રહે છે?

પહેલાં પહેલાં તો તેં લાડ લડાવીને વણસાડી દીધી હતી. તારા સાંનિધ્યમાં તેં મને એટલી બધી રાખી હતી કે....પરંતુ હવે એમ લાગે છે કે ખુદ અંધકારની અંદર પણ અવિચલ આનંદ કેવી રીતે અનુભવી શકાય અને સચેતનતા અને અચેતનતાની વચ્ચે કશી પસંદગી ના રાખવી એ તું મને શીખવવા માગે છે.

ઇચ્છા માત્રથી પર થઈ જવું, જે લોકો ઇચ્છા દ્વારા જ જીવી રહેલા છે તેમની સ્થિતિમાં ડૂબી જવું.... એ તો કેવું વિચિત્ર છે?

પરંતુ સૌથી વધુ વિચિત્ર તો એ છે કે એ વસ્તુ મને પૂરેપૂરી સ્વસ્થ રાખે છે, શાંતિમય અને સંતૃપ્ત રાખે છે, અને એ અંધકારની અંદર હું એક મહાન શક્તિ રહેલી નિહાળું છું; અને આ રાત્રિના ઊંડાણમાં પણ ભવ્ય દૈવી સંવાદમય રાગિણીઓને સાંભળી શકાય છે.

તારા રાજ્યમાં ભરાતું પ્રત્યેક નવું કદમ, હે પ્રભુ, એ આશ્ચર્ય માટેનું એક નૂતન કારણ બની રહે છે.

*
**

૧૨ ડિસેમ્બર ૧૯૧૬

મારા મનને આવી નાની નાની વસ્તુઓમાં રોકાયેલું રહેવા પડવાને કારણે, વ્યવહારિક અને તાત્કાલિક અગત્યના વિચારોના સાંકડા વર્તુળમાં પૂરાઈ રહેવાને લઈને બેચેની થાય છે.

હે પ્રભુ, મારું મન, તને સર્વ વસ્તુઓમાં નિહાળતાં શીખ્યું છે, અને નાનામાં નાની વસ્તુમાં એ તને જુએ છે અને તારી અંદર રાજી થઈ ઊઠે છે. પરંતુ આમ જ્યારે એ તને અત્યંત ક્ષુદ્ર વસ્તુ-

ઓ અને પ્રવૃત્તિઓમાં તેમજ અત્યંત વિસ્તૃત અને ઉમદા વસ્તુઓ અને પ્રવૃત્તિઓમાં જોઈ અને ઓળખીને આનંદ અનુભવી શકે છે. છતાં એમ કેમ બને છે કે અમુક વસ્તુઓ અન્ય કરતાં વધુ ઉચ્ચતર લાગે છે. ઘણા મહિનાઓથી, કેટલીયે વાર મારા મને, આ વૃત્તિનો પ્રતિકાર કરવા પ્રયત્ન કર્યો છે પણ કાંઈ વળ્યું નથી. શું એનું કારણ એ છે કે એમ હોય તો સારું અથવા તો એમ હોય કે એનામાં અન્યથા બનવાની ક્ષમતા જ નથી? એણે તને પ્રશ્ન પૂછયો, અને હમેશની જેમ જ, તારું સ્મિતહાસ્ય એને આશ્વાસન આપવા આવ્યું, પણ કોઈ ચોક્કસ જવાબ સંભળાયો નથી.

હવે આ મનને માટે, જરા સરખી વસ્તુ પણ એક અમાપ રહસ્યપૂર્ણ બની રહી છે, અને સર્વ કાંઈ ફરી ફરીને આશ્ચર્યના કારણ-રૂપ બની રહ્યું છે.

*
**

૧૪ ડિસેમ્બર ૧૯૧૬

હે પ્રભુ, હું તને નમન કરું છું, અને તારી સમક્ષ પ્રણિપાત કરું છું. પરંતુ હું કાંઈ લખીશ નહિ, કારણ કે અત્યારના ધ્યાનની બાબતના એક પ્રશ્નના ઉત્તરમાં તેં મને કહ્યું કે: "આપણે જે ખાનગી વાત થઈ છે તે તારા સ્થૂલ કાને પણ સાંભળવી ન જોઈએ."

*
**

૨૦ ડિસેમ્બર ૧૯૧૬

દિવસો પસાર થઈ ગયા છે, દેખાવમાં તોફાન અને મુશ્કેલી-ઓથી ભરેલા, પરંતુ તેમાં તારી દિવ્ય સંકલ્પશક્તિ પ્રતિબિંબિત થઈ રહી હતી એટલે તેમની વાસ્તવિકતામાં તો તે સ્વસ્થ અને બલપૂર્ણ હતા. એ પસાર થઈ ગયા છે, એ બધા તારી અણથક દિવ્ય લીલાની જે અદષ્ટ અને વિવિધ પ્રકારની મહાસમૃદ્ધિ છે

તેને ફરી એક વાર ફેલાવી રહ્યા હતા, તેની શોધ કરી આપી રહ્યા હતા, તેને વિકસાવી રહ્યા હતા. અને અમને જ્યારે તારી શાશ્વત સંકલ્પશક્તિ દ્વારા સર્જાયેલી ગતિઓની પરસ્પર થતી અનંત ક્રિયાઓને જોવાની મળે છે, અમને જ્યારે ખબર પડે છે કે આ બધું તો સારીયે શાશ્વત કાળમાંથી આવી રહેલું છે અને અમારી જે અપૂર્ણ શક્તિઓ છે તેની અંદર જ એ માત્ર હકીકતોની એક અસ્ખલિત હારમાળારૂપે બની રહે છે અને તેના અમે તો શુભ હેતુવાળા અને અજ્ઞાન એવા અભિનેતાઓ જ છીએ ત્યારે એ બધું નિહાળતાં કેવો તો અદ્દભુત ભાવ અનુભવાય છે. અમે તો અજ્ઞાનથી ભરેલા એવા લોકોની દેખાઈ આવે તેવી અચિત્તતા અને અંધતામાંથી કામ કરી રહ્યાં છીએ. અને છતાં હું જાણું છું કે હું એમાં એક ભાગ ભજવનારી છું તો પણ હું એની એક સાક્ષીરૂપ પણ છું. પરંતુ હું હજી એટલી બધી વિશુદ્ધ બનેલી નથી કે તું મારાં ચક્ષુ આગળ વિશ્વમાં પ્રગટ થતી અસરો અને પરિણામોના સમગ્ર રૂપને પ્રગટ કરી આપે. હું તો એ બધું, અંક ભજવાવાનો શરૂ થાય તે પહેલાં માત્ર અંશરૂપમાં અને અપૂર્ણ રીતે જ જાણવા પામું છું અને મને તો માત્ર એની પાછળના હેતુનું જ્ઞાન આપવામાં આવ્યું છે અને તું મારી પાસે જે આશા રાખે છે તેના ઉપરનો પૂર્ણ પ્રકાશ મળ્યો છે તેમાં રહીને કર્મ કરવાની રજા મળી છે. પ્રભુ, એ વિશુદ્ધિ, મને ક્યારે આવી મળશે ? પરંતુ એ માટે પણ મારામાં હવે કશી અધીરાઈ નથી, અને હું હવે તે માટે વિનંતી પણ કરતી નથી. હું જોઉં છું કે આ દીનહીન અને કંગાળ એવા કરણમાં તારી મહાસમૃદ્ધિ કેવી તો અંધકારમાં ચાલી ગઈ છે, આવરણ હેઠળ આવી ગઈ છે; પરંતુ એમ શા માટે બન્યું છે તે તું જાણે છે, અને આ પડછાયાઓ અને દુર્બળતાઓનો તારા શાશ્વત હેતુઓ માટે ઉપયોગ પણ કરી લે છે.

મારો આત્મા પ્રાર્થનામાં ચાલ્યો ગયો છે અને એને તારા વિષે સમજણ પ્રગટે અને જ્ઞાન મળી આવે તે પૂર્વે તે પ્રેમપૂર્વક

નમન કરી રહ્યો છે. મારો આત્મા પ્રાર્થનામાં ચાલ્યો ગયો છે અને એક પરમ ઉત્સાહપૂર્વક, છેવટે તાદાત્મ્યમાં લઈ જનારી એ સ્થિતિપૂર્વક એ તને પોતાનું સમર્પણ કરી રહ્યો છે. મારો આત્મા પ્રાર્થનામાં ચાલ્યો ગયો છે.... અને મારું શરીર પણ. અને મારું ચિત્ત એક મૂંગા એવા તીવ્ર આનંદમાં નીરવ બની ગયું છે.

*
**

૨૦ ડિસેમ્બર ૧૯૧૬

( સાંજે ધ્યાન પછી ૫-૩૦ વાગે મળેલો સંદેશ )

'તું મારું ધ્યાન કરે છે, તો આજે તને હું કંઈક કહીશ. તારા હૃદયમાં મને એક હીરો દેખાય છે. એ હીરાની ચોપાસ સોનેરી પ્રકાશ રહેલો છે. એ નિર્મળ છે, ઉષ્માભર્યો છે. વ્યક્તિથી પર બિનંગત પ્રેમને આવિર્ભાવ આપવાની એનામાં શક્તિ છે. આવી અમૂલ્ય વસ્તુ તેં શા માટે એક અંધારી દાબડીમાં પૂરી રાખી છે? એ દાબડીને એક ઘેરી લાલ પટ્ટી છે. એનું સૌથી બહારનું પડ ઘેરા વાદળી રંગનું છે. એ દાબડીમાં પ્રકાશ નથી, એ જાણે એક અંધારપછેડી છે. તારો તેજભંડાર લોકોને બતાવતાં તું ડરતી હોય એમ લાગે છે. પણ એમ ડરવાનું કંઈ કારણ છે ખરું? તારો પ્રકાશ રેલવતાં શીખી લે. તોફાનોથી બીવાનું નથી. તોફાની પવન આપણને ભલે કિનારેથી દૂર-દૂર ઘસડી જાય. પણ સાથેસાથે તે આપણને વિશાળ દુનિયા પણ બતાવે છે ને? તારી કોમળ લાગણીઓને તું બહુ સંભાળીસંભાળીને વાપરવા ઇચ્છે છે? પણ પ્રેમને પ્રેરનારું મૂળ તત્ત્વ તો અખૂટ અને અનંત છે. તને શું એવો ડર છે કે લોકો તને સમજી નહિ શકે? પણ પ્રભુને સમજી શકે એવો કોઈ માણસ છે ખરો? તારે માત્ર એટલું જ જોવાનું છે કે તારી દ્વારા પ્રભુનું પરમ સત્ય આવિર્ભાવ પામે છે કે નહિ? એ સત્યને પોતાના પ્રાકટ્ય માટે તારામાં યોગ્ય કરણ મળી રહેતું હોય તો પછી તારે બીજી કઈ વસ્તુની પરવા કરવાની

હોય ? મંદિરમાંથી નીકળતા એક યાત્રી જેવી તું છે. યાત્રી નીકળીને મંદિરના ઉંબર પર ઊભો છે. સામે લોકોનું ટોળું છે. યાત્રી એ લોકો આગળ પોતાને મળેલું પરમ તત્ત્વ પ્રગટ કરતાં અચકાય છે. પણ સાંભળ, એક દિવસ મારી સ્થિતિ પણ તારા જેવી જ હતી. હું પણ દિવસોના દિવસો લગી આમ અચકાયા કર્યો હતો. મારો ઉપદેશ, એ ઉપદેશનું પરિણામ કેવું હશે તે હું આગળથી જોઈ શકતો હતો. હું જાણુતો હતો કે મારા શબ્દો અધૂરા છે, અને માણસોની સમજશક્તિ તો તેથીયે વધુ અધૂરી છે. અને છતાંય હું પૃથ્વી તરફ, મનુષ્યો તરફ વળ્યો. જગતને મેં સંદેશ આપ્યો. 'પૃથ્વી તરફ, મનુષ્યો તરફ વળ.' શું આ જ આદેશ તને હૃદયમાં હા, તારા હૃદયમાં હમેશાં નથી સંભળાતો ? એ હૃદયમાં જ પ્રભુનો મધુર સંદેશ મુકાયો છે, પ્રભુની કરુણાનાં યાચકો માટે. જો, હવેથી આ હીરક ઉપર કોઈ પણ વસ્તુ હુમલો કરી શકે તેમ નથી. એની રચના એવી તો પૂર્ણપણે કરવામાં આવી છે કે એનું એક અણુ પણ કોઈ બદલી શકે તેમ નથી. એમાંથી ફૂટતો કોમળ પ્રકાશ માનવહૃદયનાં કેટલાંય તત્ત્વોને પલટી શકશે. પણ તને તારી શક્તિ માટે હજી શંકા રહેતી લાગે છે, તારા અજ્ઞાનનો તને ડર લાગે છે, ખરું ને ? હા, એ શંકા, એ ભય તારી શક્તિને રૂંધી રહ્યાં છે. તારું તેજ ઘનઘોર રાત્રિના અંધારપછેડામાં ઢંકાઈ રહ્યું છે. તું અચકાય છે. કોઈ અગમ્યના ઉંબર પર તું ઊભી હોય તેમ તું કાંપે છે. તને લાગે છે વિશ્વની મૂળ ઉત્પત્તિ જેટલી અગમ્ય છે તે કરતાંયે વધુ અગમ્ય તો આ વિશ્વનો આવિર્ભાવ છે. આ આવિર્ભાવની ક્રિયા પેલા કરતાંયે વધુ અતાગ છે, વધુ ભયજનક છે. પણ એમ હિંમત હાર્યે નહિ ચાલે. ઊઠ, કમર કસી લે. અને અંતરના આદેશને માથે ચડાવી લે. આ શબ્દો તને કોણ સંભળાવે છે તે તું જાણે છે. તું મને પહેલેથી ઓળખે છે, ચાહે છે. હું પણ તને જાણું છું, ચાહું છું. આજે હું તારાં ચક્ષુ આગળ સ્પષ્ટ રીતે પ્રગટ થયો છું. તને મારા શબ્દોમાં હવે લેશ પણ શંકા નહિ રહે. વળી, તારાં ચક્ષુ આગળ તારું હૃદય પણ મેં પ્રત્યક્ષ કરી બતાવ્યું

છે. હવે તું જોઈ શકીશ કે પરમાત્માએ તારે માટે શો સંકલ્પ કર્યો છે. એ સંકલ્પમાં તારે તારો ધર્મ શોધી લેવાનો છે. આ બનવું તને હજી પણ ઘણું મુશ્કેલ લાગે છે. પણ એક દિવસ તું જોઈશ કે આ બધું સરળ રીતે બની શકયું છે. અને તને આશ્ચર્ય થશે કે હા, સાચી વાત તો આ જ છે, પણ મને એ કેમ દેખાઈ નહોતી!'

—શાકય મુનિ

*
**

૨૧ ડિસેમ્બર ૧૯૧૬

પ્રભુ, તેં મારી સાથે, જે વ્યક્તિએ તને સૌથી ઉત્તમ પ્રકારે જાણ્યો છે તેના મુખ મારફત વાતચીત કરી છે, અને એમાં શંકા નથી કે એમ કરવું, તને સારી રીતે સમજવા માટે જરૂરી હતું (તો હું તારા સીધેસીધા સૂચન પ્રત્યે બહેરી હતી ?) અને છતાં હજી પણ હું સમજતી નથી કે મારે શું કરવું. તું જાણે છે કે જો તારી કરુણા વડે મારું એક દિવ્ય પ્રેમની ભઠ્ઠીમાં રૂપાંતર થઈ જાય તો મને કેટલું બધું સુખ થાય – એ પ્રેમ એવો છે જે તારા શાશ્વત સત્યનો પ્રથમ અને ઉચ્ચતમ આવિર્ભાવ છે, એ પ્રેમ એવો છે જે આ જગતમાં તારા સત્યના અત્યંત પૂર્ણ આવિર્ભાવરૂપ છે અને પોતાનો પંથ ભૂલેલી માનવ ચેતનાને તારા સત્ય પ્રત્યે સીધેસીધી દોરી જનાર માર્ગરૂપ છે. જે વખતે હું અભીપ્સા કરતી હતી, કામના સેવતી હતી, માગણી કરતી હતી, ત્યારે મારી હાલની આદર્શ અવસ્થાને અનુરૂપ આવી અવસ્થા, તારી કરુણા વડે પ્રાપ્ત થાય એવી માગણી મેં કેટલી બધી વાર કરી હતી! અને તે વખતે મને એમ લાગતું હતું કે જે દિવસે મારામાંથી સૌ અહંમૂલક પસંદગીઓ નાબૂદ થઈ શુદ્ધિ સ્થાપિત થઈ હશે, ત્યારે તું આ વ્યક્તિરૂપ:પાર્થિવ સ્વરૂપને તારા પ્રેમનો પૃથ્વી ઉપર આવિર્ભાવ કરવાના કરણરૂપે તું ઉપયોગમાં લઈશ. અને જ્યારે હવે તું એની મારી પાસે માગણી કરી રહ્યો છે ત્યારે મને પહેલાં કોઈવાર કરતાં વધુ પ્રમાણમાં મારી શક્તિહીનતા જણાઈ

આવે છે. જ્યાં સુધી પ્રેમ શું છે એ હું જાણું છું એમ હું માનતી હતી, અને હવે પછી મને કોઈ એવી વસ્તુ દેખાતી નથી જેને પ્રેમરૂપ ન કહેવાય અને હું એવી કોઈ વસ્તુને પણ ઓળખતી નથી જેને ખાસ કરીને પ્રેમરૂપ કહેવાય. અને હવે હું જે વસ્તુની વ્યાખ્યા કરી શકતી નથી જે અવસ્થાની બાબતમાં હું ભેદ પારખી શકતી નથી તે અવસ્થા મારે ધારણ કેવી રીતે કરવી? અને છતાં તેં મને ગઈ કાલે એ વસ્તુ દેખતી કરી કે એક કાળા પરબીડિયામાં હું તારી સૌથી વધુ મૂલ્યવાન અને સૌથી વધુ શક્તિશાળી ભેટ રાખી રહી હતી.

હે પ્રભુ, મારું સારુંયે સ્વરૂપ તારા શબ્દનું પાલન કરવાની અભીપ્સા સેવે છે, તારા વિધાન અનુસાર વર્તવા ચાહે છે; પરંતુ એ એની બાહ્ય ચેતનામાં જાણતું નથી, એ સમજી શકયું નથી કે તું એની પાસેથી શેની અપેક્ષા રાખે છે. એ સારી પેઠે સમજે છે કે અત્યારે એનો પ્રેમ એક નિષ્ક્રિય અવસ્થામાં છે અને તારો સંકલ્પ એવો થયો છે કે એને તારે એક સક્રિય અવસ્થામાં જન્માવવો; પરંતુ એકમાંથી બીજી અવસ્થામાં કયી રીતે જવું તે એની પકડમાં આવતું નથી. એ જાણે છે કે આ પ્રેમની સક્રિય અવસ્થા સાતત્યપૂર્ણ અને વ્યક્તિભાવ રહિત હોવી જોઈએ, એટલે કે એનો આધાર સંજોગો કે વ્યક્તિઓ ઉપર સ્હેજ પણ ન હોવો જોઈએ, કારણ કે એમાંની કાંઈ વસ્તુ ઉપર વિશેષરૂપે એનો અભિષેક ન થવો જોઈએ; એને એ પ્રેમ અત્યારની નિષ્ક્રિય, શુદ્ધ, અવિકારી, અને નિર્વ્યક્તિક ભાવવાળી અવસ્થા કે જે શુદ્ધ છે તેને મળતો હોવો જોઈએ. પરંતુ મારા સ્વરૂપને જે વસ્તુની ખબર નથી તે એ છે કે, એના શુદ્ધિના, અવિકારીપણાના, નિર્વ્યક્તિકતાના ગુણો જ હવે પોતાની અંદર અંતર્ગત બની રહેલા છે તેમાં નિવાસ કરવા છતાં, એ પ્રેમની સક્રિયતા ફરી કયી રીતે હાથ ધરવી?

આટલા માટે જ મેં આજે સાંજે મિત્ર ભગવાન કે જે તારા પ્રેમના સત્યના પૂર્ણ પ્રતીકરૂપ છે તેમને પ્રાર્થના કરીને તેમની પાસે મારા અજ્ઞાનને જ્યોતિર્મય કરવાની, મારી શંકાઓને ઓગાળી

નાખવાની, મારા ખચકાટ ઉપર વિજય મેળવવાની, મારામાં રહેલા અવરોધોના શેષ અંશોને પણ ઓગાળી નાખવાની અને મારા ભૌતિક કરણનો કબજો લેવાની વિનંતી કરી કે જેથી એ ભૌતિક સ્વરૂપ તારી અપેક્ષા મુજબનું બની રહે.

પરંતુ મારા શબ્દો ભયભીતપણે બોલાય છે, અને મારો અવાજ એમનો ઉચ્ચાર કરવાની કુશળતા ધરાવતો નથી અને ખબર નથી પડતી કે મિત્ર ભગવાને મારી પ્રાર્થના સાંભળી છે કે નહિ.

*
**

૨૪ ડિસેમ્બર ૧૯૧૬

પ્રભુ, જે બનવાનું હતું તે શું હશે અને કેવી રીતે બનશે તેના વિષે મારા મનને જાણ થવા દીધા વિના, તેં મને આજે સાંજે વસ્તુનું અગાઉથી સંવેદન આપ્યું છે કે તું મારી પાસેથી શેની અપેક્ષા રાખે છે; એ કેવળ એક લાગણી જ છે, કારણ કે તેં મારી સમક્ષ જે અદ્ભુત માર્ગને અર્ધોક ખુલ્લો કર્યો છે તેની પ્રત્યેનું સૌ પ્રથમનું, બીતાં બીતાં ભરાયેલું પગલું છે. એ એક ચડતા પૂર જેવી વસ્તુ હતી જે એક નદીમાં વધુ ને વધુ ઊભરાતું રહે છે, અને સર્વ વસ્તુઓને એનાં શુભકારક જળમાં આવરી લે છે. અને આ વખતે તેં તારા પ્રેમની શક્તિઓ મારા હૃદયની અંદર વહાવીને એને ઊભરાવી દીધું; અને આખાયે સ્વરૂપે ચાહવાનું, વધુ ને વધુ પ્રેમ કરવાનું, કોઈ નિશ્ચિત ધ્યેય વિના, એકી સાથે શૂન્યવત્ અને સર્વરૂપ, જાણનાર અને અજાણરૂપે, જોનાર અને જેણે કદી દીઠું નથી એવા સ્વરૂપે; ધીરે ધીરે કરીને આ સંભાવ્ય પ્રેમશક્તિ એક અસરકારક પ્રેમશક્તિ બની ગઈ છે, સર્વ વસ્તુઓ ઉપર એનાં શુભકારી મોજાં એનાં કિરણોને એક સક્રિય પ્રવાહરૂપે ફેલાવવાને તૈયાર.... એ કેવળ એક શરૂઆત હતી, એક તદ્દન નબળી શરૂઆત. પરંતુ, હે પ્રભુ, હું જાણું છું કે આ તારો સંકલ્પ છે. હમેશાંની જેમ, તારો સંકલ્પ એક અનંત કરુણારૂપ છે જે મારા સ્વરૂપને દિવ્ય આનંદ વડે તરબોળ કરી મૂકે છે અને એને

અધમ પરિસ્થિતિઓ વટાવીને તારા સ્વર્ગીય ધામની ભવ્યતા પ્રત્યે લઈ જાય છે.

તું જેમ ઇચ્છે તેમ બનવું એમાં જ દિવ્યતા છે!

*
**

૨૫ ડિસેમ્બર ૧૯૧૬

(ગઈ કાલે સાંજે મને નીરવ શાંતિમાં સંભળાયેલું
અને મેં નોંધી લીધેલું.)

'તેં એકેએક વસ્તુ તજી દીધી છે. જ્ઞાન અને ચેતના પણ તેં તજી દીધાં છે. એ ત્યાગ દ્વારા જ તું તારા કાર્ય માટે તૈયાર થઈ શકી છે, તારા હૃદયને સોંપાયેલો પાઠ ભજવવા તેને તૈયાર કરી શકી છે. તને મળેલું આ કાર્ય બહારથી તો એક સાવ લાભ વિનાની વસ્તુ જેવું જ લાગે છે. જાણે કે બહારના જગત તરફ તારે એક ઝરણની પેઠે વહ્યે જવાનું છે. એ ઝરણ પોતાનાં પાણી રેલાવતું જગત ભણી મુક્ત ભાવે વહ્યું જાય છે. પણ જગત તરફથી એ ઝરણની દિશામાં એક પણ પ્રવાહ વહી શકે તેમ નથી. એ ઝરણને તો પોતાનાં પાણી, પોતાની અખૂટ શક્તિ પોતાના ગહન ભીતરમાંથી જ મળી રહે છે. બહારની દિશાએથી એણે કશાની આશા રાખવાની નથી. પણ તને અત્યારથી જ દેખાવા લાગ્યું છે કે પ્રેમના આ અપાર વિસ્તારમાં કેવો તો પરમ આનંદ ભર્યો છે. પ્રેમને કશાના પ્રત્યુત્તરની જરૂર નથી. એ પોતે જ પોતાથી તૃપ્ત છે, સ્વયંતુષ્ટ છે. આ વસ્તુ વ્યક્તિગત પ્રેમ માટે પણ સાચી છે. અને દિવ્ય પ્રેમ માટે તો તે તેથીયે અનેકગણી સાચી છે. એ દિવ્ય પ્રેમ તો અનંત પરમાત્માની જ પરમ છબી છે!

'એટલે, હરેક પદાર્થમાં, હરેક સ્થળે તું આ પ્રેમ બની રહે, વધુ ને વધુ વિશાળ રૂપે, વધુ ને વધુ તીવ્ર ભાવે અને આખું જગત તારું કાર્ય બનશે, તારી જાગીર બનશે, તારું કર્મક્ષેત્ર બનશે, તારી વિજયભૂમિ બનશે. તારામાં રહ્યાસહ્યા તિમિરને પ્રકાશિત કરવાનું કામ

પ્રભુની જ્યોતિએ ક્યારનુંયે આરંભી દીધું છે. તારી ચેતનાના વિસ્તારમાં એ તિમિર હવે મોટું વિઘ્ન નહિ બને. હવે આ રહીસહી મર્યાદાઓને પણ હઠાવી દે. તારે માટે વિજય છે, ફતેહ છે. એ વિજય માટે લડી લે. આજ લગી માર્ગ રોકી બેઠેલી એકેએક વસ્તુને ઓળંગી જવાની છે. જગતને એક નવા પ્રકાશની જરૂર છે, એક નવા દૃષ્ટાંતની જરૂર છે. તારે પ્રકાશ પ્રગટાવવાનો છે. એ છે તારી લડાઈ, એ છે તારી સાધના. અંદરના કે બહારના એકેએક વિઘ્ન સામે કમર કસીને લડી લે. આ છે તારે માટેનો સાક્ષાત્કાર, સિદ્ધિનું પરમ મૂલ્યવાન મોતી.'

*
**

૨૬ ડિસેમ્બર ૧૯૧૬

હે પ્રભુ, એ નીરવ શાંતિમાં તું મને હમેશાં જે શબ્દ સંભળાવી રહ્યો છે તે મધુર છે, પ્રોત્સાહક છે. પરંતુ હું એ નથી સમજી શકતી કે તું આ કરણ ઉપર જે કૃપા વરસાવી રહ્યો છે તે માટે એનામાં કઈ પાત્રતા છે, અથવા તો તું એની પાસેથી જે કાર્યની આશા રાખે છે તે કરવાની શક્તિ એનામાં કઈ રીતે આવવાની છે. એ આખું કરણ ખૂબ નાનું છે, દુર્બળ છે, અતિસામાન્ય છે. આ ભીષ્મ કાર્ય ઉપાડવા માટે જે તીવ્રતા, જે સામર્થ્ય, જે વિશાળતા જરૂરી છે તેમાંનું એની પાસે કશું જ નથી. પણ હું જાણું છું કે મનના આ બધા ખ્યાલોનું બહુ ઓછું મહત્ત્વ છે. મન પોતે પણ આ જાણે છે અને તેથી, શાંત ભાવે, એ પણ રાહ જોઈને બેઠું છે કે તારો આદેશ કઈ રીતે સાકાર બને છે.

તારી મને આજ્ઞા છે કે મારે વગર અટક્યે ઝૂઝ્યાં જ કરવું. અને મને પણ ઇચ્છા થાય છે કે હરેક મુસીબતને જીતી શકે એવો અદમ્ય ઉત્સાહ મારામાં આવે. પણ તેં મારા હૃદયમાં એક એવી તો મરકમરક થતી શાંતિ મૂકી આપે છે કે, મને ભય છે કે, કઈ રીતે પ્રયત્ન કરવો એ પણ હું ભૂલી ગઈ છું. મારામાં વસ્તુઓ વિકસી રહી છે, શક્તિઓ અને ક્રિયાઓ, પુષ્પોની પેઠે, આપોઆપ, કશાય પ્રયત્ન વિના ખીલી રહી છે. કેવળ 'હોવું'નો આનંદ, વિકસવાનો આનંદ,

તારો આવિર્ભાવ કરવાનો આનંદ, પછી એ આવિર્ભાવ ગમે તે રૂપે થાઓ, એ જ અવસ્થા સભર ભરેલી છે. હવે જો કશો સંઘર્ષ આવે છે તોપણ તે એટલો તો હળવો અને સહેલો હોય છે કે એને સંઘર્ષનું નામ પણ ભાગ્યે આપી શકાય. પણ આવા મહાન પ્રેમને ધારણ કરવા માટે આ હૃદય કેટલું બધું નાનું પડે તેમ છે! એ પ્રેમને જગતમાં વહેંચી આપવાની શક્તિ ધારણ કરવા માટે આ પ્રાણ અને આ શરીર કેટલાં બધાં દુર્બળ છે! તેં મને આ પરમાદ્ભુત માર્ગના ઉંબર ઉપર તો આમ મૂકી દીધી છે, પણ એ માર્ગ પર આગળ વધવા માટે મારા પગમાં શક્તિ હશે ખરી?.... પણ તું તો મને જવાબ આપે છે કે મારે તો ઊડવાનું છે, ચાલવાની ઇચ્છા સેવવી એ તો ભારે ભૂલ થશે ..... પ્રભુ, પ્રભુ! કેટલી અપાર છે તારી કરુણા! ફરી એક વાર તેં મને તારા સર્વ સમર્થ બાહુમાં લઈ લીધી છે, તારા અગાધ હૃદય ઉપર તેં મને ઝુલાવી છે અને તારા હૃદયે મને કહ્યું છે, "તારી જાતને જરા પણ રિબાવીશ મા! બાળક પેઠે શ્રદ્ધાળુ બની જા. મારા કાર્ય માટે મેં જે સ્વરૂપ ધારણ કર્યું છે તે જ શું તું નથી?"

*
**

૨૭ ડિસેમ્બર ૧૯૧૬

હે મારા પ્રિયતમ પ્રભુ, મારું હૃદય તારી સમક્ષ ઝૂકી રહ્યું છે અને મારી ભુજાઓ તારા પ્રતિ લંબાઈને તને વીનવી રહી છે કે તું તારા પરમ પ્રેમ વડે મારા આખાયે સ્વરૂપને પ્રજ્વલિત કરી દે કે જેથી એ જગતને પ્રકાશથી ભરી દઈ શકે. મારું હૃદય મારી છાતીમાં ખૂબ જ ખુલ્લું બની ગયું છે, એનાં ઢાંકણ ઊઘડી ગયાં છે અને તારા પ્રત્યે એ વળી રહ્યું છે, એ તદ્દન ખાલી બનીને અને ખુલ્લું બનીને એવું છે કે જેથી તું તારા દિવ્ય પ્રેમ વડે એને સભર ભરી દઈ શકે; તારા સિવાય એમાં હવે બીજું કાંઈ જ રહ્યું નથી, અને તારી હાજરી એમાં સભરેસભર ભરાઈ રહી છે અને છતાં એને એણે ખાલી રહેવા દીધું છે, કારણ કે આ પ્રગટ વિશ્વના અનંત વિવિધ પદાર્થોને પણ

તે પોતામાં સમાવી શકે છે.

હે પ્રભુ, તારી પ્રાર્થના કરતાં કરતાં મારી ભુજાઓ તારા પ્રતિ પ્રસરી રહી છે અને આ હૃદય ખૂબ જ ખુલ્લું બનીને તારી સમક્ષ ખડું છે, તું એને તારા અસીમ પ્રેમનો આગાર બનાવી લે એટલા માટે.

'સર્વ વસ્તુઓમાં, સર્વત્ર અને સર્વ પ્રાણીઓમાં મને પ્રેમ કર,' તારો જવાબ આવ્યો. તને સાષ્ટાંગ નમસ્કાર કરતાં કરતાં હું યાચના કરું છું કે મને એ શક્તિ આપ....

*
**

૨૯ ડિસેમ્બર ૧૯૧૬

હે મારા મધુર પ્રભુ, તારા પ્રેમના કરણ બનવાનું શિક્ષણ મને આપ.

*
**

૩૦ ડિસેમ્બર ૧૯૧૬

હે પ્રભુ, મારું હૃદય આવું ઠંડું અને શુષ્ક કેમ લાગે છે?

મને લાગે છે કે મારા સ્વરૂપની અંદર મારા આત્માને હું જીવન ધારણ કરતો જોઈ શકું છું, અને મારો આત્મા તને જુએ છે, સૌ વસ્તુઓ અને જે કાંઈ અસ્તિત્વમાં છે તે સર્વમાં તને પારખી કાઢીને પ્રેમ કરે છે; એ આ વસ્તુ વિષે સભાન છે, અને બાહ્ય સ્વરૂપ એ આત્માને સમર્પિત થયેલું હોઈ એ પણ સભાન છે; મન જાણે છે અને કદી પણ ભૂલતું નથી, પ્રાણમય સ્વરૂપ, શુદ્ધ બની ગયું હોઈ, હવે એને આકર્ષણો કે જુગુપ્સાભાવો થતા નથી અને એ હવે વધુ ને વધુ પ્રમાણમાં સૌમાં અને હમેશાં માટે તારા સાંનિધ્યના આનંદનો આસ્વાદ લે છે. પરંતુ હૃદય થાકીહારીને એક નિદ્રામાં પડી ગયું છે, અને આત્માને એ હૃદયમાં એની પ્રેરણાનો પ્રત્યુત્તર વાળનાર કોઈ

પ્રવૃત્તિ પૂરતા પ્રમાણમાં જણાતી નથી. કેમ ? શું એ એટલું બધું દુર્બળ હતું કે લડાઈને લઈને એ થાકથી ઢળી પડ્યું છે, અથવા એને શું એટલા ગહરા જખમ લાગ્યા છે કે એ તદ્દન પાંગળું બની ગયું છે ? અને છતાં એ આંતરિક અવાજને ઉત્તર આપવાની કામના રાખે છે; એનો એ સંકલ્પ એક અડગ શ્રદ્ધા અને આવેગપૂર્ણ છે; પરંતુ મને તો એ એક એવા વૃદ્ધ મનુષ્ય જેવું લાગે છે કે જે, યુવાનોની ખેલકૂદ પ્રત્યે શુભભાવનાથી સ્મિત કરે છે પરંતુ એમાં ભાગ લઈ શકતો નથી. અને છતાં એ આનંદ અને વિશ્વાસથી પૂર્ણ છે, પ્રકૃતિએ એની ઉપર ઉદારભાવે જે સ્નેહભાવના ખજાના ઠાલવ્યા છે તેને માટે તે કૃતજ્ઞતાના ભાવથી ઊભરાઈ રહેલું છે; અને આ સર્વે કિંમતી ભેટોના બદલામાં એ મૃદુતાની સુવર્ણરસધારાનાં એવાં અખૂટ મોજાં વહાવવા માગે છે જે પુનર્જીવન આપે અને સ્ફૂર્તિ વધારે, જીવન જાગ્રત કરે અને આશ્વાસન આપે, એ સૌ માનવજીવન માટેનો સાચો કરુણારદ આપવા માગે છે. એ એમ કરવા ઇચ્છે છે અને પ્રયત્ન પણ કરે છે.... પરંતુ એ જે કરવાનાં સ્વપ્ન સેવે છે તેના પ્રમાણમાં એ જે વસ્તુ ખરેખર કરે છે તે કેટલું બધું ક્ષુલ્લક છે; એ જે કરવાની આશા રાખે છે (અને એ હમેશાં આશા તો સેવે જ છે) તેના પ્રમાણમાં એ જે કાંઈ કરી શકે તેમ છે તે કેવું તો સામાન્ય કક્ષાનું છે. એ જાણે છે કે તારો સાદ સંભળાય એટલે કદી પણ નિષ્ફળ જતો નથી; અને એને શંકા પણ નથી કે એ એક દિવસ, તેં એને જે ઉજ્જવલ પ્રભાની એક ઝાંખી કરાવી છે તે, એ પોતે સિદ્ધ કરી શકે તેમ છે.

આ નહેરના દરવાજા બંધ છે તેને કોણ ખોલશે ?

મારું હૃદય એક માનવીય રીતે પ્રેમ કરે છે, અને એ રીતે, મને લાગે છે કે એ, શક્તિ, સાતત્ય અને શુદ્ધિપૂર્વક પ્રેમ કરે છે. પરંતુ તારો સંકલ્પ એવો છે કે એણે એક દિવ્ય પ્રકારે તારી સર્વજયી શક્તિને અમેય રીતે વહાવતાં વહાવતાં પ્રેમ કરવો જોઈએ અને આ વસ્તુ હજી એનાથી સિદ્ધ થઈ શકી નથી.

આ નહેરના દરવાજા હજી બંધ છે, તેમને કોણ ઉઘાડશે ?'

*
**

૪ જાન્યુઆરી ૧૯૧૭

પ્રભુ, તું તારા લાભના ઢગલા મારી ઉપર ઠાલવી રહ્યો છે. હવે આ સ્વરૂપ જીવન પાસેથી જ્યારે કશાની આશા રાખતું નથી, કશાની કામના રાખતું નથી ત્યારે એ મનુષ્યો જે અત્યંત મૂલ્યવાન વસ્તુઓની આકાંક્ષા રાખતા હોય છે તેમને મારી પાસે લઈ આવે છે. વ્યક્તિ સ્વરૂપના સર્વે પ્રદેશોમાં, તું મને મનોમય, ચૈતસિક અને ભૌતિક વરદાનોથી પણ સભરપણે ભરી રહ્યો છું. તેં મને સમૃદ્ધિમાં મૂકી છે અને આ સમૃદ્ધ અવસ્થા મને ગરીબાઈ જેટલી જ સ્વાભાવિક લાગે છે, એનાથી મને કોઈ મોટો આનંદ થતો નથી; કારણ કે, ઘણી વાર, ગરીબાઈમાં મારે માટે, આધ્યાત્મિક જીવન વધુ સઘન અને સભાન રહેતું, પરંતુ આ સમૃદ્ધિને હું સારી પેઠે નિહાળી શકું છું, અને મારું વ્યક્તિગત સ્વરૂપ, જેને તેં આવી રીતે તારાં વરદાનોથી છલોછલ ભરી દીધું છે, તે તારી સમક્ષ એક અનિર્વચનીય કૃતજ્ઞતા-પૂર્વક ઢળી પડે છે.

તારી સારપ અજોડ છે અને તારી કરુણા અનંત છે.

*
**

૫ જાન્યુઆરી ૧૯૧૭

પ્રેમ એ તો તારી દિવ્ય કલગીનાં જે પુષ્પો છે તે સર્વને ફરીથી ભેગાં કરનારો અને સાથે બાંધી રાખનારો કેવળ એક તંતુ જ છે. પોતાનું આ કાર્ય તે કશા આગ્રહ વિના, વિનમ્ર ભાવે, અજ્ઞાત રહીને કરતો રહે છે. પ્રેમનું આ કાર્ય તે મૂળે તો એક નિઃસ્વાર્થ ક્રિયા છે, અને તેમાં આ જે બિનઅંગતતા રહેલી છે એ દ્વારા જ તે પોતાની ઉપયોગિતા પૂરેપૂરી સાધી શકે છે.

હું પોતે આ તંતુ, મિલનની આ કડી વધુ ને વધુ બની રહી

છું, તારી ચેતનાના છુટ્ટા પડેલા ટુકડાઓને ભેગા કરી રહી છું, અને એ ટુકડાઓને જૂથમાં બાંધીને, તે તારી એકી સાથે એકરૂપ તથા બહુરૂપ એવી ચેતનાને ફરીથી ગોઠવી શકે તેમાં સહાય કરી રહી છું. અને આમાંથી હું હવે સ્પષ્ટ રીતે જોઈ શકું છું કે વિશ્વનાં બળોની લીલામાં પ્રેમ એ શી વસ્તુ છે, ત્યાં એનું સ્થાન શું છે, એનું કાર્ય શું છે. પ્રેમ પોતે કાંઈ અંતિમ લક્ષ્ય નથી, એ તો તારું પરમ સાધન છે. એ સર્વત્ર અને સર્વ પદાર્થોમાં સક્રિય છે, જે જે વસ્તુઓને એ જોડી આપતો રહે છે તે જ વસ્તુઓ એને સર્વત્ર ઢાંકી દેતી રહે છે, અને એ વસ્તુઓ આ પ્રેમના પ્રભાવને ઝીલતી હોય છે ત્યારે પણ કોઈ વાર તેની હાજરી તેમના ખ્યાલમાં રહેતી નથી.

ઓ પ્રભુ, તારી મધુરતા મારા આત્મામાં પ્રવેશી છે અને તેં મારા સારાયે સ્વરૂપને આનંદથી ભરી દીધું છે.

અને આ આનંદમાં રહી રહી હું તને એક પ્રાર્થના ગુજારું છું. એ હવે તારા સુધી પહોંચી શકશે.

*
**

૬ જાન્યુઆરી ૧૯૧૭

તેં મારા સ્વરૂપને એક અનિર્વચનીય શાંતિ અને અજોડ વિશ્રાંતિથી ભરી દીધું છે.... અને કોઈ પણ જાતના વ્યક્તિગત વિચાર અથવા સંકલ્પ વિના હું મારી જાતને તારી અનંતતામાં ઝૂલવા દઉં છું.

*
**

૮ જાન્યુઆરી ૧૯૧૭

તેં મારા મનમાં અને મસ્તકમાં નિઃશબ્દતા રચી દીધી છે; પરંતુ આ નિઃશબ્દતાનાં ઊંડાણોમાંથી કોઈ અવાજ પ્રગટ થતો નથી. ફરીથી એ જ વરદાયી મધુર આગંતુક શાંતિનું રાજ્ય વ્યાપી રહ્યું છે.

*
**

૧૦ જાન્યુઆરી ૧૯૧૭

તો તારો સંકલ્પ એવો છે કે મારા સ્વરૂપને લક્ષ્યરૂપ રાખીને કરેલો સર્વ પ્રયત્ન મિથ્યા અને નિરૂપયોગી છે? જે ક્રિયાની પાછળ તારી કૃપાનાં કિરણો વહાવવાનો હેતુ હોય છે તે જ ક્રિયા સરળતાપૂર્વક અને સફળતાપૂર્વક થઈ શકે છે. જ્યારે સંકલ્પ પોતાને કોઈ બાહ્ય પરિણામ માટે બહાર પાડે છે ત્યારે એ શક્તિશાળી અને અસરકારક હોય છે; જ્યારે એ પોતાને અંતર્મુખ થતી ગતિમાં મૂકે છે ત્યારે એનામાં કશું બળ કે પ્રયત્નની શક્તિ હોતી નથી.... આમ, વ્યક્તિગત પ્રગતિ માટે હાથ ધરવામાં આવતું હરેક કર્મ વધુ ને વધુ બિનફળદાયી નીવડે છે, અને પરિણામે, વધુ ને વધુ આછું થાય છે. બીજી બાજુએ જોતાં, આંતરિક કાર્યે જે ગુમાવ્યું હોય છે તે સર્વને બાહ્ય કર્મ અસરકારક રીતે પ્રાપ્ત કરી લાવે છે. હે પ્રભુ, તું આ રીતે આ કરણને, તે જેવું છે તે રીતે હાથ ધરે છે, અને જો એણે સુસંસ્કૃત બનવું હશે તો તે વસ્તુ તારા કાર્ય વડે જ સિદ્ધ થશે.

*
**

૧૪ જાન્યુઆરી ૧૯૧૭

"દુઃખી લોકો સુખી બનો, દુષ્ટ લોકો સારા બનો અને બીમાર માણસો તંદુરસ્ત બનો." તારો દિવ્ય પ્રેમ, આ કરણ દ્વારા આ સૂત્રાત્મક અભીપ્સામાં વ્યક્ત થયો હતો. એ એક માગણી જેવી વસ્તુ છે, એ એક એવી માગણી છે કે જે કોઈ બાળક પોતાના પિતા એને પરિપૂર્ણ કરશે એવી ખાતરી સાથે કરી શકે છે. કારણ કે મેં જ્યારે માગણી કરી ત્યારે મારી અંદર નિશ્ચયાત્મકતા હતી: એ વસ્તુ મને અત્યંત સાદી અને સહેલી લાગતી હતી; મને આ વસ્તુ કયી રીતે શક્ય છે તે મારી અંદર સ્પષ્ટપણે જણાઈ આવ્યું હતું. એક આનંદમાંથી બીજા આનંદ પ્રત્યે, એક સૌંદર્યમાંથી બીજા સૌંદર્ય પ્રત્યે વિકાસ પામવો—એ શું અજ્ઞાનમૂલક અને અનિચ્છાએ જેમાં જોડાયા હોઈએ એવા સંઘર્ષની વેદના અને જહેમત વેઠવા કરતાં

વધુ કુદરતી અને ફલદાયી નથી? જો તું આ હૃદયને તારા દિવ્ય પ્રેમના સ્પર્શ વડે સરળતાપૂર્વક ખીલવા દેશે તો આ રૂપાંતર બનવું સહેલું છે અને આપોઆપ બની રહે છે.

હે પ્રભુ, તારી કરુણાના એક પ્રતીક તરીકે આ વસ્તુની તું પરવાનગી આપીશ?

આજે સાંજે એક બાળકના વિશ્વાસ સાથે મારું હૃદય તને પ્રાર્થના કરે છે.

*
**

૧૯ જાન્યુઆરી ૧૯૧૭

અને ઘડીઓ, વણજીવાયેલાં સ્વપ્નોની માફક પસાર થઈ જાય છે.

*
**

૨૩ જાન્યુઆરી ૧૯૧૭

તેં મારા સ્વરૂપને એવા પૂર્ણ અને સઘન સૌંદર્ય અને પ્રેમ વડે ભરી દીધું છે કે મને એ વાત તને ન કહેવી એ અશકય લાગ્યું. એમાં એક એવી ભઠ્ઠી સળગતી હતી જેમાંથી વિચારની લહરીઓએ એવા તણખાઓ દૂરદૂર લઈ જઈને મનુષ્યોનાં હૃદયોની ગુહ્ય ઊંડાઈ-ઓમાં વાવ્યા કે જેઓએ બીજા તણખાઓ પ્રગટાવ્યા, હે પ્રભુ, તારા દિવ્ય પ્રેમના તણખાઓ; એવો પ્રેમ કે જે અવિરોધ્યપણે માનવ સ્વરૂપો-ને તારી પ્રત્યે ધકેલે છે અને આકર્ષે છે. હે મારા મધુર પ્રભુ, એવું વરદાન આપ કે આ કેવળ મારી આનંદસભર ચેતનાનું એક સૂક્ષ્મ દર્શન માત્ર ન રહે, પણ એક વસ્તુઓ અને સ્વરૂપોનું રૂપાંતર કરનાર સત્ય વાસ્તવિકતા બની રહે!

એવું વરદાન આપ કે આ પ્રેમ અને આ સુખ જે મારા આખાયે સ્વરૂપને તરબોળ કરી રહ્યાં છે, જેમની સઘનતા સહન કરવી અતિ દુષ્કર કામ છે, તે એવી જ રીતે, જે સર્વ લોકોને હું મળી છું તેમની

ચેતનાને, જેમના વિષે મેં વિચારો કર્યા છે તેમને અને એવા લોકો કે જેમને વિષે મેં કદી વિચાર કર્યો નથી કે મેં જેમને જોયા નથી, એ સર્વની ચેતનાને સભરપણે ભરી દે.... એમ કર કે સૌ કોઈ તારા અનંત આનંદની ચેતના પ્રત્યે જાગ્રત થાય.

હે મારા મધુર પ્રભુ, તેમનાં હૃદયો પ્રેમથી, સુખથી અને સૌંદર્યથી ભરી દે.

*
**

૨૫ જાન્યુઆરી ૧૯૧૭

હે જાજ્વલ્યમાન પ્રેમ, તું કે જે મારા આખાયે સ્વરૂપને ભરી રહ્યો છે અને એની અંદર સુખને રેડી રહ્યો છે, તેને શું ઝીલવામાં આવ્યો છે, તને શું અર્પણ કરવામાં આવ્યો છે? કોઈ કહી શકે તેમ નથી, કારણ કે તું તારી જાતે ઝીલે છે અને તારી જાતને જ તારી જાત આપું છું, સૌ વસ્તુઓમાં અને સૌ સ્વરૂપોમાં એકી સાથે સર્જયી રીતે સક્રિય અને સ્વીકૃતિ કરનાર પણ તું જ છું.

*
**

૨૯ જાન્યુઆરી ૧૯૧૭

વિચારોના જગતમાં જેમ સત્યનો અભાવ એક મોટી ક્ષતિ ગણાય છે તે જ પ્રમાણે રૂપોના જગતમાં, સૌંદર્યનો અભાવ એ પણ એક મોટી ક્ષતિ છે. કારણ કે, સૌંદર્ય વડે જ પ્રકૃતિ, આ વિશ્વના પરમ સ્વામીનું અભિવાદન કરે છે; સૌંદર્ય એ રૂપમય દિવ્ય ભાષા છે. જે ચેતના દિવ્યતાને વિષે સભાન હોય પણ બાહ્ય રીતે એ પિછાન, સૌંદર્ય વિષેની સમજ અને અભિવ્યક્તિમાં પ્રગટ ન થતી હોય, તે અપૂરતી સમજણ છે.

પરંતુ સાચા સૌંદર્યને શોધી કાઢવું, સમજવું અને, ખાસ કરીને, પ્રભુના બીજી રીતના આવિર્ભાવની જેમ જ જીવી જાણવું; આ

શોધ અને અભિવ્યક્તિ જે નિર્વ્યક્તિતા અને અહંભાવના ત્યાગની માગણી કરે છે તે સત્ય અને આનંદ જેટલી માગણી કરે છે તેટલી જ હોય છે. શુદ્ધ સૌંદર્ય વૈશ્વિક તત્ત્વ છે, અને જો પોતે એને જોતાં અને સમજતાં શીખવું હોય તો જાતે જ વૈશ્વિક બની રહેવું જોઈએ.

હે સૌંદર્યના સ્વામી, મેં તારી વિરુદ્ધ કેટલી બધી ભૂલો કરી છે; અને હજી પણ કેટલી બધી ભૂલો કરતી જાઉં છું!.... મને તારા વિધાનની પૂરી સમજ આપ, કે જેથી હવેથી હું એ બાબતમાં ઊતરતી નીવડું નહિ. તારા વિનાનો પ્રેમ અધૂરો ગણાય, તું જ એનાં સૌથી વધુ પૂર્ણ આભરણ સરખો છે, તું જ એના સૌથી વધુ સંવાદપૂર્ણ સ્મિતરૂપ છે. કેટલીક વાર મેં તારે ભજવવાના ભાગ વિષે ગેરસમજૂતી સેવી છે, પરંતુ મારા હૃદયના ઊંડાણમાં મેં તને હમેશાં ચાહ્યો છે. અને એ બાબતમાં તો ગમે તેટલા મનસ્વી કે અત્યંત ક્રાંતિકારી સિદ્ધાંતોએ પણ, હું જે પંથના અગ્નિથી મારા બાળપણથી તારી સાથે વચનબદ્ધ થયેલી છું તેમાંથી મને ચળાવી નથી.

મિથ્યાભિમાની લોકો તારે વિષે જેમ ધારે છે તેવો તું નથી. તું કાંઈ જીવનના કોઈ ખાસ રૂપ સાથે સમગ્રપણે બંધાઈ ગયેલો નથી; તને દરેક રૂપમાં જાગ્રત કરવો અને પ્રકાશિત કરવો શક્ય છે; પરંતુ આને માટે વ્યક્તિએ તારું રહસ્ય પ્રાપ્ત કરવું જોઈએ.

હે સૌંદર્યના પ્રભુ, મને તારા નિયમની સંપૂર્ણ જાણકારી આપ કે જેથી હું એ બાબતમાં નિષ્ફળ ન નીવડું અને જેથી તું મારી અંદર પ્રેમના દેવસ્વરૂપનો સામંજસ્યપૂર્ણ મુગટ બની રહે.

*
**

૨૭ માર્ચ ૧૯૧૭

(ધ્યાન દરમિયાન વાર્તાલાપરૂપે મળેલો સંદેશ)

'જો, તને એક જીવંત સ્વરૂપ અને ત્રણ નિર્જીવ આકૃતિઓ દેખાઈ રહી છે. જીવંત સ્વરૂપ જાંબલી વસ્ત્રોમાં છે, બીજી ત્રણ

આકૃતિઓ ધૂળની બનેલી છે, પરંતુ તેમને ધવલ અને વિશુદ્ધ બનાવેલી છે. આ જીવંત સ્વરૂપ નીરવતાની એક શાંત અવસ્થામાં, પેલી ત્રણુ આકૃતિઓમાં પ્રવેશ કરીને તેમને એક કરી શકે છે અને તેમનું એક સજીવન અને સક્રિય એવા વસ્ત્રમાં રૂપાંતર કરી શકે છે.'

*

ઓ પ્રભુ, તું જાણે છે કે હું તો તને સમર્પિત બની ગયેલી છું અને મારું સ્વરૂપ, તું તેને જે કાંઈ આપે છે તેને એક શાંતિમય અને ગંભીર આનંદપૂર્વક બરાબર વફાદારીથી વળગી રહે છે.

*

'તારી વફાદારી હું જાણું છું. પરંતુ હું તારી ચેતનામાં અભિવૃદ્ધિ કરવા માગું છું અને તે માટે તારામાં હજી જે વસ્તુ સુપ્ત પડેલી છે તેને જાગૃત કરવા માગું છું. પ્રકાશ પ્રત્યે તારાં ચક્ષુ ખોલી નાખ અને તારા મનના સ્વચ્છ દર્પણમાં તારે જે કાંઈ જાણવાનું છે તેનું પ્રતિબિંબ આવી પડશે.'

*

પ્રભુ, મારામાં બધું નીરવ બની ગયું છે અને રાહ જોઈ રહ્યું છે....

*

'ચેતનાના દ્વાર ઉપર ટકોરો લગાવ અને એ તારી આગળ ખૂલી જશે.'

*

સરિતા સ્વચ્છ અને રૂપેરી એવી વહી રહી છે. એનો અસ્ખલિત લિત પ્રવાહ આકાશમાંથી પૃથ્વી પ્રત્યે નીચે ઊતરી રહ્યો છે. પરંતુ તું કઈ વસ્તુ મને કહેવા માગે છે કે જે મારે જાણવાની જરૂર છે?

*

'તારી નીરવતા હજી પૂરતી ગહન બની નથી. તારા મનમાં કશુંક હલચલ કરી રહ્યું છે....

'આત્માના અગ્નિને આવિર્ભાવનાં આવરણોમાં થઈને જોવાનો છે. પરંતુ આ આવરણો, એક પ્રકાશિત પડદા ઉપર શબ્દો આલેખા-

ચેલા હોય તેવાં સ્પષ્ટ અને ચોક્કસ રૂપનાં હોવાં જોઈએ. અને જેવી રીતે બીજ વાવેલું ખેતર બરફની હેઠળ દટાઈ જાય છે તેમજ સલામત બની જાય છે તે મુજબ આ બધું તારા હૃદયની પવિત્રતામાં સુરક્ષિત સચવાઈ રહેવું જોઈએ.

'તેં હવે ખેતરમાં બીજ વાવી દીધાં છે અને પડદા ઉપર અક્ષરો આલેખી લીધા છે, એટલે તું તારી શાંત નીરવતામાં પાછી ફરી શકે છે, અને એક વધુ ગહન અને વધુ સત્ય રીતની ચેતનાનો ઘાટ પામવાને તારી શાંત નિવૃત્તિ–ભૂમિમાં પાછી જઈ શકે છે. તું હવે તારું વ્યક્તિત્વ વિસારે પાડી શકે છે અને વિશ્વરૂપતાની મોહકતા પાછી પ્રાપ્ત કરી શકે છે.

'વિશ્રાંતિની આ ક્ષણોમાં તારા ઉપર શાંતિ ઊતરી રહો, પરંતુ એ વાત ન ભૂલીશ કે થોડી જ વારમાં પ્રભાતની ઝાલર વાગવાની છે.

'તારી સાથે વાત કરી રહેલા તારા ભાવિ પ્રત્યે તું હજી પણ એક સ્મિત કરી લેશે.

'તારું હૃદય આવી રહેલી શક્તિનો ઉપયોગ કરશે.

'તું કાઠીની ભારીનો બાંધનાર કઠિયારો બની રહેશે.

'તું વિસ્તારેલી પાંખોવાળો મહાન હંસ બની રહેશે. એ હંસની મોતી સરખી ધવલતા આંખોને પવિત્ર કરે છે અને પોતાનાં ધવલ પિચ્છથી તે હૃદયને હૂંફ આપે છે.

'તું સર્વ કોઈને તેમના પરમ ભાવિ પ્રત્યે દોરી જશે.

'તેં અંગીઠી જોઈ છે અને તેં બાળકને જોયું છે. એમાંનું એક બીજાને આકર્ષી રહ્યું છે, અને બંને સંતુષ્ટ છે. અંગીઠીને પોતે સળગી રહી છે તેનો સંતોષ છે, બાળકને પોતાને હૂંફ મળી રહી છે તેનો સંતોષ છે.

'તારા હૃદયમાં તું આ વિજયશીલ અંગીઠી જોઈ રહી છે. કેવળ એક તું જ એ અંગીઠીને એ વિનાશ ન કરી શકે તેવી રીતે ધારણ કરી શકે છે. બીજા કોઈ જો એને અડશે તો તેઓ ભસ્મ

થઈ જશે, માટે ધ્યાન રાખજે કે કોઈ પણ એની બહુ નિકટમાં ન આવી જાય. બાળકે એ જાણવાનું છે કે પોતાને આટલું બધું આકર્ષી રહેલી એ ઝળહળતી જ્વાલાને તેણે અડવાનું નથી. અંગીઠી દૂર છે એટલે તે બાળકને હૂંફ આપે છે અને એના હૃદયને પ્રકાશિત કરે છે. એ જો વધુ પડતી નજીક આવી જાય, તો બાળકને તે બાળીને રાખ કરી મૂકે.

'આ હૃદયમાં કેવળ એક જ જણ નિર્ભય રીતે રહી શકે તેમ છે, કારણ કે એ તો આ હૃદયને પેટાવનાર કિરણ પોતે જ છે. એ તો સૅલમૅન્ડર* છે કે જે અગ્નિમાં પાછો ફરીથી જન્મે છે.

'એમાં વસી શકનાર બીજી વ્યક્તિ તે ઉપર છે, એને બળવાનો કોઈ ડર નથી. એ છે અકલંક સ્ફિન્કસ*, આકાશમાંથી ઊતરી આવેલું પક્ષી. આકાશમાં પાછા કેવી રીતે ફરવું એને આવડતું હોય છે.

'આમાંનું પ્રથમ તે સાક્ષાત્કારની શક્તિ છે.

'બીજું તે પ્રકાશ છે,

'ત્રીજું તે પરમ ચેતના છે.'

*

પ્રભુ, તારી વાણી હું સાંભળી રહું છું અને તારાં ચરણોમાં સાષ્ટાંગ નમસ્કાર કરું છું. મારે માટે તેં દ્વાર ખોલી આપ્યું છે; મારાં ચક્ષુ તેં ખોલી આપ્યાં છે, અને રાત્રિ થોડીક પ્રકાશિત બની છે....

*
**

---

*સૅલમૅન્ડર તે ભૂ-જલ ઉભયચારિ મકર છે. એનામાં અગ્નિમાં રહેવાની તેમજ અગ્નિને હોલવવાની શક્તિ છે એમ એક વાર માનવામાં આવતું હતું.

સ્ફિન્કસ તે ગ્રીક કથાઓમાંની સ્ત્રીનું મસ્તક અને સિંહણના શરીરવાળી એક રાક્ષસી છે. રસ્તાની પડખે બેસી મુસાફરોને તે સમસ્યાઓ પૂછતી અને જે તેનો જવાબ ન આપી શકે તેમને ગળું દાબીને મારી નાખતી.

—અનુવાદક

૩૦ માર્ચ ૧૯૧૭

પોતાની જાતને વિષે કશો પણ વિચાર ન કરવો એમાં તો એક ચક્રવર્તી રાજત્વ રહેલું છે. જરૂરિયાતો હોવી એટલે કે એક નિર્બળતાને જોરપૂર્વક જણાવવી; કોઈ વસ્તુ માટે હકદાવો કરવો એ એમ પુરવાર કરે છે કે આપણે જેને માટે હકદાવો કરીએ છીએ તે આપણામાં નથી. ઇચ્છા કરવી એટલે અસહાય બની રહેવું; એમાં આપણે આપણી મર્યાદિતતાઓને મંજૂરી આપીએ છીએ અને તેમને જીતવાની આપણી અશક્તિને જણાવી દઈએ છીએ. કાંઈ નહિ તો એક સાચા એવા અભિમાનની રીતે પણ, માણસે એટલા તો ઉમદા બનવું જોઈએ કે તે ઇચ્છાનો ત્યાગ કરી દે. જીવન પાસેથી અથવા તો એ જીવનમાં પ્રાણસંચાર કરી રહેલી પરમ ચેતના પાસેથી કશું પણ માગવું એ કેટલું તો શરમજનક છે! આપણા માટે એ કેટલું બધું શરમજનક છે, પરમ ચેતનાની સામે એ કેવો તો અજ્ઞાનભરેલો અપરાધ છે!

કેમ કે આપણને બધું જ મળી શકે તેમ છે, આપણા સ્વરૂપની જે અહંકારજન્ય મર્યાદાઓ છે તે જ માત્ર આપણને આખાયે વિશ્વનો આનંદ માણતાં રોકી રાખે છે, આપણી પાસે જેમ આપણું શરીર છે અને તેની આસપાસની પરિસ્થિતિઓ છે તેના જેવી જ સંપૂર્ણ અને સઘન રીતે આપણે વિશ્વને માણી શકીએ છીએ.

કર્મનાં સાધનો પ્રત્યે પણ આપણું વલણ આ પ્રકારનું રહેવું જોઈએ.

મારા હૃદયમાં નિવાસ કરતા અને તારી પરમ સંકલ્પ-શક્તિ દ્વારા હરેક વસ્તુનું સંચાલન કરનાર તેં, એક વર્ષ પૂર્વે મને કહ્યું હતું કે તમામ પુલોને કાપી નાખ; અને તારી જાતને વેગપૂર્વક અજ્ઞાત-ની અંદર ઝંપલાવી દે, રુબિકૉન ઓળંગતી વખતે સીઝરે જે કહ્યું હતું : કાં તો કૅપિટોલ કે પછી ટાર્પિયન ખડક, એની માફક.*

---

* ઈટાલીમાં આવેલા કેપિટોલિન પર્વતનાં બે શિખરો, કેપિટૉલ ઉપર

મારી આંખો આગળથી તેં કર્મના પરિણામને છુપાવી રાખ્યું હતું. હજી પણ તું એને ગુપ્ત રાખી રહ્યો છે; અને છતાં તું જાણે છે કે મારા આત્માની સમતા વૈભવ યા તો વેદનાની સમક્ષ એની એ જ ટકી રહે છે.

તારી ઇચ્છા એવી હતી કે મારે માટે ભાવિ અનિશ્ચિત રહેવું જોઈએ, અને મારે રસ્તો ક્યાં લઈ જશે તે જાણ્યા વિના પણ આગળ વધતા રહેવું જોઈએ.

તારી ઇચ્છા એવી હતી કે મારે મારા ભાવિ વિષેની બધી જ ચિંતા તને પૂરેપૂરી સોંપી દેવી જોઈએ અને હરેક રીતની ખાસ અંગત પ્રવૃત્તિનું વિસર્જન કરી દેવું જોઈએ.

આ, બેશક, એટલા માટે હતું કે મારો માર્ગ મારા પોતાના ચિત્ત સમક્ષ પણ અદૃષ્ટરૂપે જ રહેવો જોઈએ.

*
**

૩૧ માર્ચ ૧૯૧૭

જ્યારેજ્યારે તારા દૈવી ઉચ્છ્વાસનો સ્પર્શ થતાં કોઈક હૃદય જાગી ઊઠે છે ત્યારે પૃથ્વી ઉપર જાણે થોડુંક વધુ સૌંદર્ય જન્મ લેતું દેખાય છે, હવામાં એક મીઠી મઘમઘતી સૌરભ ફેલાઈ જાય છે, આખું જગત વધુ મૈત્રીભર્યું બને છે.

હે સર્વ જીવનના સ્વામી! તારી શક્તિ કેટલી બધી અસીમ છે! તારા આનંદનો એક અણુ પણ પારાવાર અંધકારને, અસંખ્ય દુઃખોને મિટાવી દેવાને પૂરતો છે. તારી જ્યોતિનું એકાદ કિરણ પણ જડમાં જડ કંકરને, કાળામાં કાળી ચેતનાને પ્રકાશથી ભરી દઈ શકે છે!

તેં મારા ઉપર તારી કૃપાઓના ગંજ ખડક્યા છે, અનેકાનેક ગુપ્ત રહસ્યો તેં મારી સમક્ષ પ્રગટ કર્યાં છે, તેં મને કેટલાયે અણધાર્યા

જ્યુપિટર દેવનું મંદિર તથા રોમન સેનેટરોનું સભાગૃહ છે, ટાર્પિયન ખડક પરથી મૃત્યુદંડ પામેલા અપરાધીઓને નીચે ધકેલી દેવામાં આવતા હતા.

અને અણુકલ્પ્યા આનંદોનો રસ ચખાડચો છે, પરંતુ તારા એ કૃપા-પ્રસાદો કરતાંય એક ઘણો મહાન પ્રસાદ તું મને આપે છે કે જ્યારે તારા દૈવી ઉચ્છ્વાસનો સ્પર્શ થતાં માનવહૃદય ઝબકીને જાગી ઊઠે છે...

આ ધન્ય ક્ષણોમાં સારીયે પૃથ્વી આનંદનું એક સ્તવન ગાઈ રહી છે: ભૂમિનાં તરણાં આનંદથી કંપી રહ્યાં છે, હવા પ્રકાશથી રણઝણી રહી છે: તરુવરો આકાશ પ્રતિ પોતાની અતિ આર્ત પ્રાર્થના પ્રેરી રહ્યાં છે, પંખીઓનો કલરવ એક ગાનરૂપ બની રહ્યો છે, સાગરનાં મોજાં પ્રેમથી ગરજી રહ્યાં છે, બાળકોનું સ્મિત અનંતની વાર્તા કહેવા લાગે છે અને માનવોનો આત્મા તેમની આંખમાં આવીને વિરાજી રહ્યો છે.

કહે કહે, મારા પ્રભુ, તું મને એ આપીશ ?—આશાતુર અંતઃ-કરણોમાં આ ઉષાને જન્મ દેવાની, તારા પરમ દિવ્ય ચૈતન્ય પ્રત્યે માનવોની ચેતનાને જાગૃત કરવાની, આ ઉજ્જડ અને દુખિયારી દુનિયામાં તારા સાચા સ્વર્ગનો એકાદ અંકુર પણ પ્રગટ કરવાની એ અદ્ભુત શક્તિ તું મને આપીશ ? જગતનું કયું સુખ, કઈ સંપત્તિ, કઈ દુન્યવી શક્તિઓ તારી આ અદ્ભુત બક્ષિસની તુલનામાં આવી શકે તેમ છે ?....

પ્રભુ, મેં તને કરેલી પ્રાર્થના કદીયે નિષ્ફળ ગયેલી નથી, કારણ તારી સાથે આ જે વાત કરે છે તે મારામાં રહેલું તારું પોતાનું સ્વરૂપ—તું પોતે જ છે.

તારા પરમ સમર્થ પ્રેમની સજીવન અને મુક્તિદાયક જ્યોતિને તું પૃથ્વીને ફલવતી કરતી એક વર્ષારૂપે બુંદ બુંદ કરીને વરસવા દઈ રહ્યો છે. એ શાશ્વત જ્યોતિનાં આ બિંદુઓ અમારી આ અંધારી અવિદ્યાની સૃષ્ટિ ઉપર જ્યારે મૃદુતાથી ઊતરતાં હોય છે ત્યારે એ જોઈને કહેવાનું મન થાય છે કે એક ઘનશ્યામ આકાશમાંથી જાણે કે સોનેરી તારાઓ પૃથ્વી ઉપર એક એક કરતા વરસી રહ્યા છે.

આ પુનઃ પુનઃ બની રહેતા અસ્ખલિત ચમત્કારની સમક્ષ સારુંયે

જગત મૂક આરાધનામાં પ્રણામ કરતું ઢીંચણીયે ઢળી પડે છે.

*
**

૧ એપ્રિલ ૧૯૧૭

તેં મારા મૂક અને તત્પર આત્માને તારાં સ્વર્ગીય મેદાનોનો ઝગમગાટ બતાવ્યો છે : ઉત્સવમગ્ન વૃક્ષો અને એકાંતમાર્ગો ત્યાં આકાશ પ્રત્યે ગમન કરતાં દેખાય છે.

પરંતુ મારા ભવિષ્ય વિષે તેં કાંઈ કહ્યું નથી. શું એ મારાથી એટલું બધું ગુપ્ત રાખવાનું છે?

ફરીથી અને સર્વ સ્થળે હું ચેરીનાં વૃક્ષોને જોઉં છું; તેં આ પુષ્પોમાં જાદૂઈ અસર મૂકી છે : તેઓ તારી એકાકી ઉપસ્થિતિની જાણે વાતો કરે છે; તેઓ તેમની સાથે પ્રભુનું સ્મિતહાસ્ય લાવે છે.

મારું હૃદય વિશ્રાંતિ લે છે અને મારો આત્મા બહારમાં ખીલી ઊઠ્યો છે: આ મહોરેલાં વૃક્ષોમાં તે કેવો તો જાદુ મૂક્યો છે?

હે જાપાન, એના મહોત્સવમાં તારી શુભેચ્છાનું મોંઘું વસ્ત્ર છે, એ તારું અતિનિર્મળ અર્પણ છે, એ તારી વફાદારીનું પ્રતીક છે; તું જે આકાશનું પ્રતિબિંબ પાડે છે તેના વિષે બોલવાની આ તારી રીત છે.

અને હવે અહીં એક અદ્ભુત દેવદારનાં વૃક્ષોથી ઢંકાયેલા પર્વતો અને સઘળે સ્થળે ખેડાઈ રહેલી ખીણોનો આશ્ચર્યજનક પ્રદેશ આવી રહેલો છે. અને આ ચીન દેશનો નિવાસી નાનાં નાનાં ઘેરા લાલ રંગનાં ગુલાબ લાવે છે—શું એ નજીકના ભાવિના સંકેતરૂપ છે?

*
**

૭ એપ્રિલ ૧૯૧૭

એક ગહન ધ્યાનાવસ્થાએ મને પોતામાં મગ્ન કરી દીધી. મેં જોયું કે હું એક ચેરી વૃક્ષના પુષ્પ સાથે એકરૂપ બની રહી છું, પછી

એ પુષ્પ સાથેની એકરૂપતા દ્વારા હું બધાંય ચેરી-પુષ્પો સાથે એકરૂપ બનવા લાગી છું. અને પછી, એક નીલ રંગની શક્તિના પ્રવાહની પાછળપાછળ ચાલતાંચાલતાં, હું ચેતનામાં જેમજેમ વધુ ને વધુ ઊંડે ઊતરતી ગઈ, ત્યાં એકાએક હું પોતે જ એ ચેરીવૃક્ષ બની ગઈ. એ વૃક્ષની અગણિત ડાળીઓ જાણે તે દરેક મારો એકએક હાથ હોય તેમ આકાશ તરફ હું પસારવા લાગી. એ ડાળીઓ પરનાં પુષ્પ જાણે પૂજાનો અર્ઘ્ય બની રહ્યાં. અને પછી મેં સ્પષ્ટપણે આ વાક્ય સાંભળ્યું :

"આ પ્રમાણે તેં ચેરીવૃક્ષોના આત્મા સાથે એકરૂપતા પ્રાપ્ત કરી છે અને એ ઉપરથી તું સમજી શકીશ કે પ્રભુ પોતે જ આ પુષ્પરૂપી પ્રાર્થનાનો અર્ઘ્ય પ્રભુના ધામ પ્રત્યે અર્પી રહ્યા છે."

મેં આ લખી લીધા પછી એ બધી અનુભૂતિ ચાલી ગઈ. પણ હવે એ ચેરીવૃક્ષનું રુધિર મારી નસોમાં વહી રહ્યું છે અને તેની સાથે-સાથે એક અતુલિત શાંતિ અને શક્તિ પણ વહી રહ્યાં છે. મનુષ્યના અને વૃક્ષના શરીરની વચ્ચે કયો ભેદ છે? વાસ્તવમાં કશો જ નહિ. બંનેની પાછળ ધબકી રહેલી ચેતના એક જ છે.

અને પછી ચેરીવૃક્ષે ધીરેકથી મારા કાનમાં કહ્યું :
'વસંતઋતુના ઉપદ્રવોનું ઓસડ છે ચેરીવૃક્ષનું ફૂલ.'

*
**

૯ એપ્રિલ ૧૯૧૭

એક વાર અમે તારી સર્વજ્ઞતાનો ઊંબર ઓળંગી જઈએ પછી જ્યારે જ્યારે અમારે મનોમય જગત પ્રત્યે પાછા ફરવાનું થાય ત્યારે ત્યાં અમને જે કોઈ વિચાર આવે તે, પહેલાં કદી સ્વપ્ને પણ ન ધાર્યું હોય તેવા અદ્ભુત અને ગહન પ્રશ્નરૂપે બની રહે છે.

ઉપર, કોઈ પ્રશ્ન ઊભો થતો નથી; એ નિશ્ચલ નીરવતામાં સર્વ કાંઈ શાશ્વત કાળથી જણાયેલું છે. નીચે, સર્વ કાંઈ નવીન, અજ્ઞાત અને અણધાર્યું છે.

અને આ બંને વસ્તુઓનો એક જ ચેતનામાં જ્યારે સંગમ થાય છે ત્યારે એમાંથી એક વિશ્વાસપૂર્ણ આશ્ચર્ય પેદા થાય છે જેમાંથી શાંતિ, જ્યોતિ અને આનંદનો જન્મ થાય છે.

*
**

૧૦ એપ્રિલ ૧૯૧૭

મારું હૃદય નિદ્રામાં ઢળી ગયું છે સ્વરૂપનાં ઊંડાં ઊંડાં ઊંડાણો સુધી........

સારીયે પૃથ્વી એક અખંડિત પરિવર્તનની અંદર ગતિ કરી રહી છે, સક્રિય બનેલી છે; સારુંયે જીવન આનંદ માણી રહ્યું છે અને દુઃખી થઈ રહ્યું છે, એ પુરુષાર્થ કરી રહ્યું છે, યુદ્ધ ખેલી લઈ રહ્યું છે, જીતી રહ્યું છે, નાશ પામી રહ્યું છે અને પાછું નવું રૂપ રહ્યું છે.

મારું હૃદય નિદ્રામાં ઢળી ગયું છે સ્વરૂપનાં ઊંડાં ઊંડાં ઊંડાણો સુધી....

આ સારાંયે અગણિત અને અનંતવિધ તત્ત્વોની અંદર સંચાલનકારક સંકલ્પશક્તિ તે હું છું, કર્મ કરતું ચિત્ત તે હું છું, સાક્ષાત્કાર કરતી શક્તિ તે હું છું, ગતિમાં મુકાતું જડતત્ત્વ તે હું છું.

મારું હૃદય નિદ્રામાં ઢળી ગયું છે સ્વરૂપનાં ઊંડા ઊંડા ઊંડાણો સુધી....

હવે કોઈ અંગત સીમાઓ રહી નથી, હવે કોઈ વ્યક્તિગત કર્મ નથી; હવે કોઈ સંઘર્ષને રચનારી ભેદપ્રધાન એકાગ્રતા નથી, કેવળ એકમાત્ર અને અનંત એવું અદ્વૈત છે.

મારું હૃદય નિદ્રામાં ઢળી ગયું છે સ્વરૂપનાં ઊંડા ઊંડાં ઊંડાણો સુધી....

*
**

## ૨૮ એપ્રિલ ૧૯૧૭

હે મારા દિવ્ય ગુરુ, આજ રાત્રે આપ આપના અખિલ ઉજ્જ્વલ પ્રકાશમાં મારી સમક્ષ પ્રગટ થયા છો. આપ એક જ ક્ષણમાં આ સ્વરૂપને સંપૂર્ણપણે વિશુદ્ધ, તેજોમય, પારદર્શક, સભાન બનાવી શકો છો. આપ એને તેના છેલ્લામાં છેલ્લા કાળા ડાઘાઓમાંથી મુક્ત કરી શકો છો, તેની છેલ્લામાં છેલ્લી પસંદગીઓમાંથી છોડાવી દઈ શકો છો. આપ.... પરંતુ આજની રાત્રે આપે એને આપના દિવ્ય તેજ-પ્રવાહથી અને શબ્દાતીત પ્રકાશથી સભરાભર ભરી દીધું ત્યારે એ વસ્તુ શું આપે કરી દીધી નથી ? એ હોઈ શકે છે.... કારણ મારામાં એક આખુંયે સ્વસ્થતા અને વિરાટતાનું બનેલું અતિમાનુષ બળ આવી ગયું છે. તો મારી પ્રાર્થના છે કે આ શિખર પરથી હું નીચે પડી ન જાઉં, મારી પ્રાર્થના છે કે શાંતિ મારા સ્વરૂપની સ્વામિની બનીને સદાયને માટે શાસન કરતી રહે, અને તે માત્ર મારાં ઊંડાણો, કે જેના ઉપર તો એ શાંતિનું શાસન ક્યારનુંયે ચાલી રહ્યું છે તેની અંદર જ નહિ, પરંતુ મારી નાનામાં નાની બાહ્ય પ્રવૃત્તિઓમાં, મારા હૃદયની તથા મારા કર્મની અલ્પમાં અલ્પ અંતર્ગત સ્થિતિઓમાં પણ તે શાસન કરતી થઈ જાઓ.

આપને પ્રણામ કરું છું, હે પ્રભુ, માનવોના હે મુક્તિદાતા !

'જુઓ ! આ પુષ્પો છે અને આશીર્વાદ છે ! આ દિવ્ય પ્રેમનું સ્મિત છે! એનામાં કશી પસંદગીઓ નથી અને ઘૃણાઓ નથી એક ઉદાર પ્રવાહમાં તે પ્રેમ સર્વ પ્રત્યે વહી રહ્યો છે અને પોતાની અદ્ભુત બક્ષિસોને તે કદી પાછી લઈ લેતો નથી.'

શાશ્વત મા ભગવતી તીવ્ર આનંદના ભાવમાં પોતાના બાહુઓ વિસ્તારીને, જગત ઉપર પોતાના પવિત્રતમ પ્રેમનું અસ્ખલિત ઝાકળ રેડી રહી છે !

*
**

આકાકુરા. ૧૩ જુલાઈ ૧૯૧૭

મેં એક દિવસ લખ્યું હતું, "મારું હૃદય મારા સ્વરૂપની છેક ઊંડી ગહરાઈઓ સુધી ઊંઘી ગયું છે...." કેવળ નિદ્રાધીન ? હું માની શકતી નથી. મને એમ લાગે છે કે કદાચ એ હંમેશને માટે શાંત થઈ ગયું છે. વ્યક્તિને નિદ્રામાંથી જાગ્રત થવાનું હોય છે, શાંતિમાંથી કોઈ પાછાં પગલાં ભરવાનાં નથી હોતાં. અને તે દિવસથી હું પાછી પડી હોઉં એવું મારા ધ્યાનમાં નથી આવ્યું. પહેલાં જે એક સઘનપણે કેન્દ્રીભૂત બનેલી વસ્તુ હતી, જેમાં લાંબા સમયથી અવારનવાર તોફાનો ઊઠતાં હતાં તેને સ્થાને એક અમાપ અને વિસ્તૃત અને નિશ્ચલ અને અચંચલ વસ્તુએ મારા સ્વરૂપને સભર ભરી દીધું છે; અથવા એમ કહેવું જોઈએ કે મારું સ્વરૂપ એમાં ઓગળી ગયું છે; કારણ કે જેને મર્યાદા નથી એને આકારમાં કયી રીતે પૂરી શકાય ?

અને આ મહાન પર્વતોની શાંત રેખાઓ મારી બારીમાંથી મને છેક ક્ષિતિજ સુધી ભવ્ય રીતે ખડકાઈ રહેલી દેખાય છે. તેઓ આ સ્વરૂપના છંદ સાથે સંપૂર્ણ સંવાદમાં, એક અનંત શાંતિથી સભર ભરેલા છે. પ્રભુ, શું એમ થયું હશે કે તેં તારા સામ્રાજ્યનો કબજો લઈ લીધો હશે ? અથવા એમ કહું કે તારા સામ્રાજ્યના આટલા ભાગ પૂરતો – કારણ કે શરીર તો હજી પણ તમોગ્રસ્ત અને અજ્ઞાન છે, પ્રત્યુત્તર વાળવામાં ધીમું છે, નમનીયતા વિનાનું છે. શું એ પણ બીજા બધાની માફક એક દિવસ શુદ્ધ બનશે ? અને શું તારો વિજય સંપૂર્ણ થશે ? એની કશી અગત્ય નથી. આ કરણ તો તારે એને જેવું બનાવવું હોય તેવું જ છે અને એનો આનંદ નિર્ભેળ છે.

*
**

૨૪ સપ્ટેમ્બર ૧૯૧૭

તેં મને એક ઘણી કપરી તાલીમમાંથી પસાર કરી છે. તારી પાસે પહોંચાડતી સીડીનાં પગથિયાં એક પછી એક ચડતીચડતી હું

તારી પાસે આવી છું અને એ આરોહણનાં શિખર પર તેં મને તારી સાથેની એકરૂપતાનો પૂર્ણ આનંદ ચખાડયો છે. અને પછી, તારી આજ્ઞાને માથે ચડાવી, હું પાછી એકેક પગથિયું કરતી નીચે ઊતરી છું, બાહ્ય પ્રવૃત્તિઓ અને ચેતનાની બાહ્ય અવસ્થાઓમાં પાછી ફરી છું. તને શોધવા માટે મેં જે સૃષ્ટિઓનો ત્યાગ કર્યો હતો તેમાં પાછી હું આવી પહોંચી છું. અને અહીં ઠેઠ નીચે, સીડીને છેલ્લે પગથિયે ઊભીને જોઉં છું તો, મારી અંદર તેમજ બહાર, બધે બધું જ એવું તો નિસ્તેજ, નિષ્પ્રાણ, અતિ પ્રાકૃત, ઉષ્માહીન લાગે છે કે જાણે મારું બધું જ્ઞાન ચાલ્યું ગયું છે....

તું મારી પાસે કયું કાર્ય કરાવવા માગે છે; જો આ બધાને પરિણામે, લગભગ આખી માનવજાતિ કશી ખાસ સાધના વિના જે સ્થિતિ પામી શકે છે તે જ આવવાની હોય તો પછી આ લાંબી અને લાંબી સાધનાનો શો અર્થ છે?

મેં જે જે કાંઈ જોયું છે તે બધું જોયા પછી, મેં જે જે કાંઈ અનુભવ્યું છે તે બધું અનુભવ્યા પછી, તારા જ્ઞાનની અને તારી સાથેના વ્યવહારની અત્યંત પુનિત વેદી સુધી મને લઈ જવામાં આવી છે તે પછી, તેં મને આવા અતિસામાન્ય સંયોગોમાં એક સાવ સામાન્ય કરણ જેવી કરી મૂકી છે. એ તે કેમ બની શકયું છે? સાથે જ, પ્રભુ, તારા હેતુઓ અકળ છે, અને મારી સમજણથી પર છે....

તેં મારા હૃદયમાં તારા સંપૂર્ણ આનંદનો વિશુદ્ધ હીરક મૂકી આપ્યો છે, તો પછી હવે શા માટે તું તેમાં બહારથી આવતા પડછાયાઓનું પ્રતિબિંબ પડવા દે છે, અને એમ થવા દઈને, તેં મને બક્ષેલ શાંતિના ભંડારને તું લોકોથી ગુપ્ત જેવો જ રહેવા દે છે, નિષ્ફળ જેવો જ કરી મૂકે છે? ખરેખર આ બધું એક અગમ્ય વસ્તુ જ છે. અને તે મારી મતિને મૂંઝવી દે છે.

તેં મને અંતરમાં આવી વિરાટ આંતરિક નીરવતા બક્ષી છે, તો પછી મારી જીભને તું શા માટે બોલબોલ કરવા દે છે અને મારા

ચિત્તને આવી નક્કામી ચીજોમાં રોકાયેલું રહેવા દે છે? શા માટે?.... હું આમ કેટલાયે સવાલો પૂછી શકું છું, અને સંભવ છે કે હમેશાં કશાય જવાબની આશા વગર....

મારે તો તારા આદેશને માથે ચડાવી લેવાનો છે. અને એક પણ શબ્દ બોલ્યા વિના મારી સ્થિતિને સ્વીકારી લેવાની છે.

હવે તો હું માત્ર એક પ્રેક્ષક છું અને આ જગતના મહામકરને તેના પુચ્છનાં ગૂંછળાં અનંત રીતે ઉકેલતો જોઈ રહું છું.

*
**

( થોડાએક દિવસો પછી )

પ્રભુ, કેટલી બધી વાર, તારા આદેશની સમક્ષ નિર્બળ બની જઈને, હું તને પ્રાર્થના કરતી રહું છું : 'આ પૃથ્વી સાથે જકડાયેલી ચેતનાના વધ-ભૂમિમાંથી મને બચાવી લે; તારા પરમ અદ્વૈતમાં મને ડૂબી જવા દે,' પણ મારી પ્રાર્થના કાયરતાભરેલી છે, કારણ કે એ વાંઝણી જ રહે છે.

*
**

૧૫ ઓકટોબર ૧૯૧૭

મારી નિરાશામાં મેં તને પોકાર કર્યો છે, પ્રભુ, અને તેં મારી પ્રાર્થનાને જવાબ વાળ્યો છે.

મારી જીવનની પરિસ્થિતિઓ અંગે ફરિયાદ કરવામાં મેં ભૂલ કરી છે, હું જે રીતની છું તેની સાથે એ બધી શું સસંગત નથી?

તું મને તારા જ્યોતિર્ધામના ઊંબર સુધી લઈ ગયો, અને તારા પરમ સંવાદના આનંદનું પાન કરાવ્યું. એટલાથી તો મેં માની લીધું કે હું હવે છેવટનું લક્ષ્ય પામી ચૂકી. પણ આ અનુભૂતિનો સાચો અર્થ એટલો જ છે કે તારા આ કરણને તેં તારી જ્યોતિના પૂર્ણ પ્રકાશમાં અવલોકવા માટે જ હાથમાં લીધું હતું. હવે તેં એને પાછું

જગતની કઢાઈમાં ઝબકોળ્યું છે, કે જેથી એ નવેસરથી પાછું ઓગળે અને વિશુદ્ધ બને.

મારી અભીપ્સા ઘણી તીવ્ર અને વેદનાભરી બની રહી છે. આ ક્ષણોમાં હું જોઉં છું, હું અનુભવું છું કે તું મને એક પ્રચંડ વેગથી રૂપાંતરના માર્ગ પર આગળ ખેંચી રહ્યો છે, મારું સમસ્ત ચેતન અનંત પરમાત્મસત્તાનો સભાન સ્પર્શ પામી રણઝણી રહ્યું છે.

આ રીતે તેં મને આ નવી કસોટીમાંથી પાર પડવાનું ધૈર્ય અને બળ આપ્યાં છે.

*
**

૨૫ નવેમ્બર ૧૯૧૭

પ્રભુ, દુઃખની એક દારુણ ઘડીમાં મારી શ્રદ્ધા ભેગી કરી હું પુકારી ઊઠી: ' તારી ઇચ્છાનો વિજય થાઓ. ' અને તારી જ્યોતિના ઝળકતા જામા પહેરી તેં મને દર્શન દીધાં. તારાં ચરણોમાં મેં સાષ્ટાંગ પ્રણામ કર્યાં, તારા હૃદયમાં મને વિશ્રામ મળ્યો. પ્રભુ, તારા દિવ્ય પ્રકાશથી તેં મારા ચેતનને ભરી દીધું છે, તારા પરમ આનંદથી એને છલકાવી દીધું છે. તારી મૈત્રીનો તેં મને ફરી વાર કોલ આપ્યો છે, તારા અખંડ સાંનિધ્યની તેં મને ખાતરી આપી છે. કદીયે છેહ ન દે એવો તું અમારો દૃઢ મિત્ર છે, અમારી શક્તિ, અમારો આધાર, અમારો નેતા છે. અંધકારને વિદારનાર તું પ્રકાશ છે. વિજયની ખાતરી આપનાર તું વિજેતા છે. તું આમ વિદ્યમાન છે, એટલે બધું સ્પષ્ટ બની ગયું છે. મારા બળવાન બનેલા હૃદયમાં પાછો અગ્નિ પ્રદીપ્ત થયો છે, એની જ્યોતિ ફેલાવા લાગી છે, વાતાવરણને તે તેજથી ભરી રહી છે, વિશુદ્ધ કરી રહી છે....

તારા પ્રત્યેનો મારો પ્રેમ, આટલો બધો વખત દબાઈ રહ્યો હતો તે, ફરીથી પાછો ઊછળી આવ્યો છે, મહાસમર્થ, અવિરોધ્ય – પોતે પસાર કરેલી અગ્નિપરીક્ષાને લીધે દશ ગણો વૃદ્ધિ પામેલો. એ પ્રેમને

પોતાની એકલતામાં પોતાની શક્તિ મળી આવી છે, એ છે સ્વરૂપની સપાટી ઉપર આવી જવાની શક્તિ, સારીયે ચેતના ઉપર સ્વામીરૂપે પોતાને સ્થાપિત કરવાની શક્તિ, પોતાના છલકાઈ ઊઠતા પ્રવાહમાં દરેક વસ્તુને સમાવી લેવાની શક્તિ.

તેં મને કહ્યું છે: 'હું તારી પાસે આવ્યો છું, હવે પાછો જવાનો નથી.'

અને, ભૂમિ ઉપર મારું લલાટ મૂકીને તારા અભયવચનને મેં ઝીલ્યું છે.

*
**

૧૨ જુલાઈ ૧૯૧૮

એકાએક, તારી સમક્ષ, મારો બધો ગર્વ ગળી ગયો. મને સમજાયું કે પોતાની જાતથી પર થઈ જવાની ઇચ્છા તારા સાંનિધ્યમાં રહીને રાખવી એ કેટલું બધું નિરર્થક છે, અને હું રડી પડી, ખૂબખૂબ રડી, મોકળા મને રડી. મારા જીવનનાં એ મીઠામાં મીઠાં આંસુ હતાં. આહા, એ કેવી તો વિશ્રાંતિ લાવી આપતાં હતાં, એ કેવાં તો સ્વસ્થ અને મધુર હતાં, કશી પણ શરમ વિના, કશા પણ સંકોચ વિના તારી સમક્ષ મેં વહાવેલાં એ આંસુ ! આ તે શું એક બાળક એના પિતાના બાહુમાં બેઠું હોય એના જેવું હતું ? પરંતુ એ કેવા તો પિતા ! કેવી તો ઉત્કૃષ્ટતા, કેવી તો ભવ્યતા, સમજણની કેવી તો વિરાટતા ! અને ત્યાંથી આવતા ઉત્તરમાં કેવી તો શક્તિ અને કેવી તો વિપુલતા ! હા, એ આંસુ એક પુનિત ઝાકળ જેવાં હતાં. આ તે શું હું મારા પોતાના કોઈ દુઃખને કારણે રડતી ન હતી એટલે બની આવ્યું હતું ? આહ, એ કેવાં તો મધુર, કેવાં તો મંગલ આંસુ હતાં. એ આંસુએ મારા હૃદયને તારી સમક્ષ મોકળાશથી ખોલી આપ્યું. તારાથી મને વેગળી રાખનાર રહ્યાસહ્યા અંતરાયોને એ આંસુએ એક અદ્ભુત પળમાત્રમાં પીગળાવી નાખ્યા.

થોડા દિવસ પહેલાં મેં જાણ્યું હતું, સાંભળ્યું હતું : ' તું જો ખુલ્લા દિલથી, કશા પણ સંકોચ વિના મારી વસ્તુઓને ઝીલશે તો ઘણી વસ્તુઓ બદલાશે, એક મહાન વિજય સિદ્ધ થશે '. અને એટલે જ, આંસુ જ્યારે મારા હૃદયમાંથી ઊઠીને મારી આંખમાં આવીને ઊભાં ત્યારે હું આવી અને તારી સમક્ષ બેઠી અને એ આંસુને એક અર્પણરૂપે પવિત્ર ભાવે મેં વહેવા દીધાં. અને એ અર્પણ કેટલું બધું તો મધુર અને આશ્વાસક હતું !

અને હવે તો હું જોકે રડતી નથી, છતાં તારું સાંનિધ્ય મને નિકટમાં લાગે છે, એટલું બધું તો નિકટમાં લાગે છે કે મારું આખુંયે સ્વરૂપ આનંદથી કંપાયમાન બની રહે છે.

તો મારી સ્તુતિ મને મારા બાલકંઠે ગાઈ લેવા દો :

એક બાળકના જેવા આનંદથી મેં તને પ્રાર્થના કરી છે :

શ્રદ્ધાના ઓ પરમ અને એકમાત્ર ધામ, તને અમે જે કાંઈ કહી શકીએ તેની તો તને પહેલેથી જ ખબર હોય છે, કેમ કે તું પોતે જ અમારા કથનનું મૂળ છે !

ઓ પરમ અને એકમાત્ર મિત્ર, અમે જેવાં છીએ તેવાં જ તું અમને સ્વીકારી લે છે, અમને એ જ રૂપે ચાહે છે, અમારી એ સ્થિતિને બરાબર સમજે છે, કારણ કે તેં પોતે જ અમને આવાં બનાવ્યાં છે !

ઓ પરમ અને એકમાત્ર પથદર્શક, અમારા ઊર્ધ્વ સંકલ્પનો તું કદી વિરોધ કરતો નથી. કેમકે તું પોતે જ એ સંકલ્પમાં બેસીને સંકલ્પ આદરતો હોય છે ! અમે જે અમારી વાતનો કોઈ સાંભળનાર, અમને સમજનાર, પ્રેમ કરનાર, પથ દર્શાવનાર માગીએ છીએ તેની ખોજ તારા સિવાય બીજે ક્યાંય કરવી એ તો મૂર્ખતા છે; કારણ અમને સાંભળવાને, સમજવાને, અમને પ્રેમ કરવાને, પથ દર્શાવવાને તું હમેશાં હાજર છે. તું અમને કદી નાસીપાસ કરનાર નથી.

એક પૂર્ણ શ્રદ્ધામાં, એક અનન્ય સુરક્ષિતતામાં, એક સમગ્ર, મોકળા, વિશુદ્ધ અને કશાયે આયાસ કે સંકોચ વિનાના સમર્પણમાં

કેવો તો પરમ અને ભવ્ય આનંદ રહેલો છે એ જ્ઞાન તેં મને આપ્યું છે.

અને એક બાળક પેઠે આનંદિત બનીને, ઓ મારા પ્રિયતમ, હું એકી સાથે તારી સમક્ષ હસી છું અને રડી છું.

*
**

૧૦ ઓક્ટોબર ૧૯૧૮

હે મારા પ્રિયતમ, મારા પ્રભુ, એ એક કેવી મધુર અવસ્થા છે કે જેમાં હું અનુભવું છું કે હું તારા માટે અને કેવળ તારા માટે જ કાર્ય કરું છું! હું તારી સેવામાં તત્પર ખડી છું, તું જ કાર્ય વિષે નિર્ણય કરે છે, તેની વ્યવસ્થા કરે છે, તેને ગતિમાન કરે છે, દોરે છે અને સિદ્ધ કરે છે. આ બધું હું જ્યારે જાણું છું અને અનુભવું છું, ત્યારે મને કેટલી બધી તો શાંતિ, સ્થિરતા અને પરમ આનંદ પ્રાપ્ત થાય છે! કારણ કે તને સ્વતંત્રપણે કાર્ય કરવા દેવા માટે આજ્ઞાપાલક, નમનીય, સમર્પિત અને તત્પર બની રહેવું પૂરતું છે; પણ એમાં કોઈ જાતની ક્ષતિઓ કે ભૂલો કે અધૂરપ કે અપૂર્ણતા રહેતી નથી, કારણ કે તું જ સંકલ્પ કરે છે અને તું જ કરે છે અને જેનો તારો સંકલ્પ હોય છે તે પ્રમાણે બને છે.

મારી કૃતજ્ઞતાની આતુર જ્યોતિનો અને મારા આનંદપૂર્ણ અને સંપૂર્ણપણે શ્રદ્ધાભરી નિષ્ઠાનો તું સ્વીકાર કર.

મારા પિતાએ મારા પ્રત્યે સ્મિત કર્યું છે અને મને તેમના શક્તિશાળી બાહુઓમાં લઈ લીધી છે. મારે હવે ભય શેનો? હું એમની અંદર પીગળી ગઈ છું અને હવે એ જ આ પોતે પોતાના આવિર્ભાવ માટે બનાવેલા દેહમાં કાર્ય કરે છે અને નિવાસ કરે છે.

*
**

ઓઈવાકે. ૩ સપ્ટેમ્બર ૧૯૧૯

મેં કેટલાયે બધા પ્રેમ અને કાળજીપૂર્વક તૈયાર કરેલું ભોજન

લેવાની માણસે ના પાડી ત્યારે પછી તે સ્વીકારવા માટે મેં પ્રભુને નિમંત્રણ આપ્યું.

અને મારા પ્રભુ, તેં મારું આમંત્રણ સ્વીકાર્યું છે અને તું મારા ટેબલ ઉપર બેસવા માટે આવેલો છે; અને મારા રંક અને વિનમ્ર અર્પણના બદલામાં તેં મને અંતિમ મુક્તિનું દાન આપ્યું છે! મારું હૃદય આજે સવારે પણ વેદના અને ચિંતાથી એટલું બધું તો ભારે હતું, મારું મગજ જવાબદારીના ભારથી લદાયેલું હતું, એ પોતાના બોજામાંથી મુક્ત થઈ ગયાં છે. એ બંને હવે; મારું આંતર સ્વરૂપ લાંબા સમયથી હળવું અને આનંદથી સભર રહેલું છે તેના જેવાં જ હળવાં અને આનંદમય બની ગયાં છે. અને તારું દર્શન થતાં આ પહેલાં મારો આત્મા હસતો હતો, તેમ હવે મારું શરીર તને જોઈને સુખથી હસે છે!

મારા પ્રભુ! હવે તો તું મારી પાસેથી આ આનંદ પાછો નહિ જ ખેંચી લે એમ પ્રાર્થું છું. કારણ આ વેળા તો, હું માનું છું કે મને પૂરેપૂરો પાઠ મળી ગયો છે. એક પછી એક મારી સઘળી ભ્રાન્તિઓનાં દુઃખ ભોગવીને મેં તેમનું વિસર્જન કરી દીધું છે. જેથી મારો મૃત આત્મા પુનર્જીવનનો અધિકારી થઈ તારા જ્યોતિર્મય ધામમાં હવે પ્રવેશ પામશે જ. આખો ભૂતકાળ લય પામી ગયો છે. એમાંથી માત્ર એક સમર્થ પ્રેમ જ અવશિષ્ટ રહ્યો છે. એ પ્રેમે મને બાળકનું વિશુદ્ધ હૃદય આપ્યું છે અને દેવના ચિત્તનું લાઘવ અને સ્વાતંત્ર્ય આપ્યું છે.

*
**

પોંડિચેરી. ૨૨ જૂન ૧૯૨૦

એક અવર્ણ્ય આનંદનું મને દાન કર્યા પછી, મારા પ્રિયતમ, તેં મારી પાસે સંઘર્ષ અને અગ્નિપરીક્ષા મોકલ્યાં છે. અને એ જાણે તારા મહામૂલા દૂત હોય એમ મેં તેમનું પણ સ્મિતપૂર્વક સ્વાગત

કર્યું છે. પહેલાં તો, સંઘર્ષના ખ્યાલ માત્રથી હું ગભરાતી હતી. સંવાદ અને શાંતિ માટેનો મારો પ્રેમ એથી ઘવાતો હતો. પણ હવે, મારા પ્રભુ, હું એને આનંદપૂર્વક આવકારી લઉં છું. તારા કર્મનાં અનેક રૂપોમાંનું આ પણ એક રૂપ છે. કર્મક્ષેત્રની અંદર કેટલાંક વિસારે પડી જાય તેવાં તત્ત્વોને પ્રકાશમાં લઈ જવાનું એ ઉત્તમ સાધન છે. એ પોતાની સાથે વિશાળતાની, સંકુલતાની, શક્તિની એક લાગણી લઈ આવે છે. અને હું જોઉં છું કે તું, તારા જ્યોતિર્મય રૂપે, જેવી રીતે સંઘર્ષને ઉત્તેજિત કરે છે તેવી રીતે જ હું જોઉં છું કે તું ઘટનાઓની ગૂંચોને ઉકેલી આપે છે, વિરોધી વૃત્તિઓનાં વમળોનું નિરાકરણ કરે છે, અને જે બધાં તત્ત્વો તારા પ્રકાશ અને તારી શક્તિને આવરી લેવા મથતાં રહે છે તેમના ઉપર અંતે જતાં તું વિજય મેળવી લે છે; કેમ કે આ સર્વમાં થઈને તારા પોતાના સ્વરૂપનો એક વિશેષ પરિપૂર્ણ સાક્ષાત્કાર નિષ્પન્ન થવો જ જોઈએ.

*
**

૬ મે ૧૯૨૭

આપણે આપણા જીવન અને મૃત્યુનું, સુખનું અને દુઃખનું સમર્પણ કરવાનું જાણવું જોઈએ; આપણે સર્વ વસ્તુઓ માટે અને સર્વે વસ્તુઓમાં આપણી સર્વ સિદ્ધિઓની શક્તિઓના દિવ્ય દાતા ઉપર આધાર રાખતાં શીખવું જોઈએ, કારણ કે તે એકલો જ નિર્ણય કરી શકે છે અને કરશે કે આપણે સુખી થવાનું છે કે નહિ, જીવવાનું છે કે નહિ. આપણે સાક્ષાત્કારની સિદ્ધિમાં ભાગ લેવાનો છે કે નહિ.

આ પ્રકારના પ્રેમ અને સમર્પણની પૂર્ણતા અને નિર્મળતામાં આપણને સંપૂર્ણ શાંતિ પ્રાપ્ત કરવા માટેની અનિવાર્ય શરતનાં દર્શન થાય છે; અવિરત પરમાનંદના પાયા માટે એ અનિવાર્ય છે.

*
**

## ૨૮ ડિસેમ્બર ૧૯૨૮

એક એવી સત્તા છે કે જે કોઈ પણ સરકાર પામી શકે તેમ નથી. એક એવું સુખ છે કે જે દુનિયાની કોઈ સફળતામાં નથી. એક એવો પ્રકાશ છે કે જે કોઈ પણ બુદ્ધિમાં આવેલો નથી. એક એવું જ્ઞાન છે કે જે કોઈ પણ ફિલસૂફી કે સાયન્સ મેળવી શકે તેમ નથી. એક એવો આનંદ છે કે જે ઇચ્છાની ગમે તેટલી તૃપ્તિમાંથી પણ મળી શકે તેમ નથી. એક એવી પ્રેમ-પ્યાસ છે કે જે કોઈ પણ માનવ-સંબંધથી છીપી શકે તેમ નથી. એક એવી શાંતિ છે કે જે ક્યાંય પણ શોધી જડે તેમ નથી, ખુદ મૃત્યુમાં પણ નહિ.

એ સત્તા, એ સુખ, એ પ્રકાશ અને જ્ઞાન, એ આનંદ, એ પ્રેમ અને એ શાંતિ પ્રભુનાં છે, તેની કૃપા-દૃષ્ટિ થતાં તે આપણને મળે છે.

*
**

## ૨૪ નવેમ્બર ૧૯૩૧

હે મારા પ્રભુ, મારા મધુર ગુરુ, તારું કાર્ય સિદ્ધ કરવા માટે હું જડત્વનાં ઠેઠ અગાધ પેટાળમાં નીચે સુધી જઈ પહોંચી છું. મારા પોતાના હાથ વતી મેં અચેતનતા અને જૂઠાણાની ભયાનકતાનો સ્પર્શ કર્યો છે, જે પરમ અંધકાર અને વિસ્મૃતિનું ધામ છે. પરંતુ મારા હૃદયમાં તારી સ્મૃતિ જીવતીજાગતી હતી. મારા હૃદયમાંથી પુકાર તારી પાસે પહોંચતો હતો : "પ્રભુ, પ્રભુ, હરેક સ્થળે તારા શત્રુઓનો વિજય થતો દેખાય છે. જગત ઉપર અસત્યની આણ ફરી વળી છે. તારા વિનાનું જીવન મૃત્યુ જેવું, સનાતન નરક બની રહ્યુ છે. શંકા આશાનું સ્થાન પચાવી બેઠી છે, વિરોધવૃત્તિએ શરણભાવને હાંકી મૂક્યો છે, શ્રદ્ધા ક્ષીણ થઈ ગઈ છે, કૃતજ્ઞતાનો જન્મ થવો હજી બાકી છે; અંધ આવેશોએ, ખૂનખાર વૃત્તિઓએ અને દોષિત દુર્બળતાએ તારા પ્રેમના મધુર શાસનને છાવરી લીધું છે, ગૂંગળાવી દીધું છે. પ્રભુ, તારા શત્રુઓનો તું શું વિજય થવા દઈશ? અસત્ય, કુરૂપતા અને વેદનાને તું શું વિજય પામવા દઈશ? પ્રભુ, અમને વિજયકૂચ માટે

તું આદેશ આપ અને વિજય આવીને ઊભો રહેશે. હું જાણું છું કે અમારામાં પૂરો અધિકાર નથી. હું જાણું છું કે જગત હજી તૈયાર નથી. પરંતુ તારી કરુણામાં અનન્ય શ્રદ્ધા રાખી હું તને પુકારું છું અને જાણું છું કે તારી કરુણતા અમને બચાવશે."

આમ, મારી પ્રાર્થના તારા તરફ વેગથી આરૂઢ થવા લાગી. અને ગહનતાના પેટાળમાંથી તારું જ્યોતિર્મય ભવ્ય સ્વરૂપ પ્રગટ થતું હું જોઈ રહી. સાચે જ તારાં દર્શન થયાં અને તેં મને કહ્યું: "હિંમત ન હારીશ, દૃઢ થા, શ્રદ્ધા રાખ,—હું આવું છું."

*
**

૨૩ ઓકટોબર ૧૯૩૭

(પ્રભુની સેવામાં રહેવા ઇચ્છનાર માટે એક પ્રાર્થના)

હે વિઘ્નમાત્રના વિજેતા, તારો જય હો, પ્રભુ!

આ અમારી પ્રાર્થના છે:

અમારી અંદર કશું પણ તારા કાર્યમાં વિઘ્નરૂપ ન બનો.
તારા આવિર્ભાવમાં કશું પણ વિલંબરૂપ ન બનો.
સર્વ પદાર્થોમાં પ્રત્યેક પળે તારી ઇચ્છા પૂર્ણ બનો.

તારી સમક્ષ અમે આવ્યાં છીએ એટલા માટે કે તારી ઇચ્છા અમારામાં સિદ્ધ થાય, અમારા એકેએક તત્ત્વમાં, અમારી એકેએક પ્રવૃત્તિમાં, અમારી ચેતનાનાં ઉચ્ચોચ્ચ શિખરોથી માંડી અમારા શરીરના નાનામાં નાના અણુ સુધી.

અમારી નિષ્ઠા કેવળ તારામાં જ રહો, સંપૂર્ણ અને સદાયને માટે.

અમારે ઝીલવી છે કેવળ તારી જ છાયા, બીજા કોઈની નહિ.

અમે તારા પ્રત્યે હૃદયના ઊંડાણમાંથી તીવ્ર ભાવે કૃતજ્ઞ રહેવાનું ભૂલીએ નહિ.

તું હરપળે અમને અદ્ભુત વસ્તુઓ તારી પ્રસાદીરૂપે આપી રહ્યો છે. એનો અમે કદી દુર્વ્યય ન કરીએ.

અમારામાંની પ્રત્યેક વસ્તુ તારા કાર્યમાં સહકાર આપો. તારા સાક્ષાત્કાર માટે સર્વ કંઈ તૈયાર થાઓ.

સર્વ સાક્ષાત્કારોના હે પરમ ગુરો, તારો જય હો, પ્રભુ!

તારા વિજયમાં અમને શ્રદ્ધા આપ, જીવંત અને જ્વલંત, અનન્ય અને અચલ.

*
**

# શ્રી અરવિંદના પત્રો

## "પ્રાર્થના અને ધ્યાન" વિષે કેટલાક પ્રશ્નોના, શ્રી અરવિંદે આપેલા ઉત્તર

[૧]

પ્રશ્ન : "દિવ્ય પ્રભુ"ને સંબોધીને શ્રી માતાજીએ લખેલી કેટલીક પ્રાર્થનાઓમાં હું જોઉં છું કે "આપણાં મા ભગવતીની સાથે" એવા શબ્દો વાપરવામાં આવ્યા છે. એવું કયી રીતે હોઈ શકે કે શ્રી માતાજી અને "દિવ્ય પ્રભુનાં" પણ એક "દિવ્ય માતાજી" હોય? આ તો જાણે એવું લાગે છે કે શ્રી માતાજી પોતે "દિવ્ય માતાજી" ન હોય પણ કોઈ બીજાં માતાજી હોય અને "દિવ્ય પ્રભુ" પણ પરાત્પર સ્વરૂપ ન હોય અને એમનાં પણ કોઈ "દિવ્ય માતાજી હોય!" અથવા તો પછી આમાં એવું છે કે કોઈ નિર્વ્યક્તિક ચેતનાને ઉદ્દેશીને લખાયેલું છે?

ઉત્તર : આ પ્રાર્થનાઓ મોટે ભાગે પૃથ્વીની ચેતના સાથે તદ્રુપ થઈને લખેલી છે. આમાં નિમ્ન પ્રકૃતિમાં રહેલાં માતાજી, ઊર્ધ્વ પ્રકૃતિમાં રહેલાં માતાજીને ઉદ્દેશીને લખે છે, શ્રી માતાજી પોતે જ રૂપાંતર માટે પૃથ્વીની ચેતનાની સાધના કરે છે અને પોતાના ઊર્ધ્વમાં રહેલા સ્વરૂપને પ્રાર્થના કરે છે જ્યાંથી રૂપાંતરનું આગમન થાય છે. જ્યાં સુધી પાર્થિવ ચેતના અને ઊર્ધ્વતર ચેતનાનું તાદાત્મ્ય સિદ્ધ થાય ત્યાં સુધી આ પ્રમાણે ચાલ્યા કરે છે. હું માનું છું કે "આપણાં" શબ્દ સર્વને લાગુ પડે છે એટલે કે પૃથ્વીની ચેતનામાં જન્મેલાં સર્વ કોઈને લાગુ પડે છે–એ કાંઈ શ્રી માતાજીનાં "દિવ્ય માતાજી"ને ઉદ્દેશીને નથી. જ્યાં જ્યાં દિવ્ય પ્રભુ અને સ્વામીનો ઉલ્લેખ છે ત્યાં પરમાત્માને લક્ષમાં રાખીને લખાયેલું છે. આમાં સાધના કરનાર શ્રી માતાજી અને દિવ્ય માતાજી બંને એક જ સ્વરૂપનાં અલગ અલગ પાસાં છે અને

સ્વામી અથવા દિવ્ય પ્રભુ પ્રત્યે વળે છે. આ પ્રકારની દિવ્ય સ્વરૂપે, દિવ્ય સ્વરૂપની કરેલી પ્રાર્થનાઓ તમને રામાયણ અને મહાભારતમાં પણ જોવા મળશે. (૨૧-૮-૩૬)

*
**

પ્રશ્ન : એવા ઘણા લોકો છે જે એમ માને છે કે શ્રી માતાજી પહેલાં મનુષ્યરૂપ હતાં પરંતુ હવે તેમનામાં દિવ્ય માતાજીનો આવિર્ભાવ થયેલો છે અને એ લોકો કહે છે કે એમની પ્રાર્થનાઓમાંથી જ આ દૃષ્ટિબિંદુ સ્પષ્ટ થાય છે. પરંતુ મારા મનનો એવો ખ્યાલ છે. મારી ચૈતસિક લાગણી એવી છે કે શ્રી માતાજી પોતે જ દિવ્ય માતાજી છે; એમણે પોતે તમોગ્રસ્તતા અને દુઃખ અને અજ્ઞાનનો અંચળો ઓઢવાનું પસંદ કર્યું છે કે જેથી તેઓ અમારા જેવાં માનવ-પ્રાણીઓને જ્ઞાન, અને આનંદ, અને પરમાનંદ અને પરમપુરુષ પ્રત્યે દોરી લઈ જઈ શકે.

ઉત્તર : પ્રભુ પોતે માનવરૂપ ધારણ કરે છે, લોકોને માર્ગનું અનુસરણ કરી બતાવવાને માટે બાહ્ય માનવ-પ્રકૃતિ પણ ધારણ કરે છે, પરંતુ એથી કાંઈ એમની દિવ્યતામાં ઊણપ આવતી નથી. એમાં તો એક આવિર્ભાવ થતો હોય છે, પરંતુ એથી એમાં કોઈ માનવચેતના દિવ્ય સ્વરૂપ ધારણ કરે છે એવું નથી, પણ એક વિકાસશીલ દિવ્ય ચેતનાનો જ આવિર્ભાવ થતો હોય છે. શ્રી માતાજી તો તેમના બાળપણમાં પણ આંતરસ્વરૂપમાં માનવેતર હતાં, એટલે "ઘણા" લોકોની માન્યતા ભૂલભરેલી છે.

પ્રશ્ન : એટલે હું ધારું છું કે શ્રી માતાજીની "પ્રાર્થના"ઓ અમને—અભીપ્સા સેવનાર ચૈત્ય સ્વરૂપને—પ્રભુ પ્રત્યે કેવી રીતે પ્રાર્થના કરવી તે બતાવવા માટે છે.

ઉત્તર : હા. (૧૭-૮-૧૯૩૮)

*
**

પ્રશ્ન : શ્રી માતાજી તેમની કેટલીક સને ૧૯૧૪ની સાલની પ્રાર્થનાઓમાં રૂપાંતરની અને આવિર્ભાવની વાત કરે છે. તેઓ એ વખતે અહીં ન હતાં. તો એનો અર્થ એવો ન થાય કે તેઓ અહીં આવ્યાં તે અગાઉ લાંબા સમયથી આવા વિચારો ધરાવતાં હતાં?

ઉત્તર : શ્રી માતાજી આધ્યાત્મિક રીતે તેમની યુવાનીથી, છેક તેમના બાળપણથી પણ ઊર્ધ્વ પ્રત્યે સચેતન હતાં અને સાધના કરીને આ બાબતનું જ્ઞાન તેમણે હિંદમાં આવતાં પહેલાં ઘણા લાંબા સમય પહેલાં વિકસાવ્યું હતું.

(૨૩-૧૨-૩૩)

*
**

મેં કહેલું છે પ્રથમ તો પ્રભુ જગતને માટે સાધના કરે છે અને પછી જે કાંઈ નીચે અવતરણ કરે છે તે બીજાઓને આપે છે. સાક્ષાત્કારો અને અનુભૂતિઓ વિના કોઈ સાધના ન થઈ શકે. "પ્રાર્થનાઓ" શ્રી માતાજીની અનુભૂતિઓની નોંધ છે.

(૪-૧-૧૯૩૫)

*
**

પ્રશ્ન : શ્રી માતાજી તેમની "પ્રાર્થનાઓ"માં કહે છે કે અનુભૂતિઓ પણ પ્રભુના સંકલ્પ અનુસાર થાય છે. એટલે મારે એમ માનવું કે કોઈ કિસ્સામાં અનુભૂતિઓનો અભાવ અથવા પ્રચુરતાનો આધાર પ્રભુએ કરેલા સંકલ્પ પ્રમાણેનો હોય છે?

ઉત્તર : જો સર્વ વસ્તુઓ તમારી પ્રત્યે પ્રભુ તરફથી આવે છે એવો અંતરથી સાક્ષાત્કાર ન કરો ત્યાં સુધી એમ કહેવાનો કશો અર્થ નથી. જેમ શ્રી માતાજીએ ભયંકર દુઃખો અને મુશ્કેલીઓમાં રહીને પણ અનુભવ્યું હતું કે આ વસ્તુઓ પ્રભુ તરફથી આવી હતી અને તેમને તેમના કાર્ય માટે તૈયાર કરી રહી હતી, એવું જો કોઈ વ્યક્તિએ

અનુભવ્યું હોય તો એ એવા વલણનો આધ્યાત્મિક ઉપયોગ કરી શકે છે. બીજા બધા લોકોને એ અયોગ્ય પરિણામો પ્રત્યે લઈ જઈ શકે છે.

(૧૦-૫-૧૯૩૪)

*
**

પ્રશ્ન : શ્રી માતાજી, ૧૭મી મે ૧૯૧૪ની પ્રાર્થનામાં કહે છે કે "આ બે વાક્ય એવાં હતાં કે જે મેં ગઈ કાલે એક પ્રકારની અનિવાર્ય આવશ્યકતાને કારણે લખ્યાં હતાં. પહેલું તો એટલા માટે કે જો પ્રાર્થનાને કાગળ ઉપર શબ્દોમાં લખવામાં આવશે તો જ એની શક્તિ પરિપૂર્ણ બનશે"....

તો શું એ સાચું છે કે જ્યારે પ્રાર્થનાને વાણી અથવા લખાણો વડે પ્રગટ નથી કરવામાં આવતી તો એ પૂરતા પ્રમાણમાં શક્તિશાળી નથી બનતી, અથવા તો એમ કે, એને પૂર્ણપણે શક્તિશાળી બનાવવા માટે એને આ રીતે વ્યક્ત કરવી જરૂરી છે?

ઉત્તર : આ વસ્તુ કોઈ સર્વ સામાન્ય નિયમ તરીકે કહેવામાં આવી ન હતી – એમાં તો એ ખાસ પ્રાર્થના અને અનુભવ માટે એમ કરવું જરૂરી લાગેલું. આ બધામાં વ્યક્તિ, તેની અવસ્થા, તાત્કાલિન આવશ્યકતા અથવા ચેતનાનો એ સમયનો તબક્કો અથવા પાસું કયા પ્રકારનાં છે એના ઉપર બધો આધાર છે. આધ્યાત્મિક અનુભૂતિઓમાં આ બધી વસ્તુઓ હમેશાં નમનીય અને ફેરફારને પાત્ર રહે છે. અમુક અવસ્થાઓમાં અથવા અમુક પાસું લક્ષમાં લેતાં અથવા કોઈ એક અમુક ક્ષણે પ્રાર્થનાની અસરકારક શક્તિને અથવા અનુભૂતિની સ્થિરતાને માટે, એમને પ્રગટ કરવાં આવશ્યક હોઈ શકે; અન્ય અવસ્થામાં અથવા પાસાને લક્ષમાં લેતાં અથવા અન્ય ક્ષણે એથી ઊલટું હોઈ શકે, એવે વખતે જો પ્રગટ કરવામાં આવે તો શક્તિ વેરવિખેર થઈ જાય અથવા અનુભૂતિની સ્થિરતાનો ભંગ થાય. (૨૧-૬-૧૯૩૮).

*
**

પ્રશ્ન : જેમ શ્રી માતાજી તેમની ૧૬મી જૂન ૧૯૧૪ની પ્રાર્થનામાં કહે છે તેમ "તારી જ્યોતિર્મય પ્રભા પ્રગટ થવા માગે છે" એનાથી વધુ અગત્યની કોઈ વસ્તુ નથી. પોતાની જાતની પૂર્ણતા સિદ્ધ કરવાના અથવા તો પોતે એક કરણ બની રહેવાના ખ્યાલો તદ્દન છીછરા અને કસ વિનાના લાગે છે—જ્યારે તેમને ચેતનાની વૈશ્વિક ગતિના દૃષ્ટિબિંદુથી નિહાળીએ છીએ ત્યારે.

ઉત્તર : એ ખરું છે. પોતાને માટે પૂર્ણતા પ્રાપ્ત કરવી એ કોઈ સાચો આદર્શ નથી. સાધના અને સાધનભાવની ઉપયોગિતા "પ્રાગટ્ય"ને માટે જ ઉપયોગી છે.

(૩૦–૪–૧૯૩૬)

*
**

પ્રશ્ન : શ્રી માતાજી પોતાની ૪થી ઓગસ્ટ ૧૯૧૪ની પ્રાર્થનામાં કહે છે "શક્તિઓના સંઘર્ષથી પ્રેરાઈને મનુષ્યો મહાન આત્મત્યાગ કરી રહ્યા છે...." દેખીતી રીતે તેઓ મહાયુદ્ધના ઉપલક્ષમાં આ વાત કહે છે. પરંતુ શું એ યુદ્ધના પરિણામે કોઈ "શુદ્ધ જ્યોતિ" લોકોનાં હૃદયોમાં ભરાઈ છે અથવા એ ગોટાળામાંથી એમણે જેનો ઉલ્લેખ કર્યો છે એવી કોઈ લાભદાયક વસ્તુ પ્રાપ્ત થઈ છે? કારણ કે રાષ્ટ્રો તો ફરી એક વાર યુદ્ધની તૈયારી કરી રહ્યાં છે અને અંદરોઅંદર સતત ઘર્ષણની અવસ્થામાં જ રહે છે, એટલે મનુષ્યની આંતરિક અવસ્થામાં કોઈ પ્રકારના પરિવર્તનની નિશાની જણાતી નથી. જગતમાં બધે જ, છેક ભારતમાં પણ લોકો એકબાજુથી યુદ્ધ થાય તેવી ઇચ્છા સેવતા લાગે છે અને એમ લાગે છે કે ભાગ્યે જ કોઈ 'શાન્તિ', 'પ્રકાશ' કે 'પ્રેમ'ની વાંછના કરતું હોય.

ઉત્તર : સારાને બદલે માઠું પરિણામ આવ્યું છે – માનવજગતમાં પ્રાણમય જગત ઊતરી આવ્યું છે. બીજી બાજુ એમ પણ છે કે અશુભ

શક્તિઓના પ્રભાવ હેઠળનાં જે રાષ્ટ્રો છે એમને બાદ રાખતાં બાકીનાં બધાં શાંતિને માટે વધુ ચાહના કરી રહ્યાં છે અને એવી ભાવના રહી છે કે આવી વસ્તુઓ ન બનવી જોઈએ. હિંદને તો યુદ્ધનો કોઈ વાસ્તવિક સ્પર્શ થયો જ નથી. આમ છતાં શ્રી માતાજી જે વસ્તુનો વિચાર કરી રહ્યાં હતાં તે હતી આધ્યાત્મિક સત્ય પ્રત્યે વધુ ખુલ્લા થવાની વાત વિષે. કંઈ નહિ તો એ પ્રકારના ઉન્મિલને પ્રગટ થવાનો પ્રયત્ન કર્યો છે. જુનવાણી જડવાદી સંસ્કૃતિ પ્રત્યે વ્યાપક રીતનો અસંતોષ દેખાઈ રહ્યો છે અને સાથે સાથે કોઈ વધુ ગહન પ્રકાશ અને સત્યની શોધ પણ થઈ રહી છે – કમભાગ્યે આમાં એટલું જ છે: જૂના ધર્મો આનો લાભ ઉઠાવી રહ્યા છે અને બહુ થોડી સંખ્યાવાળા લોક નવા “પ્રકાશ”ની સભાનપણે શોધ કરી રહ્યા છે.

(૯-૬-૧૯૩૬)

*
**

પ્રશ્ન: શ્રી માતાજી તેમની તા. ૮ મી ઓક્ટોબર ૧૯૧૪ની પ્રાર્થનામાં કહે છે કે: “કાર્ય કરવામાં જે આનંદ રહેલો છે એના કરતાં કર્મત્યાગનો આનંદ વધુ ઉચ્ચ કોટિનો છે” આમાંથી એવો અર્થ નીકળે છે કે કર્મ કરવા કરતાં કર્મત્યાગ કરવો વધુ ઇચ્છનીય છે.

ઉત્તર: તમે એમ માનો છો કે શ્રી માતાનું મન તમારી માફક જડસુ છે અને સર્વ સમય માટે, સૌ લોકો માટે અને સર્વે પરિસ્થિતિઓ માટે તેઓ એક જડબેસલાક નિયમ સ્થાપી રહ્યાં હતાં? એ વસ્તુ અમુક અવસ્થાના ઉપલક્ષમાં છે. જ્યારે કેટલીક વાર ચેતના સક્રિય હોય છે તો કેટલીક વાર સક્રિય ન હોતાં, અંતર્મુખ હોય છે. પછીથી એક એવો તબક્કો આવે છે જ્યારે કર્મમાં સચ્ચિદાનંદ અવસ્થા પણ આવી રહી હોય છે. એથી આગળનો એક તબક્કો એવો હોય છે જેમાં, બંને જાણે કે એકરૂપ હોય છે, પરંતુ એ ભૂમિકા અતિમાનસની હોય છે. આ બે અવસ્થાઓ નીરવ બ્રહ્મની અને સક્રિય બ્રહ્મની હોય છે અને

તેઓ એક પછી એક આવે છે (પ્રથમ તબક્કો), અને એક સાથે રહે છે ( બીજો તબક્કો ), અને એક-બીજામાં મળી જાય છે ( ત્રીજો તબક્કો ). જો તમે પહેલી અવસ્થાએ પણ પહોંચી શકો તો તમે શ્રી માતાજીના મહાવાક્યનો અમલ કરી શકો, પણ એને અત્યારે મેળ વગર લગાડવાનો અર્થ શો છે?

> પ્રશ્ન : કાર્ય કરતાં જતાં પણ ઉચ્ચતમ સચ્ચિદાનંદનો સાક્ષાત્કાર થવો શક્ય છે.

ઉત્તર : કાર્ય કરવામાં એનો સાક્ષાત્કાર જરૂર થાય છે. ભલા ભગવાન ! જો એમ ન હોત તો પૂર્ણ યોગનું અસ્તિત્વ જ ક્યાં હોત ?

> પ્રશ્ન : શ્રી માતાજીની, તા. ૧૨ મી ડિસેમ્બર ૧૯૧૪ની પ્રાર્થના આ રીતે શરૂ થાય છે : " સર્વ કાંઈ પ્રાપ્ત કરવા માટે અમારે હર ક્ષણે ત્યાગ કરતાં શીખવાનું છે.... " ઈશ ઉપનિષદ્‌માં પણ કહ્યું, છે કે " तेन त्यक्तेन भुग्-जीथाः " આ બે ઉક્તિઓ એક જ સત્યને પ્રગટ નથી કરતી ?

ઉત્તર : હા, જરૂર. તત્ત્વતઃ એમાં એક જ સત્યને જુદી જુદી રીતે રજૂ કરેલું છે. એને એક નકારાત્મક રીતે પણ રજૂ કરી શકાય, " જો આપણે વસ્તુઓને તેઓ તેમની અજ્ઞાનમય અપૂર્ણતામાં જેવી છે તેવી રીતમાં વળગી રહીએ તો આપણને તેમની દિવ્ય પ્રકાશ, સંવાદ અને આનંદમાં તેમના સાચા અને પૂર્ણરૂપમાં પ્રાપ્તિ થતી નથી. "

( ૧૬-૮-૩૫ )

*
**

# શ્રી માતાજીના પત્રો

## "પ્રાર્થના અને ધ્યાન"ની બાબતમાં કેટલાક પ્રશ્નો અને શ્રી માતાજીના ઉત્તરો

**પ્રશ્ન :** "હજી દિવસમાં કેટલીયે વાર હું મારું કાર્ય તને અર્પણ કર્યા વિના કામ કરું છું"

(પ્રાર્થના અને ધ્યાન. ૨ નવેમ્બર ૧૯૧૨)

પ્રભુનો સંપર્ક થયા પછી પણ વ્યક્તિ, પોતાનાં કર્મો પ્રભુને સમર્પણ કર્યા સિવાય કાર્ય કરે એમ બને ખરું ?

**ઉત્તર :** જરૂર. સંપર્ક અને સમર્પણ એ બે તદ્દન અલગ વસ્તુઓ છે.

(૮ નવેમ્બર ૧૯૩૪)

*
**

**પ્રશ્ન :** પરંતુ આત્માર્પણ કર્યા વિના પ્રભુનો સંપર્ક થઈ શકે ?

**ઉત્તર :** સ્વરૂપના જે ભાગને સંપર્ક થાય છે તે અને સમર્પિત થયા વિનાનો જે ભાગ હોય છે તે બંને એક નથી હોતા.

(૯ નવેમ્બર ૧૯૩૪)

*
**

**પ્રશ્ન :** આ પ્રાર્થનામાં આપ લખો છો, "હું હજી નિઃશંકપણે દૂર, તાદાત્મ્યથી ઘણી દૂર છું", અને સાથે સાથે "મેં અલગપણાનું ભાન ગુમાવી દીધું છે"

(પ્રાર્થના અને ધ્યાન. ૧૯ નવેમ્બર ૧૯૧૨)

પોતાની જાતની "અલગતાનું ભાન ગુમાવવું" અને "તાદાત્મ્ય" આ બે વચ્ચે શો તફાવત હશે ?

**ઉત્તર :** પોતાની અલગતાનું ભાન ભૂલી જવું એ તાદાત્મ્યની છેલ્લી અવસ્થા છે પણ તાદાત્મ્યમાં પણ અનેક તબક્કાઓ હોય છે.

(૨૪ સપ્ટેમ્બર ૧૯૩૫)

પ્રશ્ન : અહીં આપ કહો છો "....જેટલા પ્રમાણમાં હું તને મારી ઉપર અને મારી અંદર કાર્ય કરવા દઉં છું તેટલા પ્રમાણમાં તારી સર્વશક્તિમત્તાને કોઈ મર્યાદા નથી"

(પ્રાર્થના અને ધ્યાન. ૩ ડિસેમ્બર ૧૯૧૨)

૨૬ મી નવેમ્બર ૧૯૧૨ની પ્રાર્થનામાં આપ 'મેં' અને 'મારા' વિષેના "લગભગ સંપૂર્ણપણે ભ્રમાત્મક ખ્યાલ ગુમાવી દીધાનું કહો છો."

ઉત્તર : દરેક વસ્તુમાં **કક્ષાઓ** હોય છે અને એક દિવસ જે વસ્તુ પૂર્ણતા લાગતી હોય તે બીજે દિવસે પછી નથી પણ લાગતી.

(૭ નવેમ્બર ૧૯૩૪)

પ્રશ્ન : "જ્યારે એવી જરૂર ઊભી થાય છે કે કોઈ જાણવું જોઈએ ત્યારે અમે જાણી જઈએ છીએ, અને જેટલા પ્રમાણમાં તારા પ્રકાશ પ્રત્યે અમારું મન નિષ્ક્રિય હોય છે તેટલા પ્રમાણમાં એ વધુ સ્પષ્ટ અને સંપૂર્ણ રીતે તેને પ્રગટ કરી શકે છે." (પ્રાર્થના અને ધ્યાન. ૩ ડિસેમ્બર ૧૯૧૨)

માતાજી, આ અવસ્થા ક્યારે આવે? આવી રીતે જાણી શકાય તો તો અદ્ભુત વાત કહેવાય.

ઉત્તર : વ્યક્તિએ જ્યારે પોતાની સર્વ અંગત પસંદગીઓ ત્યજી દીધી હોય છે ત્યારે એમ બને છે. (૨૬ સપ્ટેમ્બર ૧૯૩૪)

પ્રશ્ન : "કારણ કે જે કહેલું તેનું પુનરુચ્ચારણ નહિ કરી શકું" (પ્રાર્થના અને ધ્યાન. ૩ ડિસેમ્બર ૧૯૧૨)

આમ કેમ બનતું હશે?

ઉત્તર : કારણ કે સ્મરણશક્તિ એ મનના પ્રદેશની વસ્તુ છે અને જે બોલેલી તે વસ્તુ મન નહિ પણ ઉપરની ભૂમિકાની એક ચેતના હતી.

(૨૮ સપ્ટેમ્બર ૧૯૩૪)

પ્રશ્ન : " હા, અમારે તારી શોધ કરવામાં બહુ ઉગ્રભાવ અથવા પ્રયત્ન ન સેવવો જોઈએ.... અમારે તારાં દર્શન કરવાની ઇચ્છા ન કરવી જોઈએ "

( પ્રાર્થના અને ધ્યાન. ૫ ડિસેમ્બર ૧૯૧૨ )

આ વસ્તુ બધાં માટે છે ?

ઉત્તર : જરા પણ નહિ.

તદુપરાંત, કોઈએ પણ મારા અનુભવોની નકલ કરવાનો પ્રયત્ન ન કરવો. મેં એ વસ્તુ નોંધી લેવાની શરૂઆત **પ્રભુ સાથે સંપર્ક સ્થાપન કર્યા પછી** કરેલી, એ અવસ્થાએ હજી તમે પહોંચ્યાં નથી.

( ઓક્ટોબર ૧૯૩૪ )

પ્રશ્ન : " હું જાણું છું કે આ આવરણ નાની નાની અપૂર્ણતાઓ, અને સંખ્યાબંધ આસક્તિઓના સમૂહમાંથી રચાયેલું છે "

( પ્રાર્થના અને ધ્યાન. ૧૧ ડિસેમ્બર ૧૯૧૨ )

હું માનું છું કે આપ જે આવરણની વાત કરો છો તે તો પરમાત્મા અને તમોગ્રસ્ત પાર્થિવ જગતની વચ્ચે અસ્તિત્વ ધરાવે છે, એને આપની સાથે કશો સંબંધ નથી.

ઉત્તર : મારું કાર્ય કરવા માટે મને પાર્થિવ જગત અને તેની અપૂર્ણતાઓ સાથે એકતા કરવાની ફરજ પડે છે. ( ૬ નવેમ્બર ૧૯૩૪ )

પ્રશ્ન : " હવે તો આવરણ પાછળથી આનંદનું તારું નિઃશબ્દ વૃંદગાન સંભળાય છે અને એના વડે તારું પરમ સાંનિધ્ય પ્રગટ થાય છે "

( પ્રાર્થના અને ધ્યાન. ૧૧ ઓકટોબર ૧૯૧૨ )

આનો શો અર્થ છે ?

ઉત્તર : બાહ્ય દેખાવોની પાછળ શક્તિઓ અને ક્રિયાઓની એક સંવાદિતા હોય છે, જે વિવિધ વાદ્યો એક સંપૂર્ણ સમૂહવાદનમાં એકસૂર બન્યાં હોય તેના જેવી લાગે છે. ( ૩૦ જુલાઈ ૧૯૩૪ )

પ્રશ્ન : "....સર્વ કાંઈ અનિવાર્યપણે તને મારી પ્રત્યે દોરી લાવી રહ્યું છે. હું એક અનંત શાંતિ, છાયાહીન જ્યોતિ, સંપૂર્ણ સંવાદિતા, નિશ્ચયાત્મકતા, વિશ્રાન્તિ અને પરમ વરદાયીત્વવાળી બની ગઈ છું"

(પ્રાર્થના અને ધ્યાન. ૫ ફેબ્રુઆરી ૧૯૧૨)

નિશ્ચયાત્મકતાનો આધ્યાત્મિક અર્થ શો થાય?

ઉત્તર : જેમાં આપણને શ્રધ્ધા હોય તેનો આધ્યાત્મિક અનુભવ થવાથી શ્રદ્ધા યથાર્થ હોવાનું અનુભવવું. (૩૧ જુલાઈ ૧૯૧૪)

પ્રશ્ન : "જ્યાં જ્યાં તારી જરૂર હોય છે ત્યાં તું હાજર હોય છે; અને જો તેઓમાં તારી શોધ મૂકી દેવા જેટલી પરમ શ્રદ્ધા હોય, પરંતુ એને બદલે તારી રાહ જોઈ રહેતાં હોય, પ્રતિક્ષણે તેઓ સંપૂર્ણપણે તેઓ પોતાને તારી સેવામાં મૂકતાં રહેતાં હોય, તો જ્યારે તારી જરૂર પડે ત્યારે તું હાજર જ હોઉં" (પ્રાર્થના અને ધ્યાન. ૧૦ ફે આરી ૧૯૧૩)

આ વસ્તુ મારે માટે નથી?

ઉત્તર : આ વસ્તુ તમારે અને બીજાં બધાં એવાં મનુષ્યો માટે છે જેઓ એ પ્રકારનું વલણ અંતરની સચ્ચાઈપૂર્વક લઈ શકે છે; પરંતુ મારે કહેવું જોઈએ કે પ્રયત્ન કરવા કરતાં એ હજી મુશ્કેલ વસ્તુ છે.

(૧૪ નવેમ્બર ૧૯૩૪)

પ્રશ્ન : "આ સરળતામાં જ મહાન શક્તિ રહેલી છે, એ શક્તિમાં ઓછામાં ઓછું મિશ્રણ હોય છે અને નુકસાનકારક પ્રતિકાર્યોને એ સૌથી ઓછા પ્રમાણમાં ઊભાં કરે છે."

(પ્રાર્થના અને ધ્યાન. ૧૨ ફેબ્રુઆરી, ૧૯૧૩)

તો પછી આ સરળતા ઠીક ન કહેવાય. કારણ કે એમાં થોડુંક મિશ્રણ પણ હોય છે,

ઉત્તર : કેવી મૂર્ખતાભરી વાત! અત્યારે જગત જેવું છે તેમાં મિશ્રણ

વિનાની કયી વસ્તુ હોઈ શકે છે ? કોઈ નહિ, કોઈ નહિ, કોઈ નહિ.

( ઓગસ્ટ ૧૯૩૪ )

પ્રશ્ન : " પ્રાણની શક્તિ ઉપર અવિશ્વાસ રાખવો જોઈએ.... કારણ કે એનાથી તમને તાત્કાલિક પરિણામોનો ચસકો લાગે છે " ( પ્રાર્થના અને ધ્યાન. ૧૨ ફેબ્રુઆરી ૧૯૧૩ )

કેમ ?

ઉત્તર : કારણ કે આપણને તાત્કાલિક અને દેખીતાં પરિણામો ગમે એટલો જ આપણને પ્રાણ છેતરી જાય છે. ( ઓગસ્ટ ૧૯૩૪ )

પ્રશ્ન : " જેવી મારી ઉપરની પાર્થિવ જવાબદારીઓ જતી રહે છે કે તરત જ આવી વસ્તુઓ વિષેના મારા સર્વ વિચારો મારાથી બહુ દૂર નાસી જાય છે, અને હું સર્વાંશે અને પૂર્ણપણે તારામાં અને તારી સેવામાં મગ્ન બની જાઉં છું "

( પ્રાર્થના અને ધ્યાન. ૧૧ મે ૧૯૧૩ )

જ્યારે તમે કહો છો કે " જ્યારે ભૌતિક જવાબદારીઓ " હોતી નથી ત્યારે " તારી સેવા "નો શો અર્થ થાય છે ?

ઉત્તર : મેં એમ લખેલું કારણ કે અમુક સમય હું મારા પોતાના ઘરમાં નહોતી રહેતી પણ મારી માને ત્યાં રહેતી હતી. અને એટલા કારણસર મારી ઉપર ઘરની માલિકણ તરીકેની જવાબદારી ન હતી એટલે સ્થૂળ રીતે સૌ વસ્તુઓ વ્યવસ્થિત હોય એ જોવાની મારી જવાબદારી ન હતી. ( ઓગસ્ટ ૧૯૩૪ )

પ્રશ્ન : " તારા સંકલ્પ વિષે સભાન બનવાથી અને અમારા સંકલ્પને તારા સંકલ્પ સાથે એકરૂપ કરવાથી જ સાચી મુક્તિ અને સર્વશક્તિમાનપણાનું રહસ્ય, શક્તિઓનું પુનરૂજ્જીવન અને રૂપાન્તરનું રહસ્ય પ્રાપ્ત થઈ શકે છે "

( પ્રાર્થના અને ધ્યાન. ૧૧ મે ૧૯૧૩ )

" શક્તિઓના પુનરૂજ્જીવનના રહસ્ય "નો શો અર્થ થાય ?

ઉત્તર : પ્રાણમય અને ભૌતિક શક્તિઓ વિકૃત બનેલી છે; એમનામાં જીવનનો ફરી સંચાર થવો જોઈએ કે જેથી તેઓ પ્રભુના સંકલ્પની અભિવ્યક્તિ કરી શકે. (ઓગસ્ટ ૧૯૩૪)

પ્રશ્ન : " તું મારા સ્વરૂપને સભર ભરી રહ્યો છે, તું એનામાં જીવનનો સંચાર કરી રહ્યો છે, તું એની ગુપ્ત કળોને ગતિમાન કરે છે " (પ્રાર્થના અને ધ્યાન. ૧૧ મે ૧૯૧૩)

આ ગુપ્ત " કળો " શું હશે ?

ઉત્તર : " કળો " એટલે જે સક્રિય શક્તિઓ ક્રિયાશક્તિને વેગ આપે છે તે. (ઓગસ્ટ ૩૪)

પ્રશ્ન : "....અને વધુ ને વધુ પ્રમાણમાં હું તારા કાર્ય અને મારા જીવન વચ્ચે અને મારા વ્યક્તિગત સ્વરૂપ અને સમગ્ર પૃથ્વી વચ્ચે, ભેદ જોવાને અશકત બની છું "

(પ્રાર્થના અને ધ્યાન. ૧૭ જૂન ૧૯૧૩)

આનો અર્થ એવો થાય કે આપનું આખુંયે જીવન પરમ કાર્યરૂપ બની ગયું હતું અને આપ આખી પૃથ્વીરૂપ બની ગયાં હતાં–પૃથ્વી સાથે એકરૂપ બની ગયાં હતાં ? (ઓગસ્ટ ૩૪)

ઉત્તર : હા.

પ્રશ્ન : " તારો અવાજ એવો તો નમ્ર છે, પક્ષપાતહીન છે, ઉત્તમ ધીરજવાન છે અને એવો દયાળુ છે કે એ કોઈ સત્તાવાહીપણે અથવા સંકલ્પને બળજબરીએ લાદવાની રીતે સંભળાતો નથી પણ એ એક મધુર શુદ્ધ અને ઠંડી લહર જેવો છે, એ એક ચળકાટભર્યા મૃદુ રવ સરખો છે જેમાંથી એક વિસંવાદી સમૂહગાનમાં સંવાદનો સૂર લાગે છે " (૨૭ જૂન ૧૯૧૩)

આ અવાજ શું તે મને સમજાતું નથી.

ઉત્તર : એ પ્રભુનો અવાજ છે. (૨ ફેબ્રુઆરી ૧૯૩૫)

પ્રશ્ન : અમે એ અવાજને કયી રીતે સાંભળી શકીએ ?

ઉત્તર : નિઃશબ્દ બની રહીને. (૨ ફેબ્રુઆરી ૧૯૩૫)

પ્રશ્ન : આ શું એ જ અવાજ છે કે જે મનુષ્યોનાં હૃદયોમાંથી આવીને તેમને દોરે છે, તેમને યોગ્ય માર્ગ બતાવે છે અને તેમને આડે માર્ગે જતાં અટકાવે છે ?

ઉત્તર : જ્યારે અવાજ હૃદયમાંથી પ્રગટ થાય છે ત્યારે એનું મૂળ તો એના એ જ દિવ્ય સ્રોતમાં હોય છે પણ એનું પ્રાગટ્ય ચૈત્યસ્વરૂપ સારુ થાય છે. (૩ ફેબ્રુઆરી ૧૯૩૫)

પ્રશ્ન : તો પછી, પ્રભુનો સ્વર સીધેસીધો મનોમય, પ્રાણમય અને સ્થૂલ સ્વરૂપ પ્રત્યે આવી શકે છે ?

ઉત્તર : એવું અમુક પરિસ્થિતિમાં બની શકે છે.
(૪ ફેબ્રુઆરી ૧૯૩૫)

પ્રશ્ન : "સાચું કહું તો, તારા મધુરતમ, અત્યંત શાંત અને કરુણામય સ્મિતને જોવાથી જે પ્રકારની લાગણી થાય છે તે, હું તને આ રીતે જોઉં છું તેની સરખામણીમાં વામણી લાગે છે" (પ્રાર્થના અને ધ્યાન : ૮ ઓગસ્ટ ૧૯૧૩)

આ સ્મિત શું છે ? હું ધારું છું કે કેવળ પ્રભુ જ આવું સ્મિત કરી શકે.

ઉત્તર : પ્રભુ નહિ પણ જેમનામાં પ્રભુની ચેતના હોય તેઓ.
(૭ મે ૧૯૩૫)

પ્રશ્ન : "તું ખરું જોતાં અમારું વાસ્તવિક સ્વરૂપ છે."
(પ્રાર્થના અને ધ્યાન ૧૫ ઓગસ્ટ ૧૯૧૩)

મને સમજાતું નથી કે આપણું વાસ્તવિક સ્વરૂપ શું સૂચવે છે. હું એમ માનતો હતો કે સત્ય સ્વરૂપ એક જ છે.

ઉત્તર : મેં "વાસ્તવિકતા" શબ્દ, સ્વરૂપના સત્યના અર્થમાં વાપરેલો છે.

(૨૫ ફેબ્રુઆરી ૧૯૩૫)

પ્રશ્ન : "એમાં તો શંકા નથી કે વ્યક્તિ પોતાની અવચેતના ઉપર જે રીતે પ્રભુત્વ પ્રાપ્ત કરતાં શીખે છે તે જ રીતે પોતે પોતાના સભાન વિચારોને કાબૂમાં લેતાં શીખવું જોઈએ. આમ કરવાના અનેક માર્ગો છે.... પરંતુ, **એ તો ચોક્કસ કે અમુક વસ્તુ વધુ ઝડપથી અસરકારક બને છે"**

(૨૫ નવેમ્બર ૧૯૧૩)

અવચેતના ઉપર કયાં સાધનો વડે વિજય પ્રાપ્ત કરવો ?

ઉત્તર : અતિમનસના અવતરણ દ્વારા. (૨૮ એપ્રિલ ૧૯૩૫)

પ્રશ્ન : "ચેતનાના કેટલા બધા સ્તરો છે ! જે કાંઈ સ્વરૂપની અંદર તારા વડે આલોકિત થયેલું હોય તારી સાથે એકીભૂત બનેલું હોય અને તારી પરાત્પર ચેતનાના ભાગરૂપ હોય તેના માટે જ ખાસ આ શબ્દનો ઉપયોગ થવો જોઈએ...."

(પ્રાર્થના અને ધ્યાન. ૧૩ માર્ચ ૧૯૧૪)

શું આનો અર્થ એમ થાય કે જે વ્યક્તિ પ્રભુની હાજરી અનુભવતી હોય અને એની સાથે તદ્રુપ બનેલી હોય તેનામાં ચેતનાના કોઈ સ્તરો જ ન રહે ?

ઉત્તર : મારો કહેવાનો આશય એ છે કે **ચેતના** શબ્દ, કેવળ જે ભાગ પ્રભુની સંનિધિ વિષે સભાન હોય તેને માટે જ વાપરવો જોઈએ.

(૧૯ એપ્રિલ ૧૯૩૫)

પ્રશ્ન : "આ અવસ્થાની બહાર ચેતનાના અનંત સ્તરો છેક પૂર્ણ અંધકાર સુધી ઊતરતા જતા રહેલા છે, છેક એવી મૂર્તિમંત અચેતનાના સુધી કે જે પ્રદેશને તારા દિવ્ય પ્રેમની

જ્યોતિએ હજી સુધી સ્પર્શ કર્યો નથી (પરંતુ આ વસ્તુ ભૌતિક પદાર્થની બાબતમાં અશક્ય લાગે છે), અથવા કદાચ કોઈ અજ્ઞાનમૂલક કારણવશાત્, અમારા વ્યક્તિગત ખ્યાલની બહાર રહેલો એ ભાગ હોય"

(પ્રાર્થના અને ધ્યાન. ૧૩ માર્ચ ૧૯૧૪)

આપ જે આ "મૂર્તિમંત અચેતના"ની વાત કરો છો તે શું છે?

ઉત્તર: અવચેતનાની અવચેતના. (૨૧ એપ્રિલ ૧૯૩૫)

"પ્રશ્ન: જે લોકો પૂર્ણપણે તારા સેવકો છે, જેમણે તારા સાંનિધ્યની પૂર્ણ ચેતના પ્રાપ્ત કરેલી છે, તેમની સમક્ષ હું કેટલી દૂર, કેટલી બધી દૂર છું તે અનુભવું છું....

(પ્રાર્થના અને ધ્યાન. ૩૦ માર્ચ ૧૯૧૪)

પૃથ્વી ઉપર પ્રભુનું કાર્ય કરનાર સેવકો છે?

ઉત્તર: આ વસ્તુ હું શ્રી અરવિંદને સૌ પ્રથમ મળી ત્યાર પછી લખેલી છે. (૧૮ જુલાઈ ૧૯૩૫)

પ્રશ્ન: "સર્વ નિયમો અદૃશ્ય થઈ ગયા છે, શિસ્તની નિયમિતતા ચાલી ગઈ છે, સર્વ પ્રયત્નો અટકી ગયા છે. આમાં કોઈ મારો સંકલ્પ કે બેદરકારી જવાબદાર હોય એમ મને લાગતું નથી, પરંતુ સંજોગો એવા ઊભા થયા છે કે જેનાથી આમ બને"

(પ્રાર્થના અને ધ્યાન. ૨૩ એપ્રિલ ૧૯૧૪)

આવું કયી રીતે બને? જો પ્રભુએ આપણી સમગ્ર પ્રકૃતિનો કબજો લઈ લીધો હોય અને પછી કોઈ પ્રયત્ન કરવાપણું ન રહ્યું હોય ત્યારે?

ઉત્તર: હા. (૧૧ જૂન ૧૯૩૫)

પ્રશ્ન : “મારી ચેતના તારી સાથે તદ્રુપ બનો કે જેથી કેવળ તારો સંકલ્પ જ આ ક્ષણભંગુર અને ક્ષણજીવી કરણ મારફત કાર્ય કરે” (પ્રાર્થના અને ધ્યાન. ૯ મે ૧૯૧૪)

આપ આ કરણને ક્ષણભંગુર અને ક્ષણજીવી કેમ કહો છો?

ઉત્તર : અહીં જે કરણની વાત કરવામાં આવી છે તે પૃથ્વી છે અને શાશ્વત ચેતનાની સરખામણીમાં તેનું જીવન ક્ષણજીવી છે.

(૧ જૂન ૧૯૩૫)

પ્રશ્ન : “અને પૃથ્વી ઉપર હું એક રમતિયાળ (joyeux) બાળકની માફક રમું છું.”

માતાજી, હું ધારું છું કે, આ “હું” આપના ઉપલક્ષમાં છે. તો પછી આપે નારીજાતિવાચક શબ્દ “Joyeuse” કેમ વાપર્યો નથી?

ઉત્તર : તમારે જાણવું જોઈએ હિંદુ પરંપરા પ્રમાણે આ જગત “એક દિવ્ય બાળકની લીલા છે.” હું આ **બાળક** સાથે તદ્રુપ બનેલી હતી. (૫ નવેમ્બર ૧૯૩૪)

પ્રશ્ન : “સૌ વ્યક્તિગત જ્ઞાનનાં કરણો તંદ્રાગ્રસ્ત છે અને ચેતના હજી પરાત્પર અવસ્થાઓમાં જાગ્રત બની નથી; એટલે કે એની એ પ્રકારની જાગ્રતિ તૂટક તૂટક છે અને વચમાં વચમાં ઊંઘ આવે છે”

(પ્રાર્થના અને ધ્યાન. ૧૯ મે ૧૯૧૪)

આનો અર્થ એવો થાય કે વ્યક્તિની ચેતના પરાત્પર અવસ્થામાં જાગ્રત થાય તે પહેલાં નિદ્રાવસ્થાનો એક ગાળો આવે છે?

ઉત્તર : જ્યાં સુધી જાગ્રત ન કરવામાં આવે ત્યાં સુધી સૌમાં ચેતના નિદ્રાધીન જ હોય છે.

૧૦ એપ્રિલ ૧૯૩૫

પ્રશ્ન : એ આમ ક્યાં લગી ઊંઘે છે ?

ઉત્તર : એક સેકન્ડ માટે કે શાશ્વત કાળ સુધી.

૧૦ એપ્રિલ ૧૯૩૫

પ્રશ્ન : ત્યારે હું નથી ધારતો કે આપનો આશય એવો હોય. આપની ચેતના ૧૯૧૪ માં નિદ્રાધીન હોય એવું કયી રીતે બને ?

ઉત્તર : દેખીતી રીતે જ નહિ.

૧૩ એપ્રિલ ૧૯૩૫

પ્રશ્ન: તો પછી એનો બરાબર અર્થ શું છે ?

ઉત્તર : વૈશ્વિક સ્વરૂપની કેટલીક અનુભૂતિઓ એવી હોય છે જે, જે લોકોને એવી અનુભૂતિઓ પ્રાપ્ત ન થઈ હોય તેમની આગળ ખુલ્લી કરી શકાય નહિ.

૧૩ એપ્રિલ ૧૯૧૫

"તેં એક વચન આપેલું છે. તેં આ જગતમાં એ વચનને સિદ્ધ કરી શકે તેવી વ્યક્તિઓ અને વસ્તુઓ મોકલેલ છે"

(પ્રાર્થના અને ધ્યાન. ૧૪ જૂન ૧૯૧૪)

આપ "જે વસ્તુઓ" એ શબ્દ કયા અર્થમાં કહો છો ?

ઉત્તર : શક્તિ, બળ, ચેતના, જ્ઞાન, પ્રેમ, ઈ. ઈ.

(૭ એપ્રિલ ૧૯૩૬)

પ્રશ્ન: પ્રાર્થનાઓમાંના આ ફકરાનો અર્થ શું છે : "આમ બનવા કે તેવા બનવા માટે રાહ જોવામાં શું ડહાપણ છે ?" (પ્રાર્થના અને ધ્યાન. ૨૫ જૂન ૧૯૧૪)

ઉત્તર : ડહાપણ એમાં છે કે પ્રભુની જે ઇચ્છા હોય છે તે જાણી

લે છે અને એમાં આપણે કોઈ નિર્ણય કરવાનો હોતો નથી.

(૧૩ ડિસેમ્બર ૧૯૩૩)

પ્રશ્ન : "હે દિવ્ય શક્તિ, પરમ જ્યોતિ, અમારી પ્રાર્થના સાંભળ, અમારાથી દૂર ન જા, પાછો ન વળીશ, અમને લડવામાં સહાય કર...." (પ્રાર્થના અને ધ્યાન. ૮ જુલાઈ ૧૯૧૪) આપણી પાસેથી પ્રભુ પાછા હઠી જઈ શકે?

ઉત્તર : ના, આપણે એની પાસેથી પાછા હઠી જઈએ છીએ.

૧૧ જુલાઈ ૧૯૩૫

પ્રશ્ન : તો પછી "અમારી પાસેથી દૂર ન જા, પાછો ન વળીશ" એ શબ્દોનો અર્થ શો છે?

ઉત્તર : હું પ્રભુને પોતાને આ વાત કહેતી ન હતી પણ એક શક્તિને, પ્રભુના એક પ્રાદુર્ભાવને ઉદ્દેશીને આમ કહેતી હતી. જો એને એમ લાગત કે પોતે જે કાર્ય કરવા આવેલ છે તે અશક્ય છે તો એ પાછો વળી જાત.

૧૩ જુલાઈ ૧૯૩૫

પ્રશ્ન : "અમારી દૃષ્ટિમાં પાર્થિવ સિદ્ધિઓ બહું અગત્યની હોય છે...." (પ્રાર્થના અને ધ્યાન. ૧૭ જુલાઈ ૧૯૧૪) "પાર્થિવ સિદ્ધિઓ"નો અર્થ શું હશે?

ઉત્તર : પૃથ્વી ઉપરનું કાર્ય.

૩૦ જાન્યુઆરી ૧૯૩૫

પ્રશ્ન : "આ જગત વિજય માટે સંઘર્ષ કરી રહેલી બે પરસ્પર વિરોધી શક્તિઓમાં વહેંચાઈ ગયું છે, અને બંને તારા વિધાનથી વિરુદ્ધની છે"

(પ્રાર્થના અને ધ્યાન. ૯ સપ્ટેમ્બર ૧૯૧૪)

આ બે શક્તિઓ કયી છે?

ઉત્તર: જો તમે એ ધ્યાનને સંભાળપૂર્વક વાંચ્યું હોત તો આ પ્રશ્ન પૂછવો ન પડત. આ બે શક્તિઓ જાળવી રાખવાની અને વિનાશની છે.

(૨૨ મે ૧૯૩૫)

પ્રશ્ન: "વસંત ઋતુમાં થતા ઉપદ્રવોનો ઇલાજ ચેરી વૃક્ષના મહોરમાં હોય છે"

(પ્રાર્થના અને ધ્યાન. ૭ એપ્રિલ ૧૯૧૭)

આનો અર્થ શું છે?

ઉત્તર: વસંત ઋતુમાં કેટલાક ઉપદ્રવો ઊભા થાય છે, તાપોલિયાં, લોહીની અશુદ્ધિ, વગેરે. અને જાપાનિઝ લોકો એને ચેરીનાં ફૂલના મહોરનો ઉકાળો વાપરીને મટાડે છે. જ્યારે મને આ અનુભૂતિ થયેલી ત્યારે આ વાતની ખબર ન હતી.

(૧૧ ફેબ્રુઆરી ૧૯૩૬)

પ્રશ્ન: "કેટલાક દિવસો પહેલાં મેં જાણ્યું હતું, સાંભળ્યું હતું કે: "જો તું મારી સમક્ષ મુક્ત મને અને ખુલ્લા ભાવે રડી શકશે તો સર્વે વસ્તુઓમાં પરિવર્તન આવી જશે અને એક મહાન વિજય હાંસલ થશે."

(પ્રાર્થના અને ધ્યાન. ૧૨ જુલાઈ ૧૯૧૮)

આ વસ્તુ સમજવી અશક્ય છે: રડવાથી એક મહાન વિજય હાંસલ થાય? છતાં, હું ધારું છું કે "રડવું" એ શબ્દ અહીં સામાન્ય અર્થમાં નથી વપરાયો.

ઉત્તર: અલબત્ત નહિ જ. (મે ૧૯૩૫)

પ્રશ્ન: "હે મારા પ્રિયતમ પ્રભુ, તેં મારે માટે સંઘર્ષ પાઠવ્યો છે.... હું એનું આનંદપૂર્વક અભિવાદન કરું છું.... એમ કરવામાં જે તત્ત્વોને અન્યથા વીસરી જવાયાં હોત તેમને પ્રકાશમાં લાવવામાં આવ્યાં છે."

(પ્રાર્થના અને ધ્યાન. ૨૨ જૂન ૧૯૨૦)

કાર્યનાં આ કયાં તત્ત્વોની વાત છે?

ઉત્તર : એ અંગત વસ્તુઓની વાત નથી પરંતુ વૈશ્વિક ગતિઓની છે.

(૨ મે ૧૯૩૫)